श्री जैन श्वेताम्बर कॉन्फरन्स हेरॅल्ड.

Jaina Shvetambara Conference Herald

પુ. ૧૩. અંક ૨. વીરાત્ ૨૪૪૩ માઘ, સં. ૧૯૭૩. ફેબ્રુઆરી, ૧૯૧૭.


# સ્નેહીનાં સંભારણાં.

જે જનની જગમાં બધા જીવનને પોષી રસ રેડનારી,
જે જનની જનનાં શરીર મનનાં દુઃખ સહુ ફેડનારી;
જે જનની જતના થકી નિજ ગણી બાળો પ્રિય પાળનારી,
તે અમ માત સદા રહો અમતણી પ્રીતિ સંભાળનારી.
  કુટિલ જગનીતિમાં પ્રેમી-ભેટોજ ક્યાં છે ?
    વિપુલ જન સમાજે પ્રેમીડાં ક્યાં વસે છે ?
  પરમ સુખની પ્રાપ્તિ પ્રીતિના ગર્ભમાં છે,
    વિષમ દુખ દહાડા સ્નેહી ભાગ્યે લખ્યા છે.
ખોળે ધારી જન્મમાતા, શુદ્ધ વાત્સલ્ય ભાવથી,
પ્રેમીને ભુખા જીવને, ધન્ય ઘડીઓ આપતી.
  સુવિરલ ઘડિ એવી સાંપડી કેટલી છે ?
  જીવન ભર કદીએ તેની ગણના કરી છે ?
  સમય ગતિ કરીને ચાલી જાતો અનાદિ.
  રસ બસ પ્રણયી જ્યાં શોભતો ના કદાપિ.
શું કહું વ્હાલાં, જીગર તણી આ વાત રસથી ભરેલી,
શું કહું પ્રેમી ! રસ વગરની જીંદગી છે વહેલી,
નાની વયમાં બહુ બહુ મથી પ્રેમસૃષ્ટિ રચેલી,
આવી ના તે ફરી નજરમાં ક્યાંઇ ચાલી ગયેલી.
  આપ્યા પ્રિય, પ્રભુએ કૃપાથી, ઘડિ બે આનંદ રેલાવવા,
  જે તત્વો મમ ચેતના મહીં સ્ફુરે, તેનેય ખીલાવવા,
  જે ગોષ્ઠી ન કરી શકાય પરશું, જીભેથી બોલાવવા,
  જે સ્નેહી હૃદયે રહેલ ગૂઢ છે, તેથીય ડોલાવવા.

(ગઝલ) પ્રભુ સંકેત જીગર મળીઆં, કહો કયાંથિ આવી તે હળીઆં,
મળ્યાં, પણ ના બહુ ભળીઆં, વિયોગે રહેતા ઝળહળીઆં.
અધુરી વાત બહુ રહેતી, દિલે પણ જીભ ના કહેતી,
પ્રીતિ કોદિ ઘણી વહેતી, દિગે તે સમસમી રહેતી.
અનેકશઃ નિશ્ચય એ કર્યો મને,
"ફરી મળ્યે ખોલીશ સર્વ વાતને,
ધરી બધી હિંમત જાણું ભેદને,
કરી રસે લીન નિવારૂં ખેદને"

નિશ્ચય બધા ધુળમાં મળ્યા, જ્યાં વચનભંગી મન રહ્યું,
પ્રેમી નજીક આવ્યે તહાં દિલ-કથન જાયે ના કહ્યું;
સામું હૃદય જ્યાં વજ્ર છે, જાયે પરાણે દુઃખ સહ્યું,
'આશા કંઈ લાખો નિરાશામાં અમર છે' એ લહ્યું.
આજે વજ્ર સમ લાગે, કાલે પુષ્પસમું મૃદુ,
કાલની બલિહારી તે, પ્રીતિ જામે વધુ વધુ.

(કાલીંગડો) પ્રેમી પંખીનો નિરંકુશ વિહાર,
નિરંકુશ વિહાર, પાંખ વગર ઉડનાર—પ્રેમી૦
પ્રીતિ તાલાવેલીમાં મસ્ત થઈને, શુદ્ધ સ્નેહી સંગે વસનાર,
કૂદી ખેલીને કલ્લોલ કરતા, માત્ર શુદ્ધતાની દરકાર. —પ્રેમી૦
દીવ્ય ગાન ગાયે સઘળે સમયે, કોનો ભાર તેને થોભનાર,
પુષ્પ સુવાસથી પ્રેમીના વનમાં, જીવનલ્હાવ મીઠા લેનાર
પાંખ વગર ઉડનાર. —પ્રેમી૦

(ગઝલ) અમે તો પ્રેમી પંખીડાં, ઉડીશું પ્રેમ-વન જ્યાં છે,
રચીસું વેલી મંડપ ત્યાં, રહીશું પ્રેમ-વન જ્યાં છે.
ફરીશું દિલચમનમાંહિ, મધુરા પ્રેમને ગાઈ,
ભરીશું સ્નેહ રગરગમાં, રમીશું પ્રેમ-વન જ્યાં છે.
બધાં વર્ષો વધાવીને, જીવન આત્મા જગાવીને,
અજબ ધૂની લગાવીને, મરીશું પ્રેમ-વન જ્યાં છે.

તંત્રી.

# તંત્રીની નોંધ.

૧.

**સાધુઓ માટે શાળાઓ**—કાશીના સ્વામી અદ્દ્ભુતાનંદે જાન્યુઆરી માસમાં એક ભાષણ, કેવી રીતે સાધુઓ ઉપયોગી થઇ શકે ? એ વિચારપર આપતાં જણાવ્યું હતું કે "પૂર્વે સાધુઓ ઉચ્ચ તત્વદષ્ટિથી થતા અને સાદું જીવન અને ઉચ્ચ વિચાર એ તેમનો સિદ્ધાન્ત હતો. હીબ્રુ કહેવત છે કે 'The spirit of mendicancy was the candle of the Lord' એટલે ભિક્ષુનું પ્રેરક તત્વ એ પ્રભુનો દીપક છે, તે પ્રમાણે ત્યાગ અને સેવા એ તેમના ઉદ્દેશ હતા. હમણાં ગમે તે માણસ નૈતિક અને બુદ્ધિવિષયક અગ્રગણ્યતાની સાબીતી આપ્યા વગર સાધુ-ભિક્ષુ થઇ શકે છે. હિંદમાં સાધુઓ ૭૨ લાખ છે તેમાં મોટો ભાગ ભટકતા ભિખારીઓ છે ને સમાજને એક બોજા સમાન છે. તેમાંના કેટલાક જેનામાં જ્ઞાન હોય છે અને સારી રીતે ભોજન મેળવી શકે છે, તે બીજાઓ પ્રત્યે પોતાની ફરજ બજાવતા નથી. પૈસાદાર મહાધિપતિ અને મંડલેશ્વરો ધર્માદાના મોટા ફંડો પોતાના સ્વાર્થમય અને મોજશોખના કાર્યોમાં વાપરી પોતાનામાં મૂકેલા વિશ્વાસનો દુરૂપયોગ કરે છે. સ્વામી વિવેકાનંદ અને બીજાઓ, ભિક્ષુક સાધુઓ લોકોની સામાજિક અને ધાર્મિક સેવા બજાવી શકે તે માટે તેમને કેળવી સુશિક્ષિત બનાવવા માટે શાળાઓ સ્થાપવા માગતા હતા, અને કેટલેક અંશે તે દિશામાં તેઓ કંઇ કરી ગયા છે." હવે દેશ ભાષામાં જ્યાં જ્યાં મોટાં તીર્થનાં ધામ છે ત્યાં ભિક્ષુકોને કેળવવા શાળાઓ સ્થાપવા સ્વામી અદ્દ્ભુતાનંદ નિર્ણય પર આવ્યા છે કે જેથી તેઓ ગામડાંઓમાં શિક્ષક અને ઉપદેશક બની શકે; કારણ કે ગામડાંઓમાં કેળવણી નહિવત્ છે, હિંદમાં છ ગામડે એક નિશાળ છે ને છોકરાંઓ તદન અજ્ઞાનાવસ્થામાં છે, તેમજ હાલ કેળવણી ગરીબ ગામડીઆ માટે ઘણી મોંઘી છે. બર્માના સાધુઓ ખોરાકને લુગડાં લઇ તે બદલે ગામડામાં ગરીબ છોકરાંઓને કેળવી શકે તેમ છે, કારણકે દેવું તે ગામડીઆઓને ભારે નહિ પડે. હાલ તુરત કિષ્કિંધા નામની પર્વતની ટેકરીમાં હંપી આગળ આવી શાળા સ્વામી અદ્દ્ભુતાનંદ કાઢનાર છે.

આ ઉપરથી આપણા જૈન સાધુઓ માટે આવી શાળા જૈન આચાર વિચાર મુજબ કાઢવામાં આવે તો કેટલું સારૂં ! અમે બતાવી ગયા છીએ કે આપણો સાધુ સંઘ ઉત્થાપવા યોગ્ય નથી ! સાધુસંઘ અતિ ઉપયોગી છે. તેમના પ્રતાપથી જૈન ધર્મનો પ્રવાહ આ ભૂમિતલપર અવિચ્છિન્નપણે વહે છે. પણ કાલ, સંજોગ અને દેશસ્થિતિ બદલાતાં જો કોઇપણ દેશ, સમાજ, ધર્મ કે સંપ્રદાયને આગળ વધવું હોય તો તેમાં આવશ્યક ફેરફાર અને અવનતિરોધક પગલાં ભરવાની જરૂર છે. કોઇપણ જાતના અધિકાર વગર દીક્ષા લેવી કે આપવી કે અયોગ્ય છે. લઘુ દીક્ષા ને વડી દીક્ષામાં પૂર્વજોએ રાખેલો અંતર બતાવી આપે છે કે લઘુ દીક્ષા એ Probational -Trial દીક્ષા છે એટલે દીક્ષાને માટેની લાયકાત પૂરવાર કરનારજ વડી દીક્ષામાં-ખરી દીક્ષામાં આવી શકે છે માટે દીક્ષા લીધા પહેલાં અને લઘુદીક્ષા તથા વડી દીક્ષા વચ્ચેના બીતરકાળમાં પૂરેપૂરા ધર્મસંસ્કાર અને જ્ઞાન પ્રાપ્ત કરવા માટે સાધુ અને સાધ્વી શાળા જેવી સંસ્થા આવશ્યક છે.

'સાધુઓના અભ્યાસ માટે ઉપાય યોજવાની જરૂર' એ પર ગત કૉન્ફરન્સ પ્રમુખ ડાકટર બાલાભાઇ નાણાવટીએ જે કહ્યું હતું તેનાપર અમે ધ્યાન ખેચ્યું હતું. તો પ્રભાવ પાડનારા આચાર્યો પન્યાસો વગેરે આ સંબંધમાં પૂર્ણ વિચાર કરી એવી યોજના કરશે કે જેથી સાધુઓ અભ્યાસી, વિચાર શીલ, વિદ્વાન અને પ્રખર ઉપદેશક થવા પામે, શ્રાવકોમાં રહેલું જડત્વ અને અંધારૂં દૂર કરે, સાધુઓના બંધારણને પુષ્ટ અને સંગીન બનાવે અને જૈન ધર્મ અને દર્શનની જ્યોતિ ચળકાવે.

૨.

**આગમોનું અધ્યયન કેવા પ્રકારનું હોવું જોઇએ?—**

હાલના કેટલાક ભણેલા આગમોની સરલતા અને તેના વિષયોની સામાન્યતા સમજી તેમાં રહેલ ભાવાર્થ અને રહસ્ય સમજવાનો પ્રયાસ કરતા નથી એ હાલના ભણતરની તુચ્છતા છે. પાશ્ચાત્ય સંસ્કારથી પોતાને ભૂષિત થયેલા માની પૂર્વનાં પુસ્તકોમાં રહેલ ખુબીઓ તે સંસ્કારની દૃષ્ટિથી પિછાની શકતા નથી એ દેશનું દુર્ભાગ્ય થોડા સમય પહેલાં હતું, પરંતુ હવે દેશનું વાતાવરણ બદલાયું છે. રાષ્ટ્રિય જુસ્સો ઉકળ્યો છે અને દેશજન દરેક કલાકે શાસ્ત્રની કસોટી પૂર્વજોએ જે ચેતનતા લાવી હોય તે તપાસવા તરફ લક્ષ રાખી કાર્ય કરે છે એ સુદિવસની વાત છે. જૈન આગમો અત્યાર સુધી જોઇએ તેવા સુંદર આકારમાં પ્રસિદ્ધ થયા નહોતા પણ સદ્ભાગ્યે પન્યાસવર્ય વિદ્વાન મુનિવર શ્રી આણંદસાગરજીના પ્રેરણામય મહાન પ્રયત્નથી પ્રકટ થતા જાય છે; હજુ બધાં પ્રગટ થવાને વાર ઘણી લાગશે; છતાં આશા રાખવાને કારણ છે કે હવેથી સબળ ઝડપે કાર્ય લઇ પંચાંગી સૂત્રો બહાર પાડવામાં આવે તેવો પૂર્ણ સંભવ છે. તેમાં પ્રાચીન ટીકા, ચૂર્ણિ, ભાષ્ય, ટીકા કે નિર્યુક્તિને પહેલી પસંદગી આપવામાં આવશે. અત્યાર સુધી થોડા પ્રસિદ્ધ થયેલ છે તો તેનું અધ્યયન કેવી રીતે કરવું તે સંબંધી ઊહાપોહ કરવાની જરૂર છે. આગમો કેવી રીતે પ્રસિદ્ધ થવા જોઇએ એ કહી ગયા છીએ. અભ્યાસના સંબંધમાં અમારે જે કહેવાનું છે તે એ છે કે:—

ક્રાઇસ્ટનું અનુકરણ એ નામનું જગત પ્રસિદ્ધ પુસ્તક રચનાર Thomas A. Kempis નામનો સમર્થ વિદ્વાન જણાવે છે કે:—

Not only eloquence, but truth is to be sought after in the Holy Scriptures, every part of which must be read with the same spirit by which it was written and in these and all other books it is an improvement in holiness, not pleasure in the Subtelty of thought or accuracy of expression, that must be principally regarded, we ought to read those parts that are simple and devout with the same affection and delight as those of high speculation.

અર્થાત્--શાસ્ત્રોમાં માત્ર વક્તૃત્વની નહિ પરંતુ સત્યની શોધ કરવાની જરૂર છે. શાસ્ત્રનો દરેક ભાગ જે આશયથી લખવામાં આવ્યો હોય તે આશયથી અવશ્ય વાંચવાનો છે અને તેમાં તથા બીજાં સર્વ પુસ્તકોમાં જેના પર મુખ્ય આદર આવવો જોઇએ તે પવિત્રતામાં વધુ શુદ્ધતા છે—વિચારની ગહનતા કે શબ્દાર્થની યોગ્યતામાં આનંદ એ ગૌણ છે

તે ભાગો કે જે સાદી ઇબારતમાં ભક્તિપ્રપૂર્ણ મૂકેલા હોય છે તે ઉંચા કલ્પનામય પ્રદેશમાં જેવા આનંદ અને પ્રેમ માલુમ પડે તેવા આનંદ અને પ્રેમથી આપણે વાંચવા જોઇએ. ”

આપણા આગમોમાં સરલ અને અનાડંબરી શબ્દો છે, ભાવ બતાવવા માટે સાદાં અને નિર્દોષ વાક્યો મૂકવામાં આવ્યાં છે, અને તેમાં રહેલાં ગાંભીર્ય, રહસ્ય અને તત્ત્વ ને ભાષ્ય-નિર્યુક્તિ-ટીકા-ચુર્ણી-અવચૂર્ણી વગેરે એટલે પંચાંગી કરનારાઓએ સરલ અવબોધ થઇ શકે તે માટે સમજાવેલું છે. પાંચ અંગોમાં જે જે પ્રાચીન થયા છે તે પર વિશેષ લક્ષ રાખવાની જરૂર છે. ઘણી વખત એમ બને છે કે પ્રાચીન મંતવ્યોમાં ફેરફાર સમયાનુકૂળ કરી પછીના ટીકાકારો જે અર્થો કરે છે તે અર્થો સરખાવવા—જોવાતપાસવાથી શાસ્ત્રોમાં રહેલું સમાજશાસ્ત્રતત્વ પરખાઇ આવે છે.

૩

### પ્રાચીન ગુર્જર કાવ્ય સંગ્રહ ભાગ ૧ લો—

આ ગ્રંથ ગાયકવાડ ઓરીયેન્ટલ સીરીઝમાં બહાર પડનાર છે. તે જૂની ગૂજરાતી ભાષા કેવી હતી તેનો યથાસ્થિતિ ખ્યાલ આપી શકશે, કારણ કે તેમાં સં. ૧૨૬૬થી સં. ૧૩૯૦ લગભગ સુધીમાં રચાયેલા પ્રાચીન રાસો આપવામાં આવનાર છે. બધા રાસો જૈન છે, —સ્વ. વ્રજલાલ શાસ્ત્રી અને અન્ય સમર્થ વિદ્વાનો—સ્વ, નવલરામ, રા. નરસિંહરાવ, રા. કેશવલાલ ધ્રુવ વગેરે એ મુક્તકંઠે સ્વીકારી સિદ્ધ કરી આવ્યું છે કે જૂના લખાણમાં જૈન તેમજ જૈનેતરમાં ભેદ હતો નહિ. જે રાસો આપવામાં આવનાર છે તે દશ છે નામેઃ-૧ રેવન્તગિરિ રાસો વિજયસેન સૂરિ કૃત સં. ૧૨૮૮ આસપાસ, ૨ જંબુરાસ ધર્મકૃત સં. ૧૨૬૬, ૩ નેમિનાથ ચતુષ્પાદિકા વિનયચંદ્ર સૂરિકૃત સં. ૧૩૪૦ આસપાસ (કે જે આ પત્રના એક પર્યુષણ અંકમાં પ્રસિદ્ધ થયેલ છે.), ૪ ઉવએસ માલ છપ્પય–રયણસિંહ સૂરિ શિષ્યકૃત ૧૩૪૦ આસપાસ ૫ સપ્તક્ષેત્રીરાસ સં. ૧૩૨૭, ૬ સમરા રાસ અમ્બદેવ સૂરિકૃત સં. ૧૩૭૧ આસ, ૭ કછૂલી રાસ સં. ૧૩૬૩ માં, ૮ થુલિભદ્રફાગ-જિનપદ્મસૂરિકૃત સં. ૧૩૯૦ આસ ૯ પૌમકૃત શાલિભદ્ર કાક અને ૧૦ ધર્મમાતૃકા કાક; આમાંના બે ઐતિહાસિક છે:—સમરા રાસમાં સમરસિંહ મંત્રીનું જીવન છે અને કછૂલીરાસમાં આબુ પાસે આવેલા કછૂલી ગામની વિગત આપેલી છે. આના સંશોધક આપણા માન્ય વિદ્વાન્ રા. ચિમનલાલ ડાહ્યાભાઇ દલાલ છે કે જેઓ અમને આશા છે કે દરેકનો સાર, રાસ વિવેચન, રાસકાર પરિચય આદિ અનેક વિષયોપર પ્રકાશ ફેંકનારી પ્રસ્તાવના સાથે ભાષાભેદ, વિપર્યય, તુલના વગેરે પર વિવેચનાત્મક નોટ્સ અને સાધનો પૂરાં પાડશે. આવી રીતે પ્રતિદિનાનુગમે જૈન પ્રાચીન સાહિત્ય જૂદી જૂદી દિશાએથી પ્રકટ થતું જાય છે એ સૌભાગ્યનો વિષય છે. શ્રીમંત ગાયકવાડ સરકારની વિદ્યારસિકતા માટે દરેક હિંદવાસીને માન છે અને તે આવા પ્રયાસોથી ઉત્તરોત્તર વૃદ્ધિગંત થતું જશે એ નિર્વિવાદછે.

૪

**જૈન કવિ નામાવલિ**—શ્રીમતી કૉન્ફરન્સ દેવીએ જૈન રાસમાલાના બે ભાગ પ્રકટ કરી ગૂર્જર સાહિત્યમાં જૈનોનો મોટો ફાળો હતો એવો ખ્યાલ આપ્યો છે અને તે માટે તેમને ધન્યવાદ ઘટે છે. પરંતુ આ ખ્યાલ માત્ર સપાટી પરનો નહિ પણ ખરેખરો, સચો

અને પ્રમાણપૂર્વક આવી શકે તે માટે દરેક રાસ, ફાગ, ઢાળ, સ્તવન, સ્તુતિ, ચોવીશી તેમજ અન્યકૃતિના રચનારને શબ્દાનુક્રમે લઇને તેની કૃતિઓનું લિસ્ટ, તેનો પરિચય, તેનો સમય અને કૃતિઓ સંબંધેની માહિતોથી ભરેલું 'જૈન કવિનામાવલિ' એ નામનું પુસ્તક તૈયાર કરવાનું કામ અમોએ માથે લીધું છે. તે સર્વ સંગ્રહ કરવામાં અથાગ પરિશ્રમ, પ્રતો તપાસવા જોવામાં અને તેમાંથી ઉતારો કરવામાં પુષ્કળ સમયનો વ્યય ભોગવવો પડે છે. તે ઉપરાંત બીજા સજ્જનો નામે મુનિ મહારાજો, ભંડારના માલેકો-સંઘો વિદ્વાનો પ્રતો જોવા માટે થોડા સમય માટે આપવા રૂપે તેમજ જૂદી જૂદી સહાય અને સલાહ રૂપે કૃપા કરવાની ઘણી અપેક્ષા રહે છે. અત્યારસુધીમાં આ કાર્ય માટે વડોદરા અને અમદાવાદમાં ખાસ અમારે જવું પડયું હતું અને વડોદરામાં પ્રવર્ત્તક પૂજ્ય શ્રી કાન્તિવિજયજી, મુનિ મહારાજશ્રી ચતુરવિજય, જિનવિજયાદિએ સર્વ પુસ્તકો જોવાની સગવડતા કરી આપી હતી, પરંતુ થોડા દિવસના ફાજલપણાથી પૂરૂં કામ નહોતું થયું તેથી મુનિ મહારાજશ્રી જિનવિજયજીએ પ્રશસ્તિઓ લખી લખાવી અમો પર મોકલાવી આપી હતી; અમદાવાદમાં મુનિમહારાજશ્રી ગુલાબવિજયજીએ કેટલાક રાસોની પ્રતો આપી હતી અને તેમાંથી પ્રશસ્તિઓ અમે ઉતારી લીધી છે. ભાવનગર સંઘ તરફથી મુરબ્બીશ્રી કુંવરજી આણંદજીએ રાસાઓની પંદર પ્રતો મોકલાવી આપી હતી છે જે તેમને ટુંક વખતમાં પાછી મોકલાવી આવી છે. બીજી પ્રતો મોકલવાના છે. મોરબી વગેરે સ્થલે વિનંતિપત્ર મોકલેલ છે. આ રીતે અમોને સહાય આપનાર સર્વ મહાશયોનો હાર્દિક ઉપકાર અગાઉથી આ સ્થલે માનીએ છીએ અને તે પુસ્તકમાં પણ સ્વીકારવામાં આવશે. હવે અમે અન્ય મહાશયો મુનિશ્રીઓ-સંઘો વગેરેને વિનંતિ કરીએ છીએ કે તેઓ પાસે જે જે ગૂજરાતી કાવ્યકૃતિઓ હોય તે જો કૉન્ફરન્સ ઑફિસને ઉછીતી આપવા મહેરબાની કરશે તો મહાન્ ઉપકાર થશે. અમારા સમજવા પ્રમાણે શ્રી વિજયધર્મસૂરિના શિષ્ય મુનિ મહારાજશ્રી વિદ્યાવિજયજીની પાસે આવા પુસ્તકોનો સારો ભંડાર છે તો તેઓશ્રી આચાર્ય મહારાજની આજ્ઞાથી ઉપર જણાવ્યા મુજબની સહાય આપવાની કૃપા કરશે.

આ પુસ્તકની રચના સંબંધે વિશેષ જણાવીએ છીએ કે પ્રથમ કર્ત્તાનુ નામ, ૨ તે કયા ગચ્છમાં કેની પરંપરામાં અને તે પરંપરાથી કયા મુનિના શિષ્ય. ૩ તેની નીચે સમયાનુસાર અનુક્રમે કૃતિ ૪ તે કૃતિનો રચના સમય, ૫ તે સાથે તે રચાયાનું સ્થલ ૬ તેની નીચે તે કૃતિમાંની કર્ત્તાની પ્રશસ્તિ (મંગલાચરણમાં કર્ત્તાનો તેમના ગુરૂનો ઉલ્લેખ હોય તો પણ) ૭ તે પ્રશસ્તિ નીચે તે જે પ્રતમાંથી લીધેલ હોય તે પ્રતના લેખકની પ્રશસ્તિ લખ્યા સાલ લખ્યા ગામ વગેરે ૮ તે પ્રતિ કયા ભંડારમાંથી જોવા મળી છે તે તેમજ પૃષ્ટ અને પંક્તિ ૯ બીજા કયા ભંડારમાં તે કૃતિ મળી શકે છે તે. આજ રીતે બીજી કૃતિઓ સંબંધી સમજવું. આમ હકીકત કર્તાના નામના પ્રથમ અક્ષરાનુક્રમ પ્રમાણે આપવામાં આવશે. તેમજ તેની સાથે વિસ્તૃત પ્રસ્તાવના ગુજરાતી ભાષા અને જૈનો એ વિષયપર આપવામાં આવશે તેમાં ૧ ગૂજરાત નામ કેમ અને કયારથી પડયું અને તેની સાથે ગૂજરાતી ભાષાનો સંબંધ ગૂજરાતીનું આદિસ્થાન, તેની ઉત્તરોત્તર સ્થિતિ, ગૂજરાત દેશપર પડેલા તડકા, છાયા. તેની સાથે કાવ્ય કૃતિઓના ઉદ્‌ભવનો સંભવ, પ્રાકૃતાદિ છ ભાષાનો ટુંક પરિચય—તેમાંની અપભ્રંશ ભાષા સાથે ગૂજરાતી ભાષાનો સંબંધ, પ્રાચીન ગૂજરાતી ભાષાના સૈકાવાર નમુના, તે પરથી ભાષાના વિકાસનું પ્રદર્શન, પ્રાકૃત સંબંધે જૈન અને અન્ય

ગ્રંથોમાં ઉલ્લેખો, જૈનો અને તેમની ભાષા પરના આક્ષેપો અને તેના જવાબ વગેરે અનેક બાબતો પર લખવાનો વિચાર છે. તે માટે અનેક સાધનો એકઠાં કર્યા છે અને કરવાનો પ્રયાસ ચાલુ છે. સુજ્ઞ મહાશયો આ સંબંધે હકીકતો—સાધનો પૂરાં પાડશે તો તેમનો ઉપકાર જાહેર રીતે માનવામાં આવશે.

હમણાં સુધી અમોએ સંગ્રહ કરેલ જૈન કવિઓ અને તેમની કૃતિઓનું દળ ઘણું થઇ ગયું છે. જેટલી કૃતિઓ પ્રસિદ્ધ થયેલ છે તે પણ પ્રસિદ્ધકર્તાના નામ સાથે જણાવેલ છે. આ બધું લગભગ પાંચસો પૃષ્ઠ થશે. પરંતુ જે કરવું તે બને ત્યાં સુધી પૂર્ણ અને યથાસ્થિત હકીકત વાળું કરવું યોગ્ય છે તથી આટલી જાહેરાત આપવી સુજ્ઞ અને વિદ્વાનોની મદદ માગી છે. આશા છે કે તેઓ પોતાની સજ્જનતા તુરત બતાવી જૈન સાહિત્ય પર ઉપકાર કરશે. આવી રીતે એકાદ બે માસમાં જે સહાય મળશે તેનો સદુપયોગ કરી આ ગ્રંથને પ્રેસમાં મોકલવામાં આવશે.

# સ્વીકાર અને સમાલોચના.

**अर्थप्रकाशिका**—પ્ર૦ ભારતીયજૈન સિદ્ધાંત પ્રકાશિની સંસ્થા, નં. ૯ વિશ્વકોષ લેન બાઘ બાજાર, કલકતા પૃ. ૫૪૬ ] આ મોટા પાના આકારે હિંદી ભાષામાં બાલબોધ ટાઇપમાં છપાયેલ છે અને તે પ્રસિદ્ધ સૂત્ર નામે ઉમાસ્વાતિના તત્વાર્થાધિગમ સૂત્રની—મોક્ષ શાસ્ત્રની ભાષાવચનિકા ટીકા છે. ટીકાકાર સ્વર્ગીય વિદ્વદ્વર્ય સદાસુખજી કાશલીવાલ છે. તત્વાર્થસૂત્રમાં જૈન દર્શનનો સમસ્ત સમાવેશ છે અને તેથી તેનાં દરેક સૂત્રપર ટીકાકાર જેટલા વિદ્વાન તેટલા વિસ્તારવાળી ટીકા લખી શકાય તેમ છે. હિંદી ભાષામાં અર્થપ્રકાશિકા નામી ગણાય છે. ટીકાકાર દિગંબર શ્રાવક પંડિત છે. શ્વેતામ્બર સમ્પ્રદાયમાં હજુ સ્વતંત્ર ટીકા કોઇપણ શ્રાવક કે સાધુ મહાશય તરફથી થઇ નથી એ મહત્વની બીના ન ગણાય; તેમ તત્વાર્થ સૂત્રપર સંસ્કૃત સિધ્ધસેનગણિ કૃત ભાષ્ય ટુંક ટીકા છે તે સિવાયબીજી મહત્વની ટીકા દાખલા તરીકે હરિભદ્ર સૂરિકૃત ટીકા (રા. કેશવલાલ પ્રેમચંદ મોદી. અમદાવાદના દ્વારા મળેલી ખબર પ્રમાણે) મોજુદ છે તે પ્રગટ થઇ નથી તે પણ શોક ઉત્પન્ન કરે તેમ છે. હીંદી ભાષામાં આ ટીકાને અમો વધાવીએ છીએ અને પ્રગટ કર્તા સંસ્થાના મહામંત્રી પન્નાલાલ બાકલીવાલને આ તથા બીજા ગ્રંથો પ્રકટ કરવામાં ગાંધી હરિભાઇ દેવકરણ એંડ સન્સ જેવા પંદર હજાર રૂપીઆ આપનાર ગૃહસ્થ મળી ગયા તેને માટે અભિનંદન અમે આપીએ છીએ. શ્રીયુત પન્નાલાલજી પુસ્તક પ્રસિદ્ધ કરી જ્ઞાન પ્રકાશનો વિસ્તાર કરવા ભગિરથ પ્રયત્ન કરી રહ્યા હતા અને કેટલાંક પુસ્તકો બહાર પડયા પછી એવો સમય આવ્યો હતો કે પુસ્તક પ્રકટ કરવાનું કાર્ય તદ્દન બંધ પડે, પણ સુભાગ્યે આ સહાય આવી પડવાથી કાર્ય ચાલુ રહ્યું છે અને તેના ફલ તરીકે ગાંધી હરિભાઇ દેવકરણ જૈન ગ્રંથમાલાનું પહેલું સંસ્કરણ આ ગ્રંથ છે. ટીકાકાર દિગંબરી હોઇ કેટલેક સ્થળે દિગંબરીય મંતવ્ય છે પરંતુ સામાન્ય રીતે આ ટીકા ઉમદા હોઇ શ્વેતામ્બરો વાંચી ઘણો લાભ ઉઠાવી શકશે.

**पाइअ लच्छी नाममाला (प्राकृत कोश)**—પ્રણેતા મહાકવિ ધનપાલ સંશોધિકા અને પ્રકાશિકા બી. બી એન્ડ કંપની ખારખેટ ભાવનગર મૂલ્ય ૧-૧૨-૦ પૃ. ૧૬૪ × ૮ આનંદ પ્રિ૦ પ્રેસ. )

ધનપાલ કવિ એક ઉત્તમ અને મહાન્ કવિ થયો છે અને તેનો તિલકમંજરી નામનો ગ્રંથ બાણ કવિની કાદમ્બરીને ટક્કર મારે તેવો છે એવું વિદ્વાનોથી સ્વીકાર્યા વગર રહ્યું નથી. ધનપાલ પ્રસિદ્ધ શોભન સ્તુતિ કરનાર શોભન મુનિના બંધુ થાય અને તે મૂલ બ્રાહ્મણ પુરોહિત સર્વ દેવના પુત્ર થાય. શોભન મુનિએ જૈન દીક્ષા અંગિકૃત કરી તેથી ધનપાલે નારાજ થઇ માળવામાં જૈન સાધુ આવી ન શકે તેવો પ્રબંધ કર્યો. આખરે તેને શોભન મુનિનો ભેટો થતાં જૈન ધર્મ પ્રત્યે પૂર્ણ શ્રદ્ધા થઇ. આ જૈન કવિથી જૈન સંપ્રદાયને મગરૂર થવા જેવું છે છતાં અત્યાર સુધીમાં આ કવિના ગ્રંથો બહાર પાડી તેના સંબંધમાં તેનું ચરિત્ર લખી લખાવી તેના ઉપકાર વાળવાનું થોડું ઘણું કાર્ય પણ જૈનોએ નહોતું કર્યું, તે પહેલાં જૈનેતર તરફથી તિલકમંજરી નિર્ણય સાગર પ્રેસ તરફથી પ્રસિદ્ધ થઇ ગયેલી છે તેમાંની પ્રસ્તાવના પણ ઘણી શોધક બુદ્ધિથી લખાયેલી છે. સંશોધક મહાશય તરફથી આ પુસ્તકમાં ધનપાલ સંબંધી વિસ્તૃત આલોચનાની આશા હતી, પરંતુ સમય અને સ્થળના સંકોચને લીધે બન્યું નથી એમ તેઓએ જણાવ્યું છે તેથી નિરાશ થવું પડયું છે તો પણ ટુંકમાં પ્રસ્તાવના લખી આ ગ્રંથને યોગ્ય જે ઇસારો કર્યો છે તે માટે સંશોધકને ધન્યવાદ ઘટે છે.

સંશોધક તરીકે બી. બી. એન્ડ મહાશયાનાં મંડલી એમ પ્રકટ કરવામાં આવ્યું છે તેથી તેમની પૂર્ણ ઓળખ મળી શકતી નથી, તો પણ અમને તેમાં પ્રસિદ્ધ પંડિત બહેચરદાસનો મ્હોટો ખાસ અને મહેનતુ હાથ જણાય છે. પંડિત બહેચરદાસ પ્રાકૃત માર્ગોપદેશિકા રચી જે પ્રસિદ્ધિમાં આવ્યા છે તે કરતાં પણ વધારે ગુણો ધરાવે છે. સાદા, નિરભિમાની, એકલમાર્ગી, ભાષા પંડિત, અને વિદ્વાન હોવા ઉપરાંત ઉદારદષ્ટિથી અને સ્વતંત્રતાથી વિષયમાં ઉતરી ભાવ ખેંચનારા વિચારક છે. તેઓએ 'ગુજરાતી ભાષા' નામનો શોધક બુદ્ધિથી લખેલો લેખ હમણાંજ આનંદ કાવ્ય મહોદધિના પાંચમા મૈક્તિકમાં બહાર પડયો છે અને તુરતજ આ કોશ બહાર પડે છે. આ કોશ પાઇઅલચ્છી એટલે પ્રાકૃત લક્ષ્મી રૂપ જ છે, તેમાં દરેક શબ્દના જે જે પર્યાય વાચક શબ્દ છે તેને લઇ ગાથામાં ગુંથવામાં આવ્યા છે અને તેથી તે શબ્દ જેટલી ગાથામાં યા ગાથાના ભાગમાં હોય તેને એક બે એમ અંક સંશોધકે આપી તેને મૂળરૂપે મૂકી ફુટનોટમાં તે અંકની સાથે તે શબ્દ મૂકયો છે અને પછી છેવટે આખો કોશ અક્ષરાનુક્રમે ઉપરોક્ત અંક સાથે શબ્દોનો આપ્યો છે અને તેમાં મૂળ પ્રાકૃતનું સંસ્કૃત, તે નામ વિશેષણ અવ્યય જે હોય તે જાતિ એટલે લિંગ સહિત મૂકી તેનો ગુજરાતી અર્થ આપેલ છે. પ્રાકૃતભાષા મૃતભાષા હોઇ તેના અભ્યાસીઓ દુર્લભ છે તો તેના જ્ઞાતા તો સવિશેષ દુર્લભ હોય તેમાં નવાઇ નથી. છતાં એક જ્ઞાતા તરીકે આ પ્રાકૃત કોશનું સમર્થ સંશોધન કરી દરેક પ્રાકૃત શબ્દના સંસ્કૃત મૂળ તથા ગૂજરાતી અર્થ મૂકવામાં સંશોધકે પોતાની વિદ્વત્તા સિદ્ધ કરી છે.

આપણા આગમો તથા અસંખ્ય ધર્મ પુસ્તકો છે તે જાણીતી વાત છે અને તેથી ધર્મજ્ઞાન મેળવવામાં પ્રાકૃત ભાષાનું જ્ઞાન પણ આવશ્યક છે છતાં તે જ્ઞાન મેળવવા માટેનાં

મુખ્ય સાધનો જેવાં કે સંપૂર્ણ વિસ્તૃત પ્રાકૃત ભાષાનો કોશ, અને પ્રાકૃત વ્યાકરણ (ગુજરાતી હીંદી અંગ્રેજી આદિમાં મળે નહિ એ શોકપ્રદ બીના છે. આપણા મુનિઓ તરફથી આ પ્રત્યે પ્રયત્ન થશે એવી અમો આશા રાખતા આવ્યા હતા ત્યાં પંડિત બહેચરદાસે પ્રાકૃત માર્ગોપદેશિકા, અને આ કોશ પ્રકટ કરી પ્રાકૃત ભાષા માટેના mile-stones પ્રાથમિક થાંભલાપૂરા પાડયા છે માટે અવશ્ય તેમને ધન્યવાદ ઘટે છે. કોશ કવિ ધનપાલે પોતાની બહેન સુંદરીના અભ્યાસ અર્થે કરેલો હોવાથી ઘણો સરલ અને સુબોધ છે. અમે ઇચ્છીએ કે આ હેરલ્ડમાં અમોએ બહાર પાડેલી અને જૈન ગ્રેજ્યુટઅટસ એશોસીએશનના છેલ્લા રિપોર્ટમાં છપાવેલી રૂ. દશહજારની પ્રાકૃતકોષ સંબંધની યોજના બહાર પાડવામાં જૈન મુનિ તથા શ્રીમંત શ્રાવકો બહાર આવે યાતો પંડિત બહેચરદાસ જેવા પાસે તેવો કોશ રચવાનો પ્રબંધ કરે. અમારી ખબર પ્રમાણે દેવાસમાં શ્રીયુત કેશરીચંદ ભંડારી તરફથી પ્રાકૃતકોષ રચવાની તૈયારી થાય છે—રત્નચંદ્રજી મુનિએ સહાય આપવા માથે લીધું છું. દશાવીસ હજાર શબ્દોનાં (માત્ર) સંસ્કૃત મૂલરૂપ તૈયાર છે. આ પ્રયત્ન એકલમાર્ગી ન થાય તે માટે વિસ્તૃત પ્રયત્ન જૂદી જૂદી દિશાઓ તરફના એકત્રિત બળથી કરવામાં આવશે એવું ઇચ્છીશું. આ કાર્ય સર્વ પ્રમાણ થવું જોઇએ કે જેથી બીજાની આવશ્યકતા ન રહે અને સ્થાયી બની રહે.

ગ્રંથની પ્રતો કયાં કયાંથી મેળવી તે સંબંધી, તેમજ પ્રાકૃતકોશ વિસ્તૃત બનાવવા માટે શું શું ગ્રંથો વિદ્યમાન છે વગેરે હકીકત પ્રસ્તાવનામાં દર્શાવી હત તો યોગ્ય થાત. પિશલ (Pischel) નું પ્રાકૃત વ્યાકરણ જર્મન ભાષામાં છપાયેલું ને તેમના પ્રાકૃત શબ્દોની અનુક્રમણિકા Index of all the Prakrit words occurring in Pischel's Gramatik der Prakrit-Sprachen by Don M. Dezilva Wickremasinghe, Indian Institute, Oxford ) બહાર પડેલ છે તે મુંબઇના નં ૧૦ બ્રીટિશ ઇંડયા પ્રેસના સુપ્રીન્ટેન્ડંટ ને લખવાથી સાડાચાર રૂપીઆમાં મળી શકશે. તે પ્રાકૃતકોશ માટે સારી મદદ આપી શકશે.

અમે આ ગ્રંથ દરેક જૈન લાયબ્રેરીમાં રાખવા તથા દરેક ધર્મજિજ્ઞાસુ શ્રાવક-સાધુએ રાખવા ભલામણ કરીએ છીએ. કિંમત પણ પરિશ્રમ અને કાર્ય જોતાં ઘણી ઓછી છે.

આ કોશથી કૉન્ફરન્સનો પ્રાકૃત ભાષાની ઉન્નતિ કરવાનો ઉદ્દેશ સરે છે તેથી તે જો ૫૦ થી ૧૦૦ સુધી નકલો ખરીદ કરશે તો પ્રકાશકને ઉત્તેજન મળવા સાથે ઘણું ઉચિત થશે.

The Gaikwad's Oriental Series—શ્રીમંત ગાયકવાડ સરકાર તરફથી પૌર્વાત્ય ગ્રંથમાલાનું મુદ્રીકરણ થઇ બહાર પાડવાનો પ્રયાસ આરંભાયો છે તે એક સૌભાગ્યનું ચિહ્ન છે. મુંબઇ, મદ્રાસ, મ્હેસુર, ત્રાવણકોર, કાશ્મીર આદિ સરકારે સંસ્કૃત અને અન્ય પ્રાચીન પુસ્તકો બહાર પાડવાને વિવિધ ગ્રંથમાલા નીકલી ચૂકી છે તેજ પ્રમાણે ગાયકવાડ સરકારે પાટણ, જેસલમીરનાં પ્રાચીન જૈન ભંડારોની તપાસ જૈન વિદ્વાન શ્રીયુત ચીમનલાલ ડાહ્યાભાઇ દલાલ એમ. એ. ના હસ્તથી કરાવ્યા પછી તેમના દુષ્પ્રાપ્ય અને અપૂર્વ જૈન તેમજ જૈનેતર ગ્રંથો માલૂમ પડયા ત્યારે પૂર્વના સાહિત્યપર પ્રકાશ ફેંકવાના ઉત્તમ ઉદ્દેશથી તે ગ્રંથો બહાર પાડવાની આજ્ઞા આપી તે માટે એ વિદ્યારસિક નરેશને ધન્યવાદ ઘટે છે. આના ફલ તરીકે બે ગ્રંથો બહાર પડયા છે, અને બીજા પ્રેસમાં છે અને કેટલાક

તૈયાર થાય છે. પાટણ અને જેસલમીર ભંડારોનો વર્ણનાત્મક ફેરિસ્ત સહિત રિપોર્ટ પ્રકટ થયે તે ભંડારોનું ઉચ્ચ સ્થાન અને મૂલ્ય અંકાશે. પ્રગટ થનારા ગ્રંથો પૈકી જયસિંહસૂરિનું હમ્મિર-મદ-મર્દન, પંચમીકહા (ધનપાલકૃત અપભ્રંશભાષામાં), બાલચંદ્રસૂરિ કૃત વસન્તવિલાસ, સોમપ્રભાચાર્ય કૃત કુમારપાલ પ્રતિબોધ, પાદલિપ્તાચાર્યકૃત તરંગલોલા, યશઃપાલ કૃત મોહપરાજય એ જૈન છે. અમે આ ગ્રંથમાલાનો વિજય ઇચ્છી પ્રકટ થયેલાં કાવ્યમીમાંસા નરનારાયણાનંદ અને એ બે પુસ્તકો સંબંધે અભિપ્રાય વ્યકત હવે પછી કરીશું. **તંત્રી.**

---

# આત્મઘાત-એક બ્હેન પ્રત્યે પત્ર.

(૨)

D. ૩૦-મે. ૧૯૧૪.

**પ્રિય દશના બહેન,**

દુઃખદ પત્ર મળ્યો. એવા પત્ર લખવામાં કઇ કર્મણો ગહના ગતિઃ—એ સૂત્ર તુરતજ મને સાંભરી આવે છે.

સાધો ભાઇ ! કરમનકી ગત ન્યારી
વાત જુઓને વિચારી—સાધો.
વશ્યાકું પહેરન પાટ પિતાંબર, પતિવંત ફિરત ઉઘારી;
સુંદર નારીકે બાંઝ કર ડારી, ભુંડણ ઝણઝણ હારી—સાધો.
લોભીકું દ્રવ્ય બહોત દિયો હે, દાતાકું ન મલે જુવારી;
મૂરખ રાજાકું રાજ દિયો હે, પંડિત ફિરત ભિખારી—સાધો.
મૃગકો લોચન અનુપમ દિયો હે, ફિરત હે બન ઉજિયારી;
બાઇ **મી**રાં કહે પ્રભુ ગિરધરના ગુણ, ચરન કરમ બલિહારી—સાધો.

આ ગાયન R......થી અહીં આવતાં ટ્રેનમાં એક પેસેંજર પાસેથી સાંભળ્યું તે તેમનું તેમ અહીં જણાવી દઉં છું.

કર્મના એવાં થરો આત્મપ્રદેશ પર લાગી પડયાં છે કે તેનો ફલનિર્દેશ કયારે આવશે તે ખબર પડતી નથી. જેવી તેની પ્રકૃતિ, તેવું તેનું ફલ, જેવી તેની સ્થિતિ તે પ્રમાણે તેટલા કાલ પછી તેના ફલનો ઉદય, જેવો તેનો રસ—તીવ્ર, મંદ, તેવું તીવ્ર કે મંદ ફલ. આ કર્મ જ્યાં સુધી ઉદય આવતાં નથી ત્યાં સુધી તેનું ફલ મળતું નથી—ત્યાં સુધી તે જડ સમાન છે, પણ જ્યારે ફલ આપે છે ત્યારે આત્માને એવી મુંઝવણમાં નાંખે છે, આત્મા એવો અકળાય છે, આત્મા એવા પરિણામ કરે છે કે આમાંથી હું કયારે છૂટું ? હું કયારે મોકળો થાઉં કે જેથી આ કર્મના ફલમાંથી સદાને માટે મુક્ત થાઉં ? જીવ મુક્ત થયાં પહેલા સદાકાળ શરીરી રહેવાનો છે. જયાંસુધી શરીર છે ત્યાં સુધી કર્મ સાથે જ રહેવાનું છે. આ શરીર પછી બીજું શરીર અવશ્ય મળવાનું જ એમાં તો શક નથી, પુનર્જન્મ માનનાર આત્મવાદીને એ માન્યા વગર છૂટકો નથી. આમ છે તો પછી આજ શરીરે તે કર્મફલ શા માટે ન ભોગવવું ? તે ભોગવવામાં આત્મ શક્તિનો આવિર્ભાવ શા માટે ન કરવો ! ઉદય કર્મ ભોગવવામાં જ્ઞાની અને અજ્ઞાનીનો ભેદ પડે છે.

જ્ઞાની સમભાવે, દબાયા વગર અરસપણે વર્તે છે અને નવાં કર્મ બાંધતો નથી, અજ્ઞાની કર્મનિમિત્તને શરણે થઇ રાગ દ્વેષને નવાં કરી કર્મનું ફલ ભોગવતો ભોગવતો નવાં કર્મ બાંધે છે અને અનંત બંધ પ્રવાહમાં તણાઇ ભવપરંપરા મેળવતો જ જાય છે.

*વળી કોઇ કાર્ય ક્રિયા સંયમ જપ તપાદિ કરવા તે અમુક ફલની અપેક્ષાએ કરવા* તે, મરણ વખતે કે તે પહેલાં આવતા ભવમાં અમુક ફલ મળે તે અપેક્ષાએ કરવા તેને 'નિયાણું બાંધવું'—કરવું એ નામ જૈનશાસ્ત્રમાં આપેલ છે. કર્મયોગી—**कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन** એ સૂત્ર પ્રમાણે વર્તનાર મનુષ્ય નિયાણું કદી પણ બાંધતો નથી. નિયાણું બાંધનાર નવાં કર્મો બાંધે છે, કારણકે જે ફલની ઇચ્છા રાખે છે તે ઇચ્છા એ 'ભાવકર્મ' છે—તે ઇચ્છા એ રાગદ્વેષની વાસનાથી થાય છે.

આવતા જન્મમાં અમુક સ્થિતિમાં—અમુક ઉંચી શક્તિવાળો થઇને લોકકલ્યાણ સાધવાની ઇચ્છાવાળો—'નિયાણું' બાંધનાર પેલો વિદ્યાર્થી શું ડહાપણવાળો હતો?—ધર્મ શું છે તે સમજ્યો હતો?—આત્મા અને કર્મનો સંબંધ અને તેનો વિયોગ કેમ થાય છે તે શું જાણી શકયો હતો? નહિ જ. ગાડી નીચે ફેંકાવી દઇને આત્મઘાત કરી તે શું પામ્યો હશે? તે મૂર્ખ હતો. આશય તેનો ઉચ્ચ હતો, છતાં તે મૂર્ખ હતો. તત્ત્વજ્ઞાનની કસોટીમાં નહિ ચડેલો તે અબુધ-મૂર્ખો અને અજ્ઞ હતો; તેના જો વિચારો ઉચ્ચ ન હત, આશયોમાં સુંદરતા ન હત તો તે આત્મઘાતની વાત જણાવવી નકામી હતી. આ છતાં પણ હજુ અનેક તેના જેવા મૂર્ખાઓ તે રસ્તે ન દોરાય એવી ખાત્રી નથી.

મારા અભ્યાસકાળમાં એક વિદ્યાર્થી હતો; તેના વર્ગમાં ચાલતી એક ટેક્સ્ટબુકમાં એક પાઠ આવતો હતો તેમાં એવું જણાવેલું હતું કે આ દુનિયા માત્ર મિથ્યા ભ્રમ છે—ખાલી એક મેળા સમાન છે—(Vanity Fair) વૅનિટિ ફેઅર છે. આ વારંવાર ભણવાથી તે ગાંડા જેવો થયો અને પોતાની ખાનગી નોટમાં—બુકમાં—ભીંતપર પણ તેજ લખતો હતો કે વૅનિટિ ફૅઅર. આ શબ્દો મગજમાં જડાઇ ગયા અને છેવટે ગિરનારના એક શિખર પર જઇ ત્યાંથી ભૂસકો મારી દેહાંત કર્યો. આ કેવી મૂર્ખાઇ! મૂર્ખતાનો એક નમુનો!

આવોજ બીજો દાખલો ન્યુસપેપરમાં વાંચ્યો હતો. એક જણ સુરતમાં અશ્વિનિકુમાર એ નામના તાપી નદીના કિનારે આવેલ સ્થળ પાસે 'સરસ્વતિચંદ્ર' રાખી ગળે ફુપો ખાધો હતો. આ પણ અણસમજણની સીમા!

અનેક સતીઓપર—અનેક સત્પુરૂષોપર અસહ્ય દુઃખો આવી પડયાં હતાં પણ તેમાંના એકકેયે દેહનો બલાત્કારે અંત આણ્યો *નથી; અને એકપણ આત્મઘાત કરનારને સત્પુરૂષની* કક્ષાપર મૂકવામાં આવેલ નથી. વીરત્વ દર્શાવનાર અનેક અબળાઓ અલબત થઇ ગયેલ છે કે જેમણે પોતાની મર્યાદાના લોપ થવા કરતાં પ્રાણનો હોમ વધારે સ્વીકાર્ય ગણ્યો છે, કારણ કે તેમ કર્યાવગર પોતાની લજ્જા રહે તેવું ન હતું. આવું તો આ બ્રિટિશ રાજ્યમાં કોઇને પણ નથી, એટલે એ કારણે કોઇને તેમ કરવાની જરૂર રહી નથીજ. આમાં શીલનું મહાત્મ્ય છે. શીલને માટે અને અમુક દુઃખથી છુટા થવા માટે—એ બે.'

અમુક નિયાણું હું બાંધું કે આવતે ભવે રાજ મળે ને પછી તે માટે આત્મઘાત કરૂં તો શું મને તે મળી જવાનું હતું! હું વિદ્વાન્ થાઉં એવો આશય શું મતિ જ્ઞાનાવરણીય કર્મના ક્ષય કે ક્ષયોપશમ વગર સધાય ખરો કે? નહિ જ. વળી જેણે જેણે

નિયાણું બાંધ્યું હોય તેને તે નિયાણા પ્રમાણે ક્યારે ફલ પ્રાપ્ત થાય કે જ્યારે તે પ્રાપ્ત કરવા માટે તેવો અને તેટલો પ્રયાસ કરવામાં આવે. શેઠને નોકર બહુજ સારી નોકરીથી સંતોષ આપે અને તેથી એવું મન થાય કે નોકરને ૧૦૦૦ રૂ. ઇનામ આપવા. હવે તે શેઠ તે ઇનામ આપ્યા પહેલાં નોકરને પૂછે કે તારે શું જોઇએ? તારી સેવાની કેટલી કદર થવી જોઇએ? ત્યારે નોકર બહુ બહુ કહે કે ૧૦૦ કે ૨૦૦-જે કહે તે પ્રમાણે શેઠ તેને આપે—તે પ્રમાણે ઘણી વખત 'નિયાણુ' એ મર્યાદિત ફલ છે.

'શીલ' એ આત્મિક ગુણ છે, તેનો ઘાત થતો હોય તો દેહનો ઘાત કરવો—દેહના અર્પણેપણ તે ગુણની રક્ષા કરવાથી અસદ્ગતિ થતી નથી, જ્યારે અમુક પીડા-દુઃખથી થવા મુક્ત માટે આત્મઘાત કરવો તે આર્ત રૌદ્ર ધ્યાનનું ફલ છે. આર્ત એટલે આર્તિ-પીડામાંથી ઉદ્ભવેલ. રૌદ્ર એટલે ભયંકર. આ ધ્યાનથી અસદ્ગતિ જ થાય છે; જે પીડામાંથી મોકળા થવાનો રસ્તો આત્મઘાતને ગણ્યો, તે પીડા તો મુક્ત થતી નથી, પણ ઉલટું વિશેષ દુઃખકારી એવી અસદ્ ગતિ પ્રાપ્ત થાય છે.

મનુષ્યનું મનુષ્યત્વ શામાં સમાયેલું છે? વિચારના ઘોધથી-બુદ્ધિના કૌશલ્યથી અને આત્માના આવિર્ભાવથી જે પોતાની ઉન્નતિ કરી શકે છે તેજ મનુષ્ય છે. જે જે દુઃખ આવે, જે જે સંજોગો પ્રાપ્ત થાય, તેમાંથી એકદમ ગતિ કરી લેવી, માર્ગ શોધી લેવો એ મનુષ્યનું કર્તવ્ય છે. આહાર નિદ્રા ભય મૈથુન એ ચારે સંજ્ઞા મનુષ્ય અને પશુમાં સામાન્ય છે, પરતું એમાં સદસદ્ વિવેક શક્તિનો ઉપયોગ મનુષ્યજ કરે છે. જો ન કરે તો પશુમાં અને તેમાં શું ફેર છે? સંજોગોને તદ્દન પરવશ—પાંચે ઇન્દ્રિયના વિકારને આધીન થનાર ભ્રમર હાથી આદિ મનુષ્યથી ભિન્ન છે. માણસ સંજોગોને પરવશ થયેલ છે (Man is a creature of circumstances. મૅન ઇઝ એ ક્રીચર ઑફ સરકમસ્ટન્સીસ) એ ક્યારે કે સંજોગો એટલા બધા ઉદયમાં આવ્યા હોય કે મનુષ્યના અનેક પ્રયત્નો છતાં તે સંજોગાધીન વર્ત્યા વગર છૂટકોજ રહેતો નથી. ભગવાન મહાવીરને ભોગાવલી કર્મ બાકી હતું તેથી તેમનાપર તેમના માતાપિતાનો પરણવવા માટે આગ્રહ થયો અને પરણવું પડયું.

હવે દુઃખ શેમાં માનવું એ સવાલ આવે છે. નહિ જેવા દુઃખોને ભારી અસહ્ય દુઃખ ગણવાં એ મનુષ્યની નિર્બળતા છે, અતિ તીવ્ર દુઃખોને નહિવત્ ગણવામાં મનુષ્યની મનુષ્યતા-ઉત્કૃષ્ટ ધીરતા સૂચવે છે. એક મનુષ્ય જેને સેવાધર્મ લેખે તેને બીજો મનુષ્ય જબરી ઉપાધિ અને નહિ ઇચ્છવા યોગ્ય પીડા ગણે છે, એક બંધન લેખે છે તેને બીજો મુક્તિનો ઉપાય લેખે છે.

(૨) દુઃખ ન હોતતો સુખની ગણના કોણ કરત? સુખ એવી વસ્તુની પિછાન કેમ થાત? (૩) દુઃખ એ કર્મનું ફલ છે અને તે કર્મમાંથી દૂર થવા માટે તે ફલનું વેદન કર્યાવગર છૂટકોજ નથી. એનું નામ કર્મની નિર્જરા છે. નિર્જરા માટે તપ અને ભાવના કહેલ છે. દુઃખસહન એ શું તપ નથી? કૌટુંબિક સાંસારિક પીડાથી માનસિક ક્ષોભ થાય છે, અને કેટલાક ભીરૂ બીકણ બાયલા અને મનુષ્યત્વહીન પુરૂષોએ તેથી આર્ત્તરૌદ્ર ધ્યાન કરી તેના પરિપાકથી આત્મઘાત કર્યો છે.

અહા! માનસિક ક્ષોભ માટે મને દયા આવે છે. જેને સંજ્ઞા છતાં—જેની સંજ્ઞા વિકાસ પામેલી હોવા છતાં એવા સંજોગો આવી પડે છે કે તેથી માનસિક વેદના તીવ્ર

થાય છે તેને માટે પ્રભુ બેલી છે, તેને માટે કરૂણા વર્તે છે. બ્હેનડીનું દુઃખ ભાઇ દુર કરી ન શકે તો ભાઇ શાનો? પિતા પુત્રીનું દુઃખ દૂર કરી શકે તેમ હોય છતાં ન કરે તો પિતા સુજ્ઞ હોય તો ઘણું લાગી આવે! ભાઇની સ્થિતિ બ્હેન! એવી સ્થિતિમાં છે કે તેને મળી સમજાવી વિચારની આપલે પણ કરી શકે તેમ નથી! ભાઇ કરે તો એટલુંજ કે પત્ર લખીને અગર મનની ભાવનાથી કંઇક તપ્ત હૃદય પર થોડું પાણી રેડતાં તે પાણી બળી જાય છે અને લોહતો તપ્તજ રહે છે (અલબત મૂળ જેટલું નહિ), તે પ્રમાણે સંતપ્ત મન તપ્ત તો રહે છે તેથી શું? અહા? શું કરૂં? શું કરી શકું? ફરમાવો કે તે ફરમાન પ્રમાણે તૈયારી છે. દુનિયાદારી એવો સંબંધ નથી કે જેથી વીર પોતાને ત્યાં આમંત્રી શકે, રાખી શકે અને ભ્રાતૃભાવ બતાવી શકે, ચાહું છું એટલુંજ કહ્યાથી શું ફાયદો? ચાહું છું. અને સહુ છું એ તમારે જપવાનું છે. તપક્રિયા એ છે, ઉપવાસજ કરવા એ તપ નથી. તપતા હૃદયને વધુ તપાવવા માટે તપક્રિયા હું સુચવું છું એમાં દોષતો થઇ નથી જતો? એમ આ મન વિચારે છે—શંકા રાખે છે છતાં કહી દઊં કે મહાવીરે કર્મથી કર્મની નિર્જરા કરી તેમ તપથી તપતા હૃદયને શાંતિ અપાય છે એ નવીન સત્ર યથાર્થ છે એમ જણાવું છું નિશ્ચિંત થઇ મન પર ન લેતાં જેમ થાય છે તેમ થવા દેવું—હોની સોતો હોઇ—થવાનું છે તે થાય છે–એમ ગણી સંસાર વ્યવહાર ચલાવવો એજ યોગ્ય છે.

મનુષ્ય શુદ્ધબુદ્ધિથી કરે છે, છતાં ઠપકો મળે તો તે ઠપકો દેનારનો દોષ છે–તેનું અજ્ઞાન છે. તેઓને શું કહેવું? શુદ્ધ આશયથી કરનાર વ્યક્તિને તે માટે ઘણું લાગી આવે છે અને તેમાં હું પણ ભાગ લઉં છું. તેમને માટે મને કરૂણાભાવ ઉત્પન્ન થાય છે. પ્રભુ! તેને શાંતિ ધૈર્ય અને આત્મશ્રદ્ધા બક્ષો! રાત્રિએ ઉંઘ પણ આવી વ્યક્તિને ન આવે, તો તે સંકલ્પ વિકલ્પમાં પડેલ હોય છે એ નક્કી છે. એ સંકલ્પ વિકલ્પમાં આર્ત્ત રૌદ્ર ધ્યાન ન આવવું જોઇએ. આર્ત્તરૌદ્ર ધ્યાન કેટલા પ્રકારનાં છે તે જાણતા તો હશો. નહિ તો જુઓ યોગ અને જ્ઞાનાર્ણવ શાસ્ત્ર (અનર્થ દંડવતમાં) પ્રભુએ ધર્મધ્યાનમાં કાલ વ્યતીત કરવાનો કહ્યો છે. તે ધર્મધ્યાનના ચાર ભાગમાં એક વિપાકવિચય નામનો ત્રીજો પ્રકાર છે તે એમ કહે છે કે કર્મના શુભ અશુભ વિપાક (ફલ) નો વિચાર કરવો અને તે પરથી તે કર્મના શુભાશુભ ફલ અરસ પણે વેદીને કર્મના બીજ ભૂત મિથ્યાત્વ અવિરતિ, કષાય, પ્રમાદ અને યોગ એ પાંચ (આશ્રવ હેતુ) ને ત્યાજવા ઘટે છે. યથાશક્તિ.

જેને રાત્રિએ ઉંઘ નથી આવતી એવા અનેક જાતના મનુષ્યો છે. કંજૂસ, રાજા, ચોર, ભોગી વગેરેને નથી આવતી તેમ યોગીને પણ નથી આવતી. જે રાત્રીમાં સર્વ ભૂતો (જીવો) સુઇ જાય છે તે રાત્રીએ સંયમી જાગે છે. આ માટે ઉપરોક્ત કાવ્ય સાથે આ નીચેનું સાંભળ્યું હતું તે કહી દઉં છું.

રૈન ન જાગે કોઇ, દરદ બિન રેન ન જાગે કોઇ
જાગનવાલા જગમેં રોશન, સોઇ રહા ઉંઘ ખોઇ—
પહેલે પહોરમેં સબ કોઇ જાગે, દુસરે પહોરમેં ભોગી
તિસરે પહોરમેં તસ્કર જાગે, ચોથે પહોરમેં જોગી—

બાકી ત્યાગ વિરાગ આવશ્યક છે. કાંતો અનિષ્ટ પ્રત્યે વિરાગ રાખવો અને કાંતો તેનો ત્યાગ કરવો.

ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન.

ત્યાગ વિરાગમાં આત્મજ્ઞાન આવશ્યક છે, નહિ તો અજ્ઞાનપૂર્વક ત્યાગ વૈરાગ્યાદિ હોવાથી તે પૂજાસત્કારાદિથી પરાભવ પામે અને આત્માર્થ ચુકી જાય.

વૈરાગ્યાદિ સફળતો, જો સહ આતમજ્ઞાન;
તેમજ આતમ જ્ઞાનની, પ્રાપ્તિ તણાં નિદાન.

વિશેષ તમારો પત્ર આવ્યા પછી. જરૂર પત્ર લખશો, કલ્પસૂત્ર અવલોકયું હશે. લખો તો મહાવીર ચરિત્ર (૧૦મું પર્વ) મોકલાવું ત્યાં જો ન મળી શકતું હોય તો મારો રામતીર્થમાંના પ્રશ્નનો જવાબ મોકલાવશો.

સ્નેહાધીન મૈત્રી ભાવે સહાનુભૂતિ
અર્પનાર—**બંધુના સ્મરણ.**

# ત્રણ તત્ત્વ—૧ ઈશ્વર તત્ત્વ—સદ્દેવ તત્ત્વ.

જૈનમાં જે ત્રણ તત્ત્વ કહ્યા છે તેમાં પહેલાં સામાન્ય રીતે શ્રદ્ધા રાખવાનું કહ્યું છે. તે તત્ત્વો સત દેવ તત્ત્વ, સદ્ગુરૂતત્ત્વ અને સત્ ધર્મ તત્ત્વ છે. જ્યાંસુધી દેવ, ગુરૂ, અને ધર્મ એ બાબતનો સત્ રીતે નિશ્ચય થયો નથી ત્યાંસુધી યથાર્થ જ્ઞાન—આધ્યાત્મિકજ્ઞાન સંભવતું નથી. નિશ્ચયથી આત્માના સહજ ગુણ ઇશ્વરના ગુણ છે, આત્મા આત્માનો ગુરૂ છે, અને આત્માનો ધર્મ તે આત્મ રમણ છે; પરંતુ જ્યાંસુધી આત્માએ સ્વગુણ પ્રાપ્ત કર્યા નથી ત્યાંસુધી તેને સત્—દેવ, ગુરૂ, અને ધર્મનું અવલંબન આવશ્યક છે; તે અવલંબન કરવાથી નિજ સ્વરૂપ સમજાય છે, અને નિજસ્વરૂપને બાધક કર્મનાં આવરણને દૂર કરી શકાય છે.

ઇશ્વરનું લક્ષણ રાગદ્વેષનો અભાવ—વીતરાગતા છે અને તેથી તેને 'વીતરાગ' પણ કહેવામાં આવે છે. ઇશ્વરના ભેદ છે—જે સશરીર રહી લોકને બોધ આપી તીર્થને—ધર્મને પ્રવર્ત્તાવે છે તેને 'અરિહંત'—'તીર્થંકર' કહેવામાં આવે છે કે જે શરીર તજ્યા પછી મોક્ષે જાય છે એટલે 'સિદ્ધ' થાય છે. કેટલાક મહાત્માઓ કૈવલ્ય જ્ઞાન એટલે આત્માના સ્વરૂપને બાધક એવાં 'ઘાતી' કર્મોને દૂર કરી 'સર્વજ્ઞતા' પ્રાપ્ત કરે છે અને પછી તીર્થંકરની પેઠે તીર્થ નથી પ્રવર્ત્તાવતાં, અને દેહોત્સર્ગ કરી સિદ્ધ થાય છે. આમને સિદ્ધ થયા પહેલાં 'કેવલી' કહેવામાં આવે છે, તીર્થંકરને પણ કૈવલ્ય જ્ઞાન થયું હોય છે અને તેથી તે 'કેવલી' પણ ખરા, પણ દરેક કેવલી તીર્થંકર નથી હોતા તેથી 'કેવલી'ને 'સામાન્ય કેવલી' એ નામથી તીર્થંકર એ પદથી ભેદ પાડવા માટે કહેવામાં આવે.

તીર્થંકરથી ધર્મનો બોધ થાય છે, ઇશ્વરનું શુદ્ધ સ્વરૂપ સમજાય છે તેથી તેમને પંચ નમસ્કારમાં (નવકારમાં) 'અરિહંત' એ નામથી પ્રથમ પદ આપવામાં આવ્યું છે અને પછી 'સિદ્ધ' ને બીજું પદ આપવામાં આવ્યું છે; અને ત્યારપછી સદ્ગુરૂને ત્રણ ભેદથી નામે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને નમસ્કાર કરવામાં આવ્યા છે. તે નવકારમાં પંચ નમસ્કાર છે તે આ પ્રમાણે છે (**नमो अरिहंताणं, नमो सिद्धाणं, नमो आयरियाणं**

नमो उवज्झायाणं, नमो लोए सव्वसाहूणं ). આ નવકાર મંત્ર દરેક જૈન પ્રાતઃકાળે, દેવદર્શન વખતે, સૂતાં પહેલાં એમ અનેક વખત બોલે છે, અને તેનો એકસો અઢાર મણકાની માળાનો જપ કરે છે.

**ઈશ્વર**

અહીં ઇશ્વર એટલે તીર્થંકર-અરિહંત લેખતાં જૈન સિદ્ધાંત (dogma) પ્રમાણે તેનામાં ૧૨ ગુણો હોય છે, અને તે ૧૮ દોષથી રહિત હોય છે. ૧૨ ગુણોમાં આઠ પ્રાતિહાર્ય (જેમ રાજાની પાસે પ્રતિહારી રહે તેપ્રમાણે તીર્થંકર પાસે હોય છે તેથી), અને ચાર અતિશય ( Excellence) છે.

૮. પ્રાતિહાર્ય—અશોકવૃક્ષ, દેવતાથી થતી પુષ્પવૃષ્ટિ, દિવ્યધ્વનિ, ચામર, સિંહાસન, ભામંડલ, દુદુંભિ અને છત્ર, તીર્થંકર જ્યાં જ્યાં વિચરે અને દેશના માટે 'સમવરણ' —સભા મંડળ આદિ કરે ત્યારે દેવતાઓ આ આઠ રચે છે.

૪ અતિશયઃ—(૧) જ્ઞાનાતિશય—જ્ઞાનનું ઉત્કૃષ્ટ સ્વરૂપ—કેવલજ્ઞાન અને કેવલ દર્શન તેનામાં હોવાથી ભૂત ભવિષ્ય વર્તમાન એ ત્રણે કાલમાં જે સામાન્ય વિશેષાત્મક વસ્તુ છે તેનું એટલે ઉત્પાદ, વ્યય ધ્રૌવ્યયુક્ત સર્વ વસ્તુઓનું જ્ઞાન હોય છે (૨) વચનાતિશય—વાણી અનેક ગુણવાળી હોય છે. તે વચનગુણ ૩૫ ગણાવ્યા છે—સંસ્કારવત્વ, ઔદાત્ય, અગ્રામ્યત્વ, મેઘગંભીરઘોષત્વ, પ્રતિનાદ વિધાયિતા, દક્ષિણત્વ—વચનની સરલતા, ઉપનીતરાગત્વ (રાગસંયુક્તપણું), મહાર્થતા (અર્થ ગંભીરતા), અવ્યાહતત્વ (પૂર્વાપર વિરોધનો અભાવ), શિષ્ટતા, સંશય રહિતતા (શ્રોતાને જેથી સંશય ન થાય તે), નિરાકૃતાન્યોત્તરતા (બીજો ઉત્તર આપવો પડે નહિ એવી), હૃદયંગમતા, મિથઃસાકાંક્ષતા (અરસ્પરસ પદ વાક્યોનું સાપેક્ષપણું), પ્રસ્તાવૌચિત્ય (દેશકાલ અનુસારતા), તત્ત્વનિષ્ઠતા, અપ્રકીર્ણ પ્રસ્તુતત્વ (અસંબંદ્ધનો અવિસ્તાર અને સંબંદ્ધનો વિસ્તાર), અસ્વશ્લાઘાન્યનિંદતા (આત્મોત્કર્ષ તથા પરનિંદા રહિત પણું), આભિજાત્ય (પ્રતિપાદ્ય વસ્તુની ભૂમિકાને અનુસરવાપણું) અતિસ્નિગ્ધમધુરત્વ, પ્રશસ્યતા, અમર્મવેધિતા, ધર્માર્થપ્રતિબદ્ધતા કારકાદ્ય વિપર્યય (કારક, કાલ, વચન તેમજ લિંગાદિનો જ્યાં વિપર્યય નહિ (વિભ્રમાદિ વિયુક્તતા) વક્તાના મનમાં ભ્રાંતિ વિક્ષેપાદિ દોષ રહિત), ચિત્રકૃત્વ (કુતૂહલતાનો અભાવ), અદ્દ્ભુતત્વ, અનતિવિલંબિતા (અતિવિલંબ વગરની), અનેક જાતિ વૈચિત્ર્ય (જાતિ આદિ વર્ણન કરવા યોગ્ય વસ્તુ સ્વરૂપના આશ્રય યુક્ત) આરોપિતાવિશેષતા ( વચનાંતરની અપેક્ષાથી વિશેષપણું જેમા સ્થાપન થયેલ છે ), સત્વપ્રધાનતા (શક્તિ જેમાં પ્રધાન છે), વર્ણપદ વાક્ય વિવિક્તતા (વર્ણાદિનું વિચ્છિન્નપણું) અવ્યુચ્છિત્તિ (વિવક્ષિત અર્થની સમ્યક્ પ્રકારે સિદ્ધિ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી અવ્યવચ્છિન્ન વચનનું પ્રમેયપણું), અને અખેદિત્વ (શ્રમરહિતપણું) (૩) અપાયાપગમાતિશય—અપાય—ઉપદ્રવનો નિવારક-મરકી રોગ થતા નથી. (૪) પૂજાતિશય—જેથી લોકમાં અને દેવ વગેરેથી પૂજનીય છે. ૧૮ દોષ—વીતરાગમાં નથી તે નીચે પ્રમાણે;

अंतराय दानलाभ वीर्य भोगोपभोगगाः ।
हासो रत्यरती भीति र्जुगुप्सा शोक एव च ॥
कामो मिथ्यात्वमज्ञानं निद्रा चाविरतिस्तथा ।
रागो द्वेषश्च नो दोषा स्तेषामष्टादशाप्यमी ॥

(૧-૫) પાંચ જાતનાં અંતરાય નામે દાનાંતરાય, લાંભાતરાય, વીર્યાતરાય, ભોગાંતરાય અને ઉપભોગાંતરાય. આ પાંચ અંતરાય એટલે દાનાદિમાં અંતરાય ન હોય આનો એવો અર્થ નથી કે ઇશ્વર દાન દે છે, લાભ પ્રાપ્ત કરે છે, શક્તિ બતાવે છે, ભોગોપભોગ કરે છે—એનો એ અર્થ છે કે એ પાંચ જવાથી દાન, લાભાદિની શક્તિઓ પ્રગટે છે. એ શક્તિનો ઉપભોગ કરે કે ન કરે એ જુદી વાત છે, પણ તેનામાં શક્તિઓ છે. (૬) હાસ્ય (૭) રતિ (આસક્તિ-વસ્તુની લાલસા) (૮) અરતિ (અપ્રીતિ), ૯ ભીતિ- ભય (૧૦) જુગુપ્સા—છીંટ, (૧૧] શોક (૧૨) કામ-વિષયસેવન, (૧૩) મિથ્યાત્વ-દર્શનમોહ (૧૪) અજ્ઞાન (૧૫) નિદ્રા (૧૫ અવિરતિ—અપ્રત્યાખ્યાન (તૃષ્ણા વગરનાને વ્રત પ્રત્યાખ્યાન હોયજ નહિ), (૧૭) રાગ (૧૮) દ્વેષ*

અર્હતના જૂદા જૂદાં નામ આ છેઃ-અર્હન્, જિન, પારગત્, ત્રિકાલવિત ક્ષીણાષ્ટ કર્મા, પરમેષ્ઠી, અધીશ્વર, શંભુ, સ્વયંભૂ, ભગવાન્, જગત્પ્રભુ, તીર્થંકર, તીર્થંકર, જિનેશ્વર વગેરે.

આ ઉપરથી પ્રતીત થાય તેમ છે કે જે સ્ત્રીને પાસે રાખે શસ્ત્ર રાખે, વિષય સેવે, ક્રોધાદિ સેવે તે દેવનાં ઉપરોક્ત લક્ષણથી વિરૂદ્ધ વર્તન રાખે છે તેથી તેને જૈનો 'કુદેવ' કહે છે; આમ ઇશ્વરને માનનારા જૈન છે અને તેથી તેને તે દૃષ્ટિએ નાસ્તિક ગણી શકાય તેમ નથી. આત્માનો, પરમાત્માનો, પરલોકનો, પુનર્જન્મનો અને કર્મવાદનો સ્વીકાર કરનારા જૈન નાસ્તિક નથી કે તેમ ન કદિપણ ગણી શકાય તેમ નથી—ફક્ત એટલોજ ભેદ છે કે કેટલાક બીજા ઇશ્વરને જગતકર્તા માને છે જ્યારે જૈન સાંખ્યઆદિની પેઠે ઇશ્વરને જગત્કર્ત્તા સ્વીકારતા નથી.

જૈનમાં એવો સિદ્ધાંત (dogma) છે કે કાલચક્રના બે ભાગ નામે ઉત્સર્પિણી અને અવસર્પિણી દરેક એવામાં આવા ઇશ્વર તીર્થંકર ૨૪ [૨૪થી ઓછા નહિ કે વધુ નહિ] થાય છે. હાલ અવસર્પિણી ચાલે તે. તેમાં થઇ ગયેલા ૨૪ તીર્થંકરને વર્તમાન ચોવીસ જિન કહેવામાં આવે છે. તેની પહેલાના ઉત્સર્પિણી કાલમાં થયેલા ૨૪ તીર્થંકરને ભૂત ૨૪ જિન કહેવામાં આવે છે કે જેનાં નામ આ પ્રમાણે છેઃ-કેવલજ્ઞાની, નિર્વાણી, સાગર, મહાયશ, વિમલનાથ, સર્વાનુભૂતિ, શ્રીધર, દત્ત, દામોદર, સુતેજ, સ્વામી, મુનિસુવ્રત, સુમતિ, શીવગતિ, અસ્તાગ, નેમીશ્વર, અનિલ, યશોધર, કૃતાર્થ, જિનેશ્વર, શુદ્ધમતિ, શિવકર સ્યનંદન અને સંપ્રતિ,

વર્તમાન જિન ચોવીશીનાં નામ, ૧ ઋષભનાથ ૨ અજીતનાથ, ૩ સંભવનાથ ૪ અભિનંદન, ૫ સુમતિનાથ ૬ પદ્મપ્રભુ ૭ સુપાર્શ્વનાથ ૮ ચંદ્રપ્રભુ, ૯ સુવિધિનાથ અથવા પુષ્પદંત, ૧૦ શીતલનાથ. ૧૧ શ્રેયાંસનાથ ૧૨ વાસુપૂજ્ય ૧૩ વિમલનાથ, ૧૪ અનંતનાથ, ૧૫ ધર્મનાથ, ૧૬ શાંતિનાથ, ૧૭ કુંથુનાથ. ૧૮ અરનાથ, ૧૯ મલ્લિનાથ, ૨૦ મુનિસુવ્રત, ૨૧ નમિનાથ ૨૨ નેમનાથ ૨૩ પાર્શ્વનાથ અને ૨૪ મહાવીરને*

આમાંના છેલ્લા મહાવીર અને પાર્શ્વનાથ આસન્ન ઉપકારી તરીકે સ્વીકારી તેઓ પ્રત્યે જૈનોમાં મહાત્મય વધુ દેખાય છે. તે બંને ઐતિહાસિક વ્યકિતઓ હતી એ પુષ્કલ પ્રમા-

* પાંતજલમાં દર્શનમાં જણાવ્યું છે કેઃ—क्लेश कर्म विपाकाशयै रपरामृष्टः पुरुषविशेष ईश्वर— જે પુરૂષવિશેષ ક્લેશ, કર્મ, વિપાક અને આશયના સંબંધ વિનાનો છે

ણોથી ડાકટર હર્મન જેકોબી નામના જર્મન પ્રોફેસરે આચારાંગાદિ જૈન સૂત્રોનાં પોતે કરેલાં અંગ્રેજીભાષાંતર કે જે વૉલ્યુમ ૨૪ અને ૪૫ માં (સેક્રેડ બુકસ ઑફ ધ ઇસ્ટ–પૌર્વાત્ય પવિત્ર પુસ્તકની માલામાં) પ્રસિદ્ધ થયાં છે, તેની પ્રસ્તાવનામાં પૂરવાર કરી આપ્યું છે, તેની આગળના ૨૨ તીર્થંકરોના સમયને હાલના સમય વચ્ચે એટલું બધું વિશાલ અંતર છે કે તેને લઇને કોઇ પણ ચિન્હ કે વસ્તુ મોજૂદ રહી શકે નહિ કે જેથી તે સંબંધી કંઇપણ ખ્યાલ આવી શકે, થિઓસોફિસ્ટ પંથના પ્રમુખ વિદુષી એનીબીસંટે ગત વર્ષમાં કહ્યું છે કેઃ—

'Lord Mahavira was the *last* and not the *first* of the great twenty four Teachers, that Europe denied the historicity of the other 23 Tirthankaras who preceded him because, being itself young, it could not travel backward far enough and liked to make Indian thought less ancient than it is, that both Jainism and Hinduism went back further than either history or legend counted them, that Jainism was essentially an independent system of thought, that though it had a superficial resemblance with the Sankhya philosophy, there were profound differences between the two, that the 'Jiva' of the Jains was not the same thing as the 'Purusha' of the Sankhyas." +

આનું ભાષાન્તરઃ—મહાવીરપ્રભુ મહાન્ ૨૪ ધર્મોપદેશકોમાં પહેલા નહિ, છેલ્લા, ધર્મોપદેશક હતા, તેની પહેલા જે ૨૩ ધર્મોપદેશકો થઇ ગયા તેની ઐતિહાસિક સત્યતા યુરોપ સ્વીકારતું નથી કારણ કે પોતે કાલાપેક્ષાએ અલ્પવયસ્ક હોઇ ત્યાં સુધી–તે પ્રાચીનતા સુધી જઇ શકે તેમ નથી, અને તેથી ભારતીય વિચાર જેટલો પ્રાચીન છે તેના કરતાં તેને ઓછો પ્રાચીન કરવા પ્રત્યે પસંદગી ધરાવે છે; જૈન અને હિંદુ ધર્મ અને ઇતિહાસ કે પુરાણ–દંતકથા કહી શકે તે કરતાં પણ વધારે પ્રાચીન છે, જૈનધર્મ તત્વથી એક સ્વતંત્ર દર્શન છે, જો કે તેને સાંખ્યદર્શન સાથે ઉપર ચોંટીયું સરખાપણું છે, પરંતુ તે બન્ને વચ્ચે અત્યંત ભેદ–અંતર છેઃ—જૈનોનો 'જીવ' અને સાંખ્યનો 'પુરૂષ' એ બે એક વસ્તુ નથી.

આ ઉપરાંત ઉક્ત ૨૪ તીર્થંકરોમાંના પહેલા તીર્થંકર ઋષભનાથના ઉલ્લેખો વેદોમાં, ભાગવત આદિ અનેક હિંદુ–બ્રાહ્મણના પ્રાચીન ગ્રંથોમાં છે. ઉદાહરણ તરીકેઃ—ઋગ્વેદ કે જે ભારતનો સર્વથી પ્રાચીન ગ્રંથ મનાય છે, અને ચારે વેદમાં પણ જે સર્વથી પ્રથમ ઉત્પન્ન થયેલો એમ સ્વીકારાય છે તેમાં ઉલ્લેખ છે કેઃ—

" ॐ त्रैलोक्य प्रतिष्ठान् चतुर्विंशति तीर्थंकरान् ऋषभाद्या वर्द्धमानान्तान् सिद्धान् शरणं प्रपद्ये । ॐ पवित्रं नग्नमुपवि प्रसामहे एषां नग्ना ( नग्नये ) जातिर्येषां

---

તેજ ઇશ્વર. કલેશ પાંચ જાતનાં છેઃ–અવિદ્યા, (મિથ્યાજ્ઞાન,) અસ્મિતા, જૂદી વસ્તુમાં અભેદ પ્રતીતિ), રાગ, દ્વેષ અને અભિનિવેશ (મરણ ભય); કર્મ બે=સુકૃત અને દુષ્કૃત (પુણ્ય અને પાપ); વિપાક=કર્મફળ કે જે ત્રણ પ્રકારનું છેઃ–જન્મ, આયુષ્ય અને ભોગ; આશય=વિપાકને અનુરૂપ સંસ્કાર.

वीरा" ઇત્યાદિ. આમાં ઋષભથી લઇ મહાવીર+ સુધીના ચોવીશે તીર્થંકરને ત્રિલોકમાં પ્રતિષ્ઠિત સ્વીકારી તેનું શરણુ યાચ્યું છે.

યજુર્વેદના ૨૫ મા અધ્યાયના ૧૯ મા મંત્રમાં લખ્યું છે કેઃ—

**ॐ नमो अर्हतो ऋषभो ॐ ऋषभ पवित्रं पुरुहूतमध्वरं यज्ञेषु नग्नं परमं माहसंस्तुतं वरं शत्रुं जयंतं पशुरिंद्रमाहुतिरिति स्वाहा।**

તેમાંજ ઋષભ સાથે અરિષ્ટનેમિની (નેમિનાથની) સ્તુતિ પણ તે સાથે જોવામાં આવે છેઃ—

**दीर्घायुस्त्वायुबला युर्वाशुभजातायुं ॐ रक्ष रक्ष अरिष्ट नेमिः स्वाहा।**

**वामदेव शान्त्यर्थ मनु विधीयते सोऽस्माकं अरिष्ट नेमिः स्वाहा।**

ઋગ્વેદમાં પણ અરિષ્ટ નેમિની સ્તુતિ છેઃ—અષ્ટ, ૧ અ૦ ૬, વર્ગ ૧૬

**ॐ स्वस्तिन इंद्रो वृद्धश्रवा स्वस्तिनः पूषा विश्ववेदाः**

**स्वस्तिनस्तार्क्ष्यो अरिष्टनेमिः स्वस्तिनो बृहस्पति र्दधातु।**

આ ૨૪ તીર્થંકરની મૂર્ત્તિઓ જૈનો ( હમણાં ચાર શતકથી ભિન્ન પડેલ સ્થાનકવાસી નામના સંપ્રદાય સિવાય ) પૂજે છે. મૂર્ત્તિપૂજા મહાવીરના સમયમાં પણ ઇ. સ. પૂર્વે છઠા શતકમાં વિદ્યમાન હતી એવું વેદાદિમાંથી તેમજ જૈન સૂત્રમાંથી પ્રતીત થાય છે.* આ ૨૪ તીર્થંકરની મૂર્તિ આકારમાં એક સરખી અને પ્રાયઃ એકજ આસનવાળી એટલે પદ્માસનસ્થ હોય છે, પણ તે દરેકને એક બીજાથી ઓળખવા માટે તે દરેકને જે લાંછન હોય છે તે મૂર્તિમાં નીચે કોરીને મૂકવામાં આવે છે. તે ૨૪ જિનનાં ૨૪ લાંછન અનુક્રમે આ છેઃ–૧ વૃષભ, ૨ હસ્તી, ૩ અશ્વ, ૪ કપિ ( વાંદરો ), ૫, ક્રૌંચ પક્ષી, ૬ પદ્મકમલ, ૭ સ્વસ્તિક, ૮ ચંદ્ર, ૯ મગરમચ્છ, ૧૦ શ્રીવત્સ, ૧૧ ગેંડો, ૧૨ પાડો, ૧૩ વરાહ, ૧૪ સિંચાણો ( બાજપક્ષી ), ૧૫ વજ્ર, ૧૬ હરિણ, ૧૭ બકરો; ૧૭ નંદાવર્ત (એક જાતનો સાથીઓ), ૧૯ કલશ, ૨૦ કચ્છપ (કાચબો), ૨૧ કમલ, ૨૨ શંખ, ૨૩ સર્પ ૨૪ સિંહ.

## ઇશ્વરવાદ સંબંધે વૈદિક દર્શનો.

**ન્યાયદર્શનમાં** ઇશ્વરનું સ્થાન મુખ્ય નથી–અતિશય ગૌણ છે. દુઃખ નાશ અથવા અપવર્ગ લાભનો જે ઉપાય તેમાં જણાવેલ ૧૬ પદાર્થનું ઉત્કૃષ્ટ-જ્ઞાન પ્રાપ્તિ–બતાવેલ છે, તેની સાથે ઇશ્વરનો જરાપણ સંબંધ નથી. માણસના કર્મફળ ભોગ જેને આધીન છે તેજ ઇશ્વર-એટલું કહી તે સિવાયનો કોઇ પણ પ્રસંગ ઇશ્વર સંબંધે આ દર્શનમાં નથી.

**વૈશેષિક દર્શન** ઇશ્વરનો અસ્વીકાર કરતું નથી. એક સ્થળે ઇશ્વર સંબંધી ઉલ્લેખ

+ મહાવીરનું ચરિત્ર આ નિબંધમાં ટુંકમાં આપેલું છે, તેને વિશેષમાં તથા તે સિવાયના ૨૩ તીર્થંકરોનાં ચરિત્ર જોવાં હોય તેણે હેમચંદ્રાચાર્ય કૃત 'ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર' વાંચવા ભલામણ છે.

* આ સંબંધે વિસ્તારપૂર્વક જાણવાના ઇચ્છકને ' ભારતવર્ષ મેં દેવતાઓંકી પ્રતિમાઓંકા પૂજન કબસે ચલા ? ' એ નામનો પંડિત હીરાનન્દ શાસ્ત્રી M. A. M. O. L. નો હીંદી પ્રસિદ્ધ માસિક ' સરસ્વતી 'ના અગસ્ટ ૧૯૧૪ના અંકમાં પૃષ્ઠ ૪૨૨ જોવાની ભલામણ કરવામાં આવે છે.

સિવાય બીજે કોઇપણ સ્થળે ઇશ્વરનો પ્રસંગ આવતો નથી; એટલે આ દર્શનમાં ઇશ્વરનું સ્થાન મુખ્ય નથી. તેમાં નિઃશ્રેયસની પ્રાપ્તિનો માર્ગ નામે તત્ત્વજ્ઞાન (સાત પદાર્થ કે જેમાં ઇશ્વર નથી તેનું સાધર્મ્ય અને વૈધર્મ્યજ્ઞાન )ના બળે દુઃખથી છુટવું તેની સાથે ઇશ્વરનો સંબંધ ઘણોજ થોડો છે. ઇશ્વર જાય કે રહે, જીવની સાથે તેનો સંબંધ ઘાટો હો કે ન હો, તેમાં વૈશેષિકને કાંઇ લાભ નુકશાન નથી. [ આ સંબંધમાં જરા અત્રે જણાવવાનું કે નવીન નૈયાયિકોએ રચેલા વૈશેષિક દર્શનના ગ્રંથોમાં મૂલ સૂત્રમાં કહેલાં નવ દ્રવ્યમાંના એક આત્માનો વિચાર કરતી વખતે ઇશ્વરનો પ્રસંગ નજરે પડે છે. તેઓ આત્મા અને પરમાત્મા એવા ભેદથી આત્મા બે પ્રકારનો કહે છે. અહીં પણ ઇશ્વરનો કશોએ પ્રસંગ જોવામાં આવતો નથી. ]

**મીમાંસકો**—નિરીશ્વરવાદી છે. તેઓ વેદને નિત્ય અને અભ્રાંત કહે છે ખરા, પણ વેદ એ ઇશ્વરવાક્ય છે એ સ્વીકારતા નથી. ખરૂં જોતાં આમાં કોઇ પણ ઠેકાણે ઇશ્વરનો પ્રસંગ નથી. તેઓ ઇશ્વર માનતા નથી, જગતનો કોઇ બનાવનાર પાલન કરનાર અને નાશ કરનાર છે એ વાત પણ સ્વીકારતા નથી. તેમના મત પ્રમાણે જીવ પોતાના કર્મ પ્રમાણે ફળ ભોગવે તેમાં ઇશ્વરને કશોએ સંબંધ નથી.

**સાંખ્યો** પણ ઇશ્વરનો સ્વીકાર કરતા નથી. તેના ગ્રંથો નામે તત્ત્વસમાસ અને કારિકામાં ઇશ્વરનો કશો પ્રસંગ નથી. સાંખ્ય પ્રવચન સૂત્રમાં ચોખ્ખી રીતે ઇશ્વરનો નિષેધ કરવામાં આવ્યો છે. પ્રકૃતિનાં પરિણામમાં ઇશ્વરનો કોઇપણ પ્રકારનો સંબંધ તેઓ સ્વીકારતા નથી. પ્રકૃતિ પોતાની મેળેજ પરિણામ પામે છે એમ તેઓ કહે છે. પરિણામ પામવા માટે પ્રકૃતિને બીજાં કોઇપણ કારણની જરૂર નથી. પ્રકૃતિ જડ અને અચેતન હોવા છતાં પણ પુરૂષના ભોગ અને મોક્ષ માટે જગત્ સરજે છે.

**પાતંજલ** દર્શન કે જેમાં સાંખ્યના દાર્શનિક સિદ્ધાંતો કબુલવામાં આવ્યા છે તે સાંખ્યના ૨૫ તત્વ ઉપરાંત એક વધારે તત્ત્વ નામે ઇશ્વરને સ્વીકાર્યો છે, તેથી આ દર્શન સેશ્વર સાંખ્ય કહેવાય છે. ખરૂં જોતાં આમાંથી ઇશ્વર તત્વ અને ચિત્ત નિરોધના ઉપાયોનો પ્રસંગ ઉઠાવી લઇએ તો તેમાં સાંખ્ય કરતાં વિશેષતા બતાવવા કાંઇ પણ બાકી રહેતું નથી. આમાં ઇશ્વરનું સ્વરૂપ અગાઉની ફુટનોટમાં જણાવ્યું તેમ કલેશ, કર્મ, વિપાક, અને આશયના સંબંધ વિનાનો એક પુરૂષવિશેષ છે. ઇશ્વરનો કોઇ પણ વખતે ક્લેશ વગેરેની સાથે સંબંધ ન હતો, કારણ કે તે નિત્ય મુક્ત છે. પુરૂષ ( જીવ ) જેમ ઘણા છે, તેમ પુરૂષ વિશેષ–ઇશ્વર ઘણા નથી. તે એક અદ્વિતીય છે. ઇશ્વર કાળથી અવચ્છિન્ન નથી—ત્રણે કાળથી અતીત છે. વળી ઇશ્વર પ્રણિધાન એ ચિત્ત વૃત્તિ નિરોધના જૂદા જૂદા ઉપાયોમાં એક ઉપાય તરીકે જણાવ્યો છે.

**વેદાન્તમાં** બ્રહ્મજ મુખ્ય છે. અદ્વૈતમત પ્રમાણે જીવ એ બ્રહ્મ છે; બ્રહ્મ સિવાય બધું અસત્ છે. જીવ અને જડ બ્રહ્મથી ભિન્ન લાગે છે તે માયિક છે—અવસ્તુ છે, અને ભિન્ન લાગવાનું કારણ ભ્રાંતિ છે. દોરડીમાં જેમ સાપનો ભ્રમ થાય છે, તેમ બ્રહ્મમાં જગતનો ભ્રમ થયો છે. જીવ પોતે મુક્ત છે મુક્તિની શોધ કરવી એજ તેના સંબંધમાં વિડંબના છે. અવિદ્યાની-ભ્રમની સાથે એકતા પામ છે, બ્રહ્મ સત્ ચિત્ આનંદ છે. નિરૂપાધી છે અને આખા વિશ્વમાં વ્યાપક છે.

# ૨. સદ્ગુરૂ તત્વ.

પાંચ મહાવ્રતના, ચરણ સિત્તરી અને કરણ સિત્તરીના પાળનારા જૈન મતમાં ગુરૂ કહેલ છે.

પાંચ મહાવ્રત—૧ અહિંસા (૨) સત્ત્ત (સત્યવચન બોલવું), (૩) અસ્તેય (ઉચિત વસ્તુ કોઇ આપે તોજ સ્વીકારવી), (૪) બ્રહ્મચર્ય, (૫) સર્વ પરિગ્રહનો ત્યાગ. આ પાંચે વ્રતને સાધુએ સર્વથા પાળવાના છે, અને શ્રાવકે-ગૃહસ્થે દેશથી-અંશે પાળવાના છે તેથી સાધુનાં આ વ્રત મહાવ્રત કહેવાય છે અને શ્રાવકનાં ૫ વ્રત 'અણુવ્રત' કહેવાય છે. અણુવ્રત 'શ્રાવકના ધર્મ' એ વિષયમાં થોડા વિસ્તારથી આપેલાં છે, અને તે ઉપરથી આ પાંચ મહાવ્રતનું સમજી લેવાનું છે. પાંચ મહાવ્રત પર ભાવના પણ સુંદર ભાવવાની છે, પણ તે વિસ્તાર ભયથી અત્રે આપેલી નથી.

ચરણ સિત્તેરી=એટલે ૭૦ જાતનાં ચરણ અને કરણસિત્તેરી એટલે ૭૦ જાતનાં કરણ. ચરણ અને કરણમાં એ ભેદ છે કે ચરણ એટલે જે નિત્ય કરવું તે-નિત્યચર્યા, અને કરણ એટલે પ્રયોજન હોય ત્યારે કરવું (અને પ્રયોજન ન હોય તો ન કરવું) તે. ચરણ સિત્તેરીમાં ઉપરોક્ત પાંચ વ્રત, ૧૦ પ્રકારના શ્રમણ ધર્મ, ૧૭ પ્રકારના સંયમ, ૧૦ પ્રકારનાં વૈયાવૃત્ય, ૯ પ્રકારની બ્રહ્મચર્યગુપ્તિ. ૩ પ્રકારે જ્ઞાન, દર્શન અને ચારિત્ર, ૧૨ પ્રકારનો ક્રોધાદિ નિગ્રહ છે તેમાં.

૧૦ શ્રમણ ધર્મ—(૧) ક્ષાન્તિ-ક્ષમા-કદાપિ સામર્થ્ય હોય વા ન હોય પણ બીજાનાં દુર્વચન સહન કરવાનાં પરિણામ-મનોવૃત્તિ અર્થાત્ ક્રોધનો સર્વથા ત્યાગ, (૨) માર્દવ-કોમલપણું, અહંકારરહિતપણું. નમ્ર થઇ અભિમાનનો ત્યાગ. (૩) આર્જવ-મનવચન કાયાથી સરલતા-કુટિલતાનો અભાવ; (૪) મુક્તિ-બાહ્ય તેમજ અંતરથી તૃષ્ણાનો-લોભનો ત્યાગ, (૫) તપ-આઠ પ્રકારનાં કર્મ જેનાથી ભસ્મ થાય તે અનશનાદિ ૧૨ તપ, (૬) સંયમ-આસ્રવની ત્યાગવૃત્તિ. (૭) સત્ય-મૃષાવાદથી વિરતિ, જૂઠનો ત્યાગ, (૮) શૌચ-સંયમવૃત્તિમાં કલંકનો અભાવ, (૯) અકિંચન-કિંચિત્ માત્ર દ્રવ્યનું પોતાની પાસે નહિ હોવાપણું. (૧૦) બ્રહ્મચર્ય-સર્વથા મૈથુનનો અભાવ.

૧૭ સંયમના પ્રકાર—(૧-૫) હિંસા, મૃષા, ચોરી, મૈથુન અને પરિગ્રહ એ અવ્રતરૂપી પાંચ આસ્રવ-કર્મદ્વારનો ત્યાગ તથા (૬-૧૦) ૫ ઇંદ્રિયનામે સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર એના સ્પર્શાદિ પાંચ વિષયોમાં લંપટપણાનો ત્યાગ. (૧૧-૧૪) ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયને જીતે, ઉદય આવે ત્યારે તેને નિષ્ફલ કરે તેમજ ઉદય આવી ગયા હોય તેને નવાં ઉત્પન્ન ન કરે. (૧૫-૧૭) જીવની ચારિત્રધર્મરૂપ લક્ષ્મી જેનાથી દંડાય એવા ખોટા મન, વચન, અને કાયા એ રૂપ ત્રણ દંડથી વિરતિ કરે. આના બીજી રીતે ભેદ એ છે કે (૧) પૃથ્વી. (૨) જલ. (૩) અગ્નિ. (૪) પવન. (૫) વનસ્પતિ. (૬) દ્વીંદ્રિય જીવ. (૭) ત્રીંદ્રિય જીવ. (૮) ચતુરિંદ્રિય જીવ અને (૯) પંચેંદ્રિય જીવ-આ નવવિધ જીવોની મન, વચન અને કાયાથી કરવા, કરાવવા અને કરનારને અનુમોદવારૂપ હિંસાવૃત્તિનો ત્યાગ-તે નવ પ્રકારના સંયમ. તેમાં *સરંભ, સમારંભ અને આરંભ ન થવા જો-

* સરંભ—પ્રાણીના પ્રાણના વિનાશ કરવાનો સંકલ્પ કરવો તે.
સમારંભ—જીવના પ્રાણને પરિતાપ ઉપજાવવો તે.
આરંભ—જીવોના પ્રાણનો વિનાશ કરવો તે.

ઇએ (૧૦) અજીવ સંયમ-જે અજીવ વસ્તુને રાખવાથી-જેમ કે માંસ, મદિરા, સુવર્ણ, મોતી શસ્ત્રાદિ, સંયમમાં કલંક લાગે તે ન રાખવા. (૧૧) પ્રેક્ષા સંયમ. સર્વ જોઇને-બીજ,-જીવરહિત સ્થાનમાં સૂવું બેસવું આદિ શારીરિક ક્રિયા કરવી તે, (૧૨) ઉપેક્ષા સંયમ-ઉપદેશથી કોઇપણ હિંસાદિમાં પ્રવૃત્તિ કરે તેવું ન બને તે માટે ઉદાસીન રહેવું તે, (૧૩) પ્રમાર્જન સંયમ—કોઈ સ્થાનમાં જવું, વસ્ત્રપાત્રાદિ ગ્રહણ કરવાં તો પુંજીને-પ્રમાર્જનથી કરવું. (૧૪) પરિષ્ઠાપના સંયમ—અન્નાદિ જીવરહિત સ્થલે પરઠવવાં તે. (૧૫) મનઃ સંયમ-મનમાં દ્રોહ, ઇર્ષા, અભિમાન ન કરવાં અને ધર્મ-ધ્યાનાદિમાં પ્રવૃત્ત રહેવું તે, (૧૬) વચનસંયમ—હિંસાકારી કઠોર વચન ન બોલવાં, (૧૭) કાયાસંયમ—ગમનાગમન કરવામાં ઉપયોગપૂર્વક કાયાને પ્રવર્ત્તાવવી તે.

૧૦ વૈયાવૃત્ય-વૈયાવૃત્ય એટલે સેવા. ૧૦ નામે (૧) આચાર્ય—જ્ઞાનાચાર, દર્શનાચાર, તપાચાર, વીર્યાચાર એ પાંચ આચારના પાલનાર તે, (૨) ઉપાધ્યાય—જેની પાસે અધ્યયન કરાય તે, (૩) તપસ્વી (૪) નવદીક્ષિત શિષ્ય (૫) ગ્લાન સાધુ—જ્વરાદિ રોગવાળા, (૬) સ્થવિર- ધર્મમાં સ્થિર રહેનાર સાધુ, (૭) સમનોજ્ઞ—જે સાધુ પોતાના જેવી સમાચારી પાળતા હોય તે, (૮) સંઘ—સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એ ચારેનો સમુદાય, (૯) કુલ—બહુ એક સરખા ગચ્છોના—સજાતિઓના સમૂહ. જેમકે ચંદ્રાદિ (૧૦) ગણ-ગચ્છ—એક આચાર્યની વાચનાવાલા સાધુઓના સમૂહ. જેમકે કૌટિકાદિ—આ દશેની વસ્ત્ર, અન્ન, પાણી, પાત્ર, સ્થાન આદિ આપી સેવા—સુશ્રૂષા કરવી તે

નવ બ્રહ્મચર્યગુપ્તિ—આને બ્રહ્મચર્યની નવ વાડ કહેવામાં આવે છેઃ-(૧) વસ્તિ-સ્ત્રી પશુ પંડક સંયુક્ત વસ્તિમાં ન રહેવું તે. (૨) કથા—કેવલ સ્ત્રીઓનેજ—એકલી સ્ત્રીઓને ધર્મ દેશનારૂપ કથા ન કહે તથા સ્ત્રીની કથા ન કરે. (૩) આસન—સ્ત્રીની સાથે એક આસનપર તથા જે આસનથી સ્ત્રી ઉઠી હોય ત્યાં બે ઘડી સુધી ન બેસવું. (૪) ઇંદ્રિય—ઇંદ્રિયોના વ્યાપારનો સ્ત્રી સંબંધે ઉપયોગ ન કરે એટલે નેત્રથી સ્ત્રીનાં અંગોપાંગ ન દેખે વગેરે (૫) કુડયાંતર—ભીંત આદિને આંતરે સ્ત્રીપુરૂષ મૈથુન સેવતા હોય યા તેઓના શબ્દ સંભળાતા હોય ત્યાં ન રહેવું. (૬) પૂર્વક્રીડા—પોતાના પૂર્વ ગૃહસ્થાશ્રમમાં સ્ત્રી સંબંધે સેવેલા પ્રસંગો ન સંભારવા. (૭) પ્રણીત—અતિ ચીકાશવાળા દૂધ, ઘી, આદિ ધાતુપુષ્ટ પદાર્થો ન ખાવા, (૮) અતિ માત્રાહાર—અધિક આહાર ન કરવો. (૯) વિભૂષણાદિ—શરીરની વિભૂષા સ્નાન વિલેપન ધૂપાદિથી ન કરવી.

જ્ઞાન, દર્શન અને ચારિત્ર—(૧) જ્ઞાન—યથાર્થ વસ્તુનો યથાર્થ બોધ જે કરે તે જ્ઞાન; જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય તથા ક્ષયોપશમ થવાથી ઉત્પન્ન થયેલો બોધ. શાસ્ત્ર—અંગોપાંગાદિનું જ્ઞાન (૨) દર્શન—જીવાદિ નવ તત્વોમાં શ્રદ્ધા-તત્ત્વ રૂચિ. (૩) ચારિત્ર—સર્વ પાપના વ્યાપારોથી જ્ઞાન—શ્રદ્ધાન પૂર્વક નિવૃત્ત થવું તે. આ સર્વ વિરતિ છે કારણકે સાધુ સર્વ વિરતિ—અહિંસાદિ સર્વથા પાળે છે. ગૃહસ્થનું તેથી ઓછે અંશે ચારિત્ર છે કે જેને દેશવિરતિ કહેવામાં આવે છે, અને તે ગૃહસ્થ ધર્મમાં કહેવામાં આવશે.

બાર પ્રકારનાં તપ—તેમાં ૭ બાહ્ય છે અને ૭ અંતરંગ છે. ૬ બાહ્ય તપતે (૧) અનશન-ન ખાવું (૨) ઉણોદરી-થોડું ખાવું (૩) વૃત્તિ સંક્ષેપ—અનેક પ્રકારના નિયમ વૃત્તિને જરા સંયમમાં રાખવા-સંકોચવા માટે લેવા તે (૪) રસત્યાગ-દૂધ દહીં, ઘી, તેલાદિ રસનો ત્યાગ કરવો, (૫) કાયક્લેશ-વીરાસન દંડાસન આદિ અનેક આસનોથી શરીરને

કષ્ટ આપવું (૬) સંલીનતા—પાંચ ઇંદ્રિયોને પોતપોતાના વિષયોમાં રોકવી—બીજામાં ન જવા દેવી. હવે બીજા ૭ અંતરંગ તપ કહેવામાં આવે છે (૭) પ્રાયશ્ચિત્ત-જે કાંઇ અયોગ્ય કામ કર્યું હોય તે ગુરૂપાસે કહી દંડલેવો અને ભવિષ્યમાં ફરી તે પાપ ન થાય તેમ કરવું. ૮ વિનય—ગુણાધિક વાળાનું બહુમાન કરવું ૯ વૈયાવૃત્ય—પોતાનાથી ગુણાધિકની ભક્તિ કરવી. ૧૦ સ્વાધ્યાય-અભ્યાસ કે જે પાંચ રૂપે છે (૧) વાચના-પોતે ભણવું, બીજાને ભણાવવું (૨) પૃચ્છના-સંશય થતાં ગુરૂને પૂછવું (૩) પરાવર્ત્તના-ભણેલું ફરીવાર-વારંવાર સ્મરણમાં લાવવું (૪) અનુપ્રેક્ષા-ભણેલું તેનું-તેના તાત્પર્યનું એકાગ્ર ચિત્તથી ચિંતવન કરવું (૫) ધર્મકથા-ધર્મની કથા કરવી તે.+, ૧૧ ધ્યાન-તેમાં બેકુધ્યાન-આર્ત્ત અને રૌદ્ર ધ્યાન તજવાં અને બે સદ્ધ્યાન-ધર્મધ્યાન અને શુકલધ્યાન અંગીકાર કરવાં (આનું સ્વરૂપ જૈન યોગમાં આપેલું છે) ૧૨ વ્યુત્સર્ગ—સર્વ ઉપાધિઓનો ત્યાગ કરવો. આ રીતે છબાહ્ય અને ૭ અભ્યંતર મળી ૧૨ જાતનાં તપ છે.

૪ નિગ્રહ—ક્રોધ, માન, માયા અને લોભ એ ચારેનો નિગ્રહ કરવો. આ પ્રમાણે ૫ મહાવ્રત ૧૦ શ્રમણધર્મ, ૧૭ સંયમ, ૧૦ વૈયાવૃત્ય, ૯ બ્રહ્મચર્ય ગુપ્તિ, ૩ જ્ઞાનાદિ, ૧૨ તપ, ૪ ક્રોધાદિનો નિગ્રહ મળી ૭૦ ભેદ ચારિત્રના થયા તે ચરણ સિત્તરી.

હવે કરણ સિત્તરી કહીએ છીએ-૪ પ્રકારે પિંડ વિશુદ્ધિ-આહાર, ઉપાશ્રય, વસ્ત્ર, અને પાત્ર એ ચાર વસ્તુને સાધુ ૪૨ દોષરહિત ગ્રહણ કરે તે; ૫ સમિતિ—સમ્યક્ પ્રવૃત્તિ (૧) ઇર્યાસિમિતિ—ઇર્યા એટલે ચાલવામાં જીવની વિરાધના ન થાય એવી સમ્યક્ પ્રવૃત્તિ રાખવી, (૨) ભાષા સમિતિ—ભાષા હિતકર, મિત, સંદેહવગરની પાપરહિત અને નિર્ણીત અર્થવાળી બોલવી (૩) એષણા સમિતિ-એષણા એટલે આહાર આદિ દોષ રહિત લેવો. (૪) આદાન નિક્ષેપ સમિતિ-વસ્તુને લેવામાં તેમજ ત્યાગવામાં સંભાળ રાખવી. [૫) ઉત્સર્ગ (પરિષ્ઠાપનિકા) સમિતિ-ઉત્સર્ગ એટલે મલમૂત્રનો ઉત્સર્ગ કરવામાં સમિતિ એટલે તેને જીવ વગરની ભૂમિમાં પરઠવવાં; ૩ ગુપ્તિ-(ગુપ્—રક્ષા કરવી, રોકવું) જેનાવડે સંસારથી રક્ષા થાય, યોગને રોકી શકાય તે (૨) મનોગુપ્તિ-પાપસહિત—સાવદ્ય સંકલ્પોનો નિરોધ, અસત્ ધ્યાનનો ત્યાગ (૨) વચન ગુપ્તિ-વાણીનો નિયમ અથવા સર્વથા મૌન રહેવું તે (૩) કાયગુપ્તિ—શારીરિક ક્રિયામાં શરીરચેષ્ટાનો નિયમ રાખવો. ૧૨ પ્રતિમા-નિયમ વિશેષ; એકમાસની કોઇ બે માસની એમ અમુક અમુક મુદ્દત માટે અમુક ચોવિહાર આદિ નિયમ ગ્રહણ કરવા તે. ૨૫ પ્રતિ લેખના-એટલે મુહપત્તિ આદિ જે જે ઉપકરણો હોય તેને સંભારી જવી-ફેરવી જવી ૪ અભિગ્રહ-દ્રવ્યથી, ક્ષેત્રથી, કાલથી અને ભાવથી કોઇ અભિગ્રહ એટલે નિયમવિશેષ ગ્રહણ કરવો તે, ૫ ઇંદ્રિયોનો નિરોધ, અને ૧૨ ભાવના (૧) અનિત્ય (૨) અશરણ (૩) સંસાર (૪) એકત્વ (૫) અન્યત્વ (૬) અશુચિ (૭) આસ્રવ [૮] સંવર, (૯) નિર્જરા (૧૦) લોકસ્વરૂપ (૧૧) બોધિદુર્લભ (૧૨) ધર્મ-ભાવના. આમ ૪ પિંડવિશુદ્ધિ ૫ સમિતિ, ૩ ગુપ્તિ, ૧૨ પ્રતિમા, ૨૫ પ્રતિલેખના, ૪ અભિગ્રહ, ૫ ઇંદ્રિયનિરોધ અને ૧૨ ભાવના મળી ૭૦ કરણના ભેદ થયા તે કરણસિત્તરી.

**ભાવના સ્વરૂપ.**

---

+ આ પાંચેમાં શ્રવણ મનન અને નિદિધ્યાસન એ અભ્યાસના ત્રણ અંગનો સમાવેશ થાય છે.

ઉપર કહેલી **૧૨ ભાવના** ખાસ જાણવા યોગ્ય છે, એથી કર્મનો ક્ષય થાય છે તેથી તે 'સંવર' હોઇ મોક્ષનાં કારણ ભૂત છે. જેવો ભાવ તેવોજ કર્મનો બંધ કે અબંધ. તો તેનું સ્વરૂપ કહીએ (૧) અનિત્યભા૦—ગમે તેવું સુંદર શરીર, સ્ત્રી, પરિવાર આદિ સર્વ અનિત્ય છે તો તેમાં મમત્વ રહિત થઇ તૃષ્ણાનો નાશ કરવો ઘટે છે. (૨) (અશરણભા૦-પિતા માતા પુત્રાદિ કોઇ પણ શરણ થાય તેમ નથી, અને આ સંસાર કે જે મૃત્યુ આદિ ભયમાં પડેલો છે તેમાં આત્માને પોતા સિવાય બીજું કોઇ શરણ નથી. (૩) સંસાર ભાવના—સર્વ જીવો કર્મવશ થઇ ચોરાશી લાખ યોનિરૂપ—ચારગતિરૂપ સંસારમાં ભટકયાં કરે છે, અને અનેક દુ:ખ સહન કરે છે. (૪) એકત્વભાવના—જીવ એકલો આવ્યો છે અને એકલો જશે, એકલો જ કર્મ કરે છે અને એકલો કર્મ ભોગવશે, પોતે જે જે બીજાને માટે ગમે તેવી અનીતિથી ભેગું કરે છે તેનું ફલ પોતેજ ભોગવે છે; બાકી કોઇ પોતાનું નથી તેમ પોતા માટે ફલ ભોગવે તેમ નથી. [૫] અન્યત્વ ભાવના—આ સંસારમાં સ્ત્રી, પુત્ર, ધન આદિ છે તે તું નથી તેમ તે તારાં નથી. તું બીજાથી અન્ય છો. કોઇ કોઇનું નથી. શરીરથી પણ તું અન્ય છે તો શરીરની પુષ્ટિ, તુષ્ટિ આદિ નકામું છે. (૬) અશુચિ ભાવના-આ શરીર મલીન છે, અશુચિથી-મળ મૂત્રમાંસ રક્ત મજ્જાથી ભરેલું છે તેથી તેમાં મમત્વ ન રાખવું. ૭ આસ્રવ ભાવના—આસ્રવ એટલે જેનાથી કર્મો આવે છે તે એવા મિથ્યાત્વ અવિરતિ, કષાય, પ્રમાદ, અને યોગનો મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ ભાવનાથી ત્યાગ કરવો કારણ કે મિથ્યાત્વાદિથી વિશેષ સંસારમાં પરિભ્રમણ થાય છે. ૮ સંવર ભાવના-આસ્રવનો નિરોધ તે સંવર; ક્રોધને ક્ષમાથી, માનને મૃદુતાથી માયાને સરલતાથી અને લોભને સંતોષથી જીતવાથી સંવર થાય છે, ઇંદ્રિયોના ઇષ્ટ અનિષ્ટ વિષયોથી થતા રાગ દ્વેષ ત્યાગવા કે જેથી કર્મો આવતાં અટકે ૯ નિર્જરા ભાવના—કર્મનો નાશ જે જે અંશે થાય તે તે અંશે નિર્જરા ( કર્મનું ખરવું, જવું ) થાય છે. આ તપ આદિથી થાય છે. ૧૦ લોક સ્વરૂપ ભાવના-લોકનું સ્વરૂપ કે જે મનુષ્યાકારે છે અને છ દ્રવ્યથી પરિપૂર્ણ છે તે ભાવવું. ૧૧ બોધિદુર્લભ ભાવના-અકામ નિર્જરાથી જીવ નિગોદમાંથી ઉત્ક્રાંત થઇ કેવી રીતે સમ્યકત્વ—બોધિ કે જે દુર્લભ છે તે પામે છે તેનું ચિંતન કરવું, તેજ સમ્યકત્વથી ધર્મની પ્રાપ્તિ છે-ધર્મની પ્રાપ્તિ એ બીજમાંથી મોક્ષ ફલ થાય છે; તેથી બોધિ વગર સર્વ નિષ્ફલ છે એ વિચારવું. ૧૨ ધર્મ ભાવના-દુસ્તર સંસાર સમુદ્ર તરવાને ધર્મ એજ ઉપાય છે-વસ્તુનું સ્વરૂપ, આત્માનું સ્વરૂપ, તે આત્મધર્મ પામવા માટે દશ શ્રમણ ધર્મ અન્ય સર્વ ક્રિયા આદિનું જ્ઞાન પામવું અને પાલન કરવું એજ ધર્મ છે એવું ચિંત્વન કરવું.

આ સિવાય સાતમી આસ્રવ ભાવનામાં જણાવેલી ચાર મુખ્ય ભાવના છે ૧ મૈત્રી ભાવના-સર્વ પ્રત્યે સમાનભાવ. ૨ પ્રમોદભાવના-પોતાથી અધિક ગુણવાળા પ્રત્યે હર્ષ-પ્રમોદ કરવો. ૩ કરૂણા ભાવના-રોગી દુ:ખી પ્રત્યે કરૂણાભાવ રાખવો અને ૪ માધ્યસ્થ ભાવના—અવિનીત આદિ પ્રત્યે તટસ્થ ભાવ રાખવો.

૩

**સત્ ધર્મતત્ત્વ.**

આમાં સમ્યકત્વ, ગૃહસ્થનાં વ્રત, સાધુનાં વ્રત આદિનો સમાવેશ થાય છે. તે દરેક

જૂદી જૂદી રીતે આ નિબંધમાં વિસ્તારથી આવી જાય છે તેથી અહીં તેનું પુનઃ કથન કરવાની જરૂર નથી.

× × × આ સર્વ જૈન દર્શનનો સંક્ષિપ્ત ઇતિહાસ, તેના સિદ્ધાંતો અને તેની વૈદિક દર્શને તુલના એ પારિતોષિક નિબંધનો એક ભાગ છે. આ નિબંધ એક વર્ષ થયાં અપ્રકટ પડી રહ્યો છે. તેમાં અનેક જાણવા યોગ બાબતો છે. તંત્રી.

# जैनों में नाच की प्रथा।

नाच की ओर से अंगरेजी पढे लिखे तो उदासीन थे ही। परन्तु दूसरे लोगों को भी इस से पूरी २ घृणा हो चुकी है। नाच कराना तो दूर रहा अब देखना भी एक प्रकार से निन्दनीय कार्य्य समझा जाता है। दिल्ली के अग्रवाल वैश्यों में कभी से नाच बन्द है परन्तु जैन भाइयों में अभी तक भी इस कुपृथा ने घर किया हुआ है। क्योंकि दिल्ली में कुछ जैन भाई नाच के भारी पक्षपाती है। और वह यहां तक साहस करने से भी नहीं चुकतें कि यदि मालिक की मरजी न हो तो भी जबरदस्ती से उनके मकान पर किसी रंडी को लाकर खड़ा कर दिया जाता है। हाल ही में यहां के प्रसिद्ध व्यापारी लाला खैरातीलाल के पुत्र का शुभ विवाह था। आप श्रीमाल जैन जाति से सम्बन्ध रखते हैं। इसी से आप के एक मित्र लाला भोलानाथ ने जबरदस्ती से सगाई के दिन एक रंडी खड़ी कर दी। इस पर दूसरे लोगों ने आपत्ति की जिस पर लाला खैराती लाल ने अपने को निरपराध बताते हुए इस करतूत के हर्ता कर्ता की ओर संकेत किया यह सब कुछ हो जाने पर भी भोजके समय फिर वही नाच रंग की महफिल जमा कर प्रायः लोगों ने अमने हृदय का परिचय दे डाला। और लाला खैरातीलाल जी दबी जबान से नाच का जो विरोध कर रहे थे खुल कर उस कार्य्य में भाग लेने लगे। यहां तक कि जिस रोज अन्य जाति के लोगों की दावत थी। उस दिन के लिए विशेष प्रकार से मेरठ की एक गणिका को निमन्त्रित किया गया था।

इस पर फिर झगड़ा उठा और अंत को उसे मेरठ में रोकने की योजना की गई। परन्तु रण्डी ने भी आदमी भेज कर पता लगाया कि क्या माजरा है। यहां दूसरी रंडी का नाच हो रहा था यह खबर पाते ही मेरठ की रण्डी भी आ गयी अस्तु इस नाच के कारण कितने बखेडों में लाला खैरातीलालको पड़ना पड़ा

होगा उसका हाल तो वही जानते होंगे । और सुनिये ! बरात कानपुर गइथी वहां नाच बंद था फिरभी जिन लोगों के हृदय कलुषित होचुकेथे उनसे नाचवगैर कैसे रहा जाता सुना है कि कानपुर में नाच बन्द होने पर भी दिल्ली के जैन भाइयों ने जनवासे में नाच करा कर अपनी वासनाओं को तृप्त किया था यहां तक कि इसी झमेले में ४० हजार की एक माला भी गुम हो गई जो दूसरे दिन टूटी फूटी दशा में प्राप्त हुई । और एक शिक्षित सज्जन का दुशाला भी इस नाच के शौक में पान की पीक से खराब हो गया । इस अवसर पर जाति के अनेकानेक लोगों ने नाच की पृथा का घोर विरोध करते हुये उन लोगों से भी पूर्ण घृणा प्रगट की । आशा है कि जैन भाई इस घटना से कुछ सबक लेंगे और आगे कभी ऐसे कार्य में भाग न लेंगे जो उनकी इच्छा के विरुद्ध किया गया हो । अन्धेर तो यह है कि इतना विरोध होने पर भी आने पर फिर नाच हुआ जो एक प्रकार से बिलकुल नई बात थी ।

संपादक-हिन्दी समाचार.

## માસિક સમાલોચના.

**જૈન ધર્મ પ્રકાશ**—માહ ૧૯૭૩ આમાં હેરેલ્ડ પત્રના નવેમ્બર ૧૯૧૬ ના અંકમાં આપેલા લેખ નામે The metaphysics and Ethics of the Iains એટલે **જૈનોનું અધ્યાત્મશાસ્ત્ર અને નીતિ શાસ્ત્રનું** ભાષાંતર આપેલ છે તે ખાસ મનન કરવા યોગ્ય છે. **પ્રાકૃત ભાષાનું મહત્વ** નામનો મુનિ મહારાજશ્રી વિદ્યાવિજયનો લેખ પણ ભાષા શાસ્ત્રને ઉપયોગી છે તેમાં શ્રીમદ્ સિદ્ધર્ષિએ ઉપમિતિભવપ્રપંચકથામાં પ્રાકૃત સંબંધે કરેલા ઉલ્લેખ પર ધ્યાન ખેંચ્યું છે, તેવી જ રીતે અનેક જૈન ગ્રંથોમાં પ્રાકૃત સંબંધી આપેલા ઉલ્લેખોનો સંગ્રહ કરી પ્રકટ કરવા ઉક્ત મુનિશ્રીને વિનવિશું પ્રાકૃત સંબંધી હમણાં જ ગાયકવાડ સરકાર તરફથી બહાર પડેલા રાજશેખરકૃત કાવ્યમીમાંસામાં ઘણા ઉન્નત વિચાર અને ઉલ્લેખો છે તે નોંધવા યોગ્ય છે. **સમયસારનો ભાષાનુવાદ** મુનિ મહારાજશ્રી કર્પૂરવિજયજીએ કરેલ છે તે અભ્યાસવા યોગ્ય છે.

સમયસાર પ્રકરણનો ભાષાનુવાદ ગત અંકમાંના અનુસંધાનમાં મુનિમહારાજ શ્રી કર્પૂરવિજયજીએ આપેલ છે. ભાષાનુવાદ કરતાં પ્રસ્તાવના આપી હત તો આ સંબંધે કંઇ ગેરસમજૂતિ ઉત્પન્ન કર્યા વગર વિશેષ જાણવાનું મળત. અમે તેની પ્રસ્તાવના ટૂંકામાં

ટૂંકી આટલી કરીએ કે "દિગંબર આમ્નાયમાં સમયસાર અથવા સમયપ્રાભૃત નામનો નિશ્ચયનયથી ભરપૂર પ્રાકૃત ભાષામય ગાથાબદ્ધ ગ્રંથ કુંદકુંદાચાર્યે રચેલ છે તેનો સમય વિક્રમ સંવત ૪૯ મનાય છે. આ ગ્રંથમાં જ્ઞાનને પ્રધાન કરી શુદ્ધદ્રવ્યાર્થિકનય પ્રમાણે કથન છે. તેના પર અમૃતચંદ્રસૂરિએ આત્મખ્યાતિ નામની સંસ્કૃત ટીકા રચી છે. અને તેનો આધાર લઈ સ્વતંત્રકૃતિ તરીકે બનારસીદાસે સમયસાર હિંદીમાં કાવ્યમય રચેલ છે. આમાં સમયના બે ભાગ પાડયા છેઃ—સ્વસમય અને પરસમય. સ્વસમય એટલે દર્શનજ્ઞાન ચરિત્ર વિષે સ્થિત થયેલો જીવ, અને પુદ્‌ગલકર્મના પ્રદેશમાં સ્થિત થયેલો જીવ તે પરસમય. સમય તે એકત્વ નિશ્ચયગત છે એટલે સામાન્ય અર્થે સમય એટલે સર્વ પદાર્થ—એકી ભાવ કરી પોતાના ગુણપર્યાયને પ્રાપ્ત થઇ પરિણમે તે સમય. તેથી સર્વ ધર્મ, અધર્મ, આકાશ, કાલ, પુદ્‌ગલ, જીવ–દ્રવ્ય સ્વરૂપ લોકમાં જેટલા પદાર્થ છે તે સર્વ પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન એટલે પોતાના અનંતધર્મ તેના સમૂહને સ્પર્શે છે પરંતુ પરસ્પર અન્યને અન્ય સ્પર્શતા નથી તે સમય—અત્યંત નિકટ એકક્ષેત્રાવગાહ રૂપ રહે છે તોપણ સદાકાલ નિશ્ચયથી પોતાના સ્વરૂપથી ચ્યુત થતા નથી. આવી રીતે નિશ્ચયનયથી આરંભ કરી તે ગ્રંથનાં ભાગો એવા પાડયા છે કેઃ—૧ જીવાજીવાધિકાર, ૨ કર્તૃકર્મ અધિકાર, ૩ પુણ્યપાપાધિકાર, ૪ આસ્રવાધિકાર, ૫ સંવરાધિકાર, ૬ નિર્જરાધિકાર, ૭ બંધાધિકાર, ૮ મોક્ષાધિકાર અને ૯ સર્વ વિશુદ્ધ જ્ઞાનાધિકાર. આમાં વ્યવહારનયનું ગૌણતાથી વર્ણન કર્યું છે. પણ સાથે જણાવ્યું છે કે પહેલી અવસ્થામાં વ્યવહારનય હસ્તાવલંબ રૂપ છે—ઉપર ચઢવાની સીડીરૂપ છે તેથી કથંચિત કાર્યકારી છે. એને ગૌણ કરવાથી એમ નથી માનવાનું કે વ્યવહારનો સર્વથા નિષેધ છે. પહેલાં નીચલી સીડીરૂપ તે પ્રાપ્ત કર્યા પછી જ્યારે પોતાના સ્વરૂપની પ્રાપ્તિ થશે ત્યારે તો શુદ્ધ અશુદ્ધ બંને નયનું આલંબન છૂટશે; કારણ કે નયનું આલંબન સાધક અવસ્થામાં છે. યથાર્થ સમજવાથી શ્રદ્ધાનો વિપર્યય થતો નથી. યથાર્થ સમજનારને વ્યવહારચારિત્રથી અરૂચિ નહિ આવે પણ જેનો રૂપીઓ ખોટો છે તેને તો શુદ્ધનય કે અશુદ્ધનય બંને વિપર્યયરૂપ થશે—તેને તો સર્વ ઉપદેશ નિષ્ફલ છે. આ સમયસારના નામવાળું શ્વેતામ્બર સમ્પ્રદાયમાં એક પ્રકરણ સ્વોપજ્ઞ ટીકા સહિત પ્રદ્યુમ્નસૂરિના શિષ્ય દેવાનન્દાચાર્યે સં. ૧૪૫૬માં રચેલ છે છે કે જે જૈન આત્માનંદ સભા તરફથી પ્રકાશિત થયેલ છે. તેમાં દશ અધ્યાય છેઃ—જીવતત્ત્વ સ્વરૂપ નિરૂપણ ૨ અજીવતત્વ પ્રતિપાદન ૩ આસ્રવતત્ત્વનિરૂપણ ૪ બંધતત્ત્વ પ્રકાશન ૫ સંવરતત્ત્વ ૬ નિર્જરા ૭ મોક્ષતત્ત્વ ૮ સમ્યગ્જ્ઞાનદર્શન ૯ સમ્યક્ ચારિત્ર સ્વરૂપ ૧૦ આરાધના વિરાધના ફલ. આમાં છેવટે લખેલું છે કેઃ—

"समयस्स सारमेअं अप्पपराणुग्गहाय संगहिअं
जाणइ मन्नइ पालइ जो तस्स करट्ठिआ सिद्धी"

આ સમયનો સાર છે અને તે આત્મ અને પરના અનુગ્રહ માટે સંગ્રહિત કર્યો છે. જે તેને જાણશે (જ્ઞાનથી), માનશે (દર્શનથી) અને પાળશે (ચારિત્રથી), તો તેના હાથમાંજ સિદ્ધિ રહેલી છે.

આ રીતે આમાં સમયનો અર્થ શાસ્ત્ર કરેલો લાગે છે. દરેકનું સ્વરૂપ-ભેદ વગેરે વ્યવહાર નયથી વિશેષ છે. નવતત્ત્વ પ્રકરણનો સાર આમાં છે અને તે ઉપરાંત છેલ્લા ત્રણ

અધ્યાય વિશેષ છે. આ ગ્રંથનો ભાષાનુવાદ ટીકામાંથી રહસ્ય લઇ કરી અત્ર મૂકવામાં આવે છે. ”

**વાર્ત્તાવારિધિ**—૧૯૧૭જાનેવારી તરંગ ૧. આદ્ય પ્રયોજક ગણપતિરામ ઉત્તમરામ ભટ્ટે આ માસિક સાથેનો સંબંધ છોડયો છે અને તેનું સ્વામિત્વ એક જૈન લેખક રા. ઉદયચંદ લાલચંદે લીધું છે જાણી અમોને આનંદ થાય છે. શ્રીયુત ભટ્ટ પહેલાં સરસ્વતિ નામનું માસિક ઉત્તમ શૈલીએ ચલાવતા હતા ત્યાર પછી સરસ્વતી અને વિનોદિની એ નામ તેનું રાખ્યું હતું. મૂળમાં પ્રતાપ નાટકના લેખક તરીકે ભટ્ટની વિખ્યાતી જાણીતી છે. વાર્ત્તાવારિધિ સાત વર્ષ સુધી અનેક મુશ્કેલીમાં ચલાવ્યું તે માટે પણ તેમને અભિનંદન ઘટે છે. હવે તેમણે વ્યવહાર પ્રવૃત્તિ જેમ બને તેમ ઓછી સેવન કરી પોતાનો વિશેષ કાળ નિવૃત્તિમાં વ્યતીત કરવાનો નિશ્ચય કર્યો છે તો તે નિવૃત્તિમાં તેમને મનોશાંતિ, આત્મબળ, અને પ્રભુ-પરાયણતા વિશેષ મળો એમ અમે ઇચ્છીએ છીએ. નવીન અધિપતિ રા. ઉદયચંદ કે જેમણે આપણી **જૈન** કૉન્ફરન્સ ઑફિસમાં કાર્ય કરેલું છે તેઓ મારવાડી ગૃહસ્થ હોવા છતાં સારૂં ગુજરાતી લખી શકે છે. તેમના પ્રયાસને સફલતા ઇચ્છીએ છીએ. બંગાલી ભાષામાં ટૂંકી વાર્ત્તાઓ પ્રતિષ્ઠિત લેખકોની પુષ્કલ પ્રકટ થાય છે તેનું અવલંબન કરવા તથા તેને ગુજરાતી જીવનનો ઓપ આપવા આ માસિકના લેખકો તથા અધિપતિ બનતું કરશે એવી અમારી ભલામણ છે. વિશેષમાં **જૈન** કથાઓ અને રાસાઓ પરથી અનેક સજીવ અને બોધદાયક વાર્તાઓ અને વાર્તા ખંડો મળશે અને તેનો પણ ઉપયોગ, આમાં થશે એવું ઇચ્છીએ છીએ. આમાં આપેલી વાર્ત્તાઓની ચુંટણી સારી થયેલી છે.

# રસમય ચુંટણી.

**નવજીવન અને સત્ય** એ નામનું માસિક દોઢ વર્ષ થયાં નીકળે છે તે ઘણી ઉપયોગી બાબતો વિષયો અને ગૂજરાતના જાહેર જીવનની હકીકતો પૂરી પાડે છે, તંત્રી અને પ્રકાશક રા. ઇન્દુલાલ કનૈયાલાલ યાજ્ઞિક બી. એ. એલ એલ. બી. ( ગિરગામ મુંબઇ ) છે. તે પ્રથમ હાઇકોર્ટ વકીલ તરીકે કાર્ય કરતા હતા અને પછીથી સમાજ સેવાનું વ્રત લઇ સર્વન્ટ્સ ઑફ ઇંડિયા નામની વિખ્યાત સંસ્થામાં એક મેંબર તરીકે જોડયા છે એ ગૂજરાતને માન લેવા જેવું છે. તંત્રીપદે લોકોના મત કેળવવાનું કાર્ય સારી રીતે સિદ્ધ કરી રહ્યા છે. આ પત્ર ઉત્તેજનને પાત્ર છે. વાર્ષિક મૂલ્ય માત્ર બે રૂપીઆ છે તે દરમાસે આઠ ફાર્મનું 'મેટર' આપે છે તેથી વધુ નજ કહેવાય. તેમાં '**હિંદની વસ્તીનો સવાલ**' એ નામનો ઉપયોગી લેખ રા. શંકરલાલ જી. બેંકર કે જેઓ આ માસિકના પેટ્રન છે તેમણે લખેલો પ્રસિદ્ધ થયો છે તેમાંથી નીચેની હકીકત અમે ઉતારીએ છીએ:—

" ટુંકમાં આ સવાલની ( હીંદની વસ્તીના સવાલની ) સમાલોચના મી. બટલ નીચે પ્રમાણે કરે છે. પાશ્ચાત્ય દેશોના સરખામણીમાં

(૧) આપણી વસ્તિની વૃદ્ધિ આપણું જન્મનું પ્રમાણ વધારે: હોવા છતાં તેમના કરતાં કમી છે.

(૨) આપણે ત્યાં પરણેલા માણસોની સંખ્યાના પ્રમાણમાં પ્રજોત્પત્તિ ઓછી છે.

(૩) આપણા દેશમાં બાળકોના મરણનું પ્રમાણ બીજા દેશો કરતાં એથી ચારગણું વધારે છે.

(૪) આપણું સરેરાસ આયુષ્ય ઘણું ઓછું છે અને વધારે ઓછું થતું જાય છે

(૫) આપણી માતાઓમાં મરણનું પ્રમાણ ઘણું ઉંચું છે, અને

(૬) યુરોપના દેશોની માફક આપણા દેશમાં પણ નીચલા વર્ગના લોકોમાં પ્રજોત્પત્તિ ઉપલા વર્ગ કરતાં ઘણી વધારે છે.

આ સ્થિતિ સુધારવાનો રસ્તો દેખીતોજ છે અને તે એજ કે જન્મનું પ્રમાણ ઘટાડવું જોઇએ અને તે માત્ર રોગિષ્ટ કે નબળા શરીરવાળા માણસોને પરણતાં અટકાવવા ઉપરાંત નાની વયમાં થતાં લગ્ન સદંતર બંધ કરવાં જોઇએ. આ માટે સંસાર સુધારા પરિષદ્ છેલ્લા ત્રીસ વરસ થયાં મહેનત કરે છે, પરંતુ હવે તે સંબંધી હકીકત તથા આંકડાઓ આપી આ અત્યંત અગત્યનો સુધારો અમલમાં મૂકવાની જરૂરીઆત વીષે લોકોની ખાત્રી કરી આપવી જોઇએ. તે ઉપરાંત જો પરણેલી જીંદગીમાં આત્મ સંયમ રાખવામાં આવે તો પણ ઘણો ફેર પડે. લગ્નની સંસ્થા એકંદરે મનુષ્ય જીવનને માટે જરૂરની છે છતાં પ્રજોત્પત્તિ અનેક રીતે હાનિકારક હોઇ શકે. જો સ્ત્રી પુરૂષમાંથી કોઇને પણ બાળકોમાં ઉતરે એવાં કોઇ દરદો હોય તો તેમને પ્રજા થતી અટકાવવી એ સરકાર તથા સમાજની ફરજ સમાન છે. વળી જો બાળકોને ઉછેરવાને તથા તેમને જીંદગીમાં ઠેકાણે પાડવા જેટલી પણ પુરૂષની કમાઇ હોય નહિ તો તે જોખમ માથે લેવામાં કોઇપણ જાતનું ડહાપણ નથી અને છેવટે જો સ્ત્રી પ્રસુતિ પીડા વેઠવાને અશક્ત હોય તો પણ સંતાનની જરૂર છે એમ સૌ સમજુ માણસ કબુલ કરશે" (નહિ?) આમાં રહેલા સત્યની પિછાન જૈન સમાજને સાધુઓ યા ઉપદેશકો દ્વારા કરાવવાની જરૂર છે.

**વસતીગૃહો ( હોસ્ટેલ--બોર્ડિંગ ) ની આવશ્યકતા અને વ્યવસ્થા** એ નામનો તેજ માસિકમાંનો એક બીજો લેખ આપણી જૈન સમાજમાં છેલા દશકમાં થયેલાં અનેક હોસ્ટેલો-બોર્ડિંગોને ઉપયોગી છે, તો તે તે સંસ્થાના સ્થાપકો તેમજ વ્યવસ્થાપકોએ ધીરજથી ખાસ વાંચી જવાની જરૂર છે. અને તેમાંની લાભજનક સૂચનાઓનો અમલ કરવાની તેના કરતાં પણ વિશેષ જરૂર છે. અમોએ ગત ડીસેંબર માસમાં ગોકુળભાઇ મુળચંદ જૈન વિદ્યાર્થીની હોસ્ટેલ-મુંબઇ સંબંધે બે જૈન ગ્રેજ્યુએટોએ કરેલો વિસ્તૃત રિપોર્ટ પ્રગટ કર્યો છે તે કેટલાકને યોગ્ય નહિ લાગ્યો હોય યાતો વસમો જણાયો હશે પણ તેમાં રહેલા પ્રેમ અને સહાનુભૂતિ પળે પળે દશ્યમાન થાય છે એ સ્મરણ બહાર રહી છે, અને તેમાં કંઇ પણ અયોગ્યતાનું તત્ત્વ હોય એમ અમો સ્વપ્નમાં પણ ધારતા નથી, છતાં **मुंडे मुंडे मति भिन्ना** એટલે કપાળે કપાળે જૂદી મતિ એ કહેવત અનુસાર તેઓની મતિનો દોષ અમે કાઢતા નથી પણ તે રિપોર્ટના સમર્થનમાં આ લેખ સહર્ષ અને આદર-પૂર્વક તેઓને વાંચવા પ્રેરણા કરીએ છીએ. આમાં ખાસ જણાવેલું છે કે:--

(૧) સુપ્રિન્ટેન્ડંટ વિદ્યાર્થીઓના માબાપને ભૂલાવનાર, વસતિગૃહના કાર્યને ધર્મકાર્ય માનનાર અને અવલ દરજ્જે સેવા વૃત્તિથી કાર્ય કરનાર હોવો જોઇએ. માત્ર સેવા વૃત્તિ કરનાર ન મળે તો તેને એટલો સારો પગાર આપવો જોઇએ કે પોતાના કુટુંબની ચિન્તાને લીધે **તેને બીજા રસ્તા લેવા ન પડે**. તેનામાં નિર્વ્યસન,

સાદાઇ, નિરભિમાન, સદ્‌ગુણ વગેરે હોવાજ જોઇએ, એ ઉપરાંત સ્વાર્થ ત્યાગ, દયા, વિદ્યાર્થીના ભાવીને માટે ચિન્તા-પોતાના જેવા બનાવવાની શક્તિ, તેમનાં સુખ દુઃખના સાથી બનવાનો ગુણ વગેરે પણ હોવા જોઇએ. સરસ્વતીચંદ્રમાં મલ્લરાજે કહેલું છે તે તેણે ખાસ લક્ષમાં રાખવાનું છેઃ--

" મારા કુંવર પાસે તમને રાખું છું, તે કાંઇ એની બુદ્ધિ અંગ્રેજી કરવા નથી રાખતો. એનું વય આજ કોમળ છે માટે એને બહુ સંભાળથી ઉછેરજો. સરત રાખજો કે એને મ્હારે તમારા જેવો બ્રાહ્મણ નથી કરવો કે વૈશ્ય નથી કરવો. બ્રાહ્મણ, વૈશ્ય, મ્લેચ્છ ઇંગ્રેજ અને એવા એવા લોકની વિદ્યા એ સમજી જાય અને સર્વની કળા જાણી જાય, સર્વ સાથે પોતાના ધર્મ પાળવા સમજે, એવું એવું સર્વ એને શીખવજો."

સુપ્રીન્ટેન્ડન્ટને શાળાના કાર્ય ઉપરાંત વસતિગૃહમાં કાર્ય કરવા માટે નીમવા કરતાં ખાસ તે કામને માટેજ તે નીમાવો જોઇએ. **જો બંને સ્થળે કામ કરવાનાં હશે તો શાળાના કામથી થાકી ગયેલો હોવાથી ત્હેનાથી ઉત્સાહપૂર્વક કાર્ય થઇ શકશે નહી.** જો વસતિગૃહમાંજ કાર્ય કરવાનું હશે તો વિદ્યાર્થીઓને શાળા બહારના બધા સમયમાં વિધવિધ પ્રવૃત્તિઓમાં ઉત્સાહથી દોરશે અને આ રીતે ઘણું સારૂં કાર્ય થઇ શકશે.

સુપ્રીટેન્ડન્ટ—વસતિગૃહનો આત્મા છે; મકાન તેનો દેહ છે.

(૨) **મકાન**—છેક ન્હાની નહિ એવી ત્રણથી ચાર વિદ્યાર્થીની સગવડવાળી ઓરડીઓ, આંખને નુકસાન ન થાય એવું ને એટલું અજવાળું, હવાની આવજા છૂટથી થાય એવાં બારી બારણાં અને જાળીઓ, વિશાળ કંપાઉડ કે જેમાં રમવાની સગવડ હોય, વાંચનાલય-પુસ્તકાલય, ઝાડ—વાળું મકાન વસ્તીથી-શહેરથી અલગ હોવું જોઇએ. સુપ્રીટેન્ડન્ટનું રહેવાનું મકાન કંપાઉંડની અંદર હોવું જોઇએ કે, જેથી તે રાત્રિ દિવસ વિદ્યાર્થીઓની પાસેજ રહી શકે.

(૩) સ્વતંત્ર મેનેજરની જરૂર—રસોડાની વ્યવસ્થા સંપૂર્ણ રીતે કરવામાં વિદ્યાર્થીઓનો ઘણો સમય જાય છે અને અભ્યાસ કરવાને થોડો જ અવકાશ મળે છે, એટલુંજ નહિ પણ અભ્યાસમાં ચિત્ત પણ ચોટતું નથી. માટે મેનેજરની તે કાર્ય કરવા માટે જરૂર છે.

(૪) માફી વિદ્યાર્થીઓ—ઘણાજ ગરીબ પણ શક્તિવાળા વિદ્યાર્થીઓને વિદ્યાર્થીઓએ વસતિગૃહમાં રસોયા નોકર વગેરે માટે જેટલી મદદ વ્યવસ્થાપકો કે બીજા તરફથી મળતી હોય તેટલા પ્રમાણમાં પોષવા જોઇએ.

(૫) લોન ફંડ—વ્યવસ્થાપકોએ ગરીબ વિદ્યાર્થીઓના વધુ અભ્યાસ માટે સ્કોલરશિપ કરતાં લોન ફંડની વ્યવસ્થા કરવી એ વધુ પસંદ કરવા જોગ છે. તેથી મદદ લેનાર સ્વાશ્રયી બને છે. તેમજ કેટલાકને કુટુંબનું પોષણ કરવાની ચિંતા હોય છે તે આથી દૂર થાય છે. આમાં કુંવારાને આનો લાભ આપવાથી સંસાર સુધારાને પણ મદદ કરી શકાય છે.

(૬) વિદ્યાર્થીની સમાજસેવાની વ્યવહારૂ રીતિ—ગ્રહણ કરાવી શકાય છે. હોંશીયાર પાછળ પડી ગયેલાને શીખવી શકે તેમ છે, તેમજ પ્રિન્સિપાલ ફ્લેમિંગે લખેલા 'સમાજ સેવાના સન્માર્ગ' એ પુસ્તકમાંની સૂચનાઓ અને રીતિઓનો અમલ કરી શકાય

કેળવણી આદિ ફંડ ઉઘરાવવા માટે ઘરોઘર ફરી સારૂં ફંડ મેળવી શકે. તેના માટે ગુરૂકુળના વિદ્યાર્થીઓ દૃષ્ટાંતરૂપ છે.

(૭) વિદ્યાર્થીઓને જે વેકેશન (રજા) પડે તેનો સદુપયોગ કરાવવો જોઇએ. પ્રવાસે લઇ જવા–લોકોપયોગી પ્રવૃત્તિમાં ભાગ લે તેમ કરવું. મેજીક લેંટર્ન, ફરતા પુસ્તકાલયની પેટીઓ, સ્ટીરીઓસ્કોપ વગેરે સાધનો વસતિગૃહની અંદર રાખી વિદ્યાર્થીઓને રજામાં પોતાને ગામ લઇ જવા દેવામાં આવે તો આખી શાળા કરતાં વસતિગૃહમાં આ નિયમ સારી રીતે પાળી શકાય તેમ છે.

(૮) તેને શાળાનાં પુસ્તકો ઉપરાંત બીજાં સારાં અને રૂચિ પ્રમાણે યોગ્ય પુસ્તકો સુપ્રીન્ટેંડટે વંચાવવાં જોઇએ. તેમાં ઉત્તમ પુરૂષો–રાનડે, ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર, ગાર્ફીલ્ડ આદિનાં ચરિત્રો વિદ્યાર્થીઓએ વાંચેલા હોવાજ જોઇએ. તેઓ કયાં પુસ્તકો વાંચે છે તેની રજીસ્ટરમાં નોંધ થવી જોઇએ. તેમજ વર્તમાનપત્રો–માસિકો ઉમદા ઉમદા મંગાવી તેનાથી માહિતગાર તેમને રાખવા જોઇએ.

(૯) શારીરિક કેળવણી ફરજીયાત હોવી જોઇએ–જેમકે સવારમાં ડ્રિલ, સાંજની રમતો, બગીચામાં કામ વગેરે. માંદગી યા બીજા અનિવાર્ય કારણ સિવાય કોઇપણ વિદ્યાર્થીને આથી મુક્ત રાખવો ન જોઇએ.

(૧૦) દરેક માસે માસિક પરીક્ષા શાળાની પરીક્ષા ઉપરાંત વસતિગૃહમાં સુપ્રીન્ટેન્ડન્ટે રાખવી જોઇએ અને જે તેમાં નાપાસ થવા જેટલી બેદરકારી બતાવે તેવાને વસતિગૃહમાંથી દૂર કરવા જોઇએ.

(૧૧) નિયમિત કાર્યક્રમ વસતિગૃહમાં સંપૂર્ણ વ્યવસ્થા રાખવા માટે રહેવો જોઇએ. રાત્રીએ [મુંબઇ] દશથી ચાર સુધી ઉંઘવાના સમયમાં કોઇપણ વિદ્યાર્થીને વાતો કરવાની વાંચવાની પરવાનગી આપવી જોઇએ નહિ.

(૧૨) વસતિગૃહમાં વિદ્યાર્થીઓને એવી ભાવના થવી જોઇએ કે સંસ્થા અમારી છે, બીજાની નથી. તેમ થયે પછીથી સન્માન પામતાં સંસ્થાને કીર્તિ અપાવશે.'

(૧૩) બહારના શિષ્ટ ગૃહસ્થોને આમંત્રણ આપી તેમના સહવાસનો લાભ વિદ્યાર્થીઓને અપાવવો જોઇએ એ વાત સુપ્રીન્ટેન્ડેન્ટે ખાસ ધ્યાનમાં રાખી નિમંત્રણ મોકલવાં જોઇએ.

છેવટે આ લેખ લોકમાન્ય લાલાલજપરાયે 'હિંદુસ્થાનની કેળવણી' સંબંધે જે ઉદ્‌ગારો કાઢ્યા છે તેમાંથી નીચેનાનો ઉતારો કરી લેખક રા. અંબાલાલ મોતીભાઇ પટેલે પૂરો કર્યો છેઃ—

'આપણા વિદ્યાર્થીઓને શીવવાનું, સાંધવાનું, રશોઇ કરવાનું, ઘેર પધારેલ મહેમાનને કેવી રીતે આનંદ આપવો તેનું, સંગીતનું, અને વાર્તાલાપ કરવાનું ઘણું થોડું જ્ઞાન હોય છે.' તેઓ જણાવે છે કે જાપાનની શાળાઓમાં આ શિક્ષણ ખાસ અપાય છે, અને જાપાનના યુવકોને આમાંથી ઘણા વિષયનું જ્ઞાન હોય છે. પરંતુ આ અપૂર્ણતાઓ હાલની શાળાઓની પદ્ધતિથી પૂરી શિક્ષક કંઇક યોજનાઓ અજમાવી શકે. વગેરે વગેરે.

આ રીતે આ લેખ હમણાં સંખ્યામાં વધારો પામેલી આપણી જૈન બોર્ડિંગો–હોસ્ટેલો–(વિદ્યાર્થી ભવનો)ના વ્યવસ્થાપક, સ્થાપક, સુપ્રીન્ટેન્ડન્ટે ખાસ વાંચી મનન કરી તેમાંની ઉપયુક્ત યોજનાઓ અને સૂચનાઓ ઉપર અમલ કરવો ઘટે છે. વિદ્યાર્થીઓએ

પણ વાંચી તેમાંની યોગ્ય સૂચનાનો કાર્યમાં મૂકવી ઉચિત છે. જેમ પ્રેમ કરવો સહેલ છે, પણ નિભાવવો મુશ્કેલ છે તેમ સંસ્થા કરવી જેટલી સહેલી છે તેટલી સારી રીતે નિભાવવી મુશ્કેલ છે. નિભાવવી એનો અર્થ માત્ર સુપ્રીન્ટેન્ડન્ટ રાખી તેને પગાર આપવો—વિદ્યાર્થીઓ ભણતા હશે એમ તેની સંખ્યાપરથી વિચાર બાંધવો, અને દેખરેખની તસ્દી લેવી નહિ એવો નથી, એ ઉપરની સૂચનાઓ પર ધ્યાન રાખવાથી બરાબર ખ્યાલમાં આવી શકશે.

—તંત્રી.

# ઈડર ચૈત્ય પરિપાટી.

(પ્રાચીન કાવ્ય)

શ્રી સદ્‌ગુરૂભ્યોનમઃ ॥

ગોયમ ગણહરરાય પાય નમું કરજોડી,
સરસતિ સામિણિ કરૂ પસાઉ જિમ નાવે ષોડી,
મુગતિ મહાપુરિ પુહુવવા એક પરિવાડી,
ઈડર ગિરિવરિ સિરહતણી કરૂં ચૈત્ર પ્રવાડી. ૧

પુહુવી ઉર સિંગાર હાર સવિ દેસ સંગાર,
અડવડીયાં સવા સાધાર શ્રી ઇલપ્રકાર;
ગઢમઢ મંદિર પોલિપવર, પોઢા પ્રાસાદ,
સુરવર ગિરવર સિહિરતણુ જે મંડિ વાદ. ૨

સુવિવારીઅ વિવહારીયા સિહિજિ સુરંગ,
અધિકારી વ્યાપારીયા રાજકાજે અભંગ,
વિનય વિવેક વિચારવંતિ માહાલઇ મલગંતી;
સસિવયણી મૃગલોયણી ચાલિ ચમકંતી. ૩

ચઉપાય ચુહુટામાંહિં ચંગ પોઢી પોસાલ,
સહિ ગુરૂ કરિઇ વષાણુ જાણુ શ્રાવક સુવિચાર.
પાસ જિણુંદ વિહાર સાર જાણે કૈલાસ;
ખ્યપનક વસહી સિષરબદ્ધ આદીસરપાસિં. ૪

તિંણિં નયરિં રાતઉડદાસ* નારાયણદાસ,
આસ પૂરિ જનમતણી ભોગી લીલ વિલાસ,
સૂરવીર વિક્રંત કંત નિજભુજબલિ ભીમ,
સવિ સીમાડા નમિ પાય, નવિ લોપિ સીમ. ૫

તસુ નંદન ઇડર ધણીએ, જે અકલ અબીહ,
અવર રાય જન તેહ તણી નવી લોપી લીહ,
દાનં કરંણુ જસિઉ ભોજ જાણુ સહુ માનિ આણુ.
પૂણ્ય મૂરતિ પ્રથવી પ્રમાણુ રાયાં રાયભાણુ. ૬

અપૂર્ણ.

* સોમ સૌભાગ્યમાં જણાવેલા રણમલ્લજીના પુત્ર રાવપુંજાજી છે તેના પુત્ર નારણદાસ અને તેના રાવભાણુ, જુઓ રાસમાલા.

# कॉन्फरन्स मिशन.

## १ श्री सुकृत भंडार फंड.

( તા. ૪-૧-૧૭ થી તા. ૫-૨-૧૭, સંવત ૧૯૭૩ના પોષ સુદ ૧૧ થી માહા સુદ ૧૩ સુધી.) વસુલ આવ્યા રૂ. ૩૩૪-૦-૦

ગયા માસ આખરના બાકી ૫૮૬-૮-૦

**(૧) ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદ**—ઉત્તર ગુજરાત.
સીપોર-આઇજડાવ ૬, સીપોર શ્રીસંઘ ૧૩, ઉણાદ ૪, ઉંઢાઇ ૫, રીદ્ધપુર શેઠ રવચંદ ટોકરશી ૭. કુલ. રૂ. ૩૫-૦-૦

**(૨) ઉપદેશક મી. અમૃતલાલ વાડીલાલ**—સુરત જીલ્લો.
બીલીમોરા ૧૭ા, વલસાડ ૨૦. કુલ રૂ. ૩૭-૮-૦

**(३) उपदेशक मी. पुंजालाल प्रेमचंद—राजपुताना वगेरे.**
ग्वालीअर रु. ३ २।।।, सीपरी १८।, सीकंद्राबाद यु. पी. शेठ जवाहरलाल जैनी १२, आगरा ८६।।।, हाथरस-जैनधर्मवर्द्धनी सभा,२१ हाथरस श्री संघ ७९।।।. कुल रु. २५०—८—०

**(૪) પોતાની મેળે મોકલ્યા:—**
મુંબઇ—શેઠ દેવચંદ ભગવાનજી ૬, ગોધાવી—શેઠ છગનલાલ લક્ષ્મીચંદ—
( દશમી જૈન શ્વે. કોન્ફરન્સ વખતના) ૫. કુલ ૧૧—૦—૦

૯૨૦—૮—૦

## २ उपदेशक प्रवास.

( દરેક પત્રનો ટુંક સાર.)

**ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદ.**

**૧ સતલાસણા**--ધાર્મિક વિષયો, સંપ, શિયળ વગેરે બાબતો ઉપર ભાષણો આપતાં તમામ વર્ગને સંતોષ થયો છે. શિયળ પાળવા સ્ત્રીઓને સારો બોધ આપ્યો હતો.

**૨ લુણવા**—કેસરીઆજીનો સંઘ કાઢનાર સંઘપતિ વગેરે-**પાલના** ઠાકોર સાહેબને ભેટણું આપવા જતાં ઉપદેશકે ધર્મ કોને કહેવો, ક્ષત્રી કોને કહેવા, દેવી નિમિતે હિંસા ન કરવી વગેરે બાબતો ઉપર ભાષણો આપતાં ઠાકોર સાહેબે પાપ ન કરવા કબૂલ્યું છે.

श्री जैन श्वेताम्बर कॉन्फरन्स हेरल्ड.
Jaina Shvetambara Conference Herald.
પુ. ૧૪. અંક ૩. વીરાત્ ૨૪૪૩ ફાગણ, સં. ૧૯૭૩. માર્ચ, ૧૯૧૭.

# ધર્મઠગને ચાબકા.

લેખક:—સા. શ્રી ડાહ્યાભાઇ ધોળશાજી ઝવેરી.

( સવૈયા એકત્રીસા. )

ચોડા ચાંદલો કરી કપાળે, પ્રભુ નામ મુખથી જાપે,
રામ, શીવ, અર્હંત કહીને, નામ ભગતમાં નિજ થાપે;
કહે "ઉથાપે વીરવચન જે, નિશ્ચે તે નરકે જાયે,"
ધિક્ક ધિક્ક તે ધર્મઠગોને ભોળા ભરમાવી ખાયે— ૧

'પરનારી પર નજર ન કરીએ', કહે કદાપિ સાધુજી,
'અહો અહો' તે કહી અધર્મી, મોઢેથી બોલે 'જીજી'
મનમાંહિ તો કરે વિચારો, પેલી જો મારી થાયે,
ધિક્ક ધિક્ક તે ધર્મઠગોને ભોળા ભરમાવી ખાયે— ૨

ચોમાસામાં છત્તર ધારી, સાંજે દેવાલય પાસે,
ઉભાંરે' જઈ ઉંટ સરીખા, નારી જ્યાં ભીંજી નાસે;
'આવો બા આવો બા!' કેશે પરોપકારીની રાહે,
ધિક્ક ધિક્ક તે ધર્મઠગોને, ભોળા ભરમાવી ખાયે— ૩

છીનાળામાં છેક છટેલા, પૂજામાં સૌથી પહેલા,
વખાણમાં પણ આગળ સૌની, હો હો કરી બનતા ઘેલા;
બાધા આદરવા પણ આગળ, ચિત્ત જેથી જગ જન ચાહે;
ધિક્ક ધિક્ક તે ધર્મઠગોને, ભોળા ભરમાવી ખાયે— ૪

ચારૂ વેશ ધરી ચંડાળો, ટાણે ટચકે ખૂબ ઘુમે;
ઇજ્જત લે લુચ્ચા અબળાની, કાળ-સ્થાન પણ ના જુએ.
સોબત તેથી તમે તપાસી, કરજો ઈજ્જત આશાએ;
ધિક્ક ધિક્ક તે ધર્મઠગોને, ભોળા ભરમાવી ખાયે— ૫

ફાગ રાગ ગાયે ફૂલીને, કરે આંખના અણુસારા;
જરાતરા મોં મલકાવીને, ભાવ ભાવતા હિલકારા,
ચળાવતા ચેષ્ટાએ ચતુરા, ગાજી રાજી થૈ ગાયે;
ધિક્ક ધિક્ક તે ધર્મઠગોને, ભોળા ભરમાવી ખાયે— ૬

મુખ માંડે મુરતિની સામે, અબળાગમ ફરતિ આંખો;
તુંહિ તુંહિ કરતાં રામ સ્મરતાં, રાના હૃદય મહિ રાખો.
ખરે અરે ચંડાળ તમારી, કીહાઓ પડશે કાયે;
ધિક્ક ધિક્ક તે ધર્મઠગોને, ભોળા ભરમાવી ખાયે— ૭

અવનિમાં એવાથી અળગા, રે'શે ચેતીને મનમાં;
જરૂર તે જનનો જશ જામે, ઠામે ઠામે જગ જનમાં.
ધોબાઓ ધંધો છોડીને, અબળા પાછળ અટવાયે;
ધિક્ક ધિક્ક તે ધર્મઠગોને, ભોળા ભરમાવી ખાયે— ૮

[ ૧૯૦૧ ઑગસ્ટ સ. અને વિ. ]

## પ્રેમપત્રિકા.

[ ચામરછંદની ચાલમાં. ]

નેઠ ભેટ નેમ આ લખી છે પ્રેમપત્રિકા,
સ્વીકારજે વિશેષ ચાર રે'મ રાખી સર્વથા;
વિના વિચાર ખાર તેં કિધો શું સાર ખોળવા,
ભેટ ભીડી બાથ તું ઉદાસી દૂર ટાળવા— ૧
અનાથ નાથ તું ઉધાર ધાર સૂત્રધાર તું,
માનિનીના મુખનો શુકાન કાન ધાર તું;
શું ચકોર ચિત્તચોર વે'રી કોઇ જાગીઓ;
હાય ! પોપટાનું દીલ ખેંચી ગીધ જાગીઓ— ૨
લાગી શું લગન કોથી કહેને દીલ ખોલીને,
સુધાનું પ્યાલું હા બતાવી નાંખે શું તું ઢોળીને;
પ્યારની છે રીત ન્યારી ન અજાણી તું થકી,
ડહાપણે તું રોળ છોડી ધોળ પત્રિ મેં લખી— ૩

દોહરા.

માનીને તું માનવી, મળજે રાખી મે'ર;
સુધા સુધા તેં મુકીને, જાલ્યું શું જઈ ઝેર— ૪

ધરી ગુમાન ગમાર નર, આંબો છોડી આક
ચાહે ચિતમાં પણ રૂએ, દેખી રૂડી શાખ— ૫

મુકી માનવી ! માન માન્ય, માન માન સુજાણ !
ધારે છે પણ તું હવે, આ છે છેલ્લું જાણ— ૬

વાર વાર નાદાર તું કકળાવે છે કેમ ?
વાર વાર આ વિઘ્નને, વારે' ચઢ ધરી રે'મ— ૭

જેમ જેમ હું કરગરૂં, કઠણ થાય તું કેમ;
ડાહ્યપણ રાખી જો મળે, ખેર ખેર છે એમ— ૮

૧૨-૫-૮૫. ડા. ઘે. ઝવેરી.

# કૉન્ફરન્સ અને જૈનસમાજ.

## ભવિષ્યનું માર્ગસૂચન.

૧.

**સમાજ પ્રત્યે પ્રાર્થના.**

પરિસ્થિતિઓના ઉંડા વિચાર કર્યા વગર અને એ ઉંડા વિચારને પરિણામે જણાતા સાચા માર્ગ નિડરતાથી જણાવ્યા વગર કોઇ પણ સમાજની ખરી ભક્તિ થઇ શકેજ નહિ એ સત્ય તરફ અમે આપણા બંધુઓનું લક્ષ ખેંચીએ છીએ.

જ્યારે અમારા અભિપ્રાયો અને સૂચનાઓમાં તમને ન રૂચે એવું કાંઇ તત્વ અમારા વાંચકમાંના કોઇને કદાચિત્ જોવામાં આવે ત્યારે ઉતાવળે મત બાંધી બેસવા કરતાં તેમના વિશ્વાસપાત્ર હિતચિંતક તરફથી તે વચનો આવે છે એટલું યાદ રાખી શાંતિથી તે ઉપર ઉંડો વિચાર કરશો.

મહાન્ જૈન ધર્મ અને સકળ હિંદના જૈન સમાજની ઉન્નતિ કરવાના ગંભીર કામ માટે કૉન્ફરન્સની બેઠકો થઇ છે. તે બેઠકોમાં થયેલ કામ સંપૂર્ણપણે પાર ઉતરવા પામે એટલા માટે શરૂઆતથી જ અમારે વાચક બંધુઓના લક્ષપર આ બાબત લાવવાની જરૂર છે.

**સંમેલનની મહત્તા. જૈન ફિલસુફી અને પૂર્વના જૈનો.**

વાચકો ! તમારી સમક્ષ આપણી પૂર્વની જાહોજલાલીનાં બ્યુગલ ફુંકવાથી કાર્ય સરશે નહિ; પણ એટલું જ યાદ રાખજો કે, અગાધ શક્તિવાળા પુરૂષોના આપણે અનુયાયી છીએ અને ત્રિલોકમાં આપણું સ્થાન સર્વોત્તમ અને અદેખાઇ ઉત્પન્ન કરે એવું મહાન્ છે. દેવો પણ મનુષ્ય સ્થિતિને માટે તલસે છે. એવી મહત્તા મનુષ્યસ્થિતિમાં રહેલી છે; અને મનુષ્યોમાં સૌથી ઉચ્ચપદ—કોઇના કહેવા કે આપવાથી નહિ પણ સ્વાભાવિક રીતેજ જૈનોનું છે, કે જે જૈન શબ્દ 'જય' વાચક છે; અને શું એ કહેવાની જરૂર રહે છે કે મનુષ્ય ગણમાં સૌથી શ્રેષ્ટ પદ જય કરનારાઓનેજ સ્વભાવથી મળે છે ? દુનિયાનાં દુઃખોથી હેરાન થતા મનુષ્યો એ દુઃખથી છુટવા માટે ભિન્ન ભિન્ન ફિલસુફીઓ ઉત્પન્ન કરે છે.

એ પ્રમાણે કોઇએ એવી ફીલસુફી શોધી કે સુખ દુઃખ ઇશ્વરજ આપે છે, અને તેની કૃપા વગર દુઃખ દૂર થવાનું જ નથી, કોઇએ એમ માન્યું કે, દુનિયામાં દુઃખ એવી કોઇ ચીજ જ નથી, એ તો મગજની ભ્રમણા છે; જો કે એમ માનવા છતાં દુઃખ તેમનો પલ્લો છોડતું નથી. બહાદૂર જૈનોએ દુઃખને માનવાના અખાડા કરવામાં મરદાનગી માની નહિ; તેઓએ ખુલ્લી આંખોએ દુઃખ જોયું અને તેના અસ્તિત્વનો પ્રામાણિક સ્વીકાર કર્યો, પણ તે સાથે હિમ્મતથી કહ્યુ કે દુઃખ ભલે ગમે તેવું ભયંકર હો પણ તેને જન્મ આપનાર આપણે પોતે છીએ અને એટલા માટે તેનો નાશ કરવાને પણ આપણે પૂરતી રીતે શક્તિમાન્ છીએ; તે મરદાનગીવાળા નરોએ દુઃખ દૂર કરવા માટે કોઇ સૃષ્ટિકર્ત્તાનો આધાર ખોળવાનું ઇચ્છયું નહિ પણ આખા જગતમાં ચાલી રહેલી ભ્રમણાની જગાએ સ્વપરાક્રમ-પુરૂષાતન-આત્મબલને સ્થાપ્યું. એ પુરૂષાતનને લીધે—એ પુરૂષાત્તનના સિદ્ધાંતને જીવનમાં ઉતારવાના પ્રયત્નને પરિણામે-જૈનોમાં મોટા રાજાઓ થવા પામ્યા હતા, રાજદ્વારીઓ, યોદ્ધાઓ, વિદ્વાનો અને વેપારીઓ થવા પામ્યા હતા. દુનિયાને ઘડનાર અને સંહારનાર, દુનિયાનાં દુઃખોને ઉત્પન્ન કરનાર અને નાશ કરનાર કોઇ છે જ નહિ એવું જ્યારે માણસને ભાન થવા લાગે છે ત્યારે તેણે પોતાના અને પોતાની આસપાસનાઓના રક્ષણ અને ઉદ્ધારનું કામ પોતાના હાથમાં લેવું પડે છે, પોતે ઇશ્વર બનવાની જરૂર તરફ તેનું ધ્યાન ખેંચાય છે, અને ઇશ્વર બનવાના પ્રયાસમાં મળતા કડવા અનુભવો તેને દુઃખ કરતા નથી પણ 'આનંદ'—સુખની લાગણી કરતાં કાંઇક જૂદીજ જાતનું તત્ત્વ—તે અનુભવે છે. એક નામર્દની પેઠે ઠંડે છાંયે બેસી રહેવાના 'સુખ'ની તુચ્છ ઇચ્છાને ધિક્કારી તથા દુઃખ પોતાનું ઉત્પન્ન કરેલું હોઇ તેના કરતાં પોતામાં વધારે શક્તિ છે એ વાતનું ભાન રાખી દુઃખના મૂળને ઉખેડી નાંખવાના પ્રયત્નમાં આનંદ માનતો જૈન—આખા જગતને પોતાના જેવા ઇશ્વરોથી ભરેલું માનતો ઉદાર દિલવાળો જૈન-ઐશ્વર્યનું ભાન ભૂલી ગયેલા સકળ જીવોને તે ભાન ફરીથી ઉત્પન્ન કરાવવામાં 'કર્ત્તવ્ય' માત્ર નહિ પણ 'આનંદ' માનતો જૈન—એ જૈનની જાહોજલાલી અને ઉચ્ચતા અને દીવ્યતા માટે જેટલું કહી શકાય તેટલું થોડું છે.

**અધઃપતન પછી પુનરૂત્થાન.**

વાચકો ! જૈનોના આપણે સંતાન છીએ. ખરૂં છે કે આપણામાં એ ગૌરવ હવે નહિવત્ રહ્યું છે. મનુષ્યોથી, રોગથી, દુઃખથી, કર્મથી આપણે બીતા-ભડકતા ફરીએ છીએ ક્ષત્રિય રાજાને બદલે શૂદ્ર ગુલામ જેવા રોતડ બની ગયા છીએ, જગતને તારવા-સુખી કરવાની ફરજ તો ક્યાં રહી પણ કરોડોની સંખ્યામાંથી રહેવા પામેલી થોડા લાખની આપણી પોતાની સંખ્યાને પણ આપણે સુખી-મજબુત અને આનંદી બનાવી શકયા નથી; એ શું આપણું અધઃપતન નથી ? પરતુ એક સાચો જૈન અધઃપતન માટે પણ અશ્રુ પાડવાને નવરો હોઇ શકે નહિ; જેટલા વેગથી તે અધઃપતન કરે છે તેટલાજ—બલ્કે તેથી વિશેષ વેગથી ઉત્થાન અને ઉચ્ચ ગમન તરફ પોતાની આત્મશક્તિને તે મોકલી આપે છે. તેર વર્ષ ઉપર ફલોધી મુકામે આપણે સકળ જૈનોએ એકઠા થઇને આરંભેલો ઉદ્યમ એ શું ઉત્થાનનું ચિન્હ નથી? આપણે શું થયેલી ભૂલ જોવા અને તે સુધારવાની શરૂઆત કરવા છેલ્લા ૧૪-૧૫ વર્ષથી ઉદ્યમ સેવ્યો નથી ? આપણે મધ્યરાત્રી પસાર કરી ચૂકયા છીએ અને આસ્તેઆસ્તે ઉષાની નજદીક આવી પુગ્યા છીએ.

**મંદગતિ.**

આપણે જેમ એકાંત નિરાશાવાદી (Pessimistic) થવું નથી જોઇતું તેમતેમ એકાંત આશાવાદી (Optimistic) એટલે કે જે કાંઇ થાય છે તે બધું સારૂંજ થાય છે એવા વિચારના પણ થવું નથી જોઇતું. એતો કબુલ કરવું પડશે કે જેટલા જોરથી આપણે કુચ કરવી જોઇતી હતી—એક પ્રબલ શક્તિવાન્ કોમના વંશજોને છાજતી જે ઝડપથી આપણે કુચ કરવી જોઇતી હતી—તેવી કુચ આપણે કરી શક્યા નથી. ફલોધી, મુંબઇ, વડોદરા, પાટણ, અમદાવાદ, ભાવનગર, પુના, મુલતાન, સુજાનગઢ-મુંબઇ એમ દશ સ્થળે આપણે આપણા ઉત્કર્ષ માટે એકઠા મળ્યા, વિચારો કર્યા, ઠરાવો કર્યા, ફંડો પણ કર્યાં. પરંતુ કાર્યની કિંમત એના ફળ ઉપરથી થવી જોઇએ એ ન્યાય જો સાચો હોય તો, અમારે કહેવું પડશે કે આપણે લીધેલા શ્રમ અને કરેલા ખર્ચના પ્રમાણમાં આપણે બહુ થોડા આગળ વધ્યા છીએ. આવા સંમેલનમાં, એટલા માટે, પહેલી જરૂર એ વાતની છે કે આપણે આપણી ધીમી પ્રગતિનાં કારણો શોધવાં અને ભવિષ્યમાં ત્વરિત પ્રગતિ કેમ થાય તેના રસ્તા શોધવા. સકળ હિંદના જૈન સંમેલનો થયાં છતાં તેની અઘટતી તારીફ કરવી એ જેમ અમને છાજે નહિ તેમ ખામીઓપર તટસ્થ તરીકે ટીકાજ કર્યા કરવી એ પણ અમને છાજે નહિ. જ્યારે ખરી વસ્તુસ્થિતિ ખુલ્લા શબ્દોમાં તમારી સમક્ષ કહી બતાવીને **ભવિષ્યનું માર્ગસૂચન** કરવું એજ યોગ્ય છે. **તંત્રી.**

# તંત્રીની નોંધ.

૧

**પ્રાકૃત ભાષાનો ઉદ્ધાર.**

પ્રાકૃત ભાષાના ઉદ્ધાર (Revival) ની જરૂર છે કારણ કે તે જૈનોની શાસ્ત્રભાષા છે તેથી તે સંબંધે તેની ઉત્પત્તિ, આગમોની ભાષા–તેની સાથે પ્રાકૃતનો સંબંધ, આગમો પછીના પ્રાકૃત ગ્રંથોની ભાષા, પછી સંસ્કૃત ગ્રંથોનો ઉદ્‌ભવ—તેનાં કારણ વગેરે તરફ શોધ ખોળની પૂરી આવશ્યકતા છે. તે શોધખોળ થયે ઘણો પ્રકાશ પાડી શકાશે એટલુંજ નહિ પણ પ્રાકૃતભાષાનો ઉદ્ધાર તેદ્વારા થઇ શકશે. ભાષા જે લોકો તે બોલે છે તેમનો સ્વભાવ અને બુદ્ધિનું આબાદ પ્રતિબિમ્બ ( embodiment ) છે. ભૂતકાળમાં સમાજ કેવી સ્થિતિમાં છે, હાલ કઇ સ્થિતિમાં છે અને રહેવા માગે છે અને ભવિષ્યમાં કેવી સ્થિતિમાં રહેવા નિર્માયલી છે તે સર્વ તે સમાજની ભાષાના સાવચેતી ભર્યા અભ્યાસથી જાણી શકાય છે. પ્રાકૃતભાષાના ઉદ્ધાર માટે સંસ્કૃત ભાષાનો ઉદ્ધાર પહેલો થવો જોઇએ કારણકે સામાન્યરીતે સંસ્કૃત પ્રાકૃતની માતૃભાષા ઘણાઓ ગણે છે–સ્વીકારે છે; અને તેમ કરવા આપણી હાઇસ્કૂલમાં ભણતા દરેક જૈન તેમજ હિંદુ વિદ્યાર્થીને સંસ્કૃત ભાષાનો અભ્યાસ ફરજીઆત રાખવો જોઇએ. આમ થશે તો તે વિદ્યાર્થીઓ કે જે

સ્કૂલમાંથી ભણી યુનિવર્સીટીની કૉલેજમાં ભણી ગ્રેજ્યુએટ થશે અને રાજ્યની ઉપયોગી જગ્યાઓ પૂરશે, તે સંસ્કૃતમાંથી પ્રાકૃતનો સંબંધ વિચારી સુગમતાથી તેનો પણ અભ્યાસ કરી શકશે; આથી સંસ્કૃત અને પ્રાકૃતમાંના શાસ્ત્રો, ગ્રંથો, ફિલસુફીઓથી જ્ઞાત થઇને આપણી પ્રાચીન સંસ્થાઓ અને આદર્શોપ્રત્યે આદરભાવ રાખશે અને સમસ્ત દેશને મહા લાભ આપી શકશે. કેટલાક એમ કહે છે કે સંસ્કૃત અને પ્રાકૃત મૃત ભાષાઓ છે; પણ ખરી રીતે મૃતભાષાઓ તો તે ગણી શકાય કે જેનો ઉત્તમ પ્રયત્નોથી ઉદ્ધાર અશક્ય હોય. તે બંને ભાષાઓ ગંભીર પ્રયત્નો કર્યા પછી ઉદ્ધારી ન શકાય એ માનવું યોગ્ય નથી, આ પર આપણી પાઠશાળાઓ ખરેખરો ધડો લઇ કંઇ કરી બતાવે તો ભાષાના ઉદ્ધાર સાથે તેમની સરલતા ગણાય.

અમોને જણાવતાં આનંદ થાય છે કે પવિત્ર કાશીમાં જૈન વિવિધ સાહિત્યશાસ્ત્રમાલા (અંગ્રેજી કોરી) નીકલી છે અને તેણે પ્રાકૃત ગ્રંથ નામે 'સુરસુંદરી ચરિયમ્' વિસ્તૃત પ્રસ્તાવના સહિત બહાર પાડેલો છે. હાલ 'હરિભદ્રસૂરિ' એ નામનો સંસ્કૃતમાં નિબંધ પુસ્તકાકારે છપાય છે. શેઠ દેવચંદ લાલભાઇ જૈન પુસ્તકોદ્ધાર ફંડ તરફથી છપાએલ શ્રીમાન્ હરિભદ્રસૂરિકૃત શાસ્ત્રવાર્તાસમુચ્ચય પંડિત હરગોવિન્દદાસથી સંશોધિત થઇને છપાયેલ છે તેની અંદર ઉક્ત નિબંધ મૂકવા માટે તેજ પંડિત મહાશયે લખ્યો હતો, પણ કેટલાક સંયોગોને લીધે તે વખતે તેની અંદર આપવાનું મુલતવી રહ્યું હતું તે હમણાં ઘણા વખત પછી અલગ છપાવવાનું ઉક્ત શાસ્ત્રમાલાએ ઉચિત ધાર્યું છે તે માટે તેમને અમે ધન્યવાદ આપીએ છીએ. બીજું મોટું પુસ્તક હાલમાં '**सुपासनाह चरिअ**' તેણે હાથમાં લીધું છે. તે પરમાર્હત કુમારપાલ રાજાના રાજ્યમાં રચાયેલું છે અને તેના કર્તા લક્ષ્મણગણિ છે કે જેઓ પોતાને મલધારી હેમચંદ્રાચાર્યના શિષ્ય તરીકે ઓળખાવે છે. ગ્રંથ મોટો પણ પ્રાકૃતના સાહિત્ય માટે ઘણો સારો પ્રકાશ પાડે તેવો છે અને તેથી તેની સંસ્કૃત છાયા સાથેજ તેને છપાવવા યોગ્ય ધારેલ છે તે જાણી વિશેષ પ્રમોદ થાય છે. આની પ્રેસ કોપી તૈયાર થઇ જવા આવી છે. હાલતો આ બે પુસ્તકોનું કામ ઉક્ત શાસ્ત્ર-માલામાં ચાલે છે, પણ અમોને જણાવવામાં આવે છે કે બનતાં સુધી ઉક્ત શાસ્ત્રમાલાનો ઉદ્દેશ પ્રાકૃત ભાષાના સાહિત્યને અગ્રસ્થાન આપવાનો છે, અને તેથી તે ભાષાના મળી આવતા પ્રાચીન ગ્રંથો તેમાં મુખ્યત્વે કરી બહાર પડશે. તેના સંચાલકો તેવા ગ્રંથોની શોધમાં છે અને એવું ઇચ્છે છે કે કોઇ સજ્જન મહાશયના ધ્યાનમાં તેવો કોઇ નાનો કે મોટો પ્રાકૃત ગ્રંથ હોય અને તે છાપવા લાયક જણાતો હોય તથા તેનાં પ્રાચીન મેનસ-ક્રિપ્ટસ (પ્રતિઓ) સુલભ હોય તો તે લખી જણાવવા કૃપા કરશે કે જેથી તે માટે ગોઠ-વણ કરી શકાય.

આ શાસ્ત્રમાલામાંના એક સંચાલક પંડિત હરગોવિન્દદાસે પોતાની વિદ્વત્તા, કાર્યદક્ષતા અને શ્રમશીલતા સિદ્ધ કરી છે અને તેવા એક પંડિત રત્નને પ્રાપ્ત કરવાને જૈન સમાજ ભાગ્યશાલી નિવડી છે તે માટે અમે જૈન સમાજને મુબારકબાદી આપીએ છીએ. તેમણે વિજયધર્મ સૂરિના હસ્ત નીચે રહી યશોવિજય ગ્રંથમાલામાંના, વિશેષાવશ્યકાદિ અનેક મહાન્ ઉપકારક ગ્રંથો સંશોધિત કરી સુપ્રતિષ્ઠા મેળવી છે અને પ્રાકૃત સાહિત્યમાં તેમણે તથા તેમના સહાધ્યાયી પંડિત બહેચરદાસે (કે જેના સંબંધમાં અમે પાછળ લખી

નામમાલાની સમાલોચના લેતાં કંઇક લખી ગયા છીએ ) એટલી બધી નિષ્ણાતતા-હસ્ત સિદ્ધતા મેળવી છે કે પ્રાકૃત કોષ કરવામાં તેઓ અદ્ભુત રીતે મહાન્ સેવા બજાવી શકે તેમ છે. વિશેષમાં અમને અત્યંત હર્ષ થવાનું કારણ એ છે કે પંડિત હરગોવિન્દદાસ સાહિત્ય તરફના અનુરાગને લીધે મન્દમન્દ પ્રવૃત્તિ યથોદય કર્યા કરે છે એટલુંજ નહિ પણ હાલમાં ખાસ કરીને બચતા અવકાશમાં પ્રાકૃત-કોષ તૈયાર કરે છે. કાર્ય ઘણું મોટું પણ આવશ્યક છે. પહેલાં હજુ શબ્દો એકત્રિત કરે છે, સામગ્રી બધી નહિતો ઘણી મેળવી લીધી છે અને બીજી મેળવતા જાય છે. જૈન ગ્રંથોમાંથી પ્રાકૃત શબ્દો લેવાના છે એટલુંજ નહિ પણ અન્ય જૈનેતર ગ્રંથોમાંથી પણ પ્રાકૃત શબ્દો એકત્રિત કરી એક સપ્રમાણ સર્વ દેશીય કોષ બનાવવાના છે. આથી જૈનોને તેમજ અન્યને પણ તે ગ્રંથ તેટલોજ ઉપયોગી થશે અને વ્યાપક બનશે. આમ પ્રાકૃતભાષાનો ઉદ્ધાર કરવાની જરૂર સમજાઇ છે એટલુંજ નહિ પણ તે ઉદ્ધારનાં ચોક્કસ અને કાર્યકર પગલાં સતેજ લેવામાં આવે છે.

૨

**અંગ્રેજી ભાષામાં જૈનધર્મ—**

જૈનધર્મ અને દર્શનની ખુબીઓ જ્યાં સુધી અંગ્રેજી ભાષા કે જે આપણી રાજભાષામાં છે તેમાં બહાર પાડી આપણે જગત્ સંમુખ નહિ મૂકીએ ત્યાં સુધી જૈન દર્શન સંબંધે અજાણપણું રહેશે અને અનેક ગેરસમજૂતિઓ ઉભી થશે. અત્યાર સુધીમાં બહુજ લૂલો લંગડો પ્રયાસ આ દિશાએ થયો છે; જર્મન પ્રોફેસર જેકોબીએ આચારાંગ, ઉત્તરાધ્યયન, કલ્પસૂત્ર અને સૂત્રકૃતાંગ એ ચાર સૂત્રોનું અંગ્રેજીમાં ભાષાંતર કર્યું એથી આ દિશામાં પ્રારંભ થયો. લંડનમાં જૈન લિટરેચર સોસાયટી સ્થપાઇ. સ્વર્ગસ્થ વીરચંદ રાઘવજીનાં ભાષણો-લખાણો પ્રસિદ્ધ થયાં. રા. લઠ્ઠે, રા. બરોડીઆએ, રા. ઝવેરીએ અને શ્રીયુત જૈનીએ એક એક પુસ્તક બહાર પાડયું. આરાહમાં શ્રીયુત દેવેન્દ્રકુમાર જૈને ધી સેંટ્રલ જૈન પબ્લીશીંગ હાઉસ સ્થાપી જુદી જુદી સીરીઝ બહાર પાડવાનું ઉપાડી લીધું, જૈન લીટરેચર સોસાયટીના સેક્રેટરી મી. હર્બર્ટ વૉરને જૈનધર્મ પર પુસ્તક બહાર પાડયું, અને બીજાં પ્રામાણિક ગ્રંથોનાં ભાષાંતર ઓરીએન્ટલ સ્કૉલરો પાસે કરાવવાનું તે સોસાયટીને સોંપવામાં આવ્યું,

હમણાં સ્થપાયેલી મહાવીર જૈન વિદ્યાલય નામની સંસ્થાએ સ્યાદ્વાદમંજરી નોટ્સ સહિત તૈયાર કરવા માટે પાંચસેં રૂપીઆનું ઇનામ આપવા માટે ઠરાવ કર્યો છે. પણ તે પુસ્તક મુંબઇ સરકારે પ્રથમ સ્વ. પ્રોફેસર મણિલાલ નભુભાઈ દ્વિવેદીને અને તેમના મૃત્યુ બાદ પ્રોફેસર આનંદશંકર બાપુભાઇ ધ્રુવને તૈયાર કરવાનું સોંપ્યું હતું અને અમોને ખબર મળી તે પ્રમાણે પ્રો. ધ્રુવે તે પુસ્તક તૈયાર કરી મુંબઇ સરકારને આપી દીધું છે. આ સંબંધમાં તપાસ કરી તે પુસ્તક જલદી બહાર પડે એવો પ્રયાસ થવાની જરૂર છે, મહાવીર જૈન વિદ્યાલય હવે બીજું પુસ્તક તૈયાર કરાવવા લક્ષમાં લેશે.

રાજકોટ સ્થપાયેલ મહાવીર સોસાયટી એ જૈનધર્મની સુંદરતાઓ (Beawtiesof Jainism) એ વિષયપર અંગ્રેજીમાં ઇનામી નિબંધ માગ્યા છે તે માગણી અનુસાર અત્યાર સુધીમાં પાંચ સજ્જનો તરફથી નિબંધ લખાઇ આવ્યા છે તે પરીક્ષકો તપાસે છે.

આમ ટૂંક રૂપરેખા કરી હવે કયાં પુસ્તકો અંગ્રેજીમાં ભાષાંતર કરવા યોગ્ય છે તે પર

આવીશું. અમારા મત પ્રમાણે શ્રીમાન્ હરિભદ્રસૂરિને પ્રથમ પદ આપવા યોગ્ય છે. તેમનાં શાસ્ત્ર વાર્ત્તા સમુચ્ચય, અનેકાન્ત જયપતાકા, ષડ્દર્શન સમુચ્ચય, ધર્મ સંગ્રહિણી ખાસ ભાષાંતર કરવા લાયક છે. ત્યારપછી સિદ્ધસેન દિવાકરનું સમ્મતિતર્ક ભૂલવાનું નથી. તે સિવાય સૌથી પ્રથમ પદ જેને આપવું યોગ્ય છે તે ઉમાસ્વાતિનું તત્ત્વાર્થ સૂત્ર છે, કારણકે તે જૈનદર્શનનો કોષ છે. તેનું જર્મન ભાષામાં ભાષાંતર થયું છે પણ અંગ્રેજીમાં થયું નથી. તેનું ભાષાંતર નોટ્સ વિવેચન, સમજૂતિ અને સર્વ પ્રકારની માહિતી સાથે થાય તો જૈનદર્શનનો ખાસ વ્યાપક ખ્યાલ આવી શકે તેમ છે. આ સાથે પ્રાચીન અને નિત્ય છ કર્મગ્રંથ, અનેકાન્ત વાદ પ્રવેશ, દ્રવ્યાનુયોગતર્કણાની ભલામણ કરીએ છીએ. દિગંબર ભાઇઓએ કુંદકુંદાચાર્યનાં ગ્રંથ ત્રયનાં ભાષાંતર કરવા માટે બધું લક્ષ આપવાનું છે.

૩.

**ઈ૦ સ૦ પૂર્વે ચોથા સૈકામાં મૂર્ત્તિપૂજા**—હતી તેની અચૂક અને અસંગ્દિધ ખાત્રી શિલાલેખના અભ્યાસથી મળી આવે છે. હમણાં આપણા ગૂર્જર સાક્ષર રત્ન શ્રીયુત કેશવલાલ હર્ષદરાય ધ્રુવે 'સાચૂં સ્વપ્ન' એ નામનું ભાસ કવિકૃત 'સ્વપ્નવાસવદત્ત'નું ગૂજરાતી ભાષાંતર રચી બહાર પાડયું છે તેમાં એક પ્રતિભાશાલી ઉપોદ્‌ઘાત કર્યો છે. તેનું મથાળું આદિશુંગ પુષ્ય મિત્ર છે–તેમાં જૈન મહારાજા ખારવેલનો ઉલ્લેખ છે તે અમો જાન્યુઆરીના અંકમાં આપી ગયા છીએ–તેમાં જણાવેલું છે કે "આદિ તીર્થંકર ઋષભદેવની મૂર્તિ નંદરાજા ઉપાડી ગયો હતો, તે આ સવારીમાં પાટલીપુત્રથી રાજગૃહ પાછી આણી જૈન વિજેતાએ (ખારવેલે) નવા ભવ્ય પ્રાસાદમાં ભારે ઉત્સવ સમારંભથી તેની સ્થાપના કરી...... ખારવેલ યુદ્ધ વીરની સાથે દાનવીર અને ધર્મવીર પણ હતો. તેણે અપૂર્વ હસ્તિદાનથી રાજગૃહમાં ઋષભદેવ ભગવાનની પ્રતિષ્ઠાનો ઉત્સવ ઉજવ્યો હતો," આના સમર્થનમાં ફુટનોટમાં ઉદયગિરિની હસ્તિ ગુફાના શિલા લેખમાંનો એક ભાગ આ પ્રમાણે મૂકયો છેઃ—**बारसमं च बसं...सहस......हि वितासयंतो उतरापधराजानो......मगधानं च विपुलं भयं जनेंतो हथिसथं गंगायं पाययति । मगधं च राजानं बहु पटि सासिता पादे वंदापयति । नंदराजनितस अगजिनस......राजगहे रतनपडि हारेहि अ मगधे वसितु नयरिं......विजाधरु लेखि अंबरानि सिहरानि निवेसयति । सतवस दान परिहारेन अभतमकारियं हथिनं दानपडिहारं......आहारापयति । इध सतस......उतरापथवासिनो वसि करोति ।** અહીં ડૉ. ભગવાનલાલના પાઠ **जने तो, हथिस, मगधं, वंदापयति, परिहार हि, वसितु, विजाघरुलेखिलंबरानि** અને **आहरापयति** છે.

આ લેખ મેળવી ઉકેલવાનું પ્રથમ માન ગૂજરાતી પંડિત સ્વ૦ ભગવાનલાલ ઇંદ્રજીને ઘટે છે. તે લેખ યૂરોપના એક જર્નલમાં છપાયો હતો, ને પછી તે મેળવી તેનું ગૂજરાતી ભાષાંતર બહાર પાડવાનું માન સાક્ષર મુનિ મહારાજ શ્રીજિનવિજયજીને ઘટે છે. (જુઓ આત્માનંદપ્રકાશના આ એક વર્ષના અંકો)

આ રીતે પૂરવાર થાય છે કે મગધના નંદરાજાએ અગ્ર જિન–ઋષભદેવની મૂર્તિ એક સ્થળેથી બીજે સ્થળે પ્રતિષ્ઠીત કરી, તો નંદરાજા કે જે ઈ૦ સ૦ પૂર્વે ચોથા સૈકામાં થઇ ગયા તેના સમયમાં જૈનોમાં મૂર્તિપૂજા હતી એટલુંજ નહિ પરંતુ તે પૂર્વે ઘણા વખત થયાં ચાલતી આવી હોવી જોઇએ. ખારવેલે તે મૂર્તિ પાછી લઇ આવી પ્રતિષ્ઠિત કરી તો

તેના સમયમાં-ઇ० સ० પૂર્વે બીજા સૈકામાં મૂર્તિપૂજા હતી એ કહેવાની જરૂરજ રહેતી નથી. 'ખારવેલે ગાદીએ આવ્યાને બીજે વરસે વિદર્ભ અને મહારાષ્ટ્રમાં જૈનધર્મના પ્રસારના ઉપાય લીધા હતા' એ વાત પણ તેજ લેખમાંથી સિદ્ધ થાય છે. આ પરથી જૈન ધર્મનું જોર ઇ० સ० પૂર્વ જેટલા પ્રાચીન સમયમાં કેટલું જબરૂં હતું તે કળી શકાય છે.

૪

**આયુર્વેદિક ઔષધાલય ( દવાશાળા )**—અફસોસની વાત છે કે પશ્ચિમ સાથેના સંબંધથી આપણી પ્રકૃતિને અનુકુળ એવી આયુર્વેદિક દવાઓને તિલાંજલી આપી છે—તેને 'બૉયકોટ' કરી છે અને આપણી પ્રકૃતિને પ્રતિકૂળ એવી વિદેશી દવાઓએ આપણા શરીરમાં ઘર ઘાલીને તેની વ્યવસ્થા બગાડી નાંખી છે. જૈન શ્રીમંતો નવી નવી ઇસ્પીતાલો કરવા માટે હજારો રૂપીઆનું દાન કરે છે પણ તેમને માલૂમ તો હશે કે તે ઇસ્પીતાલોમાં ટીંકચર-સ્પીરિટ વગેરે કેટલી ધર્મથીજ તેમજ આપણા દેશમાં ઉછરેલી આપણી પ્રકૃતિથી પણ વિરૂદ્ધ દવાઓ છૂટથી વપરાય છે એટલુંજ નહિ પરંતુ તે જબરી ખર્ચાળ પણ છે અને તેથી લાભ જોઇએ તેવો અને જોઇએ તેટલો લેવાતો નથી. સામાન્ય રીતે જે મનુષ્ય જે ગામની આબો હવાથી ઉછર્યો હોય તેજ આબો હવામાં ઉગેલી વનસ્પતિની ઔષધી અદ્ભુત ગુણ કરે છે.

પુનામાં હમણાંજ આયુર્વેદિક સંમેલન ભરવામાં આવ્યું હતું, તેમાં મહાશય તિલકે એવા ઠરાવને પુષ્ટી આપી હતી કે દરેક મ્યુનિસીપાલીટીએ પોતાની હકુમતમાં એક આયુર્વેદિક ઔષધાલય સ્થાપી લોકોને તેનો લાભ આપવો ઘટે છે. ભારતમાં હવે રાષ્ટ્રીય ચેતન આવ્યું છે તેથી આપણા દેશના ઔષધશાસ્ત્રનો ઉદ્ધાર કરવા સ્થલે સ્થલે સંમેલન ભરાય છે. ઉપરોક્ત પુનાના સંમેલનમાં આયુર્વેદિક સ્કૂલ (શાળા) કાઢવાના, આયુર્વેદપરનાં પ્રાચીન પુસ્તકો પ્રકટ કરવા, તેનાં ભાષાંતર દેશી ભાષામાં બહાર પાડવા, પ્રયોગોમાં તથા કેટલીક ઔષધની બાબતોમાં વિરોધ હોય તે પ્રવીણ વૈદ્યોને હાથે દૂર કરાવવા અને દેશી તથા વિદેશી વૈદક પદ્ધતિઓની તુલનાથી તેનો અભ્યાસ કરવા માટે ઉત્તેજન આપવાના ઠરાવ કરવામાં આવ્યા છે.

મદ્રાસમાં સી. કજન અને સી. રામાનુજ ચેટીઅર નામના બે શ્રીમંતોએ ઘણું દ્રવ્ય ખર્ચી જાહેરલાભ માટે એક મોટી, સર્વ જાતનાં દેશી ઓસડો અને સાધનો વાળી આયુર્વેદિક ડિસ્પેન્સરી ( દવાશાળા ) સ્થાપી છે; આયુષ્ એટલે જીવનને જાણનારૂં-પરખી સાજું કરનારૂં આપણું શાસ્ત્ર અસંખ્ય વર્ષોથી ટકી રહ્યું છે તેમાં મુખ્યત્વે વનસ્પતિ અને ધાતુમાંથી બનાવેલાં ઓસડો વપરાય છે. યુવાનીનો પણ તેમાં સમાવેશ થાય છે કે જે મુસલમાન બંધુઓના હાથે તેમના સંસર્ગમાં દેશ આવ્યો ત્યારથી વિકસિત થયેલ છે.

આપણા જતિઓ વૈદકશાસ્ત્રમાં એટલા બધા નિપુણ હતા કે તેમની પ્રસિદ્ધિ તેથી ઘણી થઇ હતી. દુર્ભાગ્યે કુશલ વૈદ્યો નાશ પામ્યા છે અને અગાઉના કુશલ વૈદ્યો પાસે જે જે શાસ્ત્રો હતા અને અનુભવ હતા તે તે લુપ્ત થયા છે છતાં પણ હજુ ઘણું રહ્યું છે. સવેળા ચેતાય તો ઘણું ખોવાયેલું મળી શકે તેમ છે. પૂર્વના જતિઓના હાલના સંતાનો વૈદકશાસ્ત્રનું સાહિત્ય બહાર પાડે તો કેટલો બધો લાભ મળી શકે ?

ઓપરેશનાદિ શસ્ત્રક્રિયામાં આપણું વૈદ્યક પાછળ છે એથી તે માટે વિદેશી વૈદ્યો-ડાક્ટરોનો આશ્રય લીધા વગર છૂટકો નથી, પરંતુ તે સિવાય બીજાં ઘણાં દરદોમાં આયુર્વે-

દનો ઉપયોગ છૂટથી કરવા યોગ્ય છે અને તેટલા માટે જૈનો કે જે અહિંસા પરમોધર્મના સૂત્રને ખાસ પાળનારા છે અને મુખ્ય ભાગે વણિક છે તેને તો એ આવશ્યક અને અર્થની નજરે તેમજ લાભની નજરે નફો આપનારૂં છે કે દેશી દવાનો પ્રયોગ કરવો. દેશીવૈદ્યોને ઉપજાવવા, વનસ્પતિમાંથી બનાવેલાં નવાં નવાં ઓસડોનો સંગ્રહ કરાવવો, તે માટેની દવા શાળાઓ સ્થાપવી અને જાહેર લાભ માટે ખૂલી મૂકવી.

આપણા સાધુઓ જ્યાં જ્યાં વિહાર કરે ત્યાં તેમણે દેશી દવાશાળાને માટે ઉપદેશ આપવો ઘટે છે. આથી સોંઘા ખર્ચમાં ઘણો લાભ આપી શકાય છે,

દેશી રાજયો આ સંબંધમાં ઘણું કરી શકે તેમ છે; જાણી આનંદ થાય છે કે વૈદ્યશાસ્ત્રી જીવરામ કાલીદાસે ગોંડલમાં રસશાળા ઔષધાશ્રમ કાઢયું છે તેને પંદર વર્ષ થયાં છે. હાલમાં તેને મોટા પાયાપર લઇ જવા માટે રાજ્યાશ્રય સેવવામાં આવ્યો છે ને સર ભગવતસિંહજી આયુર્વેદિક વિદ્યાલય ફંડ ઉઘાડયું છે. આ વિદ્યાલય અનેકને દેશી વૈદ્યકશાસ્ત્ર શિખવશે અને તે માટે શિક્ષણક્રમ વગેરે સર્વ ગોઠવવામાં આવ્યું છે. અમો આ સંસ્થાનો વિજય ઇચ્છીએ છીએ.

# માસિક સમાલોચના.

**આત્માનંદ પ્રકાશ:**—પુ. ૧૪ અંક ૭ માઘ વીરાત્ ૨૪૪૩. આ માસિક ભાવનગરની આત્માનંદ સભાનું વાજિંત્ર છે અને તેના તરફથી લગભગ ૧૪ વર્ષ થયાં ચાલે છે. છેલ્લાં એક બે વર્ષથી કષાયસ્વરૂપ, મિથ્યાત્વસ્વરૂપ, કર્મમીમાંસા, ચારિત્રગઠન, વગેરે રા. અધ્યાયીના તેમજ અન્ય લેખકના જૈન ફિલસુફી સમજાવનારા ઉત્તમ લેખો આવે છે. એક નવીન અને ઉપયોગી તત્ત્વ વિદ્વાન્ મુનિ મહારાજ શ્રી જિનવિજયજીની પ્રેરણાથી દાખલ થયેલું છે તે 'જૈન ઐતિહાસિક સાહિત્ય' છે. તે મથાળા નીચે એક પછી એક ઘણી રસપ્રદ અને જાણવા જેવી બાબતો આવે છે એથી અમને ઘણો સંતોષ થાય છે. આ અંકમાં ખંડિત મળી આવેલ જ્ઞાનવિમલ સૂરિ-નિર્વાણરાસ આપેલ છે. તે પરથી જે કંઇ નવીન પ્રાપ્ત થાય છે તે એ છે કે તેમના ગુરૂ કવિ ધીરવિમલ ઓસવંશીય ભિન્નમાલના મૂલ રહીશ હતા. તેમનો જન્મ સં. ૧૬૯૪માં થયો હતો. તેમના પિતાનું નામ સાહ વાસા, અને માતાનું નામ કનકા હતું. ગોત્ર વાસવ અને મૂલનામ નાથુ. તેમની પાસે નયવિમલે સં. ૧૭૦૨માં દીક્ષા લીધી હતી. નયવિમલે શાસ્ત્રાભ્યાસ કરી અમૃતવિમલ કવિ પાસે કાવ્ય તર્કન્યાયની શિક્ષા લીધી હતી. વિજયપ્રભસૂરિએ સં. ૧૭૨૭ મહા શુદ ૧૦ ને દિને નયવિમલને ઘાણોરા નગરમાં પંડિતપદ આપ્યું હતું. ધીરવિમલ ગુરૂ સં. ૧૭૩૯માં સ્વર્ગસ્થ થયા. નયવિમલે અનેક શિષ્યને વિજયપ્રભસૂરિ પાસે દીક્ષા દેવરાવી, અને તે ગચ્છપતિની આજ્ઞામાં રહ્યા. સં. ૧૭૪૭માં ફાગણ શુદિ પાંચમે પાટણ આવી ક્રિયોદ્ધાર કર્યો. તે વખતે મુનિમાં શિથિલાચાર દેખાતો હતો. ત્યાં કેટલાક ગીતાર્થ મુનિઓએ મળી વિચાર્યું કે નયવિમલ કવિ સૂરિપદને યોગ્ય છે. સં. *૧૭૪૮ની ફાગણ શુદ પાંચમને

* આનંદ કેવલીરાસ ( જ્ઞાનવિમલસૂરિકૃત )ની પ્રશસ્તિમાં સૂરિપદનું વર્ષ સં. ૧૭૪૯ આપ્યું છે.

ગુરૂવારે પાટણ પાસે સાંડેરા ( કે જે પરથી સાંડેરક ગચ્છ થયો છે ) ગામમાં મહિસાગર સૂરિથી ઉપસંપદાએ સૂરિમંત્ર ગ્રહી નયવિમલનું જ્ઞાનવિમલ સૂરિ એ નામ સ્થાપિત થયું. સૂરિ મહોત્સવ પારેખ નાગજીએ કર્યો. ( ત્યારપછી ૨૧ કડીઓ મળતી નથી. અમારા સાંભળવા પ્રમાણે આ રાસની પ્રત અમદાવાદમાં વંન્યાસ શ્રી ગુલાબવિજયજી પાસે છે, તો તેઓની પાસે વિનતી કરવામાં આવશે તો આપવાની કૃપા કરશે એમ અમે આશા રાખીએ છીએ.) સ્વર્ગવાસ ખંભાતમાં વિજયપ્રભસૂરિના રાજ્યમાં થયો. આ નિર્વાણ રાસ એમના શિષ્યેજ રચ્યો છે એટલે વિશ્વસનીય છે.

બીજો લેખ ચારિત્ર ગહન ગતાંકના અનુસંધાનમાં છે. બીજા લેખો સામાન્ય છે. ઉ. ત્તમ લેખકો હસ્તે ઉત્તમ લેખો મેળવવાનો પ્રયત્ન સેવવામાં આવશે તો માસિક ભવ્ય બનશે.

**બુદ્ધિપ્રભા**—અક્ટો૦ થી ડીસેંબર ૧૯૧૬નો સામટો અંક હમણાં બહાર પડયો છે. આમાં પ્રશ્ન વ્યાકરણ નામના આપણા એક પવિત્ર આગમ સંબંધી પ્રોફે૦ સતીશચંદ્રનો વિસ્તૃત અંગ્રેજી લેખનો અનુવાદિત લેખ રા. મોહનલાલ દલીચંદ દેશાઇનો ગત કૉન્ફરન્સ વખતે બહાર પડેલા બુદ્ધિપ્રભાના અંકથી શરૂ થઇ પૂર્ણ થાય છે તે ખાસ મનન કરવા યોગ્ય છે. એવીજ રીતે દરેક સૂત્ર અને આગમ પર આચાર્યશ્રી બુધ્દિસાગરજી કે આગમોદય સમિતિના ખરા કાર્યસંચાલક મુનિશ્રીઓ લખે તો કેટલું બધું અજવાળું સૂત્રસાહિત્યપર પડી શકે ! હર્બર્ટ સ્પેન્સરની અજ્ઞેય મીમાંસા એ નામનો અપૂર્ણ લેખ એ હીંદી માસિક સરસ્વતીમાં આવેલા એક લેખનો અનુવાદ છે એમ અમારી યાદ પ્રમાણે અમારૂં માનવું છે. તે લેખ વિચારવા યોગ્ય છે. વિશેષ નવીન હકીકતમાં ગૂજરાતી ભેટ તરીકે 'પાટણની પ્રભુતા' નામના બહાર પડેલા પુસ્તક સંબંધી અમોએ ચર્ચા ઉઠાવી હતી તેના સંબંધમાં અમુક ગૃહસ્થને કર્ત્તા પાસેથી ખુલાસો મેળવવાનો હતો—જે કર્ત્તા તરફથી લખાઇ ગયો હતો કે જેની નકલ પણ અમારી પાસે છે, પણ કોણ જાણે કયા કારણથી તે બહાર પાડવામાં વિલંબ થયો છે—વિલંબ એટલો બધો કે હવે તે બહાર પડે કે નહિ તેમાં મોટો સવાલ છે. જ્યાંસુધી તેમાં કર્ત્તા અથવા પ્રકટકર્ત્તાની સંમતિ ન મળે ત્યાં સુધી અમારી પાસેની નકલનો ઉપયોગ થઇ શકે તેમ નથી. જ્યારે આ પત્રમાં તેના સંબધીનું પ્રકટકર્ત્તાનું વ્યકતવ્ય એક પત્રરૂપે દર્શન દેછે. તેમાં યતિ અને મહેરામણજીની ચર્ચા સંબંધે પણ કહેવામાં આવ્યું છે. અમે તે પત્ર એમનો એમ ઉતારી મૂકીએ છીએઃ—

ગૂજરાતીના પ્રકાશક અને તંત્રી રા. મણિલાલ ઇચ્છારામ મહેતા લખે છે કે:—

" પાટણની પ્રભુતાના સંબંધમાં આપે ધ્યાન ખેંચ્યું તેથી આભાર થયો. + + મારા સ્વર્ગસ્થ પિતાશ્રીએ દેશ સેવા કરી શકાય એ હેતુથી ગુજરાતીની ભેટ તરીકે પ્રતિવર્ષે ઐતિહાસિક નવલકથા આપવાનો ઠરાવ કર્યો કે જેથી પ્રાચિન ઇતિહાસનું લોકોને ભાન થાય—જાગૃતિ થાય. ગુજરાતિઓના સંબંધમાં ઐતિહાસિક દૃષ્ટિએ અને જાતિય ભાવનાની દૃષ્ટિયે ઘણો હલકો અભિપ્રાય છે; ગુજરાતીઓની સારી બાજુ દર્શાવવાને 'પાટણની પ્રભુતા ' લખાઇ, તેમાં કોઇ પણ ધર્મ વિરૂદ્ધ કે કોઇ વિરુદ્ધ કંઇ પણ લખાય તેની ખાસ સંભાળ રખાઇ હતી, છતાં તમારા કહેવા પ્રમાણે જૈન કોમમાં બહુ ખળભળાટ થયો છે એ જાણી મને દિલગીરી થાય છે. 'પાટણની પ્રભુતા'માં જૈન ધર્મના કયા

સૂત્રનું ખંડન કર્યું છે તે મને જણાતું નથી. જૈન ધર્મની કોઇ પાત્રે નિંદા કરી નથી. પાત્રો જૈન છે. અને તેજ જો વાંધા પડતું હોય તો તે એક આશ્ચર્યકારક ઘટના છે. એ રીતે મુસલમાનો બીજી નવલ કથાઓના સંબંધમાં પણ વાંધો શા માટે કાઢી ન શકે? આમ જો વાંધો કાઢવામાં આવે તો દેશસેવામાં ઐતિહાસિક જાગૃતિનું કાર્ય નિર્વિઘ્ને થઇ શકે ખરૂં? એક કે બે પાત્રો જૈન, મુસલમાન, ખ્રીસ્તી કે વૈશ્નવ કે શૈવ હોય અને તેને હાથે ધારો કે કોઇ ઇષ્ટ કે અનિષ્ટ કાર્યો થાય, તો શું તેથી એક આ ધર્મ કે આખી કોમનું અપમાન કરવાનો હેતુ રાખ્યો છે એમ આક્ષેપ મૂકવો વ્યાજબી છે? જ્યારે પાટણની પ્રભુતા મેં સાદ્યંત વાંચી ત્યારે પ્રથમ તો મારા મનમાં જૈનોની પ્રભુતાનું ચિત્ર છે એવો ભાવ આવ્યો હતો અને હજીપણ હું તેમજ માનું છું. માત્ર દીલગીરી એટલી જ છે કે જૈનોમાંના કેટલાક swallow makes a summer એ કહેવત સત્ય માને છે.

'વીસમી સદી' માં પ્રગટ થએલા લેખમાં મારા સ્વર્ગસ્થ પિતાએ પોતાનો સંશય દર્શાવેલો છે તે છતાં જૈન પત્રના અંકમાં આપે તેમની પર આક્ષેપ કર્યો છે. કદાચ આપના લક્ષમાં તે ન હોય. મારા સ્વર્ગસ્થ પિતાની પાસે ભાટો, ચારણો, કથાનકો વિગેરે આવતા; તેઓ જે વાતો કહેતા તેનો તેઓ ઉતારો કરતા; તેવી વાતોમાંની એકનો આ વાત માત્ર ઉતારો છે. એ વાતનો ઉપયોગ સત્યમાન કરવો હોય તો પ્રવિણસાગરમાં કહી શકાતે.

મારે પુનઃ કહેવાની જરૂર નથી કે જૈન ભાઇઓને માટે કોઇપણ રીતે હલકા પાડવાની લેખકની તેમ જ મારી વૃત્તિ હતી જ નહિ અને હશે પણ નહિ. બ્રાહ્મણ વૈશ્ય કે જૈન કોઇ પણ હો, ગુજરાતી પત્ર ઐતિહાસિક દૃષ્ટિએ પ્રાચીન વસ્તુની યાદ આપી ગુજરાતીઓને રાજદ્વારી ઉન્નતિજ ઇચ્છે છે."

આટલો ખુલાસો જૈનસમાજને સંતોષકારક નિવડશે કે કેમ તે અમારા વાચક વર્ગ ઉપર મૂકીએ છીએ.

**જૈનરીવ્યુ**—આનો અકટોબર અને નવેંબર ૧૯૧૬ નો સામટો અંક હમણાજ બહાર પડયો છે અને તેની નકલ અમને રિવ્યુ લેવા માટે પૂરી પાડવામાં આવી છે. આ માસિક માટે એવી ફરિયાદ કોઇ તરફથી કરવામાં આવી છે કે અમુક ઉપર આક્ષેપો મૂકવામાં આવ્યા છે. ગમે તેમ હો તેનો ન્યાય કરવાનું અમો કોર્ટ ન હોવાથી અમારા હાથમાં નથી. પરંતુ એટલું તો જણાવવું પડશે કે તે અનિયમિત ઘણું છે. વળી તેમાં એક બે વખત બે જાતની નોંધ આવી હતી તેથી બે અધિપતિઓ (સંપાદકો) હોય એમ લાગે છે. એક તો મુખપૃષ્ઠ પર જણાવ્યા પ્રમાણે રા. ધરમચંદ પરશોતમ શાહ ગોધાવીવાળા છે કે જેણે મુંબઇના દૈનિક પત્રના રીપોર્ટર તરીકે અનુભવ લીધેલો છે અને જે હાલ પણ એક પારસી પત્રમાં રિપોર્ટર છે- રિપોર્ટર તરીકે આ એડિટરે જૈન એસોસીએશન ઑફ ઇંડિયાનો તા. ૧૩ મી ફેબ્રુઆરી ૧૯૧૭ ને દિને જે વાર્ષિક મેળાવડો થયો હતો તે આ અકટોબર અને નવેંબર ૧૯૧૬ ના અંકમાં નીચેનો પ્રમાણે જે રિપોર્ટ લીધો છે તે રમુજી ધારી અમે નીચે મૂકીએ છીએ:—

"જૈન એશોસીએસન ઓફ ઇન્ડીઆનો વાર્ષીક મેલાવડો ગઇ તા, ૧૩ મી ફેબ્રુઆરીને હોમવારને દીને થયો હતો, જે પ્રસંગે મુંબઇના જાણીતા સખીવજુદ શહેરી શેઠ દેવકરણ મુલજીએ પ્રમુખસ્થાન લીધું હતું.

ટુંકમાં સભામાં રીપોર્ટરોની હાજરી બાદ કરીએ, અને એશોસીએસનના સભાસદો નહિ એવા કેટલાએક ભાઇઓની હાજરી બાદ કરીએ તો, એશોસીએસનની આ વાર્ષીક જનરલ સભામાં એશોસીએસનના ભાગ્યેજ અરધો ડઝન સભાસદો હાજર રહ્યા હશે.

શરૂઆતમાં હીંદની સૌથી ધરખમ અને આગેવાન ગણાતી આ સંસ્થાના, તેવાજ ઉત્સાહી સેક્રેટરી શેઠ રતનચંદ તલકચંદ માણેકચંદે સંસ્થાનો રીપોર્ટ વાંચી બતાવ્યો હતો. આ રીપોર્ટમાં શેઠ રતનચંદે છેલ્લી વાર્ષીક સભામાં આપેલું સુંદર ભાષણ, કોન્ફરન્સના પ્રમુખને ગારડન-પારટી આપતી વખતે પોતે કરેલું ભાષણ, પ્રગટ કરવામાં આવ્યાં હતાં. રીપોર્ટ પરથી શેઠ રતનચંદનાં બે ભાષણો ઉપરાંત જે કાંઇ વધુ જાણવાને મળી શકયું હતું, તે એ હતું કે એશોસીએસનની મેનેજીંગ કમીટીની ચાર સભાઓ રીપોર્ટવાલા વરસ દરમ્યાન મલી હતી, તેમજ રીપોર્ટવાલા વરસમાં જાવરાખાતે એશોસીએસનના પ્રમુખની સહી સાથે તાર થયો હતો. તે તાર આપવામાં આવ્યો હતો. પણ રીપોર્ટમાં આ ચાર મેનેજીંગ કમીટીની સભાઓએ કયા કયા મહત્વના સવાલોનો નીકાલ કીધો અને કેટલા સવાલો નિકાલ કરવાના બાકી છે, તે બાબત કાંઇ પણ ખુલાસો પ્રગટ થયો નથી, તેમજ જાવરા ખાતે તાર કર્યો તેનું પરીણામ શું આવ્યું તે બાબત પણ ઇસારો હતો નહિ; જૈન તેહવારો સરકાર સ્વીકારતી નથી તે સંબંધમાં, જૈન ચાલીઓના સંબંધમાં, મુંબઇમાં એક જૈન સુવાવડખાતાની જરૂરના સંબંધમાં, અને એશોસીએસન તરફથી એક માસીકપત્ર કાઢવામાં ઢીલ કેમ થાય છે તે સંબંધમાં કાંઇ પણ ખુલાસો આ રીપોર્ટમાં નથી.

ઉપરનો રીપોર્ટ વંચાઇ રહ્યા બાદ શેઠ દેવકરણભાઇ મુલજીના હાથમાં તૈયાર છાપેલા ભાષણની કોપી હતી, જે તેઓએ ધીમે ધીમે વાંચી સંભળાવી હતી. ભાષણ લંબાણ અને સુંદર હતું, અને કોઇ વીદ્વાનની કલમ તેમાં ખુલ્લી જણાઇ આવતી હતી. આ ભીષણ વીગતેથી અમો આવતા અંકમાં પ્રગટ કરીશું.

પ્રમુખના ભાષણ બાદ એશોસીએસનની કારોબારી કમીટીના એક સભાસદ શેઠ સારાભાઇ મગનભાઇ મોદીએ જણાવ્યું કે આપણા ઉત્સાહી સેક્રેટરીએ આપણી આગળ લંબાણ રીપોર્ટ અત્રે રજુ કર્યો છે. જેમાં કમનશીબે કાંઇપણ અજવાળું પડતું નથી. રીપોર્ટ જણાવે છે કે કમીટીની એશોસીએસનની ચાર સભાઓ મળી હતી, પણ આ કમીટીઓ કાંઇ પણ કાર્ય કરવાને સફલ નીવડી છે કે કેમ તે બીલકુલ રીપોર્ટમાં જણાવવામાં આવ્યું નથી. આજે આપણી એશોસીએસનના પ્રમુખ સાહેબ તથા બીજા પણ ગૃહસ્થો ગેરહાજર છે, જે બતાવે છે કે એશોસીએસનમાં પ્રજાનો પુરતો ઉત્સાહ નથી. એશોસીએસને ઘણાં કામો હાથપર લેવાનાં છે. મુંબઇમાં મર્હુમ શેઠ પન્નાલાલ પુનમચંદની આઠ લાખની સખાવતથી પન્નાલાલ હાઇસ્કુલ હસ્તીમાં આવી હતી. છેલ્લાં કેટલાએક વરસ થયાં આ હાઇસ્કુલનું મકાન પડી ગયું છે. પણ બાબુ સાહેબ જીવણલાલને તે મકાન બાંધવાને ટ્રસ્ટી તરીકે કહેવામાં આવતાં તેઓ સાહેબે જણાવ્યું કે અબી તો સબ ચીજકા ભાવ બઢ ગયા

હય, ફીર દેખ લેગા. એશોસીએસનની ફરજ છે કે આ બાબતમાં તેણે ઘટતો ખુલાસો ઘટતે ઠેકાણેથી માગવો, અને પોતાથી બનતી દરેક હીલચાલ કરવી.

ચારૂપ જૈન કેસ. બાદ પાટણવાલા મી. લ્હેરૂચંદ ચુનીલાલે જણાવ્યું કે-પાટણ (ચારૂપ) જૈન કેસમાં પાટણના એક અગ્રેસર શેઠ પુનમચંદ કરમચંદ કોટાવાલાએ લવાદ તરીકે હમણાં ચુકાદો આપ્યો છે. આ ચુકાદાના સંબંધમાં પાટણમાં કેટલીએક ચર્ચા ચાલી રહી છે, અને તે ચુકાદો જૈન ધર્મ અનુસાર છે કે કેમ તે બાબતમાં કાંઇક મતભેદ ઉભો થાય છે. આ ચુકાદાની નકલ મે. શેઠ દેવકરણભાઇ તેમજ આ એશોસીએસનના સેક્રેટરી શેઠ રતનચંદ ભાઇને આપી છે તો મને ઉમેદ છે કે તેઓ પોતાની મેનેજીંગ કમીટીમાં આ લવાદ રજુ કરશે, અને તે લવાદ જૈનધર્મ અનુસાર છે કે કેમ તે જાહેર રીતે જણાવશે."

પાટણમાં બાબુ સાહેબનું દવાખાનું. બાદ મી. લ્હેરૂભાઇ એ જણાવ્યું કે આ એશોસીએસનની છેલ્લી ડીરેકટરીમાં પાટણમાં ચાલતા કેટલાએક જૈન ખાતાઓની ટીપ આપવામાં આવી છે. આ ટીપમાં એમ જણાવવામાં આવ્યું છે કે પાટણમાં બાબુ સાહેબ પન્નાલાલ પુનમચંદની સખાવતમાંથી રૂ. ૫૦૦૦૦ ના ખરચે એક દવાખાનું ચાલે છે, હું પોતે પાટણનો રહીશ છું અને પાટણ જવું આવું છું અને સારી રીતે જાણું છું કે પાટણમાં બાબુ સાહેબનું કોઇ પણ દવાખાનું છેજ નહિ. એશોસીએસન જેવી મોભાદાર સંસ્થાની ડીરેકટરીમાં આવી તદન પાયા વગરની ભીંત રચાય એ ખેદજનક છે. આવી નાપાયાદાર વાતો પ્રગટ થતી ખાસ અટકાવવાની જરૂર છે. બાદ મી. શીવલાલ વરધમાન મી. બરોડીઆ વિગેરે ગૃહસ્થોએ કેટલુંએક વિવેચન કર્યું હતું, જે બાદ સભા બરખાસ્ત થઇ હતી."

વળી આ માસિકમાં લેખોની સાથે વચમાં વચમાં જાહેર ખબરો છાપવાનું કરવામાં આવ્યું છે તે ઘણુંજ બેહુદું લાગે છે. દૈનિકપત્રમાં કદાચ શોભતું હોય તો દૈવ જાણે !

તંત્રી.

# સ્વીકાર અને સમાલોચના.

*Jainism* by Herbert Warren Hon. Secretary The Jaina Literature Society, London-Price Re. 1. published by the Central Jaina Publishing House. Arrah 2nd Edition. ) The first edition of this useful book was out in 1912 and its stock being exhausted the publishers have favoured the public with the second edition. It is written in an easy flowing style and its subject though somewhat abstruse has been placed in such an understandable form as it can he safely digested by any layman ignorant of Jaina philosophy. We recommend that every English-knowing Jaina should read and possess it

and every inmate of our Jaina Boarding Houses or Hostels shonld study it.

The author is an original thinker and evidently an ardent student of Jaina Philosophy and the theme seems to suit his pen. The book reminds one of the recollections of our worthy brother and philosopher the late Virchand Raghavji Gandhi whose desciple the author admittedly was and it is in the fitness of things that the book is dedicated to him.

*Science of Thought*—Or Nyaya by Champat Rai Jain Bar-at-Law. published by Kumar Devendra Prasada The Central Jain Publishing House p. 604 Price ans. 8. ) The author has based his book on two small treatises, the Pariksha Mukha and Nyaya Dipika both Digambara works on logic. The book is divided into 26 chapters, index whereof is not given. The subject teems with technical words a vocabulary of which should have been appended. The book therefore lacks in the two necessary parts. The author is well known for his masterly book ' the Key of Knowledge ' and needs no introduction. He has handled the theme of this book in a plain introductory way by which he has rightly hoped that the book may succeed in attracting to the field of research more competent hands who may be able to bring out the excellence of the Jain view better than he has been able to do. We are of the opinion that the author is fully capable of furnishing a larger Volume on the subject and doing full justice to Jaina logic an important department of knowledge, after going through Sammati-tarka, Pramana-mimansa, and various other Swetambara works on logic. No doubt will this book prove to be of great value to a student of logic by way of supplying a primer and introduction to the Jaina logic.

The Jaina Law—(Bhadrabahu Samhrita) by J. L. Jaini M. A. Bar-at-Law, published by the Same. pp. 129 11. Price Re. 1-4-0 ) It is stated in the introductory portion of the book that the author of the book, Bhadrabahu Swami flourished about 365 B. C.—162 years after Lord Mahavira's Nirvana. The book consists of 12000 s'lokas. Its manuscript is

preserved in Jhalarapatana. Mr. Jaini has translated only the chapters on Inheritance and Partition. Now according to the evidence of the book so diligently and elaborately gleaned in a review taken by Mr. Mukhtyar in the issues of the well-knownHindi magazine ' Jaina Hitaishi ', it is palpably clear that the name of the book is a misnomer, and its alleged author is not Bhadrabahu a contemparary of Chandragupta, but it is a very recent production brought about by an unscrupulous hand by interpolating numerous quotations from Varahmihir Samhita, and other later non Jaina books in the subject. In face of this the antiquity of the book vanishes. Irrespective of this if we look to the labor Mr. Jaini has spent over the materials he had, it cannot but be said that he has expounded the subject ably by making introductory remarks on the old tradition of the book, general characteristics and relations of Jaina and Hindu Law and furnishing text with translation on Inheritance and partition and appendices containing the text of Shri Indra-nandi-Jina Sanhita and full text of the eloborate judgment given by the author as the Judge in a Jaina Case.

---

## સમ્યગ્દર્શન.

---

જૈનશાસ્ત્રમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર એ ત્રણ હોય ત્યારેજ મોક્ષની પ્રાપ્તિ થાય છે એમ જણાવેલું છે. આમાં સમ્યગ્દર્શનની વ્યાખ્યા આપતાં ઉમાસ્વાતિ પોતાના તત્ત્વાર્થસૂત્રમાં જણાવે છે કે **'तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्'**–તત્ત્વાર્થમાં શ્રદ્ધાન તે સમ્યગ્દર્શન.

આ સંસારમાં સર્વ પ્રકારનાં દુ:ખના બીજભૂત મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, અને મિથ્યા ચારિત્ર છે, જ્યારે તે સર્વને બાળી સુખ આપનાર—સુખના ઉચ્ચતમ સ્થાને લઇ જનાર સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, અને સમ્યક્ ચારિત્ર છે. મિથ્યાદર્શન ટળી જતાં જ્ઞાન અને ચારિત્રનું મિથ્યાપણું નાશ થઇ જવુંજ જોઇએ એ નિયમ છે, તેથી સમ્યગ્દર્શનને પ્રથમ સ્થાન આપવામાં આવેલું છે. સમ્યગ્દર્શન એ મોક્ષનું બીજ છે; તે વગર જ્ઞાન અને ચારિત્રરૂપી જળનું ગમે તેટલું સિંચન કરવામાં આવે તે નકામું છે. એક સમય માત્રનો સમ્યગ્દર્શનનો સ્પર્શ આપણી ઇચ્છા હોય કે અનિચ્છા હોય તોપણ વધારેમાં વધારે અર્ધ પુદ્ગલ પરાવર્તન કાળમાં મોક્ષમાં લઇ જાય છે એવું જૈનશાસ્ત્રમાં જણાવેલું છે.

**વ્યાખ્યા.**

સમ્યગ્દર્શનનો પ્રતિપક્ષી શબ્દ મિથ્યાદર્શન છે. આ જીવને અનાદિ કાળથી જે કર્મ-સંબંધ છે તે કર્મ પૈકીના 'દર્શન મોહ' નામના કર્મના ઉદયથી જે અતત્ત્વશ્રદ્ધાન થાયછે તેને 'મિથ્યાદર્શન' કહેવામાં આવે છે. પદાર્થ જેવા રૂપે અવસ્થિત છે તેવારૂપે તેનો નિશ્ચય થવો એ 'સમ્યગ્દર્શન' છે. અને જેવા રૂપે પદાર્થ અવસ્થિત નથી તેવા રૂપે તેનું દર્શન થવું-શ્રદ્ધાન થવું-વિપરીત અભિનિવેશ થવો તેને—મિથ્યા દર્શન—અતત્ત્વશ્રદ્ધાન ' કહેવામાં આવે છે. ' દર્શન ' શબ્દનો અર્થ સામાન્ય રીતે અવલોકન થાય છે, પરંતુ આ સ્થળે તેનો અર્થ શ્રદ્ધાન એવો થઇ શકે, કારણ કે સામાન્ય અવલોકનરૂપ ક્રિયા કાંઇ સંસારના મોક્ષ જેવા મહત્ત્વના વિષયમાં કારણ રૂપ હોવી ઘટતી નથી. તત્ત્વાર્થ શ્રધ્ધાનમાં ' તત્ત્વ ' નો અર્થ, જે અવસ્થામાં પદાર્થ અવસ્થિત છે તેવા પ્રકારે હોવાપણું છે અને તેનો જે નિશ્ચય કરવામાં આવે તે ' અર્થ ', અને તે બંનેની સંજ્ઞા જણાવવા ' તત્ત્વાર્થ ' કહેવામાં આવે છે.

**શ્રદ્ધાન એ માનીનતા નહિ.**

તત્ત્વાર્થ શ્રદ્ધાન ઉપર જૈન દર્શને અત્યંત ભાર મૂકયો છે. ખ્રિસ્તીધર્મમાં તેને faith, બૌદ્ધમાં તેને ' બોધી ' કહે છે, તેમજ અન્ય સર્વ શાસ્ત્રોએ પ્રકારાંતરે તેનું મહત્વ બતાવ્યું છે. તેના ઉપરજ મોક્ષમાર્ગનો આધાર છે એમ જૈનદર્શન કહે છે. આ કાળે શ્રદ્ધાનનો અર્થ માનીનતા ( belief ) એવો થતો જોવામાં આવે છે પરંતુ તેમ નથી. શ્રદ્ધા અને માનીનતા એ જોકે એકજ વસ્તુની કળાઓ છે, તથાપિ પ્રથમ ઉત્કૃષ્ટ અને બીજી નિકૃષ્ટ પંકિતની છે. શ્રદ્ધાન એ માનીનતાનો પરિપાક છે; તે મનુષ્યમાંથી દેવત્વ અને દેવત્વમાંથી ઇશ્વરત્વ પ્રકટ કરી શકે છે; જ્યારે માનીનતા ફકત મનુષ્યના મનનો અમુક પ્રકારનો ભાવજ ( attitude of mind ) સૂચવે છે, અને કાંઇપણ પ્રકારના સ્પષ્ટ ફળને પ્રકટ કરી શકતી નથી. માનીનતા પ્રાયઃ સર્વકાળ એક સરખીજ રહે છે જ્યારે શ્રદ્ધાનનું રૂપાંતર અને અનુરૂપ કાર્ય વહેલું મોડું થાયજ છે. વસ્તુ સ્વરૂપ જે પ્રકારે શાસ્ત્રકારે કહ્યું છે તે પ્રમાણે શ્રદ્ધવામાં અને માનવામાં વિશાળ અંતર છે. શ્રદ્ધાન થતાંની સાથેજ પર્યાયજ્ઞપ્તિ નાશ પામી સ્વરૂપજ્ઞપ્તિમાં સ્થિતિ થાય છે, અર્થાત્ ' હું શરીર નહિ, પણ આત્મા છું' એવું અંતરના મર્મ ભાગમાં પ્રતીત થાય છે. મન, બુદ્ધિ ઇદ્રિયો વગેરેમાંથી મમત્વ બુદ્ધિનો વિલય, શ્રદ્ધાનના ઉદયની સાથે થવોજ જોઇએ.

'હું આત્મા છું, જડથી અસંગ છું, મારૂં અને પુદ્ગલનું સ્વરૂપ એક બીજાથી અત્યંત ભિન્ન છે ' એમ આપણને શાસ્ત્રકાર શ્રધ્ધાન કરાવે છે અને એ વાતનું જો આપણને શ્રદ્ધાન થાય તો આપણા જીવનનો ક્રમ આ ક્ષણથીજ તદ્દન ફરી જઇ નવજીવનમાં પ્રવેશ થવો જોઇએ. જે મમત્વ બુદ્ધિ શરીર, મન, બુદ્ધિ, ઇંદ્રિયાદિકમાં હોય તે ઉઠી જાય અને આત્માના સ્વરૂપમાં અવાય. પરંતુ જો ઉપરોક્ત વાતની માન્યતાજ બંધાય તો તેથી આપણા જીવનમાં કશો મહત્ત્વનો ફેરફાર થતો નથી. મનુષ્યોનો મોટો ભાગ વસ્તુ સ્વરૂપને પોતાની બુદ્ધિના ધોરણ ઉપર કલ્પી તેનો તેવે પ્રકારે નિશ્ચય કરે છે, પરંતુ સંસાર મોક્ષ જેવા અગત્યના વિષયમાં આવી ભ્રમણાથી જેમ બને તેમ તુરત મુક્ત થવું એ દરેક જૈનને આવશ્યક છે.

**જ્ઞાન-સમ્યકત્વ.**

આ સ્થળે એવી શંકા સંભવિત છે કે વસ્તુ સ્વરૂપનો સંપૂર્ણ નિશ્ચય તો કેવળજ્ઞાન-સર્વજ્ઞતા વિના થઇ શકે તેમ તો નથી તો પછી મિથ્યા-દર્શનનો ત્યાગ અને વસ્તુ સ્વરૂપનો સદ્‌નિશ્ચય કેમ થઇ શકે ?

આનું સમાધાન આ રીતે છે. જૈનશાસ્ત્ર કહે છે કે પદાર્થનું જ્ઞાન, અજ્ઞાન અથવા વિપરીત જ્ઞાન તો જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ ઉપર આધાર રાખે છે, પરંતુ સમ્યગ્દર્શનનો આધાર તો 'દર્શન મોહનીય' નામના ' મોહનીય ' કર્મના ક્ષયોપશમ અને ઉપશમ ઉપરજ રહેલો છે. જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી પ્રકટ થયેલું જ્ઞાન—એનું નામ સમ્યગ્દષ્ટિ નથી, પરંતુ પ્રયોજનભૂત પદાર્થોનું જ્ઞાન જ સમ્યગ્દષ્ટિ કહેવાય છે. અલબત સમ્યક્ તત્ત્વપ્રાપ્તિ માટે જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમની અપેક્ષા છે, પરંતુ તેટલો ક્ષયોપશમ તો સર્વ પંચેંદ્રિય જીવોને હોય જ છે; તોપણ તે ક્ષયોપશમ સમ્યકત્વની પ્રાપ્તિ માટે સાક્ષાત્ હેતુભૂત થતો નથી. શાસ્ત્રોનાં શાસ્ત્રો મુખ પાઠે કરવાથી પ્રાપ્ત કરેલું જ્ઞાન પ્રયોજનભૂત પદાર્થોના શ્રદ્ધાન રહિત હોય તો મિથ્યા જ છે, અને સંજ્ઞી તિર્યંચાદિકના જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ ન્યૂન હોય તોપણ પ્રયોજનભૂત પદાર્થોના શ્રદ્ધાન સહિત હોવાના હેતુથી તે સમ્યગ્દર્શનના હેતુભૂત જ છે. આ ઉપરથી જૈનશાસ્ત્ર કહે છે કે જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમને અનુસરીને શ્રદ્ધાનની પ્રાપ્તિ નથી, પરંતુ દર્શનમોહ નામના મોહનીય કર્મના ઉદયથી જ મિથ્યાદર્શન અને તેના નાશથી પ્રયોજનભૂત પદાર્થોનું શ્રદ્ધાન અથવા સમ્યક્ત્વ —સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે.

**પ્રયોજનભૂત પદાર્થ. સપ્ત યા નવ તત્ત્વ.**

આ જગતમાં પ્રયોજનભૂત પદાર્થ માત્ર એકજ અને તે એ જ છે કે સુખનો યોગ અને દુઃખની આત્યંતિક નિવૃત્તિ. તે સિવાય અન્ય સર્વ કોઇ પદાર્થ અપ્રયોજનભૂત અને નિષ્ફળ છે. તે પ્રયોજનભૂત વસ્તુની સિદ્ધિ માટે જીવ-અજીવ આદિના સત્ય શ્રદ્ધાનની જરૂર છે; કારણ કે જ્યાં સુધી પોતે કોણ છે અને પર કોણ છે ? એ જણાયું નથી ત્યાં સુધી સુખનો ઉપાય કોને વાસ્તે શોધાય ? મિથ્યાત્વના યોગે આત્મા અને કર્મનો સંયોગ તે 'બંધ', અને બંધનું કારણ 'આસ્રવ' અને આસ્રવનો અભાવ તે 'સંવર' અને કથંચિત્ કર્મનો અભાવ તે 'નિર્જરા' અને સર્વ કર્મની નિર્જરા તે 'મોક્ષ'-એમ પરસ્પર અવલંબનભૂત ઉત્તરોત્તર સાત તત્ત્વોનું જ્ઞાન એજ પ્રયોજનભૂત જ્ઞાન છે અને તેનું સત્ય શ્રદ્ધાન તે સમ્યગ્દર્શન છે. સર્વ દુઃખની નિવૃત્તિનો એકજ ઉપાય છે અને તે ઉપર જણાવ્યા તે પ્રયોજનભૂત તત્ત્વોનું સત્ય શ્રદ્ધાન છે. તે વિનાનું જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમજન્ય જ્ઞાન અને જુદા જુદા દુષ્કર ચારિત્ર (તપાદિ) અંકરહિત શૂન્ય જેવા નિષ્ફળ છે. 'પુણ્ય' અને 'પાપ' નામના તત્ત્વવિશેષ બંધ તત્ત્વમાં સમાય છે, તે જીવ, અજીવ, બંધ, આસ્રવ, સંવર, નિર્જરા અને મોક્ષ એ સાત તત્ત્વમાં ઉમેરતાં નવ તત્ત્વ થાય છે, અને તેથી તેનું પણ જ્ઞાન પરંપરાએ પ્રયોજનભૂત ગણી શકાય, કેમકે સામાન્ય કરતાં વિશેષ અધિક બળવાન તેમજ સત્વર ફળને ઉત્પન્ન કરનાર એ પાપ પુણ્યનો નિયમ છે.

**ભ્રાંતનો નાશ એ સમ્યકત્વ.**

ઉપરોક્ત પ્રયોજનભૂત જ્ઞાનની પ્રાપ્તિ અર્થે સર્વ સંજ્ઞી પંચેંદ્રિય જીવો અને તિર્યંચોને જે જ્ઞાનાવરણીય કર્મનું ક્ષયોપશમ હોય છે તે કરતાં વિશેષની કશી અગત્ય નથી; અને

તે જ્ઞાનની પ્રાપ્તિ માટે અમુક પ્રકારની ભ્રાંતિ નિવારવા સિવાય બીજું કશું જ કરવાનું નથી. હું કોણ છું ? મારૂં સ્વરૂપ કેવું છે ? હું જેના વિષે મારાપણાનો દાવો રાખું છું તે ખરી રીતે મારૂં છે કે કેમ ? આ કર્મવર્ગણા કોના સંબંધે છે ? તે રાખવા યોગ્ય છે કે પરિહરવા યોગ્ય છે ? ઇત્યાદિ વસ્તુ શાસ્ત્ર દષ્ટિએ વિચાર કરતાં પ્રયોજન ભૂત જ્ઞાન ઉપરના આવરણ રૂપ 'ભ્રાંતિ' નો તુરત વિલય થાય છે; અને તે ભ્રાંતિ રહિત સ્વરૂપ દશાજ શાસ્ત્ર દષ્ટિએ સમ્યક્ત્વ છે. જે કાંઇ કર્તૃત્વ ભાસે છે તે આપણો દષ્ટિ દોષ છે. અત્યંત શાંતિ, અકર્તૃત્વ, અચળતા અને તેવાજ નિષ્ક્રિયભાવને સૂચવનાર વિધાનોનું મોક્ષ ક્રમમાં આદિસ્થાન છે. ટુંકામાં પ્રયોજનભૂત પદાર્થોનું જ્ઞાનજ પરંપરાએ સર્વજ્ઞત્વને આપનારૂં અને સર્વ પ્રકારની ઉચ્ચતમ સિદ્ધિના પદમાં સ્થાપનારૂં થાય છે.

શાસ્ત્રબોધ અને સર્વ શ્રુતનું સાફલ્ય તે સપ્ત (નવ) તત્ત્વના શ્રદ્ધાનમાં જ છે. વિવેક દષ્ટિનો ઉદય થતાં સર્વ પ્રકારની ભ્રાંતિ આપો આપ સમાઇ જાય છે.

## ભ્રાંતિ.

આ જગતમાં ભ્રાંતિથીજ એક વસ્તુમાં અન્યત્વનો આરોપ થાય છે. આત્મામાં અનાત્માનો અને અનાત્મામાં આત્માનો આરોપ તેમજ તે આરોપનાં અનેક પ્રકારનાં સ્વરૂપો માત્ર ભ્રાંતિને લઇને જ પ્રકટે છે. આત્મા ઉપરથી ભ્રાંતિનું આવરણ ન્યુન અંશમાં ખસી જવું તેજ સમ્યક્ત્વ છે. પછી આ ભ્રાંતિ રહિત થયેલ ન્યુન અંશ આત્માના સર્વાંશને ભ્રાંતિ રહિત પદ—કૈવલ્યની કોટિમાં લાવી મૂકે છે. જેમ બીજનો ચંદ્રમા ક્રમે ક્રમે પૂર્ણિમાના ચંદ્રમાં રૂપાંતર પામે છે તેમ ભ્રાંતિના વિલયજન્ય બીજજ્ઞાન ક્રમે ક્રમે કૈવલ્યને -સર્વજ્ઞતાને પ્રાપ્ત થવા યોગ્ય છે; અને એટલા જ માટે 'સમ્યક્ત્વ'ને શાસ્ત્રકારે 'બીજજ્ઞાન' એ યોગ્ય રહસ્યમય નામ આપેલ છે.

## ભ્રાંતિ તે શું અને કેવા પ્રકારની છે ?

અનાદિકાળથી કર્માવૃત્ત જીવ કર્મના નિમિત્તથી અનેક પર્યાય ધારણ કરે છે અને પ્રતિ સમય પૂર્વ પર્યાયને છોડી નવિન પર્યાય પરંપરાને ધારણ કરતો જાય છે.× અને તે આ રીતે કેઃ—અનંત પુદ્ગલ પરમાણુવાળા શરીરમાં આત્મા પોતાપણાનો આરોપ કરે છે; પુદ્ગલના સ્વાભાવિક ધર્મને-વર્ણગંધરસ સ્પર્શાદિકને પોતાના ધર્મ માની લઇ હર્ષ શોક અને રાગદ્વેષના દ્વંદ્વમાં લપટાય છે, પુદ્ગલના તે ધર્મ પલટે છે, હાનિવૃદ્ધિ પામે છે વગેરે જે ક્રિયા કરે છે તેને પોતાની સ્વરૂપ અવસ્થારૂપ માની લે છે. શરીર અને આત્માના નિમિત્ત નૈમિત્તિક સંબંધને સ્વરૂપ સંબંધ માની લઇ ઉભયની સંયોગરૂપ ક્રિયાને પોતાની માને છે. દરેક ઇંદ્રિય જે કાર્ય કરે છે તે પોતે તે વડે કરે છે એમ માને છે, અર્થાત્ કર્મના નિમિત્તથી પ્રાપ્ત થયેલી ઇંદ્રિયોના ધર્મોને પોતાના ધર્મો માને છે એમ અનેક જૂદા જૂદા પર્યાયમાં પોતાની સ્વબુદ્ધિનો આરોપ કરે છે. આથી આત્મા રાગદ્વેષથી રંગાઇ સંસાર પ્રવૃત્તિથી છૂટી શકતો નથી.

મિથ્યા શ્રદ્ધાનથી—મિથ્યાત્વથી નિત્ય વસ્તુને અનિત્ય અને અનિત્યને નિત્ય માને છે. પોતાથી ભિન્નને પોતાથી અભિન્ન માને છે, સુખના કારણને દુઃખનું કારણ અને દુઃખના

× બૌદ્ધોમાં આત્મા દરેકક્ષણે બદલાય છે એવું માનવામાં આવે છે પરંતુ જે રીતે તેઓ માની આત્માનો નિષેધ કરે છે તે રીત તેમજ આત્માનો નિષેધ જૈનો તેમજ અન્ય દર્શનો સ્વીકારતાં નથી.

હેતુને સુખનો હેતુ માને છે. આવા અયથાર્થ શ્રદ્ધાનથી ઉપજતા મોહના ઉદયથી ઉદ્ભવેલા કષાય ભાવને આત્મા પોતાનો સ્વભાવ માને છે. કષાયભાવ પોતાના જ્ઞાન-દર્શનોપયોગથી ભિન્ન ભાસતો નથી તેનું કારણ એ જ છે કે મિથ્યાત્વનો આસ્રવ, જ્ઞાન અને દર્શન એ ત્રણેનો આધારભૂત આત્મા છે અને એ ત્રણેનું પરિણમન એકજ સમયે થતું હોવાથી તેનું ભિન્નપણું તેને જણાતું નથી. આજ મિથ્યા દર્શન છે. આ મિથ્યાત્વજન્ય કષાય ભાવની આકુળતાને લીધે આ જીવને વર્ત્તમાન સમયે નિમિત્તભૂત પદાર્થોમાં સુખ દુઃખ દાતૃત્વનું ભાન થયાં કરે છે. પોતાના મિથ્યાત્વ કષાય ભા 'થ. ઉત્પન્ન થયેલા દુઃખનો આરોપ, પોતાની ઇચ્છાનુસાર ન પ્રવર્ત્તનાર પદાર્થમાં કરે છે. વસ્તુતઃ દુઃખ તો ક્રોધથી થાય છે, પરંતુ પોતાના ક્રોધ કષાયથી ઉત્પન્ન થયેલા દુઃખનો હેતુ—ક્રોધનાં હેતુ ક્રોધનો નિમિત્તને માની લે છે; દુઃખ તો લોભ કષાયથી થાય છે, પરંતુ તે કષાયજન્ય દુઃખનો આરોપ અપ્રાપ્ય વસ્તુમાં કરે છે. વસ્તુતઃ તે અપ્રાપ્ય વસ્તુ તેને દુઃખ આપવા આવતી નથી, છતાં ભ્રમિત મનુષ્ય તેને પોતાના દુઃખનો હેતુ માને છે. એવીજ રીતે અન્ય કષાયો—માન, માયાથી ઉત્પન્ન થતાં દુઃખને નિમિત્તથી ઉત્પન્ન થયેલા માની નિમિત્ત ઉપર ક્રોધ કરે છે. દુઃખનું સ્થાન તો કષાય છે તેના ઉપર પ્રતિકષાય કરવાને બદલે અર્થાત ક્રોધ ઉપસ્થિત થતાં તે પ્રત્યે ક્રોધસ્વભાવતા દર્શાવવાને બદલે, માનની સામે દીનપણાનુંમાન દર્શાવવાને બદલે, માયા વિરૂદ્ધ માયા દર્શાવવાને અને તે સિવાયના કષાયો પ્રત્યે પ્રતિકષાય દર્શાવવાને બદલે મૂર્ખ મનુષ્ય પોતાના ઉપર લાકડાનો પ્રહાર કરનારને નહિ કરડતાં જેનાથી પ્રહાર થયો છે તેવી નિમિત્તભૂત લાકડીને કરડવા દોડનાર શ્વાનના જેવી ચેષ્ટા પ્રતિપળ દર્શાવે છે.

**સમ્યક્ત્વ.**

આવી ભ્રમવાળી સ્થિતિ શાસ્ત્રજન્ય વિવેકથી નિવારવી તેજ મુમુક્ષુ જીવનું પ્રથમ કર્ત્તવ્ય છે; અને તે ભ્રમનો વિલય થતાં સમ્યક્ત્વનો લાભ અવશ્ય થવા યોગ્ય છે. આ કાળને વિષે દુર્લભ એવું સમ્યક્ત્વ વિવેક દૃષ્ટિએ વિચારતાં સાવ સુલભ છે અને ક્રમે તે પ્રાપ્ત થવા યોગ્ય છે. સંક્ષેપમાં ભ્રાંતિનો વિલય એજ સમ્યક્ત્વ અને તેને જૈનશાસ્ત્રકારે 'ચતુર્થગુણસ્થાન' કહ્યું છે. તે હોય તો જ વ્રતાદિ ફલદાયક છે.

**સમ્યક્ત્વ સંબંધે ૬૭ બાબતો.**

આને સમ્યક્ત્વના ૬૭ 'બોલ' કહે છે: તે આ પ્રમાણે છેઃ—

(૪) **સદ્દહણા** (સતશ્રદ્ધા) રાખવી-૧ પરમાર્થ સંસ્તવ-પરમ રહસ્ય પરિચય. જીવાદિ તત્ત્વ-પરમાર્થનો વારંવાર વિચાર કરવો, ૨ પરમાર્થ જ્ઞાતૃ સેવના-તે પરમાર્થને જાણનારાની સેવા, ૩ વ્યાપન્ન દર્શન વર્જન-જેનું દર્શન મલીન થયું હોય યા હોય તેવા કુગુરૂનો ત્યાગ, ૪ કુદર્શન વર્જન—અયથાર્થ દર્શન-ધર્મનો ત્યાગ.

(૩) **લિંગ**—જેનાથી સમ્યક્ત્વ અમુકમાં છે કે નહિ તે વર્ત્તી શકાય—ચિન્હ. ૧. શુશ્રૂષા-ધર્મશાસ્ત્ર સાંભળવાની અત્યંત રૂચિ, ૨ ધર્મરાગ-ધર્મ પ્રાપ્ત કરવાની અત્યંત અભિલાષા, અને ૩ વૈયાવૃત્ય-શુદ્ધ દેવ, શુદ્ધ ગુરૂનું વૈયાવૃત્ય (સેવાભક્તિ) અત્યંત પ્રેમથી સર્વ પ્રમાદ તજીને કરવી તે.

(૧૦) **પ્રકારનો વિનય**—૧ રાગદ્વેષાદિ રહિત અરિહંતનો ૨ સર્વકર્મ મળ રહિત સિદ્ધનો ૩ જિન ચૈત્ય-દેરાસરનો કે જ્યાં શાંતરસયુક્ત જિન મુદ્રા હોય તેનો, ૪ શ્રુત-સિદ્ધાંતનો યતિધર્મનો, ૬ સાધુ વર્ગનો, ૭ આચાર્ય મહારાજનો, ૮ ઉપાધ્યાયનો, ૯ પ્રવચન—

સંધનો, ૧૦ સમ્યક્ત્વીનો વિનય, ભક્તિ (બાહ્ય ઉપચાર—ઔષધાદિ વડે તથા વંદનનમસ્કાર વડે), હૃદય પ્રેમ (બહુમાન), ગુણસ્તુતિ, અવગુણ ઢાંકવા, આશાતના ત્યાગ (મલીનતાજનક—નહિ કરવા યોગ્ય કામ તજવા) એ પાંચ પ્રકારે કરવો.

**(૩) શુદ્ધિ** ૧ મનઃશુદ્ધિ (સર્વજ્ઞ અને સર્વજ્ઞની આજ્ઞા સત્ય માની મન શુદ્ધ રાખવું), ૨ વચન શુદ્ધિ—ઇષ્ટ સિદ્ધિ માટે સર્વજ્ઞ દેવની ભક્તિ છે એમ સ્પષ્ટ ઉચ્ચારવું, ૩ કાયા શુદ્ધિ—સર્વજ્ઞ દેવને જ નમવું.

**(૫) દૂષણ** ૧ શંકા—સર્વજ્ઞનાં પદાર્થાદિ સંબંધે વચનમાં સંદેહ, ૨ કાંક્ષા—અસત્ દર્શનીના રાગી થવું ૩ વિચિકિત્સા—દાન શીલ તપ ભાવનારૂપ ધર્મ કૃત્યના ફલનોજ સંદેહ (શંકા એ પદાર્થ સંબંધે છે અને વિચિકિત્સા ક્રિયાના સંદેહ સંબંધે છે) ૪ મિથ્યામતિ ગુણ વર્ણના—ઉન્માર્ગીના વખાણ કરવાં, ૫ મિથ્યામતિ પરિચય—ઉન્માર્ગીનો પરિચય.

**(૮) પ્રકારે પ્રભાવના**—વિશેષ પ્રકારે ધર્મને દીપાવવો તે પ્રભાવના. તે જૂદી જૂદી આઠ રીતે થાય છે અને તે કરનારને પ્રભાવક કહે છે. ૧ પ્રાવચનિક—શાસ્ત્ર પારગામી થવું, ૨ ધર્મકથી—ધર્મોપદેશક થવું, ૩ વાદી—તર્કશાસ્ત્રમાં નિપુણ થવું, ૪ નૈમિત્તિક—અષ્ટાંગ નિમિત્ત શાસ્ત્રમાં કુશળતા પ્રાપ્ત કરવી, ૫ તપસ્વી થવું, ૬ વિદ્યાસાધક થવું,-પવિત્ર આમ્નાય યુક્ત મંત્ર વિદ્યાની સિદ્ધિ મેળવવી ૭ સિદ્ધ—અંજન આદિ યોગમાં નિપુણપણું પામવું. ૮ કવિ—ધર્મ રહસ્યયુક્ત ચમત્કૃતિવાળાં કાવ્ય રચવામાં કુશલ થવું.

**(૫) ભૂષણ**—જેથી સમ્યક્ત્વ શોભે તે. ૧ દેવગુરૂવંદન, વ્રત પ્રત્યાખ્યાનમાં કુશળતા, ૨ તીર્થસેવા ૩ દેવગુરૂ ભક્તિ, ૪ ધર્મ નિશ્ચળતા, ૫ પ્રભાવના—શાસનની ઉન્નતિ કરવી છે.

**(૫) લક્ષણ**–૧ શમ (ઉપશમ)—અપરાધી જીવનું પણ અહિત નહિ કરતાં બની શકે તો તેનું હિતજ કરવાનો પરિણામ. ૨ સંવેગ—મોક્ષ સુખનીજ અભિલાષા, ૩ નિર્વેદ—ભવ વૈરાગ્ય, ૪ અનુકંપા—દુઃખીજનોને સહાય આપવાની—ઉદ્ધરવાની બુદ્ધિ, ૫ આસ્તિકતા સર્વજ્ઞ કથિત તત્ત્વો પર પ્રતીતિ. આ સમ્યક્ત્વનાં લક્ષણ છે.

**(૬) યત્ના**— (સંભાળ). કુદેવ કુગુરૂને ૧ વંદન (હાથ જોડીને નમસ્કાર), ૨ નમન (મસ્તક નમાડીને નમવુ), ૩ ગૌરવ ભક્તિ (ઇષ્ટ અન્નાદિક આપી ભક્તિ દેખાડવી), ૪ અનુપ્રદાન (વારંવાર તેવું દાન આપવું), અને તેની સાથે ૫ આલાપ (અણબોલાવ્યા વાતચીત કરવી), ૬ સંલાપ (વારંવાર વાતચીત કરવી) કરાય નહિ તે માટે સંભાળ રાખવી.

**(૬) આગાર** (છૂટ)—સમ્યક્ત્વમાં હૃદયથી રહ્યા છતાં બાહ્યથી તેની વિરૂદ્ધ આચરણ છ જાતનાં કારણ થાય તો કરવાની છૂટ આપેલી છે ૧ રાજાભિયોગ—રાજાના હુકમથી ૨ ગણાભિયોગ—ઘણા લોકોના કહેવાથી ૩ બલાભિયોગ—ચોર પ્રમુખના ભયથી ૪ દેવાભિયોગ—ક્ષેત્રપાલાદિ દેવોના કારણથી ૫ ગુરૂનિગ્રહ—માતપિતાદિ વડિલોના અતિ આગ્રહથી ૬ ભીષણ કાંતારવૃત્તિ—આજીવિકાનો અન્ય રસ્તો ન હોવાથી અન્યથા આચરવું પડે તો મિથ્યાત્વ ન લાગે.

**(૬) ભાવના** ૧ સમ્યકત્વ મૂલ ભાવના-સમ્યકત્વ એ ધર્મવૃક્ષનું મૂળ છે ૨ સમ્યકત્વ દ્વાર ભાવના તે ધર્મનગરનું દ્વાર છે, ૩ સમ્યકત્વ પીઠભાવના—તે ધર્મ મહેલનો પાયો છે, ૪ સમ્યકત્વ નિધાન ભાવના-તે સમસ્ત ગુણનું નિધાન છે, ૫ સમ્યકત્વ આધાર ભાવના-તે સમસ્ત ગુણનો આધાર, ૬ સમ્યકત્વભાજન ભાવના—

તે સમ્યકત્વ શ્રુત-શીલાદિક ધર્મનું ભાજન છે—આમ હૃદયમાં ભાવી સમ્યકત્વ ગુણનું મહાત્મ્ય વિચારવું.

**છ સ્થાનક** ૧ આત્મા ( ચેતના લક્ષણવંત ) છે. ૨ આત્મા નિત્ય છે, ૩ આત્મા ( કર્મનો ) કર્તા છે, ૪ આત્મા ( કર્મનો ) ભોક્તા છે, ૫ મોક્ષ છે અને ૬ મોક્ષનો ઉપાય છે.

આ છેલ્લાં છ સ્થાનકમાં આખો આત્મવાદ છે અને તે આ પછીના પ્રકરણમાં ઘણા વિસ્તારથી ચર્ચ્યો છે.

[ગયા અંકમાં અમારા **અપ્રકટ** ઇનામી નિબંધનો ત્રણતત્વ સંબધેનો ભાગ આવી ગયા છીએ. આ અંકમાં બીજો એક ભાગ મૂકયો છે. નિબંધ ઘણા વિસ્તારવાળો છે અને તેના ઘણા ભાગ છે. **તંત્રી.** ]

# શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડની મળેલી મીટીંગનું કામકાજ.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ હસ્તકની જૈન એજ્યુકેશન બોર્ડના સ્થાનિક મેંબરોની એક મીટીંગ તા. ૨૫-૨-૧૭ ના રોજ રાત્રે શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સના ઓફીસમાં મળી હતી તે વખતે નીચે જણાવેલા ગૃહસ્થો હાજર હતા.

રા. રા. મકનજી જુઠાભાઇ મહેતા, રા. રા. મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ, રા. રા. મોહનલાલ દલીચંદ દેશાઇ, રા. રા. સારાભાઇ મગનલાલ મોદી, શ. રા. ચુનીલાલ વીરચંદ.

પ્રમુખ સ્થાને રા. રા. મકનજી જુઠાભાઇ મ્હેતા બૅરીસ્ટર-એટ-લો બીરાજ્યા હતા. શરૂઆતમાં આગલી મીનીટ વાંચી મંજુર કરવામાં આવી. બાદ નીચે મૂજબ કામકાજ સર્વાનુમતે થયું હતું.

૧. મી. ભગવાનદાસ મીઠાભાઇ કે જે મેહસાણાના શ્રી જૈન શ્રેયસ્કર મંડળ હસ્તક ચાલતા કેળવણીખાતામાં પાઠશાળાના ઇન્સ્પેકટર છે, તેઓએ અગાઉ પાંચમા ધોરણમાં પરીક્ષા આપી છે. અને તેઓ પહેલા ધોરણમાં બેસે અને પહેલે નંબરે આવે અને ઇનામ લઇ જાય એ સ્વાભાવિક છે, અને તેમ થાય તો બીજા ઉમેદવારોને ઇનામમાં ધકકો પહોંચશે એવો પત્ર બે ઉમેદવારોનો આવતાં તે પર વિચાર કરતાં એવું ઠરાવ્યું કેઃ—

તે પત્રમાં ધારવા પ્રમાણે મજકુર મી. ભગવાનદાસ પહેલે નંબરે આવે છે, અને તેઓ અગાઉ પાંચમા ધોરણમાં બેઠેલા હોવાથી તેમના જેવી પદવી ધરાવતા ગૃહસ્થે પહેલા ધોરણની હરીફાઇની પરીક્ષામાં બેસીને ઇનામ લેવું ઠીક નથી, તેથી તેમને હરીફાઇનું ઇનામ ન આપતાં પાસ થયેલાનું પ્રમાણપત્ર આપવું.

૨ હવે પછી જે ઉમેદવાર પરીક્ષામાં બેસે તે દરેકની પાસે નીચેની વિગતો ધરાવતું ફાર્મ ભરાવી મંગાવવું, અને ત્યાર પછી પરીક્ષામાં ઉમેદવાર તરીકે દાખલ કરવો.

નામ, વતન તથા ઠેકાણું, ઉમર, વ્યાવહારિક શિક્ષણ, ધાર્મિક અભ્યાસ, અગાઉ કોઇ ધોરણમાં પરીક્ષા આપી છે કે નહીં તેની વિગત તથા પરિણામ, ધંધો, હાલ કયા ધોરણમાં

ને કયા પેટાવિભાગમાં બેસવા માગે છે? કયે સ્થળે, ઉમેદવારની સહી.

૩ હવે પછી ધાર્મિક પરીક્ષાના નિયમોમાં નીચે મુજબ ઉમેરો કરવો. ધાર્મિક શિક્ષકો, સુપ્રીન્ટેન્ડેન્ટ, પરીક્ષકો તથા પંડિતો પહેલા તથા બીજા ધોરણની હરિફાઇની પરીક્ષામાં બેસશે તો તેમને પસાર થયે માત્ર પ્રમાણપત્ર આપવામાં આવશે. ઇનામ તેમને મળી શકશે નહીં.

૪ બન્ને ધાર્મિક હરીફાઇની પરીક્ષાનું પરિણામ નક્કી કરવામાં આવ્યું અને તે પેપરોમાં પ્રગટ કરવા મોકલવા નક્કી થયું.

૫ ચાલુ પાઠશાળાઓ તથા વિદ્યાર્થીઓને અપાતી મદદ બીજા ૭ માસ આપવા નક્કી થયું.

૬ પાઠશાળાઓ તથા વિદ્યાર્થીઓની નવી અરજીઓ ઉપર વિચાર કરવામાં આવ્યો. નીચે જણાવ્યા મુજબ ૭ માસ માટે મદદ આપવા મંજુરી આપવામાં આવી.

વઢવાણવાળાની પાઠશાળાને માસિક રૂ. ૨, વાંકાનેર તથા ટાણાની પાઠશાળાને મદદ આપવાની જરૂર છે પણ ત્યાંના શ્રીસંઘ તરફથી શ્રીસુકૃત ભંડાર ફંડના રૂપીઆ આવેલ નહીં હોવાથી તે અરજીઓ ઉપર વિચાર કરવાનું મુલતવી રાખ્યું.

પાઠશાળાની હવે પછી અરજી આવે તો તે રાખી તેવી બીજી અરજી તેમાં તે પ્રાંતના પ્રોવિન્સિયલ સેક્રેટરી માર્ફતે તેમના અભિપ્રાય સાથે મંગાવવી, અને ત્યાંથી સુકૃત ભંડાર ફંડ ઉઘરાવવા તથા તે માટે બીજે સ્થળે પ્રયત્ન કરવા વિનંતિ કરવી.

વડોદરા કળાભુવન સીવીલ ઇજીનીયર પહેલા વર્ષમાં અભ્યાસ કરનાર મી ગોપાળજી રામજીને માસિક રૂ. ૬] સ્કોરશીપ આપવા નક્કી થયું.

મુળીના રહીશ અને મોરબી હાઇસ્કૂલમાં ઇંગ્રેજી છઠ્ઠા ધોરણનો અભ્યાસ કરનાર મી. ઠાકરસી મેઘજી કોઠારીની પાસેથી ફોર્મ ભરી મંગાવવું, ને તે માટે મોરબીના રા. રા. મનસુખલાલ કીરચંદ મહેતા પાસેથી તેના સંબંધમાં તેના અભ્યાસ સંબંધી હકીકત મંગાવવી.

૭ તારંગાજી તીર્થના ટ્રસ્ટી સાહેબે ત્યાંની પહોંચ બુકમાં કેળવણી ફંડની કોલમ વધારી આપવાથી તેમનો આભાર માનવામાં આવ્યો.

૮ ચાલુ વર્ષમાં બંને ધાર્મિક હરીફાઇની પરીક્ષા આવતા ડીસેમ્બર માસમાં એજ્યુકેશન બોર્ડ તરફથી લેવા નક્કી થયું, અને તેનો અભ્યાસક્રમ બંને સેક્રેટરીઓએ નકકી કરી આવતા માર્ચ મહીનાની આખરીએ બહાર પાડવો.

૯ ગઇ પરીક્ષાઓના પરીક્ષકો પાસેથી રીપોર્ટ મંગાવવો.

૧૦ શેઠ કાનજી રવજી મેંબર તરીકે રહેવા ના પાડે છે તેથી તેમનું નામ કમી કરવું તેમજ પંડિત બહેચરદાસને ઑનરરી મેંબર રાખવા.

૧૧ ડૉકટર નાનચંદ કસ્તુરચંદ મોદી તથા સૌભાગ્યચંદ પી. દેશાઇને એજ્યુકેશન બોર્ડના મેમ્બર તરીકે દાખલ કરવા નકકી થયું.

૧૨ દરેક જૈન તેમજ બીજા પેપરોમાં આ પ્રોસીડીંગનું તથા હવે પછી જે કામકાજ થાય તે નિયમિતપણે મોકલતા જવું.

૧૩ હવેથી જે કામ મૂકવામાં આવે તે સર્વની તપસીલ સરકયુલર સાથે ફેરવવી.

# બંને ધાર્મિક પરીક્ષાનાં પરીણામ.

( નીચેનાં ગામનાં નામ ટુંકાક્ષરે લખ્યાં છે તેમાં અ=અમદાવાદ, પા=પાટણ, પાલી=પાલીતાણા, મે=મેહસાણા, ચા=ચાણસ્મા, ધી=ધીણોજ, લીં=લીંચ, સુ=સુરત, મા=માણસા. ઝીં=ઝીંઝુવાડા, ભા=ભાવનગર, વ=વઢવાણસીટી, ક=કપડવંજ, ખં=ખંભાત, પે=પેથાપુર,

**પુરૂષવર્ગ ધોરણ ૧ લું. તપગચ્છ.** ૧ ભગવાનદાસ મીઠાભાઇ મે. ૯૫, ૨ મનસુખલાલ મયાચંદ પા. ૯૪ રૂા. ૧૯, ૩ ભાઇલાલ જગજીવનદાસ ધી. ૯૪ રૂા. ૧૯, ૪ લાલચંદ કંકુચંદ સુ. ૯૩ રૂા. ૧૫, ૫ ખુશાલચંદ તારાચંદ સુ. ૯૧ રૂા. ૧૦, ૬ બબલચંદ ચતુરચંદ ચા. ૯૧ રૂા. ૧૦, ૭ ખોડીદાસ ચુનીલાલ ચા. ૮૯ રૂા. ૭, ૮ શીવલાલ તારાચંદ લીં. ૮૮ રૂા. ૫, ૯ ભગવાનજી ગોબર પાદરા ૮૭॥ રૂા. ૩, ૧૦ અમૃતલાલ ખીમચંદ સુ. ૮૭ રૂા. ૨, ૧૧ ચંદુલાલ જેઠાલાલ સુ. ૮૫ રૂા. ૨. ૧૨ ચીમનલાલ વાડીલાલ ચા. ૮૪, ૧૩ ગોરધનદાસ ગીરધરલાલ સુ. ૮૩, ૧૪ કેશવલાલ ગૌત્તમચંદ લીં. ૮૦, ૧૫ વિઠ્ઠલદાસ પોપટલાલ પા. ૮૦, ૧૬ મણીલાલ મોતીલાલ સુ. ૭૩, ૧૭ નેમચંદ ડાહ્યાભાઇ પા. ૬૯, ૧૮ મણીલાલ મહીજીભાઇ સુ. ૬૭, ૧૯ સાકરચંદ અમથાલાલ મા. ૬૫, ૨૦ હીંમતલાલ લલ્લુભાઇ અ. ૬૨, ૨૧ ભાઇલાલ નાનશા અ. ૫૬, ૨૨ વનેચંદ ઉકાજી સુ. ૫૪, ૨૩ નગીનચંદ ડાહ્યાભાઇ સુ. ૪૬, ૨૪ વાડીલાલ નાથજી અ. ૪૬, ૨૫ વાડીલાલ મગનલાલ અ. ૪૫, ૨૬ કેશવલાલ વીરચંદ અમરેલી ૩૯.

**ધોરણ ૧ લું વિધિપક્ષ.** [બધા ઉમેદવારો મુંબઇના છે.) ૧ નરશી વીસનજી ૫૭ રૂા. ૩ ૨ નરસી હંસરાજ ૫૬ રૂા. ૨. ૩ વિશનજી કેશવજી ૫૨, ૪ પ્રેમચંદ વેલજી ૪૯, ૫ ગોવીંદજી કુંવરજી ૪૮, ૬ લાલજી મેઘજી ૪૬, ૭ શામજી હંસરાજ ૪૫, ૮ મેઘજી નરવાર ૩૪, ૯ પુનશી મુલજી ૩૪.

**ધોરણ ૨ જું અ વિભાગ.**

૧ કોદર પુરૂષોતમ મે. ૭૭ રૂા. ૨૧, ૨ અમૃતલાલ પુરૂષોત્તમ મે. ૭૩ રૂા ૧૫, ૩ મંગળદાસ મનસુખભાઇ અ. ૬૯ રૂા. ૯, ૪ રાજસિંહ હરજી મે. ૬૮ રૂા. ૫, ૫ આલમચંદ ડાહ્યાભાઇ સુ. ૬૭ રૂા. ૩, ૬ લાલચંદ દેવરાજ પાલી. ૬૬ રૂા. ૩, ૭ રાયચંદ આલમચંદ ચા. ૬૬ રૂા. ૩, ૮ પ્રેમચંદ અભેચંદ પાલી. ૬૫ રૂા. ૨, ૯ નહાલચંદ ઠાકરસી લીં. ૬૩, ૧૦ અંબાલાલ જગજીવન અ. ૬૨, ૧૧ હીંમતલાલ કેશવલાલ સુ. ૬૨, ૧૨ ઉજમશી ત્રીભોવનદાસ સુ. ૬૧. ૧૩ મણીલાલ કરમચંદ પા. ૬૧, ૧૪ સુખલાલ રવજીભાઇ ઝીં. ૬૧, ૧૫ નાગજી પાનાચંદ મે. ૫૯, ૧૬ હીરાલાલ કેવળદાસ અ. ૫૮, ૧૭ ભોગીલાલ લલ્લુભાઇ પા. ૫૮, ૧૮ વાડીલાલ અંબાલાલ સુ. ૫૫, ૧૯ લાલચંદ ગણેશ પાલી. ૫૫, ૨૦ પાનાચંદ જયમલદાસ સુ. ૫૪, ૨૧ હીરાચંદ સોમચંદ ભા. ૫૪, ૨૨ જેસીંગભાઇ સુંદરજી અ, ૫૩, ૨૩ ભોગીલાલ ફકીરચંદ અ. ૫૨, ૨૪ નરોતમદાસ જીવાભાઇ અ. ૫૨, ૨૫ મોહનલાલ હેમચંદ અ. ૫૧, ૨૬ બાલાભાઇ જેસીંગભાઇ અ. ૫૧, ૨૭ ચીમનલાલ ત્રીભોવનદાસ અ. ૫૧, ૨૮ રતીલાલ મનસુખરામ અ. ૫૦, ૨૯ ભોગીલાલ મોહનલાલ ધી. ૫૦, ૩૦ ડાહ્યાભાઇ સાંકલચંદ અ. ૪૯, ૩૧ હીંમતલાલ ભીખાભાઇ અ. ૪૯, ૩૨ રતીલાલ નાથાલાલ અ. ૪૯, ૩૩ ચંદુલાલ નાગરદાસ અ. ૪૮, ૩૪ છોટાલાલ નથુભાઇ ધી. ૪૮, ૩૫ માણેકલાલ ભુરાભાઇ અ. ૪૮, ૩૬ પ્રેમચંદ લક્ષ્મિચંદ ભા. ૪૮,

૩૭ માણેકલાલ મોતીલાલ અ. ૪૭, ૩૮ હીરાલાલ મણીલાલ અ. ૪૭, ૩૯ હીરાલાલ માણેકલાલ અ. ૪૭, ૪૦ અમરચંદ ડોસાભાઇ અ. ૪૭, ૪૧ કેવળચંદ પુરૂષોત્તમદાસ પા. ૪૭, ૪૨ રમણીકલાલ છગનલાલ અ. ૪૬, ૪૩ કસ્તુરચંદ ચુનીલાલ અ. ૪૬, ૪૪ પોપટલાલ ઘેલાભાઇ અ. ૪૬, ૪૫ જમનાદાસ જેસીંગભાઇ અ. ૪૬, ૪૬ ખીમચંદ મુલચંદ અમરેલી ૪૬, ૪૭ બાલચંદ હેમચદ અ. ૪૫, ૪૮ નગીનદાસ કચરાભાઇ અ. ૪૫, ૪૯ મણીલાલ જસરાજ પાલી. ૪૫, ૫૦ વીરચંદ મણીલાલ અ. ૪૪, ૫૧ ચુનીલાલ ત્રીભોવનદાસ અ. ૪૪, ૫૨ પોપટલાલ શીવલાલ અ. ૪૪, ૫૩ ત્રીકમલાલ પીતાંબરદાસ ધી. ૪૪, ૫૪ ડાહ્યાભાઇ ચુનીલાલ અ. ૪૩, ૫૫ લાલભાઇ સારાભાઇ અ. ૪૩, ૫૬ ચીમનલાલ મણીલાલ અ. ૪૨, ૫૭ કેશવલાલ ગીરધર મે. ૪૨, ૫૮ ચમનલાલ વાડીલાલ અ. ૪૧,૫૯ મગનલાલ ટોકરશી સુ. ૪૧, ૬૦ સારાભાઇ પ્રેમચંદ અ. ૪૦, ૬૧ રતીલાલ મનસુખરામ અ. ૪૦, ૬૨ અમૃતલાલ ખેમચંદ અ. ૪૦, ૬૩ ભોગીલાલ ત્રીકમલાલ અ. ૩૯, ૬૪ ચંદુલાલ લલ્લુભાઇ અ. ૩૯, ૬૫ વાડીલાલ દલસુખભાઈ અ. ૩૯, ૬૬ મોહનલાલ જેચંદ અ. ૩૭, ૬૭ સાંકલચંદ કાલીદાસ અ. ૩૫, ૬૮ કેશવલાલ જીવરાજ અ. ૩૫, ૬૯ છોટાલાલ વીરચંદ મે. ૩૫.

**ધોરણ ૨ જું ब વિભાગ.** ૧ આણંદજી દેવશી મે. ૮૭ રૂા. ૨૧, ૨ રતીલાલ ત્રીભોવન ભા. ૭૮ રૂા. ૧૨, ૩ કસ્તુરચંદ ભવાનદાસ ચા. ૭૮ રૂા. ૧૨, ૪ ત્રીભોવનદાસ દલીચંદ ચા. ૭૬ રૂા. ૫, ૫ કેશવલાલ અમથાલાલ લીં. ૭૫ રૂા. ૪, ૬ ઉમેદભાઇ અમથાલાલ લીં. ૭૦, ૭ સોમાભાઇ રાયજી મે. ૬૦, ૮ કાનજી કલ્યાણજી પાલી. ૫૧, ૯ અમૃતલાલ મોહનલાલ ધી. ૪૭, ૧૦ મણીલાલ કસ્તુરદાસ મે. ૩૪.

**ધોરણ ૩ જું.** ૧ લક્ષ્મિચંદ હરજીવન પાલી. ૬૭ રૂા. ૨૫, ૨ દેવશી વેરશી મુંબઇ. ૫૫ રૂા. ૧૫.

**ધોરણ ૪ થું.** ૧ સોમાભાઇ હાથીભાઇ મે. ૮૦ રૂા. ૩૦, ૨ મણીલાલ કાનજી મે. ૭૫ રૂા. ૨૦.

**ધોરણ ૫ મું. ब.** ૧ દુલભદાસ કાળીદાસ મે. ૯૬ રૂા. ૨૦. ખીમચંદ ફુલચંદ ભા. ૫૦ રૂા. ૫, ૩ મગનલાલ વર્ધમાન વ. ૫૦ રૂા. ૫.

**ધોરણ ૫ મું ड.** ૧ સૌભાગ્યચંદ મુળચંદ પા. ૯૩ રૂ. ૨૦, ૨ શાંતિલાલ માણેકચંદ ધી. ૭૪ રૂ. ૧૦, ૩ શાંતિલાલ હરગોવિંદદાસ મા. ૬૦ રૂ. ૫.

**ધોરણ ૫ મું ई.** ૧ કસ્તુરચંદ ભીખાચંદ ધી. ૯૨ રૂા. ૨૦, ૨ મુલચંદ હરજીવન મા. ૫૬ રૂા, ૫.

**ધોરણ ૫ મું जी.** ૧ પુંજાભાઇ નારૂભાઇ મે. ૮૦ રૂા ૨૦, ૨ ખેતસી જીનેન્દ્રસાગર સુરીશ્વરજી મે. ૭૦ રૂા. ૧૦, ૩ પુરૂષોત્તમ જયમલદાસ સુ. ૫૭ાા રૂા. ૫.

કુલ ૧૨૯ વિદ્યાર્થીઓ પાસ થયા છે અને ઇનામના રૂા. ૪૨૭ અપાયા છે.

**અવિવાહિત કન્યાઓનું ધોરણ ૧ લું.** ૧ હીરા લેહરૂચંદ પા. ૮૩ રૂ. ૧૫, ૨ ધીરી ચુનીલાલ ક. ૮૦ રૂ. ૮, ૩ ભીખી ચુનીલાલ પા. ૭૮ રૂ. ૭, ૪ શાંતી મંગળચંદ પા. ૭૭ રૂ. ૫ાા, ૫ ગજી લલ્લુચંદ પા. ૭૭ રૂ. ૫ાા, ૬ રમણગૌરી નાનાભાઇ સુ. ૭૫ રૂ. ૪, ૭ ચંપા સુરજમલ પા. ૭૨ રૂ. ૨, ૮ મંગુ કસ્તુરચંદ બાપુભાઇ પાદરા ૭૨ રૂ. ૨, ૯ ચંપા ચુનીલાલ અ. ૭૨ રૂ. ૨, ૧૦ શકરી વાડીલાલ અ. ૭૧ રૂ. ૧, ૧૧ અંબા ત્રીભોવન ખં. ૬૯

રૂ.૧, ૧૨ શકરી નથુભાઇ મા.૬૯ રૂ.૧, ૧૩ મેણી પુનમચંદ ક. ૬૬ રૂ.૧, ૧૪ ચંપા વાડીલાલ અ. ૬૫,૧૫ જીવી દુલભજી પાલી.૬૨, ૧૬ જીવકોર રતનચંદ ક. ૬૨,૧૭ પાર્વતી સરૂપચંદ પે. ૬૨,૧૮ મોતી સ્વરૂપચંદ પા.૬૧, ૧૯ રેવા અંબાલાલ ખં.૬૦, ૨૦ મંગુ દેવચંદ મા. ૫૯, ૨૧ કાંતા ફુલચંદ અ. ૫૯, ૨૨ લીલી કેશવલાલ અ. ૫૮, ૨૩ ચંપા હરીલાલ અ. ૫૭, ૨૪ પ્રેમકુંવર ધરમશી પાલી. ૫૭, ૨૫ લીલી ચમનલાલ અ. ૫૭, ૨૬ હીરી ડાહ્યાભાઇ અ. ૫૫, ૨૭ રતન લાલભાઇ અ. ૫૫, ૨૮ ચંદ્રાવતી ઠાકોરભાઈ સુ. ૫૫, ૨૯ શની નગીનદાસ ખં. ૫૪,૩૦ સીતા કેવળદાસ અ.૫૪, ૩૧ મોતી કસ્તુરચંદ પાદરા. ૫૪,૩૨ લીલી પ્રેમચંદ અ.૫૩, ૩૩ કમળા ચીમનલાલ અ. ૫૩, ૩૪ પ્રેમકુંવર નારણ ભા. ૫૨, ૩૫ મહાલક્ષ્મી લાલભાઇ અ. ૫૨, ૩૬ રતન ચુનીલાલ અ. ૫૨, ૩૭ વીજકોર દેવચંદ સુ. ૫૧, ૩૮ અજવાળી કુંવરજી પાલી. ૫૧, ૩૯ કંચનગૌરી નાનચંદ સુ. ૫૦, ૪૦ હેમી મેરાજ પાલી. ૫૦, ૪૧ મોંધી મુળજી ભા. ૫૦, ૪૨ ચંપા જેઠાદાસ ઝીં. ૫૦, ૪૩ દેવકુંવર પાનાચંદ ભા. ૪૯, ૪૪ માણેક ચકુભાઇ અ. ૪૯, ૪૫ મેના છગનલાલ ખં. ૪૯, ૪૬ જાસુદ કચરા-ભાઇ અ. ૪૮, ૪૭ રતન મણીલાલ અ. ૪૭, ૪૮ હીરી મહાસુખરામ અ. ૪૭, ૪૯ હીરા વેણીચંદ મા. ૪૭, ૫૦ સાંકુ છોટાલાલ અ. ૪૭, ૫૧ કેશર તારાચંદ ખં. ૪૭, ૫૨ શારદા લાલભાઇ અ. ૪૭, ૫૩ રમણગૌરી સાકરચંદ સુ. ૪૬, ૫૪ મંગળા ડાહ્યાલાલ પાલી. ૪૫, ૫૫ કમળા સાંકળચંદ અ. ૪૫, ૫૬ ભીખુ બાલુભાઇ સુ. ૪૫, ૫૭ મોતી સ્વરૂપચંદ અમરેલી ૪૪, ૫૮ જસી રણછોડ પાદરા ૪૩, ૫૯ કલાવંતી માધવજી ભા. ૪૩, ૬૦ ચંપા રામચંદ અમરેલી ૪૩, ૬૧ સુભદ્રા દોલાભાઇ અ. ૪૩. ૬૨ હીરા માણેકચંદ ધી. ૪૩, ૬૩ મેની ગીરધરભાઇ ક. ૪૩, ૬૪ અંબા માણેકચંદ ભા. ૪૨, ૬૫ ગુલાબ અનુ-પચંદ સુ. ૪૨, ૬૬ જાસુદ મણીલાલ અ. ૪૨, ૬૭ શાંતિ સ્વરૂપચંદ અમરેલી ૪૨, ૬૮ લીલી ભીખાભાઇ અ. ૪૧, ૬૯ ચંપાવતી મંગુલાલ સુ. ૪૦, ૭૦ સંતોક જાદવજી અમ-રેલી ૪૦, ૭૧ મુળી હરખાજી અ. ૩૯, ૭૨ શકરી હરીલાલ અ. ૩૯, ૭૩ ચંચળ પ્રેમ-ચંદ ભા. ૩૮, ૭૪ લીલી પ્રેમચંદ અ. ૩૮, ૭૫ મંગુ કસ્તુરચંદ પાદરા ૩૮, ૭૬ હીરી ચુનીલાલ અ. ૩૮, ૭૭ હીરી સારાભાઇ અ ૩૮, ૭૮ રૂખી લીલાચંદ ધી. ૩૮, ૭૯ અજવાળી નાનચંદ પાલી. ૩૭, ૮૦ સુરજ ભીખાભાઇ ભા. ૩૭, ૮૧ જયકુંવર તારાચંદ અમરેલી ૩૭, ૮૨ કમળા ડાહ્યાભાઇ પાદરા ૩૬, ૮૩ રતન નરોતમ ભા. ૩૬, ૮૪ ગુલાબ મંછુભાઇ સુ. ૩૬, ૮૫ હીરાગૌરી નરોતમદાસ સુ. ૩૬, ૮૬ રમણ નગીનદાસ સુ. ૩૬, ૮૭ મહાલક્ષ્મી મણીલાલ અ. ૩૫, ૮૮ વિજયા પરશોતમ ભા. ૩૫, ૮૯ માણેક બાલચંદ ખં. ૩૫, ૯૦ રંભા કપૂરચંદ અમરેલી ૩૫, ૯૧ માણેક લાલભાઇ અ. ૩૪, ૯૨ જાસુદ વાડીલાલ અ. ૩૪, ૯૩ ભુખી ચમનલાલ અ. ૩૪, ૯૪ પરસન દામોદર ભા. ૩૪, ૯૫ કમુ અમીચંદ સુ. ૩૪, ૯૬ કીકી છગનલાલ સુ. ૩૪, ૯૭ હીરાકોર ઝવેરચંદ સુ. ૩૪, ૯૮ સુભદ્રા કાળીદાસ અ. ૩૪, ૯૯ ચંપા મણીલાલ અ. ૩૪, ૧૦૦ લીલી બુધાભાઇ અ. ૩૪, ૧૦૧ મંગુ હરજીવનદાસ ખં. ૩૪, ૧૦૨ અજવાળી ઝવેરચંદ અમરેલી ૩૪, ૧૦૩ કસુંબા વશરામ અમરેલી ૩૩, ૧૦૪ સાંકળી હેમચંદ અમરેલી ૩૩, ૧૦૫ પાર્વતી જેઠીદાસ ઝીં. ૩૩, ૧૦૬ રંભા છોટાલાલ ભા. ૩૩, ૧૦૭ લખમી નાથુભાઇ સુ. ૩૩, ૧૦૮ મંગુ સારાભાઇ ખં. ૩૩, ૧૦૯ મોતી મોહનલાલ ખં. ૩૩, ૧૧૦ વિમળા અમૃતલાલ અ. ૩૩, ૧૧૧ જશી ચુનીલાલ અ. ૩૩, ૧૧૨ જશી વાડીલાલ અ. ૩૩.

**અવિવાહિત કન્યાઓનું ધોરણ ૨ જું.** ૧ મંગુ લલ્લુભાઇ પા. ૮૦ રૂ. ૧૫, ૨ પ્રધાન પ્રેમચંદ ક. ૭૧ રૂ. ૭, ૩ ચંદન ચુનીલાલ ક. ૬૨ાા રૂ. ૫, ૪ મણી ફૂલચંદ ખં. ૪૬ાા, ૫ જસી નાથાલાલ અ. ૪૫ાા, ૬ જાસુદ ભીખાચંદ પા. ૪૪ાા, ૭ માણેક પુંજાભાઇ અ. ૪૪ાા, ૮ ગાંડી નાથાલાલ ખં. ૪૩ાા, ૯ રતન પોપટલાલ અ. ૪૨ાા, ૧૦ કાંતા સકરચંદ અ. ૪૧ાા, ૧૧ રેવા પાનાચંદ ખં. ૩૭ાા, ૧૨ વિમળા ત્રીકમલાલ અ. ૩૬.

**સ્ત્રીઓનું ધોરણ ૧ લું.** ૧ સાંકળી બલાખીદાસ પે. ૯૩ રૂ. ૨૧, ૨ બબુ ચુનીલાલ પા. ૮૫ રૂ. ૧૭, ૩ બાધી દલીચંદ લીં. ૮૨ રૂ. ૧૫, ૪ કાંતા બહેચરદાસ અ. ૭૩ રૂ. ૧૧. ૫ શ્રીમતી ભાઇલાલ સુ. ૬૮ રૂ. ૯, ૬ તારાગૌરી ફતેહચંદ સુ. ૬૩ રૂ. ૭, ૭ મણી નથુભાઇ ધી. ૬૨ રૂ. ૫, ૮ ચંપા જમનાદાસ અ. ૬૦ રૂ. ૩, ૯ હીરાકોર પુનમચંદ પે. ૫૯ રૂ. ૨, ૧૦ ઉજમ અભેચંદ સુ. ૫૯ રૂ. ૨, ૧૧ હરકોર નરોતમદાસ સુ. ૫૮, ૧૨ મણી જેઠાલાલ અ. ૫૪, ૧૩ સમુ રૂપચંદ સુ. ૫૩, ૧૪ ગજી કાળીદાસ અ. ૫૨, ૧૫ ચંચળ બેચરદાસ. અ. ૪૯, ૧૬ પાર્વતી હરજીવન અ. ૪૬, ૧૭ બબુ વીરચંદ અ. ૪૪, ૧૮ મેના જેચંદ મા. ૪૪, ૧૯ નાની ચુનીલાલ સુ. ૪૨, ૨૦ કાંતા વરજીવનદાસ અ. ૪૨, ૨૧ ઝબક વ્રજલાલ અ. ૩૯.

**સ્ત્રીઓનું ધોરણ ૨ જું.** ૧ મોતી રણછોડ ક. ૬૬ રૂ. ૩૧, ૨ શાંતા ફતેહચંદ અ. ૬૨ રૂ. ૨૫, ૩ કમળા દેવચંદ સુ. ૫૭ રૂ. ૧૩ાા, ૪ ગજરી માનચંદ ધી. ૫૭ રૂ. ૧૩ાા, ૫ શકરી સાંકળચંદ ધી. ૫૫.

**સ્ત્રીઓનું ધોરણ ૩ જું.** ૧ કીકી નાનચંદ સુ. ૭૪ રૂ. ૨૫, ૨ ચંપા ચુનીલાલ ક. ૬૨ રૂ. ૧૫, ૩ જોઇતી લલુચંદ ચા. ૬૧ રૂ. ૧૦, ૪ સકરી મંછારામ અ. ૫૬, પ્રધાન ઝવેરચંદ અ. ૫૫, ૬ પ્રભાવતી રતનચંદ અ. ૫૪, ૭ સીતા અમીચંદ અ. ૩૫.

**સ્ત્રીઓનું ધોરણ ૪ થું.** ૧ બેન પૂરી ઉમેદચંદ અમદાવાદ ૬૮ રૂ. ૨૫.

**સ્ત્રીઓનું ધોરણ ૫ મું.** નેમકોર કસ્તુરચંદ સુરત. ૬૯ રૂ. ૨૫.

નોટ—કુલ ૧૫૯ ઉમેદવાર પાસ થયા છે અને ઇનામના રૂ. ૩૫૭ આપવામાં આવ્યા છે,

---

# कॉन्फरन्स मिशन.

## ૧ શ્રી सुकृत भंडार फंड.

(તા. ૬-૨-૧૭ થી તા. ૧૨-૩-૧૭, સં. ૧૯૭૩ ના માહા સુદ ૧૪ થી ફાગણ વદ ૪.)
વસુલ આવ્યા રૂ. ૭૩-૨-૦

ગયા માસ આખરના બાકી રૂ. ૯૨૦-૮-૦

(૧) **ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદ—મારવાડ.**
ધુળેવા—લુણવાના શ્રી સંઘ તરફથી ૩૧ાાા≈, તથા ઇડરના
શેઠ નેમચંદ રેવાજી ૫, उदेपुर ૨૩. કુલ રૂ. ૫૯-૧૪-૦

(૨) **મી. પુંજાલાલ પ્રેમચંદ—राजपुताना. भरतपुर ૧૩.** કુલ રૂ. ૧૩-૦-૦

(૩) શોલાપુરના શેઠ કલ્યાણભાઇ છગનલાલ માર્ફત ૦ા. કુલ રૂ. ૦-૪-૦

એકંદર કુલ રૂ. ૯૯૩-૧૦-૦

**નોટ**—ત્રણે ઉપદેશકો રજા ઉપર ગયેલ હેવાથી ફંડની વસુલાત થઇ નથી.

# श्री जैन श्वेतांबर एज्युकेशन बॉर्ड.

# શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ ધાર્મિક હરીફાઈની બંને પરીક્ષા.-તેના નિયમો અને અભ્યાસક્રમ.

## સ્થળ-એજંટ વગેરે.

૧. મજકુર બંને પરીક્ષા શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બૉર્ડે નિમેલ નીચેનાં **સ્થળોએ** અને નીચે જણાવેલ **એજંટોની** દેખરેખ નીચે દરેક **વર્ષના ડીસેમ્બર મહીનાના છેલ્લા રવીવારે** બપોરના ૧ થી ૪ વાગ્યા સુધી લેખિત લેવામાં આવશે અને તેનાં **પરિણામ** ત્યાર પછી દોઢ બે મહીને બહાર પાડવામાં આવશે.

| | **સ્થળ** | **એજંટ.** |
|---|---|---|
| ૧ | મુંબઇ | શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બૉર્ડ. |
| ૨ | સુરત | રા. ચુનીલાલ છગનચંદ શરાફ તથા રા. મગનલાલ પી. બદામી. |
| ૩ | અમદાવાદ | રા. હીરાચંદ કકલભાઇ તથા રા. મણીલાલ નથુભાઇ દોશી. |
| ૪ | માંગરોળ | શ્રી આત્મારામજી જૈન પાઠશાળા. |
| ૫ | મેહસાણા. | શ્રી મેહસાણા જૈન પાઠશાળા. |
| ૬ | પાલીતાણા | ઝવેરી લક્ષ્મિચંદ ઘેલાભાઇ તથા રા. કુંવરજી દેવશી |
| ૭ | ભાવનગર | શ્રી જૈન ધર્મ પ્રસારક સભા. |
| ૮ | યેવલા | શેઠ દામોદર બાપુશા તથા શેઠ બાલચંદ હીરાચંદ |
| ૯ | બનારસ | શ્રી યશોવિજયજી જૈન પાઠશાળા. |
| ૧૦ | જયપુર | શેઠ ધાંસીલાલ ગુલેચ્છા. |
| ૧૧ | ગુજરાનવાલા | શ્રી આત્મારામજી જૈન પાઠશાળા. |
| ૧૨ | રાજકોટ | રા. ચત્રભુજ જેચંદ |
| ૧૩ | રતલામ | શેઠ વર્ધમાનજી વાલચંદજી તથા શેઠ રતનલાલજી સુરાના. |
| ૧૪ | બોટાદ | દેશાઇ લક્ષ્મિચંદ ભવાન. |
| ૧૫ | વઢવાણ | શા ગોવીંદભાઇ મકન તથા શા મગનલાલ ડાહ્યાભાઇ. |
| ૧૬ | લીંચ | શેઠ હઠીસંગ રતનચંદ. |
| ૧૭ | અમરેલી | શેઠ સુંદરજી ડાહ્યાભાઇ વકીલ. |
| ૧૮ | લીંબડી | શેઠ હીરાચંદ લાલચંદ તથા શા સુખલાલ કપુરચંદ. |
| ૧૯ | ધીણોજ | શા. ચુનીલાલ હાથીચંદ. |
| ૨૦ | મોરબી | વકીલ ધનજીભાઇ રાયચંદ તથા શા પ્રેમજીરામ હરખચંદ. |
| ૨૧ | ઝીંઝુવાડા | શેઠ તેજપાળ ત્રીકમ તથા વોરા સવચંદ ઇચ્છાચંદ. |
| ૨૨ | વડસ્મા | શા મયાચંદ સાંકલચંદ તથા શા ભાયચંદ ખીમચંદ |
| ૨૩ | ચાણસ્મા | વકીલ રવચંદ આલમચંદ. |

૨૪ ખંભાત શેઠ ચીમનલાલ પુરૂષોતમદાસ તથા રા. ચુનીલાલ મુલચંદ કાપડીઆ
૨૫ પાટણ શેઠ સેવંતીલાલ નગીનદાસ તથા શેઠ વાડીલાલ સાંકલચંદ,
૨૬ કપડવંજ પરિ પ્રેમચંદ રતનચંદ.
૨૭ બોરસદ રા. છોટાલાલ બાપુભાઇ પરીખ તથા શા ફીલાભાઇ જેઠાભાઇ.
૨૮ પાદરા વકીલ મોહનલાલ હીમચંદ
૨૯ પેથાપુર નગરશેઠ ફતેચંદ રવચંદભાઇ.
૩૦ માણસા શેઠ હાથીભાઇ મુલચંદ તથા શા મફાલાલ જેચંદ.

નોટ—બીજાં સેન્ટરો યોગ્ય સંખ્યા આવ્યે બૉર્ડ તરફથી ઉઘાડવામાં આવશે.

## અભ્યાસક્રમ.

(૧) **પુરૂષ જૈન ધાર્મિક હરીફાઇની પરીક્ષામાં** નીચે મુજબ પાંચે ધોરણની પરીક્ષા લેવામાં આવશે.

**ધોરણ ૧ લું:—પંચ પ્રતિક્રમણ** મૂળ, અર્થ, વિધિ અને હેતુ સહિત (૧) તપ ગચ્છીય માટે શ્રી જૈન શ્રેયસ્કર મંડળ તરફથી પ્રગટ થયેલ પુસ્તક. (૨) વિધિ પક્ષવાળા ઉમેદવારો માટે શેઠ ભીમસીંહ માણેકનું છપાવેલ વિધિપક્ષ પંચ પ્રતિક્રમણ સુત્ર મોટું (૩) સિવાયના ગચ્છ વાળાઓની પરીક્ષા તે તે ગચ્છના પ્રમાણભૂત પુસ્તકના અનુસાર લેવામાં આવશે.

**ધોરણ ૨ જું** ( **અ** અને **બ** એ બેમાંથી કોઇપણ વિભાગ ):—**અ જીવવિચાર** તથા **નવતત્વ પ્રકરણ** ( શેઠ ભીમશી માણેકવાળાં પુસ્તકો ), **ધર્મબિંદુ** ( શ્રાવક ધર્મ સંબંધી વિભાગ આત્માનંદ જૈન સભાનું છપાવેલું ) અથવા **બ નવતત્વ, નવસ્મરણ અર્થ** સહિત ( શેઠ ભીમસિંહ માણેકવાળાં પુસ્તક ), **ત્રણ ભાષ્ય** ( શેઠ વેણીચંદ સુરચંદ અથવા શેઠ ભીમસિંહ માણેકવાળું પુસ્તક ) **અર્થ** અને સમજણ તથા હેતુપૂર્વક

**ધોરણ ૩ જું:—૧ જ્ઞાનસાર**-( રા. દીપચંદ છગનલાલવાળું ), ૨ **મહાવીર ચરિત્ર** ભાષાંતર હેમચંદ્રાચાર્ય કૃત દશમું પર્વ (શ્રી જૈન ધર્મ પ્રસારક સભા તરફથી પ્રસિદ્ધ થયેલું ), અને ૩ **આનંદઘનજીની ચોવીશી** ( જ્ઞાનસારના ટબાવાળી )

**ધોરણ ૪ થું:—આગમસાર** દેવચંદ્રજી કૃત ( શેઠ ભીમસિંહ માણેક તરફથી છપાએલ ). અને **સભાષ્ય તત્વાર્થાધિગમ સૂત્ર**—( સમજણ સાથે રોયલ એશિયાટીક સોસાઇટીવાળું. )

**ધોરણ ૫ મું**:—નીચેના સાત વિભાગમાંથી કોઇપણ એક વિભાગ.

૧ ન્યાય વિષયમાં—**સ્યાદ્વાદ મંજરી** ( રાયચંદ્ર જૈન શાસ્ત્રમાળામાંથી ) અને **આઠ દ્રષ્ટિની સજ્ઝાય** ( પ્રકરણ રત્નાકરના ભાગ પહેલામાંથી ૪૧૩ થી ૪૩૮ પાનાં )

૨ દ્રવ્યાનુયોગ વિષયમાં-**છ કર્મ ગ્રંથ** ( ભીમસિંહ માણેક તરફથી છપાએલ )

૩ અધ્યાત્મ વિષયમાં-**અધ્યાત્મ કલ્પદ્રુમ** ( રા. રા. મોતીચંદ કાપડીઆ તરફથી બહાર પડેલું ) અને **દેવચંદ્રજીની ચોવીશી** (શેઠ ભીમસિંહ માણેક તરફથી વિવેચન સાથે છપાએલ. )

૪ પ્રકીર્ણ વિષયમાં-**ઉપદેશ પ્રાસાદ પાંચે ભાગ** (શ્રી જૈન ધર્મ પ્રસારક સભા તરફથી

છપાએલ ) તેના પર વિવેચન વિચારપૂર્વક કરેલ અવલોકન સાથે.

૫ ઇતિહાસ વિષયમાં—**ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર પર્વ થી ૧ થી ૧૦ નું ભાષાંતર** સંપૂર્ણ ( શ્રી જૈન ધર્મ પ્રસારક સભા તરફથી છપાએલ) ઐતિહાસિક તથા તત્વ દ્રષ્ટિએ વિદ્યાર્થીઓએ અવલોકન કરવાનું.

૬ તત્વજ્ઞાન વિષયમાં—**સટીક-ષડ્દર્શન સમુચ્ચય.**

૭ પ્રાકૃત ભાષા— **પ્રાકૃત માર્ગોપદેશિકા** ( પંડિત બહેચરદાસ કૃત ) અને **ઉપદેશમાળા** ( ધર્મદાસ ગુણિકૃત )

(૨) **શ્રી જૈન ધાર્મિક હરીફાઇની પરીક્ષામાં** નીચે મુજબ અવિવાહિત કન્યાઓ માટે બે ધોરણની અને કન્યાઓ તથા સ્ત્રીઓ માટે પાંચ ધોરણની પરીક્ષા લેવામાં આવશે

**(અ) માત્ર અવિવાહિત કન્યાઓ માટે**

બાળ ધોરણ ૧ લું—(૧) **સામાયિક** તથા **દેવવંદન વિધિનાં સૂત્ર** તથા **નવઅંગ પૂજાના દોહા** સમજણ સહિત મુખ પાઠે, (૨) **જીવવિચારની પચીસ ગાથાના છુટા બોલ** સામાન્ય સમજણ સાથે તથા (૩) **પુત્રીશિક્ષા** (ગુજરાતી પ્રેસ. )

બાળ ધોરણ ૨ જું (૧) **જીવવિચાર*** તથા **નવતત્ત્વનો સાર** ( શેઠ ભીમસિંહ માણેકવાળાં પુસ્તકો ) (૨) **ઉપદેશ પ્રાસાદ ભાગ ૧ લો** ( પ્રગટ કર્તા—શ્રી જૈન ધર્મ પ્ર. સભા ) તથા (૩) **હિતશિક્ષા છત્રીસી** ( વીરવિજયજી કૃત ) સમજણ સાથે કે જે જૈન કાવ્ય પ્રવેશમાં આપેલી છે.

**(બ) કન્યાઓ તથા સ્ત્રીઓને માટે**

**ધોરણ ૧ લું:**—(૧) **બે પ્રતિક્રમણ**—અર્થ સમજણ પૂર્વક મુખ પાઠે (તપગચ્છ માટે જૈન શ્રેયસ્કર મંડળનું તથા વિધિપક્ષ માટે શેઠ ભીમસિંહ માણેકવાળું પુસ્તક ) (૨) **જીવવિચાર પ્રકરણનો સાર** ( ભીમસિંહ માણેકવાળી બુક ), (૩) **સજ્ઝાયો**—ઉદયરત્નની ચાર ક્રોધ, માન, માયા, લોભની સજ્ઝાયો, તથા **ગહુંલી:**—૧ શીયલ સલુણી ચુંદડી, (૨) બ્હેની સંચરતાંરે સંસારમાંરે ( એ છએ જૈન કાવ્ય પ્રવેશમાંથી )

**ધોરણ ૨ જું:**—તપગચ્છ માટે **પંચપ્રતિક્રમણ** તથા **નવસ્મરણ** ( જૈન શ્રેયસ્કર મંડળવાળું ) સમજણ પૂર્વક મુખપાઠે. વિધિપક્ષ માટે **પંચપ્રતિક્રમણ** ( બે પ્રતિક્રમણ સૂત્રો સિવાય પ્ર૦ ભીમસિંહ માણેક ) **ભક્તામર** તથા **કલ્યાણમંદિર.** અન્ય ગચ્છ માટે તેઓનું **પંચપ્રતિક્રમણ** અને **નવસ્મરણ.**

**ધોરણ ૩ જું:**—(૧) **નવતત્ત્વ** તથા **ત્રણ ભાષ્યનો સાર** [ ભીમસીંહ માણેકવાળું પુસ્તક ), (૨) **ઉપદેશ પ્રાસાદ ભા. ૧ લો.** ( પ્ર. જૈન ધર્મ પ્રસારક સભા ) અર્થ સહિત તથા (૩) **છ સ્તવનો:**—૧ જબલગે સમક્તિ રત્નકું પાયા નહિ, ૨ સમક્તિદ્વાર ગભારે પેસતાજી, (૩) દોડતાં દોડતાં પંથ કપાય તો (૪) તાર હો તાર પ્રભુ મુજ સેવક ભણી, [૫] જાત્રા નવાણું કરીએ વિમલગિરિ, (૬) પ્રભુ પાસજી પ્રગટ પ્રભાવી. ( જૈન કાવ્ય પ્રવેશમાંથી.) અથવા તે છ સ્તવનોને બદલે સમક્તિના ૬૭ બોલની સજ્ઝાય સમજણ સાથે. ( જૈનકાવ્ય પ્રવેશમાંથી )

---

* નોટ—જીવવિચાર તથા નવતત્ત્વના વિદ્યાર્થીએ ગાથાઓ કંઠે કરીને ભાવાર્થ કરવો પડશે.

**ધોરણ ૪ થું:—આગમસાર** દેવચંદ્રજી કૃત પ્રકરણ રત્નાકરમાંથી, (૨) **ગુણસ્થાનક ક્રમ** ( જૈન તત્ત્વાદર્શ—પરિચ્છેદ છઠ્ઠો અથવા અનોપચંદ મલુકચંદના પ્રશ્નોતર રત્ન ચિંતામણી પ્રશ્ન પર થી ૫૪ કે જેમાં આ હકીકત આવી જાય છે.), (૩) **શિલોપદેશમાળા** ( જૈન વિદ્યાશાળાવાળી ) (૪) અને **શિખામણ** ( કર્ત્તા—ડૉ. ત્રીભોવનદાસ મોતીચંદ.)

**ધોરણ ૫ મું:**—નીચેના **अ, ब, क, ड,** અને **इ** એ પાંચ વિભાગમાંથી ગમે તે એક.

अ. (૧) **તત્ત્વાર્થ સૂત્ર** (રાજચંદ્ર જૈનશાસ્ત્ર માળામાંથી) અને (૨) **આનંદઘનજી ચોવીશી** ( તેનાં પ્રથમનાં ૧૯ સ્તવનો સમજણ સાથે શ્રાવક ભીમસિંહ માણેકવાળું પુસ્તક ) અથવા

**ब. ચારકર્મ ગ્રંથ** તથા **ઉપમિતિ ભવપ્રપંચ સંક્ષિપ્ત** ( પ્રકરણ રત્નાકર ભાગ ૪ થો—પ્ર૦ ભીમસીંહ માણેક ) અથવા

**क. જ્ઞાનાર્ણવ** અને **આઠ દ્રષ્ટિની સજઝાય.** અથવા

**ड. યોગબિંદુ,** આઠ **દ્રષ્ટિની સજઝાય** અને **દેવચંદ્રજી ચોવીશી** અથવા

**इ. ઉપદેશ પ્રાસાદ ભાગ ૨ થી ૫.**

**૩ ઇનામો:**-આ પરીક્ષાઓમાં ઉંચે નંબરે આવનાર ઉમેદવારોને તેની લાયકાત પ્રમાણે નીચેમુજબ બોર્ડ તરફથી ઇનામો પરીક્ષા લેવાયા પછી આશરે બે મહિને આપવામાં આવશે.

(૧) **પુરૂષ જૈન પરીક્ષામાં:—ધોરણ** ૧ લું—ઇનામ દશ કુલ રૂા. ૯૨ નાં તેમાં ૧ લું રૂ. ૨૧, બીજું રૂ. ૧૭, ત્રીજું રૂ. ૧૫, ચોથું રૂ. ૧૧, પાંચમું રૂ. ૯, છઠ્ઠું રૂ. ૭, સાતમું રૂ. ૫, આઠમું રૂ. ૩ નવમું અને દશમું રૂ. ૨.

**ધોરણ ૨ જું. अ** વિભાગમાં ઇનામ ચાર કુલ રૂ. ૫૦ નાં તેમાં ૧ લું રૂા. ૨૧, બીજું ૧૫, ત્રીજું ૯, ચોથું ૫, અને **ब** વિભાગમાં ચાર ઇનામ કુલ. રૂા. ૫૦ નાં જેમાં ૧ લું. રૂા. ૨૧, બીજું ૧૫, ત્રીજું ૯, ચોથું ૫.

**ધોરણ ૩ જું.**—પાંચ ઇનામો રૂ. ૬૩ નાં તેમાં ૧ લું રૂ. ૨૫, બીજું ૧૫, ત્રીજું ૧૦, ચોથું ૮, પાંચમું ૫.

**ધોરણ ૪ થું**--ત્રણ ઇનામો રૂ ૬૦ નાં તેમાં ૧ લું રૂ. ૩૦, બીજું ૨૦ ત્રીજું ૧૦

**ધોરણ પાંચમુ**--સાત વિભાગમાંના દરેક વિભાગમાં રૂ. ૨૦ સાત ઇનામો રૂ, ૧૪૦નાં.

(૨) **સ્ત્રી જૈન પરીક્ષામાં—બાળ ધોરણ** ૧ લું ઇનામ આઠ કુલ રૂ. ૫૦ નાં તેમાં ૧ લું રૂ. ૧૫, બીજું ૭, ત્રીજું ૭, ચોથું ૬, પાંચમું ૫, છઠ્ઠું ૪, સાતમું ૩, આઠમું ૨. **બાળ ધોરણ ૨ જું**—સાત ઇનામો રૂા. ૩૮ નાં તેમાં ૧ લું રૂ. ૧૫, બીજું ૭, ત્રીજું ૫, ચોથું ૪, પાંચમું ૩, છઠ્ઠું અને સાતમું ૨.

**કન્યા તથા સ્ત્રીઓનું ધો. ૧ લું.** દશ ઇનામો રૂા. ૯૨ નાં તેમાં પહેલું રૂ. ૨૧, બીજું ૧૭, ત્રીજું ૧૫, ચોથું ૧૧, પાંચમું ૯, છઠ્ઠું ૭, સાતમું ૫, આઠમું ૩, નવમું તથા દશમું ૨.

**ધો. ૨ જું**—ચાર ઇનામો રૂ. ૮૩નાં તેમાં ૧ લું રૂ. ૩૧, બીજું ૨૫, ત્રીજું ૧૭. ચોથું ૧૦.

**ધો. ૩ જું**—ત્રણ ઇનામો રૂ. ૫૦નાં તેમાં ૧ લું રૂ. ૨૫, બીજું ૧૫, ત્રીજું ૧૦.

**ધો. ૪ થું**—ત્રણ ઇનામો રૂ. ૫૦નાં તેમાં ૧ લું રૂ. ૨૫, બીજું ૧૫, ત્રીજું ૧૦.

**ધો. ૫ મું**—પાંચ ઇનામો રૂ. ૧૦૦નાં-પાંચ વિભાગમાંના દરેક વિભાગમાં રૂા.૨૦.

**૪ પ્રકીર્ણ સૂચના:**—કોઇ પણ વિદ્યાર્થી એકી વખતે એકજ ધોરણમાં પરીક્ષા આપી શકશે, પણ તેમાં તે નિષ્ફળ જશે તો તે ધોરણમાં તે બીજે વરસે બેસી શકશે. બીજા તથા પાંચમા ધોરણમાં એકથી વધારે વિષયો છે તેથી દરેકમાં જુદે જુદે વરસે પરીક્ષા આપી શકશે અને પાસ થનારને લાયકાત પ્રમાણે ઇનામ અને અચૂક પ્રમાણપત્ર મળશે.

એક તૃતિયાંશ માર્ક મેળવનારને જ પાસ થયેલ ગણવામાં આવશે પણ ઇનામને લાયક થવા માટે ઓછામાં ઓછા પચાસ ટકા માર્ક મેળવવાજ જોઇશે.

પાંચમાં ધોરણમાં હાલ તુરત ઇનામ નાનાં દેખાય છે પણ જે વિભાગમાં બેસનાર નહિ હોય તેનાં ઇનામો અન્ય વિભાગમાંના ઇનામની રકમ અથવા સંખ્યા વધારવા માટે ઉપયોગમાં લેવામાં આવશે.

દરેક પેટા વિભાગમાં ઇનામો એક બીજાથી સ્વતંત્ર છે તેથી તે ધોરણના વિભાગોમાં અંદર અંદર હરીફાઇ રહેશે નહીં.

આંખે અપંગ હોય તેને માટે લખનારની વ્યવસ્થા કરી લેવામાં આવશે તો તેની યોગ્યતાનું પ્રમાણપત્ર આપવામાં આવશે પણ તેને ઇનામ મળશે નહીં.

આ પરીક્ષાના ધોરણ વિગેરે સંબંધમાં ખુલાસો પુછવો હોય તે નીચેના શીરનામે પૂછી મંગાવવો.

પુરૂષ પરીક્ષામાં બીજા ધોરણમાં અને ત્યાર પછીના ધોરણમાં નવ સ્મરણ સિવાય કોઇ પણ વિષયમાં મુખ પાઠના સવાલો પરીક્ષામાં પૂછવામાં આવશે નહીં-

ધાર્મિક શિક્ષકો, સુપરિન્ટેન્ડેન્ટ, પરીક્ષકો તથા પંડિતો પહેલા તથા બીજા ધોરણની પરીક્ષામાં બેસશે તો તેમને પાસ થયે માત્ર પ્રમાણપત્ર આપવામાં આવશે, ઇનામ તેમને મળી શકશે નહિ.

અવિવાહિત કન્યાઓના બંને ધોરણમાં સવાલો બહુ સાદા પૂછવામાં આવશે અને પરીક્ષકો નરમ રહે તેવી સૂચના કરવામાં આવશે.

કન્યા તથા સ્ત્રીઓના સર્વ સવાલ પત્રકોના સંબંધમાં અઘરા સવાલો ન પૂછાય તે માટે મોડરેટરોની નિમણુંક બૉર્ડ કરશે.

**૫ ઉમેદવારોએ ભરવાનું ફૉર્મ:**—

આ પરીક્ષામાં બેસનાર ઉમેદવારોએ નામ, ઠેકાણું, ગામ, ઉમર, જન્મતારીખ, જન્મ ભૂમિ, કયા ધોરણમાં, કયા પેટા વિભાગમાં, કયા સ્થળે પરીક્ષા આપવી છે તેમજ તેની વ્યાવહારિક કેળવણી, તથા ધાર્મિક અભ્યાસ કેટલો છે અને ધંધો શું છે તથા અગાઉ કોઇ ધોરણમાં પરીક્ષા આપી છે કે નહિ તેની વિગત તથા પરિણામ છાપેલા ફોર્મમાં ભરીને વિદ્યાર્થીની સહી સાથે એજંટ દ્વારા અથવા સીધા નીચેના શરનામે ચોખ્ખા અક્ષરે દરવર્ષની તારીખ ૩૦ મી નવેમ્બર પહેલાં લખી મોકલવું.

પાયધુની પોસ્ટ નં. ૩
મુંબઇ.

**મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.**
**મોહનલાલ દલીચંદ દેશાઇ.**
ઑનરરી સેક્રેટરીઓ.
શ્રી જૈન શ્વેતાંબર એજયુકેશન બોર્ડ.

श्री जैन श्वेताम्बर कॉन्फरन्स हेरॅल्ड.
Jaina Shvetambara Conference Herald.
પુ. ૧૩. અંક ૪. વીરાત્ ૨૪૪૩ ચૈત્ર, સં. ૧૯૭૩. એપ્રીલ, ૧૯૧૭.

# પ્રભુસ્તુતિ.

(ભૈરવી-પ્રભુ એકજ અમ આદર્શ તું એ રાહમાં)

*નમું એકજ શ્રી અરિહંતને,
તીર્થંકર ! જિનરાજ ! તને—નમું.
[જગદીશ્વર ! જગનાથ ! તને]—નમું.
દેવ દિવ્ય તું ગુરૂ ગુણમય તું,
ધર્મબોધદાતાર મને—નમું.
દયા ધર્મમાં સુદૃઢ રખાવી,
સુશ્રાવક પદ આપને—નમું.
[શુદ્ધ સજ્જન પદ આપને]—નમું.
દાન શિયળ તપ ભાવ ભરી પ્રભુ !
કાપ પાપ ત્રણ તાપને—નમું.
માત તાત ગુરૂ દેવ સેવ કરૂં,
એ મુજ ચિત્તમાં સ્થાપને—નમું.
[નરભવ ભણતર તોજ સફળ જો,]
વિનયવંત વિદ્વાન્ બનું જયમ,
ત્યમ મમ વર્ત્તન રાખને—
[નમું એકજ શ્રી જગતાતને]—નમું.

પ્રાણજીવન મોરારજી શાહ.

* રાષ્ટ્રિય શિક્ષણમાં ધાર્મિક શિક્ષણ અગત્યનો ભાગ ભજવે છે. ધાર્મિક શિક્ષણમાં અભ્યાસ શરૂ કર્યા પહેલાં સર્વ વિદ્યાર્થીઓએ એક સંગાથે એકજ સૂરમાં પ્રભુની સ્તુતિ કરવી એ આવશ્યક છે એમ અનુભવી શિક્ષણશાસ્ત્રીઓએ સ્વીકાર્યું છે. આ સ્તુતિ રાજકોટની જૈન બોર્ડિંગ માટે ખાસ રચાયેલી હોઇ તેમાં હમેશાં ગવરાવવામાં આવે છે, ને તે

# કૉન્ફરન્સ અને જૈન સમાજ.

## ભવિષ્યનું માર્ગ સૂચન.

૨

**મંદગતિનાં કારણો અને ઈલાજો.**

ત્યારે જૈન બંધુઓ! આપણી ધીમી પ્રગતિનાં કારણો કયાં છે? બાર પંદર વર્ષ સુધીમાં આપણે કાંઇ નક્કર ( Solid ) ઉન્નતિ ન કરી શક્યા તેનાં ખરાં કારણો શું છે? અમે ધારીએ છીએ કે (૧) સમાજમાં વ્યાપી રહેલી અજ્ઞાનતા, (૨) સહોયોગ ( Cooperation ) એટલે સાથે જોડાઇને કામ કરવાની લાગણી-નો અભાવ, અને (૩) ખરા અર્થમાં 'આગેવાનો'ની ન્યૂનતા. આ ત્રણ કારણો ઉંડો વિચાર કરતાં અમને મુખ્ય લાગે છે, માટે એ ત્રણેના સ્વરૂપનો વિચાર આપણે અત્રે કરવો ઘટે છે, કે જેથી તેનો ઇલાજ પણ કરવાનું બની શકે.

**અજ્ઞાનતા.**

એક જૈન તરીકે સર્વને યાદ હશે—કરોડો વર્ષો ઉપર—આ યુગની શરૂઆતમાં મનુષ્ય વધારે પ્રાથમિક સ્થિતિમાં હતો ત્યારે તેને કુદરતનાં મૂળતત્ત્વોની પિછાન કરાવવાનો પ્રથમ ઉપકાર આપણા આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનથી જ થયો હતો. અસિ, મસિ, અને કૃષિ આદિથી સમાજરચના, વિદ્યાકલા વગેરે સર્વ બાબતના જ્ઞાનનો પ્રકાર કરવા સાથે જ તે પરમ પુરૂષે સૂક્ષ્મવિદ્યાનું-બુદ્ધિની પેલી વારનું અર્થાત્ આત્માને લગતું જ્ઞાન પણ આપ્યું હતું, દુનિયાને સ્થૂલ અને સૂક્ષ્મ બંને પ્રકારનાં જ્ઞાનમાં પ્રવેશ કરાવનાર અને આગળ વધારનાર મહાન્ પુરૂષના આજનાં સંતાનો-આપણે-કઇ દિશામાં છીએ? અધ્યાત્મજ્ઞાનને સમજી શકે એવા જૈનો આજે કેટલા થોડા હશે? યોગના ચમત્કારો જેને વર્યા હોય એવા કેટલા હશે? શાસ્ત્ર ગ્રંથોનું રહસ્ય વિચારી શકે એવાની વાત જ શી કરવી પણ શાસ્ત્ર ગ્રંથોનો સંગ્રહ કરવાની અને વાંચવાની પણ દરકાર કે ફુરસદ ધરાવતા જૈનો આજે કેટલા થોડા છે? સાયન્સ અથવા પદાર્થ વિજ્ઞાન શાસ્ત્રના અભ્યાસીઓ જૈનમાં કેટલા થોડા છે? અરે એ બધી મોટી વાતો તો બાજુએ રહી, પણ માત્ર લખી-વાંચી જાણવા જેટલું જ્ઞાન પણ જૈનોમાંના સેંકડે થોડા ટકા પુરૂષોમાં અને સેંકડે તેથી ઓછા ટકા સ્ત્રીઓમાં જ જોવામાં આવતું હોય તો આપણા સમાજની ઉન્નતિની આશા કેવી રીતે રખાય? જ્યાં સુધી આવું ગાઢ અજ્ઞાન તિમિર કાયમ છે ત્યાં સુધી આપણો કોઇપણ પ્રયાસ યથાર્થ સિદ્ધિને પામી શકે જ નહિ. બાર પંદર તો શું પણ સો વર્ષ સુધી આપણે કોન્ફરન્સના મેળાવડા કરીએ અને ભાષણો કર્યા કરીએ તે છતાં—જો

---

સફળ પ્રયત્ન નિવડયો છે. આવી રીતે મહાવીર વિદ્યાલય, તથા બીજી બોર્ડિંગો તેમજ જૈન શિક્ષણ સંસ્થાઓ આનો કે આવી સ્તુતિનો ઉપયોગ કરશે તો ઘણું ઉચિત થશે. વાજિંત્રના સૂર સાથે ગવરાવવાનું અમલમાં મૂકી શકાય તો અતિ ઉત્તમ. કૌંસમાં મૂકેલ ચરણનાં ખંડો સાથે સાથે વાપરી પણ શકાય યા જેમ અનુરૂપ લાગે તેમ એક એકને બદલે પણ યોજી શકાય એમ છે. તંત્રી.

અવિદ્યા ચાલુ હશે તો-આપણે કાંઇ પણ સંગીન પ્રગતિ કરી શકવાના નહિજ. એટલા માટે **સઘળી દવાઓની દવા-સઘળા ઇલાજોનો ઈલાજ** એકજ છે કે, સમાજમાંથી અવિદ્યાને દૂર કરવામાં આપણાં તમામ સાધનોનો ખર્ચ કરવો. બે ચાર બોર્ડિંગહાઉસોથી કે પાંચ પચીસ સ્કોલરશિપો સ્થાપવાથી કાંઇ લાખ્ખોની સંખ્યા ધરાવતી કોમમાંથી અવિદ્યા દૂર થશે નહિ.

**એકી વખતે એકજ કામ—વિદ્યાપ્રસાર.**

આપણે સ્થાપેલા 'એજ્યુકેશનબૉર્ડ' ને વધારે મજબુત પાયા ઉપર મૂકી એની દ્વારા લાખો રૂપિયા ખર્ચવા આપણે તૈયાર થવું જોઇએ છે. એક પણ જૈન અશિક્ષિત ન રહેવા પામે, અને ઉચ્ચ શિક્ષણને લાયક હોય એવો એક પણ જૈન સાધનના અભાવે અટકી જવા ન પામે, એટલા માટે ગામોગામ અને શહેરે શહેર 'એજ્યુકેશનબોર્ડ' ના પ્રતિનિધિઓ મારફત મદદ પહોંચાડવાને આપણે તૈયાર રહેવું જોઇએ. આ હિસાબે આપણને મોટી રકમની જરૂર પડે, પણ જો આપણે વિવેકી થઇ થોડાં વર્ષો માટે બીજાં ખાતાંઓ પાછળ કરાતું ખર્ચ મોકુફ રાખી આ એક જ ખાતા તરફ આપણું સઘળું બળ વહેવા દઇએ તો દશેક વર્ષમાં આખો જૈનસમાજ કાંઇ જૂદો જ દેખાવ ધારણ કરવા પામે એવો અમને વિશ્વાસ છે. સવાલ માત્ર પૈસાનો છે અને પૈસા ખર્ચવામાં આપણે કંજુસ છીએ એમ પણ કોઇ કહી શકે તેમ નથી. માત્ર ઘણી દિશાઓમાં આપણો પૈસો વહી જતો હોવાથી એક પણ કાર્ય પરિપકવ થતું નથી; એજ ખામી છે જે સઘળાં દુ:ખોનું ઔષધ એક માત્ર વિદ્યાદાન જ હોય તો એ સર્વોત્તમ ઉપકાર કરનારી બાબત ખાતર બીજાં ઓછાં ઉપકારી કામો અને ખર્ચો તરફ આપણે થોડા વખતને માટે દુર્લક્ષ આપવા પણ તૈયાર થવું ઘટે છે. આપણા સમાજનેતાઓ અને મુનિવરોએ લોકગણના મગજ પર આ સૌથી વધારે જરૂરનો પાઠ ઠસાવવા પુરતો-પ્રયાસ કરવો જોઇએ અને એ એક સિવાયનાં બીજાં કામો પાછળ ખર્ચ કરવાની લાલચ જ્યારે પણ ઉભી થાય ત્યારે તે લાલચ સામે વફાદારીથી યુદ્ધ કરવા બહાર પડવું જોઇએ.

**સુકૃતભંડાર ફંડ.**

જૈન સમાજમાં વિદ્યાપ્રચાર કરવા માટે જોઇતા દ્રવ્ય સંબંધમાં જે એક સામાન્ય સલાહ હમણાં જણાવાઇ ગઇ તે ઉપરાંત બીજા માર્ગનું પણ સૂચન થઇ શકે તેમ છે. 'સુકૃતભંડાર ફંડ' ને નામે મનુષ્ય દીઠ ચાર આના દર વર્ષે ઉઘરાવવાનો જે ઠરાવ આપણે કરેલો છે તેને વધારે લોકપ્રિય કરવા કૉન્ફરન્સ ઓફિસે હમેશ કરતાં વધારે શ્રમ સેવવાની જરૂર છે. પાંચ લાખની સંખ્યા ધરાવતી આપણી કોમમાંથી માણસ દીઠ ચાર આના ઉઘરાવતાં સંવત્ ૧૯૬૦ માં માત્ર રૂ. ૪૧) ની આવક થઇ હતી, ૧૯૬૨ માં રૂ. ૧૦૦૭) ની થઇ ને વળી ૧૯૬૩ માં માત્ર રૂ, ૪૪૨ ની રકમ સુધી આપણે નીચે ગબડી પડયા હતા ! સં. ૧૯૭૧ માં સૌથી વધારે એટલે રૂ, ૪૩૬૫ ની આવક થઇ હતી. પરંતુ લાખ રૂપીઆની જગાએ ચાર હજાર થવા એ આપણે માટે અભિમાન લેવા જેવું તો ખચિત નહિ જ ગણાય. આ રકમ વિદ્યાદાનમાં અને કૉન્ફરન્સ ઑફિસના નિભાવમાં જ ખર્ચાય છે તે છતાં આટલો નબળો દેખાવ કેમ થાય છે ! કેટલાંક શહેર ને ગામમાં આ ફંડ સામે વિરોધ હોય તો તેથી નાહિંમત પણ થવું જોઇતું નથી, એ વિરોધ દુર કર-

વાના બે જ ઇલાજ છે તેમાંનો (૧) લો ઇલાજ આપણા પવિત્ર મુનિ મહાત્માઓના હાથમાં છે, કે જેઓના ઉપદેશની અસર જરૂર કારગત થઇ પડે, (૨) જો ઉપાય એ છે કે આપણી કોન્ફરન્સે કેળવણીના પ્રચારનું કાર્ય વધારે ઉત્સાહથી કરી બતાવવું, કે જે જોઇને આજ સુધી ચાર આના ફંડ નહિ આપનારા ભાઇઓનું પણ ચિત્ત તે તરફ આપો આપ ખેંચાશે. જે ધીમી ચાલથી આપણે કેળવણી પ્રચારનું કામ કરીએ છીએ તે જોવાથી આસપાસનાઓને ઉત્સાહનો ચેપ લાગવાની આશા ભાગ્યે જ રાખી શકાય. છેલ્લાં છ વર્ષના આંકડા જોતાં અમને ખેદ થાય છે કે, સં. ૧૯૬૬ માં આપણે માત્ર રૂ. ૩૫૮ કેળવણી ફંડ ખાતે એકઠા કરી શકયા છીએ; ૧૯૬૭ માં રૂ. ૧૧૧૨, ૧૯૬૮ માં માત્ર ૩, ૧૯૬૯ માં ૨૨, ૧૯૭૦ માં કેવળ શૂન્ય, અને ૧૯૭૧ માં ૨૧૮ ની આવક કરી છે. શું કૉન્ફરન્સ પાછળ થતા ખર્ચ અને શ્રમનો આ બદલો છે? આ ફળ છે? છેલ્લાં છ વર્ષમાં લુહાણા-ભાટીઆ-લુહાર વગેરે જ્ઞાતિઓએ કૉન્ફરન્સ ભરવાની શરૂઆત જ કરવા છતાં દરેકે લાખ્ખો રૂપીઆ કેળવણી ખાતે કહાડયા છે, ત્યારે આપણે દેશની ગતિના મધ્યાન્હ કાલ વચ્ચે છ વર્ષમાં ફક્ત રૂ, ૧૭૦૦ નું કેળવણી ફંડ કર્યું છે અને એવી નિર્માલ્ય રકમ વડે આપણે સૈકાઓથી જામેલું પાંચ લાખ માણસોનું અજ્ઞાન દુર કરવાની આશા રાખીએ છીએ! આ દેખાવ અમો નથી ધારતા કે આપણા કામમાં મદદ નહિ કરનારાઓને આપણી તરફ આકર્ષણ કરવા શક્તિમાન થઇ પડે.

### કેળવણી ફંડનો નબળો દેખાવ.

બીજી ન્હાની કોમોએ એક વર્ષમાં કેળવણી ખાતે બે-ચાર લાખ રૂપીઆ કહાડયા છે અને ખર્ચ્યા છે ત્યારે આપણી શ્રીમંત, વ્યાપાર કુશળ અને બહોળી સંખ્યા ધરાવતી કોમમાંથી આપણે સં. ૧૯૬૦થી આજસુધીમાં ૧૨-૧૫ વર્ષના લાંબા સમયમાં એકંદરે માત્ર ૩૦ હજાર રૂપૈડી એકઠી કરી શકયા છીએ અને એટલાજ ખર્ચે અવિદ્યાને હઠાવવાનું કામ બજાવી શકયા છીએ. આ મુદ્દાને આપણે જરા વધારે તપાસ વગર છોડી દેવો જોઇતો નથી. શું આ ઓછી આમદાની આપણા સમાજની કૃપણતાને આભારી છે? હરગીજ નહિ; નવાં બનતાં આપણાં ભવ્ય મંદિરો, આપણાં સ્વામી વત્સલ જમણો, ધાર્મિક વરઘોડા એ સર્વનો જેમને કાંઇ અનુભવ હશે તે તો કદી કહી શકે નહિ કે આ સમાજ કૃપણ છે. પરંતુ આપણી કામ કરવાની રીત, લોકોને દોરવાની રીત, ખામી ભરી હોય તોજ અગત્યમાં અગત્યના કામની આ દશા હોઇ શકે. મારા આ શોધનના ટેકામાં હું દફતરના આંકડાઓ સાથેજ જણાવીશ કે, છેલ્લાં ૧૨-૧૫ વર્ષમાં આ કૉન્ફરન્સે મંદિરોદ્ધાર ખાતે ૩૦ હજાર, જીવદયા ખાતે ૨૦ હજાર અને નિરાશ્રિત જૈનોને મદદ આપવા ખાતે રૂ. ૩૦ હજાર મેળવ્યા છે અને લગભગ તેટલાજ રૂપીઆ તે તે ખાતે ખર્ચ્યા છે. અમે નથી ધારતા કે છૂટક છૂટક ખર્ચાયેલી આ રકમોથી કાંઇ સંગીન કામ બનવા પામ્યું હોય. તેને બદલે એ સઘળી રકમ એક વિદ્યા પ્રચારક ખાતામાં આપવા લોકોને સમજાવવામાં આવ્યા હોત તો આજે ઘણા જૈનો કેળવણીમાં આગળ વધી સારી આમદાનીવાળા બની શકયા હોત અને તેથી નિરાશ્રિત તરીકે મદદ લેવાની જરૂરવાળાની સંખ્યા ઓછી થવા પામત, એટલુંજ નહિ પણ જ્યારે ખુદ જૈન ધર્મના પાળનારા મનુષ્યો સારી સ્થિતિમાં હશે ત્યારે તેઓ જીર્ણોદ્ધાર, નિરાશ્રિતોને આશ્રય વગેરે જ માત્ર

નહિ પણ દુનિયાની સેવા બજાવવા પણ તૈયાર થશે અમારા કહેવાની મતલબ એ છે કે કૉન્ફરન્સના આગેવાનોએ સમાજ પર પોતાનો પ્રભાવ પાડવો જોઇએ અને સમાજને સૌથી વધારે જરૂરતું દાન કયું છે તે સમજાવવું જોઇએ. તેને પરિણામે કેળવણી ખાતે સારી સરખી રકમ એકઠી થવા પામે અને તે રકમના વ્યયથી સેંકડો જૈનોને વિદ્યાભ્યાસની સગવડો વધારે મળવા લાગે તેઃ પછી જેઓ આજસુધી કૉન્ફરન્સથી દૂર રહેવાનું કે વિરોધ કરવાનું વલણ ધરાવતા હોય તેઓ આપો આપ કૉન્ફરન્સને ભેટવા દોડશે અને ચુસ્ત સહાયક બનશે. સુકૃત ભંડાર ફંડની લોકપ્રિયતા વધારવાનો અમને આ એક શ્રેષ્ટ ઇલાજ લાગે છે; તેની સાથે ઉપદેશદ્વારા પ્રયત્ન કરવાના બીજા નંબરના ઇલાજની અમે ઉપયોગિતા સ્વીકારીએ છીએ.

તંત્રી.

---

# તંત્રીની નોંધ.

---

## ૧.

**ચારૂપ કેસ.**

દીવાની-ફોજદારી કોર્ટોમાં તીર્થોના સંબંધમાં આપણે જૈન ભાઇઓ નિરથક ધન ખર્ચ્યે જઇએ છીએ અને પરિણામે પૈસાની ખુવારી ઉપરાંત વિરોધ વધતો જાય છે. સમેતશિખર, અંતરીક્ષજી, મક્ષીજી, તારંગાજી વગેરે તીર્થોના અંગે ધાર્મિક ઝગડાઓને મહત્વનું સ્વરૂપ આપી આપણે શ્વેતામ્બરો અને દિગમ્બરો લાખો રૂપૈયાની ખુવારી કર્યે જઇએ છીએ. તેટલાથીજ નહિ અટકતાં વળી ચારૂપના એક નજીવા કેસે મ્હોટું સ્વરૂપ ધારણ કરેલ અને આ કેસમાં આપણે સ્માર્ત્ત પક્ષવાળાઓ સામે તકરારમાં ઉતરવું પડેલ. બંને પક્ષોને હજારો રૂપૈયાના ખર્ચમાં ઉતરવું પડયું છે અને કેસ ભવિષ્યમાં કેવું સ્વરૂપ લેશે તે સમજી શકાતું નહોતું. કોર્ટથી ગમે તે પ્રકારનો ફેસલો થાય તો પણ બંને પક્ષ વચ્ચે હમેશને માટે વિરોધ રહે તેવો દેખાવ થઇ પડયો હતો. ચારૂપ કેસમાં બંને પક્ષ તરફથી કામ કરતા પાટણના આગેવાનો સમાધાનીથી નિકાલ ન કરે તો પાટણની પ્રજા વચ્ચે કાયમને માટે કુસંપ રહે તેવો દેખાવ નજરે પડતો હતો, ગાયકવાડ સરકારના ભાઇ મે. સંપતરાવ ગાયકવાડે બંને પક્ષો વચ્ચેની આ તકરારતું સમાધાનીથી નિરાકરણ કરાવવા ઘણીજ મહેનત કરેલ પરંતુ તે બર આવી ન્હોતી. વડોદરા રાજ્યની વરિષ્ટ કોર્ટ સુધી આ તકરાર ગઇ હતી, પરંતુ આખરે બંને પક્ષવાળાઓને કંઇક સારી પ્રેરણા થવાથી શેઠ પુનમચંદજી કુરમચંદજી કોટાવાળાને પંચાતનામું લખી આપવામાં આવેલ તે આધારે તેમણે ઠરાવ કરી ઘણીજ કુનેહથી આ તકરારનો અંત આણેલ છે.

તેઓ સાહેબ જૈન છતાં પણ સામા પક્ષવાળાઓને તેમનામાં સંપૂર્ણ વિશ્વાસ હોવાથી તેઓ તેમને પંચ તરીકે નીકાલ લાવવાનું સોંપવા માટે લલચાયા હતા અને આખરે આપણા જૈન ભાઇઓને જે ઉત્કટ ઇચ્છા-મહાદેવને આપણા દેરાસરમાંથી બહાર કાઢવાની હતી તે-પાર પડી છે.

ગઇ તા. ૪-૩-૧૭ના જૈન પત્રના અંકમાં શેઠ સાહેબે કરેલ ' એવોર્ડ ' પ્રસિદ્ધ થયેલ છે તે વાંચક વર્ગે ધ્યાન દઇને વાંચી જોયો હશે અને જો ન વાંચ્યો હોય તો ફરીથી વાંચી જોવાની અને આપણી કોઇ રીતે વિરૂદ્ધ જાય તેવી હકીકત છે કે કેમ અગર કંઇ શાસ્ત્ર વિરૂદ્ધ લખાયું છે કે કેમ તેની ખાત્રી કરવા ભલામણ કરીએ છીએ. અમને લાગે છે કે એ એવોર્ડ-ચુકાદો ઘણો કુનેહથી સંતોષકારક અને બંને પક્ષોને ન્યાય મળે તેવી રીતે કરેલો છે અને તેમાં કોઇપણ જાતની વિરૂદ્ધતા કરવી એ અમને તો અયોગ્ય અને અપ્રમાણિક લાગે છે. એવું કાંઇ નથી કે જે જૈન ધર્મથી કે જૈન શાસ્ત્રથી વિરૂદ્ધ હોય. અમે તો જે નિષ્પક્ષપાત અને ન્યાય શેઠ સાહેબે વાપર્યો છે તેને માટે તેમને ધન્યવાદ આપીએ છીએ.

સમાધાનીથી સાંસારિક ઝઘડા પતાવવા એ જેટલું ઇષ્ટ છે તેના કરતાં ધાર્મિક ઝઘડા આપસમાં સુલેહ સંપથી યાતો આગેવાનોના લવાદમાં પતાવી સમાવવા અને તેથી અરસ્પરસ એખલાસ વધારવો એ અસંખ્યગણો ઇષ્ટ અને લાભકારક છે. જો તેમ ન થાય તો ધર્મનું એક પ્રાધાન્ય સૂત્ર 'મૈત્રી ભાવના' પર છરી મૂકાઇ પ્રભુની આજ્ઞાના ભંગનો આરોપ આપણે શિરે આવે છે. કોઇપણ ધર્મ એમ કહેતો નથી કે કલેશ કરવો. સર્વ ધર્મ કહે છે કે કલેશમાં અવનતિ છે-કલેશ પાપસ્થાનક છે તો કૃતજ્ઞ થઇ સર્વ શાંતિપ્રદ યોજનામાં દરેક જૈન બંધુ જોડાશે અને વીર પ્રભુએ પ્રરૂપેલ મૈત્રીભાવના—સાર્વત્રિક બંધુભાવ સર્વદા પ્રસારશે. જૈનો દેવદેવીઓને માને છે કે નહિ તથા માનવા માટે શાસ્ત્રનું પ્રમાણ છે કે નહિ તે માટે દાખલા દલીલવાળો લેખ જરૂર પડશે તો મૂકવા અમે તૈયાર છીએ.

૨.

## કયાં પુસ્તકો નવીન ઢબમાં લખાવા યોગ્ય છે.

૧ જૈન દર્શનમાં કર્મનો સિદ્ધાંત એટલો બધો લાક્ષણિક અને મહત્વનો ભાગ ભજવે છે કે જૈન ધર્મને કેટલાક ' કર્મવાદી ' કહે છે. કર્મની ગુંથણી, તેના ભેદ, પ્રભેદ તેનો બંધ ઉદય જેથી થાય છે તે તેની પ્રકૃતિઓ વગેરેની સૂક્ષ્મતાઓ ઘણી ભરી છે અને તે પર અનેક ગ્રંથો લખાયા છે. મુખ્ય પ્રાચીન અને નવ્ય કર્મ ગ્રંથો છે અને તેમાં સામાન્ય રીતે નવ્ય કર્મ ગ્રંથો દરેક મોટી જૈન પાઠશાળાઓમાં અભ્યાસવામાં આવે છે. તે દેવેંદ્રસૂરિકૃત કર્મગ્રંથો પર અનેક ટીકાઓ થઇ છે તેમાંની કેટલીક છપાઇ ગઇ છે. કર્મ સંબંધી ગ્રંથો સંબંધે જૈન સાહિત્ય પરિષદ્‌માં શેઠ કુંવરજી આણંદજીએ લખેલો નિબંધ ઘણી માહીતી આપશે. છ કર્મગ્રંથને જૈન એજ્યુકેશન બૉર્ડ માર્ફતે લેવાતી ધાર્મિક પરીક્ષાના અભ્યાસક્રમમાં મૂકવામાં આવેલ છે તો તેના વિષયની કઠિનતા અને ગહનતા ઘણી છે તે સરલ કરવા માટે ઉક્ત શેઠ કુંવરજી આણંદજી એક સ્વતંત્ર સાર તથા વિસ્તૃત સમજુતિ આપનાર ગ્રંથો લખે અને તેથી ગાથાઓ સમજાવે તો એક સારો ઉમેરો જૈન સાહિત્યમાં થઇ શકે તેમ છે.

૨ જૈન ધર્મ પ્રસારક સભાએ હરિભદ્રસૂરિકૃત 'યોગબિન્દુ' મૂળ છપાવ્યું છે અને તેનું ભાષાંતર ટીકાના સારવાળું ગાયકવાડ સરકાર તરફથી સ્વ. મણિલાલ નભુભાઇ દ્વિવેદીએ કર્યું હતું પરંતુ તેની પ્રતો બધી ખપી ગઇ છે અને હાલ તે મળી શકતું નથી, તેથી તેમાંની અશુદ્ધિઓ દુર કરાવી તેમાં જ્યાં સમજુતિની જરૂર હોય ત્યાં મૂકાવી યાતો તદ્દન

સ્વતંત્ર ભાવાનુવાદવાળું ભાષાંતર તેજ સભાએ સત્વર કરાવવું યોગ્ય છે. આ પણ ઉક્ત ધાર્મિક પરીક્ષાના અભ્યાસક્રમમાં મૂકેલું છે.

૩ જ્ઞાનસારનું ભાષાંતર સ્વ૦ દીપચંદ છગનલાલ બી. એ. એ કર્યું હતું પરંતુ હાલમાં તેની જુજજ પ્રતો મળે છે તો તેને ઉપરના ધોરણ પ્રમાણે છપાવી સસ્તી કિંમતથી બહાર પાડવા અમો આત્માનંદ સભાને વિનવીશું.

૪ સભાષ્ય તત્ત્વાર્થાધિગમ સૂત્ર—કલકત્તાની રૉયલ એશિયાટિક સોસાયટીએ મૂળ અને ટીકા સહિત બહાર પાડેલ છે અને તેસહિત હિંદીભાષાંતર પરમશ્રુત પ્રભાવક મંડળ તરફથી છપાયેલું છે પરંતુ તેમાં ભૂલો-દોષો કોઇ સ્થળે રહેલ છે એવું કેટલાકનું માનવું હોવાથી માત્ર સૂત્ર અને તેનું ભાષાંતર-એમ એક ગ્રંથ જૈનશ્રેયસ્કર મંડળ, મહેસાણા તરફથી બહાર પડેલ છે. પણ આટલાથી સંતોષ પકડવાનો નથી. સૂત્ર ગહન હોય ત્યાં તેના પર પૂર્ણ પ્રકાશ પાડનારી ટીકા અને સમજુતિ હોવી જોઇએ. આ ગ્રંથ ઉપરની ધાર્મિક પરીક્ષામાં અને મુંબઈના મહાવીર જૈન વિદ્યાલયમાં ટેક્સ્ટબુક તરીકે મૂકવામાં આવેલ છે. વિદ્યાલયમાં શાસ્ત્રી વ્રજલાલજી સારી સમજુતિ સહિત એક વર્ષ થયાં તે ગ્રંથ વિદ્યાર્થીઓને હિંદીમાં ભાષણ આપી શિખવે છે તો અમે ઇચ્છીશું કે તે ગ્રંથ, તે પર હરિભદ્રસૂરિકૃત ટીકા તેમજ અન્ય ટીકાઓનો આધાર લઇ મૂળ સૂત્ર લઇ વિસ્તૃત વિવેચન સહિત હિંદીમાં મજકુર શાસ્ત્રીજી લખે તો ઘણુંજ ઉપકારક કાર્ય શિક્ષક ગુરૂના કાર્ય ઉપરાંત કરી શકે તેમ છે. તેમ થયા પછી ગૂજરાતી વગેરેમાં તેનો અનુવાદ કરાવી શકાશે.

૩.

## ધાર્મિક પરીક્ષા.

જૈન એજ્યુકેશન બૉર્ડ તરફથી લેવાતી પુરૂષ વર્ગ અને સ્ત્રી વર્ગના વિદ્યાર્થીઓ માટે જૂદાં જૂદાં સ્થળે અગાઉથી નિર્ણીત કરેલાં ધોરણોમાં દરેકમાં યોગ્ય પરીક્ષકો નીમી તે દ્વારા સવાલ પત્રો કઢાવી ધાર્મિક પરીક્ષા લેવાની યોજના છેલ્લાં પાંચ છ વર્ષ થયાં અમલમાં મૂકી છે અને તે ઘણી ફત્તેહમંદ, ફલદાયી અને શુભદાયક નિવડી છે. પસાર થનારને પ્રમાણપત્ર આપવામાં આવે છે અને તેમાં ઉંચે નંબરે આવનારને ઇનામ આપવામાં આવે છે.

આ યોજનાનો વિશેષ સંખ્યામાં ભાગ લેવાય તે માટે એક પરીક્ષક મહાશય નીચે પ્રમાણે લખી જણાવે છે તે પર અમો સર્વ પાઠશાળાઓ, માબાપો, અને જૈન સંસ્થાઓનું ધ્યાન ખેંચીએ છીએઃ--

" આવી અગત્યની ધાર્મિક અભ્યાસના અંગેની હરીફાઇની પરીક્ષામાં અને તે પણ તદ્દન છેલા વર્ગમાં એટલે પહેલા ધોરણમાં ફક્ત ૨૬ ઉમેદવારો જ જૈન વસ્તીથી ભરચક ગુજરાત પ્રાંતના મ્હોટા મ્હોટા શહેરોમાંથી બહાર આવે તે આશાજનક કહી શકાય નહિ-મ્હોટા મ્હોટા શહેરોમાં અનેક સ્થળે પાઠશાળાઓ હયાતી ધરાવે છે તે જોતાં સેંકડો ઉમેદવારો બહાર પડવાની આશા રાખી શકાય તેને બદલે ઉપલો આંકડો તદ્દન નિરાશા જ ઉત્પન્ન કરે છે. આ સંબંધમાં ખાસ કરીને જુદી જુદી પાઠશાળાના કાર્યવાહકો તરફ વિનંતિ પત્રો લખી વધારે મોટી સંખ્યામાં ઉમેદવારો બ્હાર પાડી-નિર્ણીત થયેલ અભ્યાસક્રમનાં પુસ્તકોનો સરળતાથી અભ્યાસ કરવાનું તેમને ( ઉમેદવારોને ) બની શકે તે માટે પ્રબંધ કરવાની જરૂર છે ફક્ત પરીક્ષા પ્રસંગેજ આ બાબત તેમનું લક્ષ્ય ખેંચી સંતોષ નહિ માની લેતાં-વખતો વખત ધ્યાન ખેંચવું-અને તેમને આપવામાં આવતી મદદનું ધોરણ આવી પરીક્ષાના પરિણામ ઉપર બંધાવું જોઇએ. કાઠીઆવાડ પ્રદેશના

કોઇ શહેરના ( અમરેલીનો ફક્ત એકજ વિદ્યાર્થી છે ) જૈન ઉમેદવારો બહાર આવતા નથી તેથી અત્યંત દીલગીર થવા જેવું છે."

અમે આ સાથે સંપૂર્ણ મળતા થઇએ છીએ, અને ઇચ્છીએ છીએ કે એજ્યુકેશન બૉર્ડ તે તરફ બરાબર લક્ષ આપશે.

વિશેષમાં અમારે એ કહેવાનું છે કે અભ્યાસક્રમ ઘણા વિચારપૂર્વક ઘડાયો છે પણ તેમાં મૂકેલાં પુસ્તકો જેવાં છે તેવા જ સ્વરૂપમાં વિદ્યાર્થીઓ તેનો જેવો જોઇએ તેવો લાભ લઇ શકતા નથી, તેથી તેમાંના કેટલાકને નવીન શૈલીએ વિવેચનપૂર્વક લખાવવાની અત્યંત જરૂર છે. દાખલા તરીકે શ્રાવક ધર્મ સંહિતા જે કે હરિભદ્રસૂરિના ધર્મ બિંદુનો પૂર્વભાગ છે તેમાં કેટલીક એવી બાબતો છે કે જે કાઢી નાંખવાની જરૂર છે, કેટલીક એવી છે કે એકદમ સમજી શકાય તેમ નથી તેથી તેને સરલ કરવાની જરૂર છે, તો તેને એક સારા અને યોગ્ય ઇબારતમાં મૂકવાની જરૂર છે. આના પ્રમાણમાં બીજા એક પરીક્ષક મહાશય જણાવે છે કેઃ—

" શ્રાવક ધર્મ સંહિતાનું પુસ્તક ભાગ્યે કોઇક વિદ્યાર્થીઓ વાંચતા હશે અને જેઓ વાંચતા હશે તેમાંથી ઘણા થોડા સમજતા હશે. જે વય અને અનુભવવાળા વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં બેસે છે તેમની તરફ નજર કરતાં એ પુસ્તકને બદલે શ્રાવકનાં બારવ્રત અને આચાર વિચાર દર્શાવનારૂં સાદું પુસ્તક જો ભણવામાં આવે તો તે વધારે પસંદ કરવા યોગ્ય થશે. હું ધારૂં છું કે વંદિતા સૂત્ર અને પાક્ષિક અતિચાર એક જુદા વિષયરૂપે વિવેચન, સમજ અને અર્થ સહિત રાખવામાં આવે તો વિદ્યાર્થીઓને શ્રાવકના આચાર વિચાર સંબંધી સામાન્ય જ્ઞાન મળવામાં ઠીક પડશે."

એક ધોરણ બંને પરીક્ષામાં સામાયિક સૂત્ર–મૂળ, શબ્દાર્થ, હેતુ અને વિવેચન સહિત કાઢવાની જરૂર છે, અને તે વિષય માટે એજ્યુકેશન બોર્ડે મી. મોહનલાલ દ. દેશાઇ કૃત સામાયિક સૂત્ર માટે ભલામણ કરી છે તો તેવું એક ધોરણ રખાય તો ઘણું યોગ્ય થાય. બે પ્રતિક્રમણ કે પંચ પ્રતિક્રમણ એકદમ મોઢે રાખી શકાય નહિ. તેમ કરવા ઘણો વખત જાય, જ્યારે તેનો અગાઉનો સામાયિક સૂત્રનો ભાગ હેતુ અને વિવેચન સહિત રખાય તો સમસ્ત પ્રતિક્રમણના વિષયને માટે પ્રવેશક અને મૂળ તત્ત્વરૂપ થશે અને તેથી પ્રતિક્રમણ વિષય ઘણો સૂતરો થઇ શકશે.

---

## શાસન વીરો કયાં છે ?

એવા શાસન વીરો કયાં છે ?

અહોનિશ અંતર ભાવે રમતા, બાહિર ભાવ નિવારી
સત્પથ સદ્દગુણમાં ચિત્ત રાખે, રાગ દ્વેષ સંહારી. એવા.

શ્રાવક ધર્મ ફરજને સમજી, જૈન નામ દીપાવે
સાધુ સુધારસ પાન કરે નિત્ય, આતમ બલપ્રગટાવે. એવા.

જ્ઞાન દાનમાં સૂર બનાવી, શ્રાવક ક્ષેત્ર સુધારે
સાચો પાયો મજબુત નાંખે, કીર્તિ ભૂખ ન ધારે. એવા.

પ્રાચિન જૈન સ્થિતિને વિચારી, અર્વાચીન અવધારે.
અમૃતપદની વાંછા રાખી, શુભ સદ્દભાવ વિચારે. એવા.

—અમૃતલાલ માવજી.

# વાયડા જ્ઞાતિનો પ્રાચીન વૃત્તાન્ત.

मलयाद्रौ यथा सर्वे चन्दनन्ति महीरुहः ।
ब्राह्मणा वणिजश्चात्र तथासन्वायटाख्यया ॥
अभूज्जातिः स्फुरज्जातिपुष्पसौरभनिर्भरा ॥
सरसालिभिराराध्या तन्नाम्ना सर्वमूर्द्धगा ॥

–प्रभावकचरितं.

જેવી રીતે મલયગિરિ ઉપર સર્વે વૃક્ષો ચંદન હોય છે, તેવી રીતે અહીં પણ બ્રાહ્મણો અને વણિકો વાયડ નામના હતા. વાયડનામની જાતિ બહાર દેતા પુષ્પની સુગંધથી પૂર્ણ સર્વ જાતિના શિરોરૂપ અને સરસ–સજ્જન રૂપી મધુકરોથી આરાધવા યોગ્ય હતી.

( ઉપક્રમ )

વિક્રમ સંવત્ ૧૯૭૩ ના માઘ શુક્લ પક્ષમાં વાયડમાં, વાવના જીર્ણોદ્ધાર સાથે નવા બંધાવેલા શ્રી કુલદેવતાના મંદિરમાં પ્રતિષ્ઠામહોત્સવ થવાનો છે, તે ઐતિહાસિક પ્રસંગે, સ્વજ્ઞાતિના ઇતિહાસ સંબંધી મળી શકે તેટલી હકીકત એકત્ર કરી, જ્ઞાતિબંધુઓના ચરણમાં નિવેદન કરવાનો વિચાર મને સ્ફુર્યો હતો. આથી, વાયડ જીર્ણોદ્ધાર કમિટિના કામનો હેવાલ ( રિપોર્ટ ) છપાવવાનો છે એ વાત જાણવામાં આવતાં, તેના સેક્રેટરી રા. કચરાલાલ જેઠાલાલ ગાંધીને મારો વિચાર જણાવ્યાથી, તેમણે તેમાં અનુમતિ દર્શાવી અને મારો લેખ પણ તે રિપોર્ટની સાથેજ છપાવવાની સૂચના કરી. આથી બે માસના અરસામાં મળી તેટલી હકીકત એકઠી કરી, તેનું ઐતિહાસિક દૃષ્ટિએ સંશોધન કરી, આ લેખમાં પ્રકટ કરવામાં આવી છે.

મારા લેખના હું મુખ્ય બે ભાગ કરવા માંગું છું. પ્રથમ ભાગમાં આપણી ઉત્પત્તિ સંબંધી જે પૌરાણિક હેવાલ મળે છે તે દર્શાવી બીજા ભાગમાં ઐતિહાસિક હકીકત રજુ કરીશ. અહીં ઐતિહાસિક હકીકત ઉપયોગી હોવાથી તેજ રજુ કરવામાં આવે છે. તંત્રી.

## ઐતિહાસિક વૃત્તાન્ત.

**वायुपुराण** ઉપરથી આપણી ઐતિહાસિક હકીકત નહિ જેવી જ મળે છે. તે સમયના વૈદિકોના લખેલા વાયડ સંબંધી બીજા ગ્રંથો હાથ લાગતા નથી. માટે તે હકીકત વાસ્તે આપણે બીજી જ દિશામાં તપાસ કરવાની જરૂર છે. વિદ્યાવિલાસી જૈનોએ ભારત વર્ષના ઇતિહાસની સામગ્રીમાં મોટો હિસ્સો અર્પણ કર્યો છે; એટલુંજ નહિ પણ જ્યારે વૈદિકોએ બેદરકારીથી પોતાના ઘણા સાહિત્યનો નાશ થવા દીધો છે, ત્યારે જૈનોએ પોતાનું ઘણુંખરૂં સાહિત્ય સંભાળપૂર્વક સાચવી રાખ્યું છે. વૈદિકોનું પણ ઘણું સાહિત્ય જૈન ભંડારોમાં જળવાઇ રહ્યું છે. આપણા વાયડ સંબંધી હકીકત પણ નીચેના જૈન ગ્રંથોમાંથી મળી શકે છે. (૧) વિ. સં. ૧૨૭૬ ના અરસામાં જિનદત્તસૂરિએ રચેલો **विवेक विलास** (૨) વિક્રમની તેરમી શતાબ્દીના અંતરમાં અમરચંદ્રસૂરિનું રચેલું **बालभारत** કાવ્ય (૩) વિ. સં. ૧૩૩૪ માં પ્રભાચંદ્રસૂરિએ લખેલું **प्रभावक चरित** તથા (૪) વિ. સં. ૧૪૦૫ માં રાજશેખરસૂરિ પ્રણીત **प्रबंध कोष** કે જે ગ્રંથ મૂળ સંસ્કૃતમાં છપાયો નથી

પણ તેનું ભાષાન્તર પ્રો૦ મણિલાલ નભુભાઇનું કરેલું, શ્રીમન્ત ગાયકવાડ સરકાર તરફથી ' ચતુર્વિંશતિ પ્રબંધ ' એ નામથી છપાયું છે. આ ચાર પ્રકટ થયેલા ગ્રંથો ઉપરાન્ત મુનિશ્રી જિનવિજયજીએ, અમરચંદ્રસૂરિકૃત (અપ્રસિદ્ધ) पद्मानन्द काव्यની પ્રશસ્તિ ઉતરાવી મોકલી છે તે, અને બીજાં ઐતિહાસિક સાધનોથી આ લેખ લખવામાં આવ્યો છે. બાલભારતના ઉપોદ્ઘાતમાં પ્રબન્ધકોષમાંથી અમરચન્દ્ર પ્રબન્ધ ઉતાર્યો છે, તે પણ આપણા ઇતિહાસ માટે ઉપયોગી છે.

વાયડ.

પ્રથમ, 'વાયડ' નામ શા ઉપરથી પડયું હશે, તેનો વિચાર કરીએ. જૈનોના સંસ્કૃત ગ્રંથોમાં તેનું નામ वायट છે. વા૦ પુ૦ માં એમ હકીકત છે કે વાડવાદિત્ય ઋષિએ પહેલાં એક વાટિકામાં ( વાડીમાં ) તપ કર્યું હતું અને ત્યાં વાયુદેવનો જન્મ થયો હતો, આ ઉપરથી હું એમ અનુમાન કરૂં છું કે, તે ગામનું નામ वायुवाट ઉપરથી પડયું હશે. આપ્ટેના સંસ્કૃત કોષમાં वाटનો અર્થ A garden=બાગ આપેલો છે. મારા અનુમાનને વનરાજના સં. ૮૦૨ ના તામ્રપત્રથી ટેકો મળે છે. તેમાં वायुवट શબ્દ છે. આ તામ્રપત્ર 'બુદ્ધિપ્રકાશ' ના ઇ. સ. ૧૮૮૧ ના નવેંબરના અંકમાં પ્રકટ થયું છે.*

પૌરાણિક આખ્યાયિકા ઉપરથી એમ જણાય છે કે અનાદિ કાળથી આપણું નિવાસ સ્થાન વાયડમાં જ હશે. પણ તે ઐતિહાસિક સત્ય નથી. ઇતિહાસ-પુરાણના ગ્રંથોમાં આપણી જ્ઞાતિ સંબંધી કંઇ ઉલ્લેખ નથી. વિક્રમના પાંચમા શતકમાં રચાયેલા મૂળ વાયુપુરાણમાં ( વિન્સેન્ટ સ્મિથ પ્રમાણે) પણ કંઇ હકીકત નથી. ગુજરાતનાં વિવિધ ગામોનાં નામ ઉપરથી બ્રાહ્મણો અને વણિકોની જ્ઞાતિઓનાં નામ પડેલાં છે, એજ હકીકત સૂચવે છે કે તેઓ ગુજરાતના મૂળ વતની નહિ હોય, પણ પાછળથી આવીને વસ્યા હશે. જે જે ગામોમાં આવીને વસ્યા હશે તે તે ગામોના નામ ઉપરથી તેમની જ્ઞાતિનાં નામ પડેલાં હશે. આ જ્ઞાતિઓનો વસવાટ ક્યારે થયો હશે ? તે વિષે બે સમય બતાવી શકાય એમ છે.એક તો એમ કે વલભી વંશનો સ્થાપક સેનાપતિ ભટ્ટાર્ક જે વખતે ગુજરાતમાં આવ્યો હશે તે વખતે તેની સાથે બ્રાહ્મણ અને વાણીઆનાં કુટુંબો આવ્યાં હોય, અને જૂદાં જૂદાં ગામમાં વસ્યાં હોય. (ઇ. સ. ૫૦૯). આથી પણ તેઓ કદાચ વહેલા આવ્યા હોય. ગુર્જરો રાજસ્થાન અને ઉત્તર ગુજરાતમાં આવ્યાંનો સમય ઇ. સ. ૩૦૦ મનાય છે. (ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ ભા. ૧) ઉત્તર ગુજરાતનું પ્રાચીન નામ आनर्त હતું. પછી ગુર્જરો જેમ જેમ આવીને વસેલા તેમ તેમ થોડે થોડે તેનું નામ ગુર્જરદેશ પડેલું. પ્રથમ, ભિન્નમાલની આસપાસનો પ્રદેશ, કે જ્યાં ગુર્જરો રાજધાની કરીને રહ્યા હતા, તે ગુર્જરદેશ કહેવાતો હશે. પછી તેમાં ઉત્તર ગુજરાતનો પણ સમાવેશ થયો હશે અને ભરૂચમાં ગુર્જરોનું રાજ્ય

* श्रीमाली उसपालाश्च पौरवाताश्च नागरा ।
दिक्पाला गुर्जरा मोढा ये वायुवटवासिनः ॥११॥

આ શ્લોકમાં વાયડાની સાથે, શ્રીમાળી, ઓસવાળ, પોરવાડ, નાગર, દિસાવાળ (દિક્પાળ वा० पु० માં દિસાને દિક્પાલપુર કહ્યું છે), ગુર્જર, મોઢ, વગેરે વાણીઆની ન્યાતો ગણાવી છે. (આ તામ્રપત્રની નકલ રા. કે૦ હ૦ ધ્રુવે લેઇને છપાવી હતી. કેટલાકો એને હવે કોઈ બ્રાહ્મણે બનાવટી બનાવેલું માને છે, પણ તેમ માનવાનું મને કોઇ કારણ જણાતું નથી.)

સ્થપાયું (ઇ. સ. ૫૮૦) ત્યારે દક્ષિણ ગુજરાત પણ લાટદેશ મટી ગુર્જરદેશ થયો હશે. પશ્ચિમ રાજસ્થાન અને ઉત્તર ગુજરાત એકજ દેશ તરીકે ઘણા લાંબા સમયથી ઓળખાતા આવ્યા છે. પશ્ચિમ રાજસ્થાન (મારવાડ) દિલ્હી અને પાટણના રસ્તાની વચ્ચે આવેલું હોવાથી તે બે વચ્ચે સંબંધ તો લાંબા કાળ સુધી રહ્યો હતો અને ભાષા તો વિક્રમના સોળમા શતકનો અંત સુધી એકજ હતી. આ ઉપરથી ગુજરાતના ઘણાખરા વાણીઆ બ્રાહ્મણોનાં નામ પશ્ચિમ રાજસ્થાન અને ઉત્તર ગુજરાતમાં આવેલાં ગામો ઉપરથી પડયાં છે, જેમકે શ્રીમાળી, ઝારોલા, સાચોરા, દિસાવાળ, વાયડા, મોઢ, નાગર, વગેરે, વગેરે.

વાયડામાં બ્રાહ્મણ-વાણીઆઓ ક્યારે આવીને વસ્યા હશે તે નક્કી નથી, પણ બીજાઓ પોતાનાં સ્થાનકમાં આવ્યા હશે તે અરસામાંજ હશે. પરંતુ તે જાતિ સામાન્ય વૈશ્ય વર્ણમાંથીજ ઉદ્ભવી હશે. ગુજરાતની કેટલીક વાણીઆની ન્યાતો રજપૂત જાતોમાંથી થઇ છે, એમ પણ કેટલાક વિદ્વાનોનું માનવું છે. (શ્રીયુત દેવદત્ત ભાંડારકરનો લેખ–Chahamans of Marwar, Epigraphica Indica vol. XI, No. 4, p. 61). મારૂં અનુમાન તો એમ છે કે જે જાત પ્રથમ ગુર્જરો સાથે આવી હશે, તે વૈશ્ય વર્ણની હશે અને તેનું નામ **માહેશ્વરી** હશે, જે ઉપરથી હાલનો 'મેશરી' શબ્દ થયો છે. મારવાડમાં તો હાલ પણ 'મહેસરી' નામની એક વાણીઆની નાત છે (ઉક્ત લેખ). આ **માહેશ્વરનો** વલભી રાજાઓ સાથે કંઇ સંબંધ હશે? પણ વલભી રાજાઓ પોતાને પરમમાહેશ્વર લખતા હતા અને ચીનના મુસાફર હ્યુયાનસંગે લખ્યું છે કે વલભીના રાજાનો કાકો કનોજનો શિલાદિત્ય વૈશ્ય જાતિનો હતો (સ્મીથ, પૃ ૩૨૫). બ્રાહ્મણોનું કંઇ વિશિષ્ટ નામ નહિ હોય એમ લાગે છે. આ પ્રમાણે માહેશ્વરી-વૈશ્ય જાત અને તેમની સાથેના બ્રાહ્મણો જે જે સ્થળમાં રહ્યા, તે ઉપરથી ઓળખાવા લાગ્યા.

વાયડ કેટલું પ્રાચીન છે, તેનો નિર્ણય થઇ શકતો નથી, પણ એટલું તો ખરૂંજ કે તે અણહીલવાડ પાટણ વસ્યા પહેલાંનું છે કારણ કે ઉપર દર્શાવેલા વનરાજના તામ્રપત્રમાં શ્રીમાલી, ઓસવાળ, પોરવાડ, નાગર, દિસાવાળ ઝારોળા, મોઢ, વગેરે વાણીઆઓની સાથે વાયુવટવાસીનું નામ પણ લીધું છે. વડનગર, મોઢેરા, ગાંભુ, વગેરે ગામો તો પાટણ પહેલાંનાં છે, તે બાબતનો બીજો પણ પુરાવો મળી શકે છે.

વાયડ એ મોટું નગર હશે એમાં શક નથી. વા૦ પુ૦ માં તેને ચાર યોજનના વિસ્તારવાળું તથા દરવાજાથી યુક્ત કહેલું છે. જૈન ગ્રંથોમાં પણ તેને **દેશે સતીર્થસાર્થ महास्थान, सारसुकृत श्रीधाम** ( बा. भा. ) **गुर्जर अवनिमण्डन** ( प्र. च. ) **चतुरशीतिस्थानानामन्यतम** ( प्र. को. )—ચોરાશી સ્થાનોમાં ઉત્તમ-એમ કહેલું છે. તે વહેપારવાળું તથા આબાદીવાળું નગર પણ હશે. કેમકે દિલ્હી તરફનો પાટણથી જે અસલ ધોરી રસ્તો મારવાડમાં થઇને જતો હતો, તે રસ્તા ઉપર તે આવેલું છે. તેને છેક રાજગૃહ (બીહાર પ્રાંતમાં) સાથે પણ વહેપારનો સંબંધ હતો એમ પ્ર૦ ચ૦ ઉપરથી જણાય છે. (શ્લોક ૨૫) લલ્લ નામના કોઇ શેઠીઆએ સૂર્યગ્રહણ પર્વ વખતે લાખ રૂપિયાનું દાન આપવાનો સંકલ્પ કર્યો હતો, એ વાત પણ તેમાંથી નીકળે છે.

વાયડમાં વિશાળ મકાનો પણ હશે. **વાયુપુરાણ**માં વાવ અને ચાર કુંડનો ઉલ્લેખ છે. આ કુંડ તો હાલ જણાતા નથી પણ વાવ તો હજુ સુધી છે. વાવના છેક છેલ્લા ખંડમાં

પાણીની અંદરના એક થાંભલા ઉપર એક લેખ છે, તે વાવનો જીર્ણોદ્ધાર કર્યો તે વખતે વાંચવામાં આવ્યો હતો, પણ વાંચનારને સ્પષ્ટ ઉકલી શકયો નહોતો. પણ એટલી મતલબ સમજાઇ હતી કે સં. ૧૨૮૨ માં તેને संस्कारापित-એટલે સમરાવી હતી. આ લેખ સંબંધી મી. બર્જેસે પણ ગુજરાતનાં પુરાતન કામો સંબંધીના પોતાના પુસ્તકમાં ઇશારો કર્યો છે. ત્યાર પછી વાવ એક વખત સમરાઇ હશે એમ લાગે છે કારણ કે મી. બર્જેસ લખે છે કે એમાં જે ચોરસ થાંભલા છે, તે ઈ. સ. ની ચૌદમી સદી પછીની શીલ્પકામની તરેહના છે. હું પણ ધારૂં છું કે જે આરસનાં પગથીઆં તથા થાંભલા છે એ પાછળથી નાંખેલા છે. વા. પુ. માં લખ્યું છે કે આ વાવમાં માતાનું સ્થાનક છે. તેમાં જે માતા છે તેનું નામ, સ્વરૂપ, વગેરે કંઇ આપ્યું નથી. શેઠ અંબાલાલભાઇ ધારે છે, તેમ તે કદાચ समीरीकामदादेवी હશે. વાવ કે કુંડ સંબંધી જૈનોના ગ્રંથોમાં કંઇ સૂચન જોવામાં આવતું નથી, તેનું કારણ કદાચ એમ હશે કે વાવની માતાને વૈદિકો માનતા હશે, જૈનો નહિ માનતા હોય. બા. ભા. માં જીવદેવસૂરિની પ્રશંસાનો એક શ્લોક છે, તેમાં આપણા દોલોત્સવ અને વાવ સંબંધી ગર્ભિત ઇશારો હોય એમ જણાય છે. જુઓ પ્રશસ્તિનો શ્લો. ૮

वयस्य द्विधाभिः खलु सह कलाभिर्गुणगणाः
सहेलं खेलन्तो बहुमतिलते य-तनुवने ।
यशः श्रीपुष्पस्रक्चयसुरभयःसंशयमयीं
महादोलां मुक्त्वा सुकृतरसवापीषु विहृताः ॥

જેમ માતા કુલદેવી હતી તેમ શ્રી વાયુદેવ વાયડના આમદેવ હતા એમ જૈનોના ગ્રંથો ઉપરથી જણાય છે. આ લેખના આરંભે મુકેલો બા. ભા. નો શ્લોક તેમની સ્તુતિનો છે.* આથી વાયુદેવનુ જુદું મંદિર હશે, એમ લાગે છે. પાટણના મંદિરમાં વાયુદેવ તથા બીજા દેવોની જે મૂર્તિઓ છે, તે વાયડથી આવેલી છે, એમ વૃદ્ધ જનો કહે છે. આથી વાયુદેવનું જુદું મંદિર પણ હોવું જોઇએ.

આ ઉપરાંત જૈનોના ગ્રંથો ઉપરથી જણાય છે કે એક ब्रह्मशाला પણ હશે. બા. ભા. ઉપરથી જણાય છે કે તેમાં જીવદેવસૂરિએ वाडवादित्यने ( મૂળમાં वायटादित्यदेव

*किञ्चित्संचलितेऽपि वस्तुनि भृशं यत्संभवान्मन्महे
विश्वं यन्मयमीश्वरादिमयतस्पष्टप्रमाणेप्सितम् ।
संसारःप्रसरः परस्तनुमतां यस्यानुरोधेषु य
त्संरोधेषु शिवं स यच्छतु सतां श्रीचारुतां मारुतः ॥१॥*

—बाल भारत.

ભાવાર્થ—જેના સંભવથી સર્વ વસ્તુઓ ચલાયમાન થાય છે, એમ અમે માનીએ છીએ, વિશ્વ જેનાથી ભરેલું છે, જેની ઇશ્વરતા સ્પષ્ટ પ્રમાણોથી સ્થાપિત છે, જેની અનુકૂળતાએ કરીને પ્રાણીઓનો શ્રેષ્ટ સંસારનિર્વાહ થાય છે અને જેના સંરોધથી મોક્ષ પ્રાપ્ત થાય છે તે શ્રી વાયુદેવ સત્પુરૂષોને સૌન્દર્યનું દાન કરો.

એમ છે પણ તે પાઠની અશુદ્ધિ હશે ) મોટા ઠાઠ સાથે સુવર્ણનું યજ્ઞોપવીત પહેરાવ્યું હતું. પાટણના શ્રી વાયુદેવતાના મંદિરમાં એક પત્થરની 'ઋષિની મૂર્તિ' તરીકે ઓળખાતી મૂર્તિ છે. તે સં૦ ૧૩૭૪ માં સમસ્ત ગામે કરાવી હતી, એવો તેના ઉપર લેખ છે. આ મૂર્તિ કદાચ વાડવાદિત્યની હશે.

આ સિવાય વાયડમાં એક महावीरचैत्य પણ હતું, એમ જૈન ગ્રંથો ઉપરથી જણાય છે. આ જૈન દેરાસર વિક્રમના નિમ્બ નામના કોઇ મંત્રીએ વિ૦ સં૦ ૭ માં બાંધ્યું હતું, એમ ઉલ્લેખ, प्र० च० તથા प्र० को० માં છે, પણ તે વાત સપ્રમાણ જણાતી નથી. કેમકે તે બાબત વિષે बा. भा. માં કંઇ ઉલ્લેખ નથી. ઉલટું, તેમાં તો એમ છે કે તે 'વાણીઆઓની કીર્તિ રૂપે પ્રકાશે છે,' એ ઉપરથી એમ સમજાય છે કે તે વાયડના વાણીઆઓના પૈસેજ બંધાયું હશે. વળી તેમાં એમ છે કે તેમાં પ્રતિષ્ઠા જીવદેવસૂરિએ કરાવી હતી. હવે જીવદેવસૂરિ તો વિક્રમના તેરમા શતકમાં થયેલા એમ સિદ્ધ થાય છે. આથી વિક્રમ સંબંધી વાત ઐતિહાસિક લાગતી નથી.

વાયડ તથા તેના મકાનોનો નાશ અલ્લાઉદ્દીન ખૂનીના લશ્કરે કર્યો હશે (વિ૦ સં૦ ૧૩૫૩-૫૪ ). મુસલમાનોએ તે વખતે આખા ગુજરાતમાં રોળ વર્તાવ્યો હતો અને પાટણની સાથે, મોઢેરા, સિદ્ધપુર, વડનગર, સોમનાથ વગેરે સ્થળોના ગૌરવનો છેલ્લીવારે અંત આણ્યો હતો એટલે વાયડ પણ બચ્યું નહિ હોય; વળી તે તો જુના ધોરી રસ્તા ઉપરછે, એટલે તેને વિશેષ સહન કરવું પડયું હશે. આ નાશ પછી ત્યાંના વતનીઓ વેરાવા માંડયા હશે અને તે વખતની સહીસલામત જગાઓ કચ્છ, ઉના, માળવા તથા ચુંવાળમાં પ્રથમ ટોળાં ગયાં હશે. ત્યાંથી બીજે વેરાયેલાં. એ ખરૂં છે કે આ સમય પહેલાં પણ વેપાર, રાજસેવા, વગેરેના કારણથી વાયડાઓ પરદેશ રહેતા હશે ખરા. प्रबन्धचिन्तामणि તથા कुमारपाल प्रबन्धમાં એમ છે કે સિદ્ધરાજના બાપ કર્ણનો મંત્રી ઉદો ( ઉદયન ) જ્યારે શ્રીમાળમાંથી વખાનો માર્યો ગુજરાતમાં આવ્યો, ત્યારે તેને પહેલવહેલો કર્ણાવતીમાં વાયડા જ્ઞાતિએ બંધાવેલા અજીતનાથના દેરામાં આશ્રય મળ્યો હતો. કર્ણનો સમય સં. ૧૧૨૦ થી ૧૧૫૦છે.

આ પ્રમાણે વાયડ ગામ સંબંધી પ્રાચીન માહીતી મળે છે. હવે આપણે તેમાં રહેલા માણસોનો ઇતિહાસ જોઇશું. આ ઇતિહાસ વિક્રમની બારમી શતાબ્દીના અંત સુધી કંઇ મળતો નથી.

## જૈન સંપર્ક.

આપણા ઇતિહાસની જવનિકાચ્છાદિત રંગભૂમિનો પડદો વિક્રમના તેરમા શતકના આરંભમાં ઉપડે છે અને પ્રથમ જૈન આચાર્ય રાશિલ્લસૂરિ દેખા દે છે. ગુજરાતમાં વિક્રમનો તેરમો સૈકો જૈન ધર્મના ઉત્કર્ષનો છે. તે સમયે તે ધર્મનો બહુ પ્રચાર થયો હતો. હાલ જે વાણીઆઓ જૈન ધર્મ પાળતા નથી, તેઓની જ્ઞાતિઓનો એક ભાગ પ્રથમ જૈન ધર્મમાં ગયો હશે. એ બિના જૂદી જૂદી જ્ઞાતિઓના માણસોએ કરાવેલી જૈન પ્રતિમાઓ ઉપરના લેખ ઉપરથી, તેમજ બીજાં ઐતિહાસિક સાધનો ઉપરથી જણાય છે. મોઢ, નાગર, ઝારોળા, દિસાવાળ, વગેરેની સાથે આપણી ન્યાતના માણસોએ પણ તૈયાર કરાવેલી પ્રતિમાઓ પાટણ, રાધનપુર, સાણંદ, વડોદરા, સુરત વગેરે સ્થળોએ જોવામાં આવે છે. આપણી જ્ઞાતિમાં તો તે ધર્મનો વિશેષ પ્રચાર થયો હશે એમાં શક નથી, કેમકે આપણા નિવાસસ્થાન ઉપરથી એક 'વાયડ ગચ્છ' થયેલો છે, અને તેમાં સમર્થ આચાર્યો થયેલા છે. આપણો

ઇતિહાસ જે કંઇ સચવાઇ રહ્યો છે, તે પણ આ સંપર્કનું ફળ છે. **વા. મા.** માં રાશિલ્લસૂરિને વાયડ ગચ્છના **પટ્ટોધીધર** કહ્યા છે, એટલે તેજ પ્રથમ આચાર્ય હશે. ત્યાર પછી, અનુક્રમે જીવદેવસૂરિ તથા **જિનદત્તસૂરિ** થયેલા છે. તેમના વિષે ઐતિહાસિક વૃત્તાન્ત બહુ ઓછો મળે છે. જીવદેવસૂરિના નામ સાથે પરકાયપ્રવેશ, આદિ યોગવિદ્યાના ચમત્કારની કથાઓ જોડાયેલી છે, પણ તે આપણા ઐતિહાસિક ઇતિવૃત્ત માટે ઉપયોગી નથી. **પ્ર. ચ.** તથા **પ્ર. કો.** માં એમ છે કે રાશિલ્લસૂરિ તથા જીવદેવસૂરિ પૂર્વાવસ્થામાં સગા ભાઇ હતા. જિનદત્તસૂરિનો **વિવેકવિલાસ** નામનો વ્યવહાર જ્ઞાનનો ગ્રંથ મળી આવે છે. એ ગ્રંથ તેમણે મારવાડમાં આવેલા જાબાલિપુર ( ઝાલોર ) ના [1]ઉદયસિંહ રાજાના સમયમાં (સં. ૧૨૬૨ થી ૧૩૦૬ ) રચ્યો હતો. એમ તેની પ્રશસ્તિ ઉપરથી જણાય છે.

## અમરચંદ્રસૂરિ

' વાયડ ગચ્છ ' માં અમરચન્દ્રસૂરિ મહાકવિ થયેલા છે. તેઓ જિનદત્તસૂરિના શિષ્ય હતા. **પ્ર૦ કો૦** ઉપરથી જણાય છે કે તેમણે કવિરાજ અમરસિંહ નામના પોતાના કલાગુરૂ ( સાહિત્યાચાર્ય ) પાસે કાવ્યશાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો. તેમની પાસેથી 'સિદ્ધ સારસ્વત' મંત્ર લેઇ, એકવીસ દિવસ સુધી આહાર નિદ્રાનો ત્યાગ કરી તેનું અનુષ્ઠાન કર્યું અને મોટો હોમ કર્યો ત્યારે મધ્ય રાત્રે ચન્દ્રબિમ્બમાંથી ઉતરીને, સાક્ષાત સરસ્વતીએ પોતાના કમંડલમાંથી જળ પાયું હતું. એવી દંતકથાનો **પ્ર૦ કો૦** માં ઉલ્લેખ કર્યો છે; તેમની કીર્તિ સાંભળીને ધોળકાના રાજા ( પાછળથી પાટણના ) વીસલદેવે પોતાની પાસે તેડાવ્યા હતા. આ વિદ્યાવ્યવસાયી રાજાની સભામાં સોમેશ્વર, નાનાક, સોમાદિત્ય, કમલાદિત્ય, આદિ સમર્થ પંડિતોએ પૂછેલી ૧૦૮ સમસ્યાના ઉત્તરો અમરચન્દ્રે આપ્યા હતા. તેથી પ્રસન્ન થઇને રાજાએ તેમને ' કવિ સાર્વભૌમ અમર ' એમ કહ્યું હતું. અમરચન્દ્રના શીઘ્રકવિત્વનો એક બીજો રમૂજી પ્રસંગ, રત્નમંદિરગણિયે પોતાના **ઉપદેશતરંગિણી** માં નોંધ્યો છે. એક વખત અમરચન્દ્ર સભામાં પોતાના કરેલા નવા શ્લોકોની વ્યાખ્યા[2] કરતાં કરતાં નીચે પ્રમાણે બે પદ બોલ્યાઃ—

**अस्मिन्नसारे संसारे सारं सारंगलोचनाः ।**

**—આ અસાર સંસારમાં મૃગનયની (સ્ત્રી) સાર રૂપ છે.**

આ વખતે વંદના કરવાને મંત્રી વસ્તુપાલ આવ્યો હતો, તેણે બારણામાં આવતાં આ પદો સાંભળ્યા તેથી 'અહો આ મુનિ તો સ્ત્રીકથામાં આસક્ત થયેલો છે,' એમ ધારીને નમન કર્યું નહિ. તેનો અભિપ્રાય જાણીને અમરચન્દ્રે નીચે પ્રમાણે ઉત્તરાર્ધ કહ્યોઃ—

---

૧ વીરધવલ રાજાના મોટા પુત્ર વીરમદેવનો સસરો—જુઓ વસ્તુપાલપ્રસંધ—પ્ર૦ કો૦ ૨૨૬-૨૨૭ **તંત્રી.**

૨ ' પોતાના કરેલા નવા લોકોની વ્યાખ્યા કરતાં,' તેને બદલે 'પોતાના તેજ વખતે (શીઘ્ર) કરેલા નવા શ્લોકોથી વ્યાખ્યાન (ભાષણ) આપતાં' એમ જોઇએ કારણ કે તે સંસ્કૃત મૂલ ' **तात्कालकृतनव्य श्लोकैर्व्याख्यानं कुर्वंति** એમ છે. વ્યાખ્યાન (કે જેને જૈનો 'વખાણ' એ નામના અપભ્રષ્ટ શબ્દથી હમણાં કહે છે ) તેનો અર્થ વ્યાખ્યા નથી પણ ભાષણ છે. **તંત્રી.**

**तत्कुक्षिप्रभवा एते वस्तुपाल ! भवादृशाः ॥**

—હે વસ્તુપાલ ! તારા જેવા તેની કુખે જ જન્મ્યા છે.[૩]

આ સાંભળીને વસ્તુપાલે તેમના પગમાં પોતાનું શિર ઝુકાવ્યું. વસ્તુપાલ પણ એક સમર્થ કવિ હતો; વિક્રમની તેરમી તથા ચૌદમી શતાબ્દી ગુજરાતના સંસ્કૃત સાહિત્યનો મધ્યાન્હ યુગ છે, તેમાં અમરચન્દ્રનું સ્થાન પણ ઉચ્ચ છે, જેમ કાલિદાસ **दीपशिखा कालिदास**, માઘ **घंटामाघ**, હર્ષ **अनंगहर्ष** કહેવાય છે, તેમ અમરચન્દ્રે પણ **बा. भा.** માં સ્ત્રીની વેણીને કામદેવની કૃપાણ ( તલવાર ) ની ઉપમા આપી છે, તેથી તે પણ **वेणीकृपाणोऽमरः** એમ કહેવાયો છે.[૪] **बा. भा.** રચવાનું કારણ તેની પ્રશસ્તિમાં એમ આપ્યું છે કે, વાયડના બ્રાહ્મણોએ અમરચન્દ્રના ગુરૂ જિનદત્તને કહ્યું કે અમારા દાતા શ્રી વાસુદેવ, તેમના બે પુત્રો ભીમ અને હનુમાનનો સંયોગ જેમાં છે એવી મહાભારતની મોટી કથા અમે થોડા દિવસમાં સાંભળીએ એમ કરો. એ ઉપરથી તેમણે પોતાના શિષ્યને તેમ કરવાની આજ્ઞા કરી. **बा. भा.** ઉપરાંત અમરચન્દ્રે [૫]**काव्यकल्पलता**, **छन्दोरत्नावली**, **मुक्तावली**, **कलाकलाप**, **पद्मानन्दकाव्य** આદિ[૬] પણ રચેલા છે. છેલ્લો ગ્રંથ પદ્મમંત્રીના માટે રચાયો હતો,

અમરચન્દ્ર પૂર્વાવસ્થામાં કોણ હતા અને ક્યાંના રહેવાશી હતા, તે જણાયું નથી; પરંતુ તેમણે **बा० भा०** માં વૈદિકોના દેવ તરફ પૂજ્ય બુદ્ધિથી જોયું છે; બ્રાહ્મણોને માનવાચક વિશેષણોથી સંબોધ્યા છે તથા વ્યાસમુનિની સર્ગે સર્ગે સ્તુતિ કરી છે, તેથી તેઓ પૂર્વાવસ્થામાં બ્રાહ્મણ હશે એમ સમજાય છે. વળી તેમણે વાયડ પ્રત્યે બતાવેલા નૈસર્ગિક

---

૩ આ શ્લોકની આ રીતે રચના વસ્તુપાલ પ્રબંધમાં મલ્લવાદીસૂરિએ ખંભાતમાં કરી છે એવું પ્ર૦ કો૦ જણાવે છે. ભાષાન્તર પૃ. ૨૨૮ **તંત્રી.**

૪ આ અર્થ સુઘટિતરીતે જણાવ્યો છે. પ્રો. મણિલાલ નભુભાઈએ એવો અર્થ કર્યો છે કે, 'દીપિકા કાલિદાસ જેવી, ઘંટા માઘ જેવી એમ કવિત્વ સિદ્ધ કર્યું.' (જુઓ પ્ર૦ કો૦ ભાષાંતર પૃ. ૧૧૦) કે જે અર્થ યોગ્ય નથી લાગતો. **તંત્રી.**

૫ કાવ્યકલ્પલતા મૂળ તેમના સહાધ્યાયી અને મિત્ર (જુઓ પ્ર૦ કો૦) અને સુકૃત સંકીર્તનના કર્તા કવિ અરિસિંહે બનાવેલી હતી પણ તે અધૂરી હતી તે અમરસિંહે પૂરી કરી એટલુંજ નહિ પરંતુ તે પર પોતે વૃત્તિ રચી કે જેનું બીજું નામ 'કવિશિક્ષા' આપવામાં આવ્યું. સંવત્ ૧૪૫૫ (સન ૧૩૯૯). આની પ્રશસ્તિ માટે જુઓ ડાક્ટર ભંડારકરનો હસ્તપ્રતોનો રિપોર્ટ સન ૧૮૮૩-૮૪ પૃ. ૩૧૨ અને આ ગ્રંથ સંબંધી નોટ્સ માટે તેનુંજ પૃ. ૬. આ ગ્રંથ ખાસ પ્રકટ કરવા યોગ્ય છે કારણકે તેની સાથે હાલમાં વડોદરા સરકાર તરફથી પ્રકટ થયેલ રાજશેખરકૃત કાવ્યમીમાંસાને સરખાવી શકાશે અને તેનાથી સાહિત્યને લગતી ઐતિહાસિક અનેક બાબતોનું જ્ઞાન થશે. તે પાટણના ભંડારમાં છે. **તંત્રી.**

૬ આદિ શબ્દમાં અન્ય ગ્રંથો નામે સ્યાદિ શબ્દ સમુચ્ચય, હૈમ શબ્દ સંચય, ધનદત્ત કથા, આદિનાથ ચરિત્ર (પ્રાકૃત), સમ્યક્ત્વ કુલક, અને શ્રીજિનેંદ્ર ચરિત્ર અથવા પદ્મનાભકાવ્યનો સમાવેશ થાય છે. શ્રીજિનેંદ્રચરિત્ર સંબંધી ડા. પીટર્સને પોતાના પહેલા રિપોર્ટ ૧૮૮૨-૩ ના પૃ. ૫૮ માં ખંભાત ભંડારના એક ગ્રંથ તરીકે નોંધ લીધી છે. તેમાં તે કાવ્યને અંતે પ્રશસ્તિસર્ગ મૂકેલ છે તેમાંથી કર્તા સંબંધી ઉપયોગી બાબત મળી

સ્નેહથી પણ એમ અનુમાન થઇ શકે કે તેઓ વાયડનાજ વતની હશે. વાયડ પ્રત્યેનો તેમનો સ્નેહ નીચેના શ્લોકમાં ઉભરાઇ જાય છે.

देशे सन्तीर्थसार्थमुटदुदुरिते श्रीहनुमत्तनूजो-
त्पत्तौ तेन प्रतेने गुजगदिव महास्थानमस्थानमाधेः ॥
स्वारव्यांकज्ञातिनाम्ना मरकतमणिकामिश्रमुक्ताफलस्रग्
भूषावत्दूमृगाक्ष्या द्विजपटलमिहास्थापी साकं वणिग्भिः ॥२॥

અમરચન્દ્રની સં૦ ૧૩૪૯ માં કોઇ મદનચન્દ્ર નામના પંડિતે કરાવેલી એક આરસની મૂર્તિ, પાટણના ટાંગડીઆવાડાના નવા દેરાસરમાં છે, એમ મને ખબર મળી છે.

## દેવપાલ અને ધનપાલ

વાયડમાં થયેલા આચાર્યોની વાત થઇ, હવે આપણે ગૃહસ્થવર્ગ પ્રતિ દષ્ટિ કરીશું. **વિ૦ વિ૦** ની પ્રશસ્તિમાં જાબાલિપુરના **ઉદયસિંહ**ના મહામાત્ય **દેવપાલ**નો ઉલ્લેખ છે. (તેના વિશ્વાસના ગૃહરૂપ) તેના કોષની રક્ષા કરવામાં વિચક્ષણ, બુદ્ધિરૂપ નંદનવનના ચંદન જેવો, સર્વ ધર્મોનો આધાર ગ્રા (દા) ન શાલીઓમાં અવધિ રૂપ, સર્વ પુણ્યોના આસ્થાન જેવો અને સર્વ સંપત્તિઓની ખાણ જેવો કહ્યો છે. આ દેવપાલ વાયડા જ્ઞાતિનો હતો કે કેમ તે સ્પષ્ટ લખ્યું નથી પણ તેનો માનેલો પુત્ર ( **प्रतिपन्नात्मज**) પવિત્ર અને બુદ્ધિમાન્ **ધનપાલ** કે જેના મનને સંતોષ કરવાને ઉક્ત ગ્રંથ રચાયો હતો, તેને તો સ્પષ્ટ રીતે **वायडान्वय संभवः**—એટલે વાયડા વંશમાં થયેલો—એમ લખ્યું છે.

## પદ્મમંત્રી.

**पद्मानन्द** કાવ્યમાં **વિસલદેવ** રાજાના મંત્રી પદ્મનો ઉલ્લેખ છે. આ પદ્મના વંશનું વર્ણન તેમાં આપેલું છે. પ્રથમ **वायट प्रवणवंशमणि वासुपूज्य** થયો. તે મંત્રી (પ્રધાન) હતો અને અણહીલપુરવાસીઓનું ઉપરીપણું કરતો હતો. તેનો પુત્ર **રામદેવ** થયો અને તેની સ્ત્રી **પદ્મિની**થી **શાન્તડ** નામનો પુત્ર થયો. ( આ શાન્તડ તે કર્ણનો પ્રધાન **શાન્તુ** હશે ? ) તેને **સહજી** નામની ભાર્યાથી **આસલ** નામનો પુત્ર થયો. તેને **અહિદેવી** નામની ગૃહલક્ષ્મીથી ઇંદ્રના જેવો પદ્મમંત્રી થયો. આ પદ્મમંત્રીના ગુણોનું બહુ ગૌરવ ભરેલું વર્ણન કવિએ કર્યું છે અને લખ્યું છે કે તેના પદ્મ ( કમળ ) જેવા ઘરમાં રહીને આ ગ્રંથ રચ્યો છે. પ્ર૦ કો૦ માં એમ છે કે પદ્મના વિશાળ સદનના એક ભાગમાં રહીને અમરચન્દ્રે 'સિદ્ધસારસ્વત' મંત્રનું અનુષ્ઠાન કર્યું હતું. પદ્મના કુટુંબનું પણ અમરચન્દ્રે સુંદર વર્ણન કર્યું છે, તેને **ચમ્પલા, પદ્મલા** અને **પ્રલ્હાદનદેવી** એ નામની ત્રણ સ્ત્રીઓ હતી. તેમાં પદ્મલાની કુખથી તેને **વિક્રમાદિત્ય** નામનો પુત્ર થયો હતો. પદ્મને **સૌભા-**

---

આવે તેમ છે. તે કાવ્યનું બીજું નામ પદ્મનાભ કાવ્ય છે, જ્યારે તેજ ડાકટર પીટર્સને ચોથા રિપોર્ટમાં કર્તાની અનુક્રમણિકામાં અમરચંદ્રસૂરિ સંબંધે લખતાં તેના એક ગ્રંથ તરીકે આનું નામ આપતાં શ્રીજિનેંદ્રચરિત્ર અથવા પદ્માનંદકાવ્ય એમ લખ્યું છે. જિનેંદ્રચરિત્ર હેમચંદ્રના ત્રિષષ્ઠીશલાકા પુરૂષ ચરિત્રના ધોરણે લખાયું છે અને પદ્માનંદકાવ્ય પદ્મમંત્રીને લગતું છે તેથી તે બંને ભિન્ન જણાય છે અને જિનેંદ્રચરિત્રનું અપર નામ પદ્મનાભકાવ્ય હોવું સંભવિત છે. તંત્રી.

ગ્યદેવી નામની ગંગા જેવી નિર્મલ બ્હેન હતી. તે બ્હેનને મોષાક નામના પતિથી મહણ, મલ્લદેવ દેવસિંહ અને ઉદાક નામના પુત્રો થયા હતા. એમાં મહણને મંત્રી લખ્યો છે. વીસલદેવ પછી થયેલા અર્જુનદેવના મહામાત્યનું નામ મલ્લદેવ હતું તે કદાચ ઉપરનો મલ્લદેવ હશે. વીસલદેવનો સમય સં૦ ૧૩૦૦ થી ૧૩૧૮ (જુઓ ગુર્જર દેશ ભૂપાવલિ આદિ) મનાય છે. વીસલદેવનો પ્રારંભનો મહામાત્ય વસ્તુપાલ હતો અને છેવટનો નાગડ હતો. આથી પદ્મ એ એના વચગાળામાં પ્રધાન થયો હશે. કદાચ મહામાત્ય નહિ હોય પણ મિત્રમંડળમાં હશે. પ્ર૦ કો૦ માં તેને कोष्ठागारिक (કોઠારી) લખ્યો છે, પણ પદ્માનન્દ કાવ્યમાં તો તેને सचिवेन्द्र લખ્યો છે અને જણાવ્યું છે કે તે નૃપ અને પ્રજા એ બંનેનું શાસ્ત્રાનુસાર હિત સાધતો હતો. એથી તેણે મહામાત્ય પદ ભોગવ્યું તો હશે, એમ લાગે છે*

આ પ્રમાણે જેમ વણિકોની બીજી જ્ઞાતિઓએ ગુર્જરેશ્વરોના મહામાત્યો ઉત્પન્ન કર્યા છે, (પોરવાડોએ તેજપાલ અને વસ્તુપાલ, શ્રીમાળીઓએ ઉદયન, વગેરે) તે પ્રમાણે વાયડા જ્ઞાતિને પણ તે ઉત્પન્ન કરવાનું માન છે. §

આ સિવાય બીજા પણ વાયડા વણિકોનાં નામ મળે છે. લલ નામના ધનાઢ્ય શેઠીઆનું નામ આવી ગયું છે. અમરચંદ્રસૂરિના અમરસિંહ વિષે પણ પ્ર૦ કો૦ માં ઉલ્લેખ છે. પણ આ અમરસિંહ વણિક હોય એમ હું ધારતો નથી. તે 'कविराजा' નું વિરૂદ ધરાવતો હતો તથા વીસલદેવે તેના શીઘ્રકવિત્વથી પ્રસન્ન થઇ તેનો 'ગ્રાસ' બમણો કરી આપ્યો હતો, એ ઉપરથી તે ભાટ જાતિનો હશે, એમ લાગે છે.

---

*श्रीमद्विश्वलदेवमोदिनीश्वरकृतमौढप्रसादादसौ
व्यापारानधिगम्य कानपि कदाप्युत्सेकदावाम्बुदः ।
श्रीपद्मो नृपतिप्रजार्थयुगलीं कृत्वार्थशास्त्रार्थतः
स्वार्थम् सारपरोपकारकरणव्यापारमेवाकरोत् ॥५०॥

(આમાં વ્યાપાર શબ્દે કરીને વ્હેપાર અર્થ નથી લેવાનો તે અર્થમાં તો વ્યવહાર અથવા વાણિજ્ય શબ્દ વપરાતો હતો. અહિં તો શ્રીકરણાદિમુદ્રાવ્યાપાર (મહોર છાપ કરવાનો અધિકાર) કે જે મહામાત્યો ધરાવતા હતા, તે અર્થમાં આ શબ્દ યોજેલ જણાય છે.)

§ 'ઉનેવાલ અભ્યુદય' નામના માસિકના પુસ્તક ૪ થા, અંક છઠ્ઠામાં જણાવ્યું છે કે, સંવત્ ૯૯૯ ની સાલમાં ઉનાના બ્રાહ્મણ રાજા ચંદ્રબળના વખતમાં મોતીચંદ નામનો એક વાયડો દિવાન હતો, તેને મારૂ નામના ચારણે દ્રવ્ય આપીને ફોડયો, તેથી તેણે દગાથી રજપૂતોને ગામમાં દાખલ કર્યા, અને બ્રાહ્મણોના રાજ્યનો અંત આવ્યો—આ વાતને કંઇ ઐતિહાસિક પ્રમાણની પુષ્ટિ નથી, તે ભાટોના ચોપડા તથા દંતકથા ઉપરથી લખી છે. વાયડાઓ એટલા વહેલા કાઠીઆવાડમાં ગયા હોય તેમ જણાતું નથી તથા 'મોતીચંદ' એ નામ પણ એટલું પુરાણું જણાતું નથી, તેથી એ હકીકત હું ઐતિહાસિક અને પ્રમાણ માનતો નથી.

## સામાજિક સ્થિતિ.

વાયડના પ્રાચીન વતનીઓની સામાજિક સ્થિતિ વિષે કંઇક ઝાંખો ઝાંખો પ્રકાશ મળે છે. ધર્મ સંબંધમાં, બ્રાહ્મણો તો સ્પષ્ટ રીતે વૈદિકો હતા જ. વણિકોમાં પણ બધા જૈનો નહોતા. કેટલાકનું એમ માનવું છે કે ગુજરાતમાં શ્રીમદ્ વલ્લભાચાર્યના વૈષ્ણવધર્મનો પ્રચાર થયો તે પહેલાંના બધા વાણીઆ જૈન હતા, પણ આ અનુમાન ખોટું છે, એ સહેજે સાબીત કરી શકાય એમ છે. હાલના વૈષ્ણવો ' મેશરી ' કહેવાય છે. એ શબ્દ ઘણો પ્રાચીન છે. શ્રીમદ્ વલ્લભાચાર્યના પ્રાદુર્ભાવ પહેલાં ત્રેવીસ વર્ષ ઉપર રચાયેલા **कान्हडदे प्रबन्ध**માં ' મહેસરી ' શબ્દ જોવામાં આવે છે. વલ્લભાચાર્ય પહેલાં પણ ગુજરાતમાં વૈષ્ણવ ધર્મનો પ્રચાર હતો. સારંગદેવ રાજાના વખતનો સં૦ ૧૩૪૮ નો એક કૃષ્ણ-મંદિર સંબંધીનો શિલાલેખ પાટણમાં મળી આવ્યો હતો, તે મેં ' ગુજરાતી ' ના દિવાળીના અંકમાં પ્રકટ કર્યો હતો ( ઇ૦ સ૦ ૧૯૧૦ )

મારૂં અનુમાન તો એમજ છે કે ગુજરાતમાં આવેલી વૈશ્ય જાતિનું મૂળ નામ 'મહેસરી' ( માહેશ્વર=દેવીપૂજક; વાણીઆની દરેક ન્યાત ને એકેકી કુલદેવી હોય છે. ) હશે, પણ પાછળથી જેમણે જૈન ધર્મ સ્વીકાર્યો હશે, તે જૈનો કહેવાયા હશે અને વૈદિકોનું મૂળ 'મહેસરી' નામ કાયમ રહ્યું હશે. વાયડમાં પણ ગચ્છની સ્થાપના અને જૈનધર્મનો પ્રસાર વિક્રમના તેરમા શતકના પ્રારંભમાં થયેલો છે અને વાયડની સ્થિતિ તો વનરાજના તામ્રપત્ર ઉપરથી સં૦ ૮૦૨ પહેલાંની ઠરે છે. આથી વાયડાઓ પ્રથમ વૈદિકો હશે એમાં શક નથી. એ ખરૂં છે કે ' વાયડગચ્છ ' ની સ્થાપના થયા પહેલાં પણ થોડાકે જૈનધર્મ સ્વીકાર્યો હશે, પણ માત્ર થોડાએજ× વાયડ ગચ્છની સ્થાપના પછી પણ બધા જૈનો થયા હોય એમ માની શકાતું નથી. કારણ કે લલ્લ નામના ધનાઢ્ય શેઠીઆએ એક મોટો યજ્ઞ કર્યો હતો એમ प्र० च० તથા प्र० को० માં સ્પષ્ટ ઉલ્લેખ છે. લલ્લને प्र० च० માં મહામાહેશ્વર ( મોટો મેશરી ) પણ ગણેલો છે. લલ્લે પાછળથી જૈન મતનો સ્વીકાર કર્યો હતો, એમ જણાય છે* વૈદિકો અને જૈનો વચ્ચે સંપ સારો હશે, કેમકે અમરચંદ્રસૂરિએ बा० भा० માં બ્રાહ્મણોને दानमानपरा ઇત્યાદિ બહુમાન વિશેષણો સંબોધ્યા છે અને તેમના દેવો પ્રત્યે પૂજ્યભાવ બતાવ્યો છે જિનદત્તસૂરિએ સર્વ ધર્મના મનુષ્યોને ઉપકારક થાય તેવો

---

× આપણી જ્ઞાતિમાં જે ભાગે જૈનધર્મ સ્વીકાર્યો હતો તે ગુજરાતમાં પુષ્ટિમાર્ગના પ્રસાર પછી પાછો વૈદિક ધર્મમાં આવ્યો હશે અથવા તો જૈનોની જ્ઞાતિઓમાં ભળી ગયો હશે. આપણી વસ્તી ઘટી જવાનું કારણ, કદાચ છેલ્લી બીના હોય. માળવા (રતલામ તરફ) અને કાઠીઆવાડની આપણી જ્ઞાતિનાં માણસો તો થોડાં વરસ ઉપર પણ જૈનધર્મ પાળતા હતા એ જાણીતી વાત છે.

*લલ્લે ધર્માન્તર કર્યાના કારણમાં प्र० च० તથા प्र० को० માં જણાવવામાં આવ્યું છે કે યજ્ઞના ધુમાડાથી વ્યાકુળ થઇને આંબલીના ઝાડ ઉપરથી એક સર્પ ભોંય પડયો, તે બ્રાહ્મણના ક્રોધ તોરાની છોકરાએ યજ્ઞમાં હોમી દેવાથી, તેને વૈરાગ્ય થયો હતો. પરન્તુ, આ વાત સપ્રમાણ જણાતી નથી, કેમકે જો એમ બન્યું હોય તો, તે વાયડના વતની અમરચન્દ્રસૂરિના જાણવામાં હોય, અને તેઓ તે પોતાના बा० भा० કે અન્ય કાવ્યમાં તેનો ઉદ્ઘોષ કર્યા વિના રહે નહિ પણ તેણે તે સંબંધી ઇશારો સરખોએ કર્યો નથી.

ગ્રંથ ( વિ૦ વિ૦) લખ્યો છે અને તેમાં નથી જૈનધર્મની બહુ પ્રશંસા કે નથી અન્ય ધર્મની નિન્દા. ઉલટું તેમણે ધર્મની બહુ ઉદાર વ્યાખ્યા કરી છે. તેમણે લખ્યું છે કે જેમ ઘણા વર્ણોની ગાયોનું દુધ એકજ રંગનું હોય છે, તેમ બધા ધર્મોનું તત્વ એક જ છે. ( ઉ. ૧૧ શ્લો૦ ૭૩ ) વૈદિકોએ પણ વાડવાદિત્યને સુવર્ણનું યજ્ઞોપવિત જૈન આચાર્યના હાથે પહેરાવી, તે સમભાવનો પ્રતિઘોષ કર્યો હશે.

સાંસારિક જીવનની વિશેષ માહીતી મળતી નથી. વા૦ પુ૦ ઉપરથી જણાય છે કે તે વખતે હાલની માફક કન્યાના બાપને બહુ ચિન્તા થતી હશે. વિ૦ વિ૦ તથા વા૦ પુ એ બંને ઉપરથી જણાય છે કે તે વખતે બાળલગ્નનો પણ પ્રચાર હશે વિ૦ વિ૦ માં એવું છે કે આઠથી અગીઆર વર્ષની કન્યાને પરણાવી દેવી અને વા૦ પુ૦ માં રજસ્વલા કન્યાનું બહુ પાતિક લખ્યું છે. પરંતુ, વિ૦ વિ૦ માં એમ છે કે ૨૫ વર્ષથી ઓછી ઉમરનો પુરૂષ અને સોળથી ઓછી ઉમરની કન્યાનો સંયોગ થવા દેવો નહિ, ( ઉ૦ ૫૦ શ્લો૦ ૧૯૯ થી ૨૦૪ ). એ ઉપરથી એમ જણાય છે કે તે વખતે સંયોગ મોડો થતો હશે. બંને ગ્રંથો ઉપરથી જણાય છે કે કન્યા આપવામાં શરીર, શીલ, કુલ, પૈસો, વય અને વિદ્યા જોવાતાં હશે. હાલ આપણી ન્યાતમાં બે સ્ત્રી કરવાનો રિવાજ નથી, પણ પ્રથમ હશે કેમકે પદ્મમંત્રીને ત્રણ સ્ત્રીઓ હતી. કદાચ એમ પણ હોય કે, તે મોટા પદે હતો તેથી તેનો દાખલો અપવાદરૂપ હોય, અને સામાન્ય રિવાજ અનેકપત્નીત્વના વિરૂદ્ધનો હોય.

## દશા—વિશાનો ભેદ.

હવે આપણી ન્યાતમાં દશા—વિશાનો ભેદ ક્યારે અને કેમ પડયો હશે, તે સંબંધી મારા વિચારો દર્શાવીશ. એ વાત ધ્યાનમાં રાખવાની છે કે આ ભેદ બ્રાહ્મણોમાં નથી અને વાણીઆની સર્વ ન્યાતોમાં છે. આ ભેદ પડવાનાં કારણો સંબંધી વિધવિધ અનુમાનો કરવામાં આવે છે. જેઓ એમ ધારે તે કે વૈશ્ય ઉપરથી વીસા થયા અને દસ્યુ (શુદ્ર) ઉપરથી દસા થયા, એમનો મત તો હસનીયજ છે. તેમાં વિક્રમના તેરમા શતક પહેલાં આ ભેદ હતોજ નહિ, અને સર્વ વણિક જ્ઞાતિઓ અખંડ જ હતી. જૈન પ્રતિમાઓના લેખો ઉપર **વૃદ્ધશાખા** અને **લઘુશાખા** એ નામો હોવાથી રા. મણિલાલ બકોરભાઇ વ્યાસ એવું અનુમાન કરે છે કે, વૃ૦ શા૦ ઉપરથી વિસા અને લ૦ શા૦ ઉપરથી દસા એમ થયેલાં. વૃ૦ શા૦ ઉપરથી વિસા થાય એમ કદાચ માનીએ. પણ લ૦ શા૦ ઉપરથી દસા શીરીતે થાય ? એ કાંઇ પ્રાચીન ગ્રંથોમાં લખેલા અક્ષરો નથી કે લહિયાની ચૂકથી ફેરબદલ થઇ જાય ! તે તો ચાલુ વપરાશના શબ્દો છે. મારૂં અનુમાન તો એમ છે કે એ શબ્દો વિસા અને દસાના સંસ્કૃતીકૃત Sanskritized રૂપો છે. રા૦ મણિલાલનું અનુમાન સત્ય હોય તો પણ તેનું કારણ સમજાતું નથી. આ માટે હું બે અનુમાન મારા તરફથી રજૂ કરૂં છું:—પ્રથમ તો એ કે આ ભેદ સર્વ જ્ઞાતિઓમાં સામાન્ય છે, તથી સામાન્ય કારણથી જ તેમાં ભેદ પડેલા હોવા જોઇએ. ગુજરાતના રાજા વિસલદેવનું નામ નાગરોમાં ભેદ પાડનાર તરીકે જાણીતું છે. વાણીઆના ભેદ પાડવામાં તેનો હાથ નહિ હોય ? કદાચ તેણે સર્વ ન્યાતોના લોકોને જમવા કે બીજા કામે નોંતર્યાં હોય અને થોડા ગયા હોય. આ જવું બીજાને પસંદ ન હોય, તેથી તેઓ જૂદું તડ પાડીને બેઠા હોય અને જમવા ગયેલાને વીસલદેવના નામ ઉપરથી 'વીસા' એવું વિશેષણ આપ્યું હોય કાલે કરીને આ ભેદનું

કારણ ભૂલાઇ જવાયું હોય અને તે સંખ્યાનો અંક સમજી, બાકીનાઓ ' દસા ' એમ ઓળખાયા હોય અને વટલેલા હોય તે ' પાંચા ' કે ' અઢીઆ ' કહેવાયા હોય.

આથી પણ બળવત્તર અનુમાન એવું છે કે દરેક ન્યાતમાં કોઇ ધર્મના કાર્યમાં દશાંશ અને વીશાંશ ભાગ આપનારનાં જૂદાં તડ બંધાયાં હોય. વાયુપુરાણમાં પાંચમા અધ્યાયના ૫૧ મા શ્લોકમાં એવું કહેલું છે કે જેઓ વ્રાવના માટે પોતાના ધનનો દસમો કે વીસમો ભાગ ખરચશે, તેને અનર્ગલ લાભ થશે,

वाप्यर्थे यो धनं किंचिल्लब्धं निस्सारयिष्यति ।
यो विंशांशं वा दशांशं वा तस्य लाभस्त्वनर्गलः ॥

આ ઉપરથી **વીશાંશી** અને **દશાંશી** એવા બે ભાગ પડી, વીસા અને દસા થયા હોય તે બનવાજોગ છે. વિક્રમના પંદરમા શતક પહેલાંના લેખોમાં વિસા-દસાનો ભેદ જોવામાં આવતો નથી, તેથી તે વખતે તે નહિ હોય એમ માનવું ભૂલભરેલું છે. તે વખતે તડના રૂપમાં હશે, અને જૂદી ન્યાતો બંધાઇ નહિ હોય. જેઓ જૈનોના સંસર્ગથી એ ભેદ પડેલો માને છે, તેઓ ભૂલી જાય છે કે જૈનોમાં પણ તેવા ભેદો છે.

## વાયુપુરાણની પ્રાચીનતા.

મેં આ લેખના આરંભમાં વાયુપુરાણની પ્રાચીનતાનાં કારણો દર્શાવવાની પ્રતિજ્ઞા કરી છે, તે હવે જોઇએ. આ કારણો નીચે પ્રમાણે છેઃ—

(૧) ગ્રંથમાં દસા—વિસાના ભેદ જણાવ્યા નથી, તેથી એ ભેદ પડયા તે પહેલાંનો તે હોવો જોઇએ.

(૨) જૈનગ્રંથોમાં વાયુ અને હનુમાનની ઉત્પત્તિ આ સ્થળમાં થયેલી છે, એમ સ્પષ્ટ ઉલ્લેખ છે વાયુને તો વાયડના અધિષ્ઠાતા દેવ પણ ગણેલા છે. આ હકીકત વાયુપુરાણની હકીકત સાથે મળે છે.

(૩) બ્રા૦ ભા૦ માં વાડવાદિત્ય સંબંધી પણ ઉલ્લેખ છે. વા૦ પુ૦ પ્રમાણે આ સાવ વાયડના મૂળપુરૂષ છે.

(૪) વા૦ પુ૦ માં ગમે તે રૂપમાં પણ જૈન સંપર્કનો ઉલ્લેખ નથી, તેથી તેની રચના, તે સંપર્ક પહેલાં થયેલી હોવી જોઇએ.

આ બધાં કારણોથી વાયુપુરાણનો સમય હું વિક્રમની તેરમી સદીના પહેલાં મૂકું છું. આ ગ્રંથ બહુ અશુદ્ધ રીતે છપાયો છે, તેથી તેની શુદ્ધ પ્રાચીન પ્રત મેળવી, તેને પ્રકટ કરવાની આપણી ખાસ ફરજ છે. તેની સાથે વાયડ સંબંધીનું ઐતિહાસિક સાહિત્ય પણ એકત્ર કરી, પ્રસિદ્ધ કરવું જોઇએ.

## ઉપસંહાર.

ઉપસંહારમાં મારે થોડુંજ કહેવાનું છે. બે માસના ગાળામાં જેટલી હકીકત મળી શકી, તે મેળવીને તેનો ઉપયોગ કર્યો છે. મેળવેલી બધી હકીકતનો પણ સ્થળ અને સમયના

* અમને તો રા. વ્યાસનો અભિપ્રાય અમારા અનુભવ પ્રમાણે બરાબર અને બલવત્તર લાગે છે. તંત્રી.

પરિમિતપણાને લીધે, છૂટે હાથે ઉપયોગ કરી શકયો નથી. તેથી આપણા ઇતિહાસનું ચિત્ર સંપૂર્ણ તો નથીજ થયું. માત્ર રેખા દર્શન જેવું થયું છે. રેખાચિત્ર પણ સુરેખ અન્યું હોય એમ હું ધારતો નથી. આપણા ઇતિહાસ માટે કઇ દિશામાં શોધ કરવી, તેનો માત્ર અંગુલિનિર્દેશ કર્યો છે.

છેવટે, આ લેખમાં મદદ કરનારનો પણ આભાર માનવો જોઇએ. પ્રાચીન સમયમાં જૈનો અને વૈદિકો વચ્ચે જે ઉંચ્ચ પ્રતિનો સમભાવ વર્તતો હતો તેના પ્રતિધ્વનિ રૂપે જૈન આચાર્ય મુનિશ્રી જિનવિજયજીએ મને અનેક રીતે અમૂલ્ય સહાય આપી છે. તે ઉપરાંત મારા જૈન વિદ્વાન મિત્રો રા. રા. મોહનલાલ દલીચંદ દેસાઇ તથા ચીમનલાલ ડાહ્યાભાઇ દલાલ, સુપ્રસિદ્ધ સાક્ષરવર્યો રા. રા. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ તથા તનસુખરામ મનસુખરામ ત્રિપાઠી અને સન્મિત્રો રા. રણજીતરામ વાવાભાઇ તથા રા. હીરાલાલ ત્રીભો-વનદાસ—એઓએ વિવિધ સાધનો મેળવી આપવામાં મને જે મદદ આપી છે, તે કૃતજ્ઞ રીતે મારે સ્વીકારવી જોઇએ. ટુંકામાં એટલું કહું તો અતિશયોક્તિ નથી કે, જો તેમની ઉત્સાહ ભરેલી મદદ ન હોત તો, આ લેખ આવા સ્વરૂપમાં પ્રકટ થયો હોત નહિ.

પાટણ-સોનીવાડા.<br>
તા. ૭-૧-૧૯૧૭

રામલાલ ચુનીલાલ મોદી.

# સત્કાર અને સમાલોચના.

**વિજ્ઞપ્તિ ત્રિવેણિ:**—પૃ, ૮, ૯૬, ૭૦, ૨ મળી કુલ ૧૭૦ પૃષ્ઠ છે. સંપાદક મુનિ જિનવિજય પ્ર૦ આત્માનંદ સભા. ભાવનગર લક્ષ્મીવિલાસ પ્રેસ-વડોદરા. મૂલ્ય સાદું પુઠું ચૌદ આના, પાકું પુંઠું રૂ. ૧] આ પ્રવર્ત્તક કાન્તિવિજય જૈન ઇતિહાસમાલાનું પ્રથમ પુષ્પ છે. તેમાં એક વિસ્તૃત સંસ્કૃત ઐતિહાસિક પત્ર છે. પૂર્વે આચાર્ય મહારાજને શિષ્ય વર્ગ તરફથી પર્યુષણ દિને ક્ષમાપત્ર-વિજ્ઞપ્તિ પત્ર મોકલવામાં આવતા હતા તેમાંના કેટલાક મોકલનારની વિદ્વત્તા પ્રમાણે સુંદર કાવ્ય, તીર્થવર્ણન અને અનેક જાતની રસમય ઘટ-નાઓથી પૂર્ણ આવતા. તેમાં ચિત્રો પણ ચિતરવામાં આવતા હતા. આમાંના કેટલાક કાવ્યદષ્ટિએ અને ઐતિહાસિક દષ્ટિએ ખાસ ઉપયોગી હોવાથી તેમાંથી એક મ્હોટો વિ-જ્ઞપ્તિ પત્ર મુનિશ્રી જિનવિજયજીએ શોધી સંશોધિત કરી પ્રજા સંમુખ મૂકયો છે એટલુંજ નહિ પણ વિજ્ઞપ્તિ પત્રોનો ઇતિહાસ, કેટલાક વિજ્ઞપ્તિ પત્રોનું સમાલોચન, તેનો વિધવિધતા સમજાવવા ઉપરાંત પ્રસ્તાવનામાં આ વિજ્ઞપ્તિ ત્રિવેણી નામના વિજ્ઞપ્તિપત્રનું સંપૂર્ણ અવલો-કન તેમાંના ઐતિહાસિક પાત્ર અને સ્થલ સંબંધી હકીકત વિગતવાર જૂદે જૂદે સ્થળેથી શોધીને આપી છે તે માટે મુનિ—સાક્ષર મુનિમહારાજ શ્રી જિનવિજયજીને તેમની વિદ્વ-ત્તાને માટે ધન્યવાદ આપ્યા વગર રહી શકાય તેમ નથી.

ઉક્ત મુનિશ્રી એક તરૂણ, સસ્કૃત, મર્મજ્ઞ વિચારક, સૂક્ષ્મતાર્થી સંશોધક, ઇતિહાસ-રસિક અને આત્મસ્થિત સાધુવર્ય છે અને હમણાં હમણાં જૈન ઇતિહાસ પર તેઓ એટલો

બધો પ્રકાશ નાંખતા જાય છે કે તેઓને તેમ કરવામાં સમય કેમ મળતો હશે? એ વિચારે આશ્ચર્ય ચકિત થવાય છે.

વિજ્ઞપ્તિ ત્રિવેણિમાં ત્રણ ખંડ કરી પહેલાને પહેલી, બીજાને બીજી અને ત્રીજાને ત્રીજી વેણિ એ નામ આપ્યું છે. તે સં. ૧૪૮૪ ના મહાશુદ ૨૦ ને દિને સિંધ દેશના મલિક વાહણ નામના સ્થાનેથી ખ૦ જયસાગર ઉપાધ્યાયે આચાર્ય જિનભદ્રસૂરિ કે જે તે વખતે અણુહિલપુર પાટણમાં બિરાજતા હતા તેમના પર ગદ્યપદ્ય લખવામાં આવેલ છે. તેમાં વાપરેલી ગિરિ આદિની વર્ણનાત્મક શૈલિ કુદરતનું સુંદર ભાન કરાવે છે. આમાં મુખ્ય અને નવી વાત એ માલૂમ પડે છે કે નગરકોટ્ટ મહાતીર્થ અતિપ્રાચીન જૈન તીર્થ છે. ઘણા સમયથી તેની યાત્રા કરયાનું વિસરાઇ ગયું હતું અને તેવું તીર્થ કોઇને ખબર ન હતી, (હમણાં સુધી પણ આપણને ખબર નહોતી) તે તીર્થના સમાચાર હોવાની લેખક જયસાગર ઉપાધ્યાયને એક પથિક તરફથી મળતાં તે શોધી તેની યાત્રા કરવાનો તેમણે નિશ્ચય કર્યો અને આખરે મહાશ્રમે કંગડ પહાડ આદિ ઓળંગી જાત્રા કરવાનો મનોરથ સિદ્ધ કર્યો. નગરકોટ્ટને હમણાં ડામળાં અથવા તો કોટ કંગડ કહે છે. તે કાંગડાને પહેલાં પ્રાચીનકાલમાં જાલંધર યા ત્રિગર્ત દેશ કહેવામાં આવતો હતો. અને નગરકોટ્ટનું બીજું નામ સુશર્મપુર પણ હતું. કાલની કુટિલતાથી અને જૈનોની બેદરકારીથી આ તીર્થ હવે વિદ્યમાન નથી. સંવત પંદરમા સૈકામાં એ સુદૃઢ જળવાઇ રહ્યું હતું. યાત્રા કરનાર જયસાગરજીનું તથા તેમના ગુરૂશ્રી પટ્ટધર ખરતર ગચ્છીય આચાર્ય શ્રી જિનભદ્રસુરિનું ચરિત્ર–તેમની પરંપરા સહિત બહુજ અચ્છી રીતે ચીતર્યું છે. ખરેખર આ પુસ્તક પ્રથમથી તે અંત સુધી અવલોકવા જેવું છે કે જેથી જૈનની ભવ્યતા–તીર્થ માટેનો અનુરાગ વગેરે સ્પષ્ટ માલૂમ પડે. સંશોધક મહાશયશ્રીને અંતઃકરણપૂર્વક અભિનંદન સાથે અભિવંદન કરીએ છીએ. તેમનાં બીજાં પુસ્તકો નામે કૃપારસ કોશ અને શત્રુંજય તીર્થોદ્ધાર સંબંધી હવે પછી કહીશું. ઢીલ માટે તે મહાશયની ક્ષમા યાચીએ છીએ.

**નીતિમય જીવન અને ગૃહસ્થ ધર્મ**—લેખક પન્યાસ કેશરવિજય ગણિ. પ્ર. શા. સોમચંદ ભગવાનદાસ-પાનકોર નાકા અમદાવાદ પાકું પુંઠું પૃ. ૨૧૪ કિંમત ૭ આના) આમાં બે ભાગ છે, પહેલાનું નામ નીતિમય જીવન આપ્યું છે, અને તેમાં માર્ગાનુસારીના પાંત્રીશ ગુણનું વિવેચન સાદી અને જમાનાને યોગ્ય ઇબારતમાં કર્યું છે અને તેનું નામ નીતિમય જીવન યથાર્થ આપ્યું છે. બીજા ભાગ નામે ગૃહસ્થ ધર્મમાં શ્રાવકને યોગ્ય ભૂમિકા શરૂ કરવા માટે સવારમાં વહેલા ઉઠી નવકાર મંત્રનું સ્મરણ, પથારીનો ત્યાગ, વસ્ત્રની પવિત્રતા, નવકારનો જાપ, આવશ્યક, દેવદર્શન વિધિ, વ્યાખ્યાનશ્રવણ, એ વિષે સામાન્ય બોધ આપી વિશેષ બોધ માટે બારવ્રતની સમજણ વિવેચન સહિત આપી છે. દેવદર્શનની વિધિ હેતુ સાથ સમજાવી અષ્ટ પ્રકારી પૂજાની હકીકત તથા તેનું રહસ્ય સમજાવ્યું છે. માનસિક પૂજન પર પણ ટુંક કહેવામાં આવ્યું છે. પછી ભોજન સંબંધી વિચાર જણાવી તે માટે સૂચના કરેલ છે. બપોરે ફુરસદ વખતે પુત્રાદિકને બોધ અને વિવિધ સદ્ગુણો ખિલાવવાની દિશા જણાવી ધન કમાવા માટે પ્રયત્ન કરવા સૂચવ્યું છે અને છેવટમાં સંધ્યા સમયની ક્રિયા નિદ્રાવશ થવાય ત્યાં સુધીની બતાવી છે. બંનેના વિષયની અનુક્રમણિકા આપવી જોઇતી હતી. શૈલિ સાદી અને સમજી શકાય તેવી સરલ ભાષામાં છે. ગ્રંથ ઉપયોગી અને દરેક શ્રાવક શ્રાવિકાએ મનન કરવા યોગ્ય છે.

માર્ગાનુસારીની પ્રથમ ભૂમિકા છે. તે ભૂમિકા સાધી બીજી ભૂમિકા શ્રાવક-શ્રાવિકાની સિદ્ધ કરવા દરેકે પ્રયત્ન કરવો ઘટે છે. તે હસ્તગત કરવામાં શ્રદ્ધા આવશ્યક છે. શ્રદ્ધાનું સુંદર સ્વરૂપ સમ્યગ્દર્શન છે. તે શું છે તે જાણવા માટે પંન્યાસવર્યે જૂદો ગ્રંથ લખ્યો છે.

**સમ્યગ્દર્શન** (ઉપર મુજબ પૃ. ૧૫૨ કિ. બાર આના ) સમ્યગ્દર્શનની વાત સમજવામાં જરા ઉંચો અધિકાર આવશ્યક છે છતાં સામાન્યરૂપે વ્યાવહારિકનયે સમ્યકત્વના ૬૭ બોલ આચાર્યોએ જણાવ્યા છે તે જાણવા ઉપયોગી છે. તેનું વર્ણન આ પુસ્તકમાં કર્યું છે. સમ્યગ્દર્શન એટલે બોધિ-આત્મ અને જડ (અનાત્મ)નો વિવેક. વિવેક પરજ મનુષ્યના મનુષ્યત્વની ગણના થાય છે. મનુષ્યના દૈવી અંશો ખિલવવામાં વિવેકનીજ જરૂર છે. વ્યવહારૂ ભાષામાં જે 'વિવેક' વપરાય છે-'વિવેકો દશમો નિધિ એમ કહેવામાં આવે છે તે વિવેક-વિનય-સમર્યાદશીલતા-કોમલ હિતકારી વાણી સહિત વૈયાવૃત્ય એ અને આત્માનાત્મનો 'વિવેક' જૂદા છે. આ બીજા વિવેકને જૈન પરિભાષામાં સમ્યક્ત્વ-સમ્યગ્દર્શન કહેવામાં આવે છે અને તેના નિશ્ચયસ્વરૂપ પર આત્માના સ્વરૂપની ઝાંખી, દર્શન, અને પ્રાપ્તિ નિર્ભર છે. આ સમ્યગ્દર્શનના વ્યવહારૂ સ્વરૂપ સંબંધે કર્તાએ ઠીક પ્રયાસ લઇ વિષયને સારો છણ્યો છે અને અમો આશા રાખીશું કે તેના નિશ્ચય સ્વરૂપનું સ્વરૂપ બહાર પાડી પરમાત્માની પ્રકાશને ફેલાવશે. આત્માનું સ્વરૂપ પ્રાપ્ત કરવું સહેલું નથી-તેમાં વિવેકની જાગૃતિ અને મનની એકાગ્રતા-ચિત્તનો નિરોધ-ધ્યાનની ખાસ જરૂર છે. ધ્યાન માટે કર્તાએ એક બીજો પ્રયાસ બહાર પાડેલ છે અને તેનું નામ આ છે:—

**ધ્યાન દીપિકા**—( ઉપર મુજબ, પૃ. ૨૫૦ કિંમત સવા રૂ. ) આમાં મૂળગ્રંથ તપગચ્છીય સકલચંદ્રજી ઉપાધ્યાયકૃત લઇ તે પર વિવેચન લેખકે કર્યું છે. મૂળકર્તાએ સં. ૧૬૨૧ માં હરિભદ્રસૂરિના ધ્યાનશતક, હેમાચાર્યકૃત યોગશાસ્ત્ર, અને શુભચંદ્રના જ્ઞાનાર્ણવ પર આધાર રાખી ગ્રંથ રચેલ છે અને તેમાં ભાવના, ધ્યાન અને ધ્યાનીનું સ્વરૂપ, કુધ્યાનનો વિચાર, ધર્મધ્યાન, યોગના અષ્ટાંગ અને શુકલધ્યાન સંબંધી સારો ખ્યાલ આપ્યો છે અને તેમાં આસન, આલંબન, સાધન, વગેરેનો સમાવેશ કર્યો છે. વિવેચનકારે સરલ ગુજરાતીમાં આ ગહન વિષયને સમજાવવામાં સારો પરિશ્રમ સેવ્યો છે.

**નીતિ વાકયામૃત**—( ઉપર મુજબ પૃ. ૧૮૦ કિં. ૭ આના ) આમાં શિક્ષારૂપ બોધવચનોનો સંગ્રહ છે કે જેમાં પંન્યાસ વર્યે સમયે સમયે હૃદયને રૂચતા જૂદા જૂદા ગ્રંથોમાંથી ઉતારી લીધેલા તે, હૃદયના ઉદ્ગારરૂપે લખેલા હોય તેનો સમાવેશ થાય છે. આ વચનો અવબોધવા લાયક છે.

ઉપરોક્ત ચારે પુસ્તકોમાં ' પ્રુફ 'ની અશુદ્ધતા, જોડણીમાં અશુદ્ધિ, સંસ્કૃત શ્લોકોમાં યોગ્ય પદચ્છેદનો અભાવ, ' ટાઇપો 'ની યોગ્ય ચુંટણીનો અભાવ વગેરે રહેલ છે તો ભવિષ્યમાં દૂર કરવાની જરૂર છે. વિશેષમાં દર પૃષ્ઠમાં વિષયનું મથાળું મૂકવાની જરૂર છે.

**નવજીવન**—લે. અને પ્ર. મણીલાલ મોહનલાલ પાદરાકર. પૃ. ૧૮૦ કાચું પુઠું મૂલ્ય બાર આના) આમાં સર્વ મળી સાત નિબંધનો સંગ્રહ છે તેનાં નામ પ્રેમમિમાંસા, સંગીતતત્વજ્ઞાન, મહાકવિ ડેન્ટે, કાલિદાસ અને ભવભૂતિ, કાવ્યદેવીનો દરબાર, મહાકવિ ફિરદૌસી અને ભરતખંડ કે આર્યાવર્ત્ત છે. આ સાતેના સંગ્રહનું 'નવજીવન' એ નામ અન્વર્થક કઇ રીતે હોઇ શકે તે માટે સૌ. શારદા મહેતા ઉપોદ્ઘાતમાં લખે છે કે "જે દરેકના

વાચનથી કાંઇક નવા સંસ્કાર વાચકના મનમાં જાગૃત થશે એ આશાથી તેનું નામ નવ (વન એ છાપાની ભૂલ છે) જીવન આપ્યું છે.' વિષયોને ઉર્દુ અને ગૂજરાતી કાવ્યના ઉલ્લેખ કરી પોષવામાં આવ્યા છે અને નવીન જમાનાની ભભક અહીં તહીં ઉડે છે. ગંભીરતા, સૂક્ષ્મદર્શિતા અને પકવતા આ વિષયોમાં હોવાની વાચકો ઇચ્છા રાખે—લેખક ઉછરતા અને યુવાન છે તેથી તેમના આળેખનમાં કલ્પના, શબ્દસંભાર, અને વિચારવમળ હોય તે સ્વાભાવિક છે. લેખકનો પ્રયાસ સ્તુત્ય છે, અને પરિશ્રમે અને અધ્યયને તેઓ એક સારી આશા આપનાર લેખક નિવડશે.

**પાટા બાંધવા વિષેનાં મૂળતત્ત્વો-તથા જખમની સારવાર**—(ભાષાંતરકર્તા ધનજીશા નસરવાનજી ભરૂચા. L. M. & S. આવૃત્તિ બારમી. ટાઇમ્સ ઑફ ઈંડિયા પ્રેસ. પૃ. ૨૭૮ કિંમત જણાવી નથી.) મૂળગ્રંથ અંગ્રેજીમાં પાઇસ સાહેબે રચ્યો છે અને તેનું ભાષાંતર ગુજરાતીમાં મુંબઇ ઇલાકાની નર્સિંગ એસોસીએશને કરાવી પ્રકટ કરાવ્યું છે તે માટે તેને ધન્યવાદ ઘટે છે.

રા. લલિતના શબ્દોમાં 'દુઃખ હરવવા ત્રાસ જીતવા એકલી શૂરી લ્હડનારી! જય કીર્તિ કે લાભ અર્થે તે યુદ્ધ કદી ન મચવનારી!, પણ દિલ, રહેમ, દયા ને દાન ને દાન તણાં શસ્ત્રોને ધરનારી...આરાધન સેવા નરવરનાં સ્વીકારતી સંચરનારી!' એવી પ્રકૃતિથી બનેલી સ્ત્રીઓ નર્સો બને તો જગતનાં રોગ અને દુઃખો મટાડવા અને દૂર કરવા માટે કેટલી બધી સહાયભૂત બની શકે એ સહેજે કલ્પી શકાય તેમ છે. 'નર્સ' ની સંસ્થા યૂરોપાદિ દેશમાં એટલી બધી ખીલી છે કે દરેક ઇસ્પિતાલમાં તેઓનું એક જૂથ કાયમ હાજર રહે છે, રોગી અને ઘાયલની સારવાર કરે છે એટલું જ નહિ પરંતુ તેઓનાં માનસિક દુઃખોમાં સહાનુભૂતિ દર્શાવી દિલાસો આપે છે-રણક્ષેત્રમાં 'રેડક્રૉસ સોસાયટી' નામની સંસ્થા નીકળી છે તેમાં ઘાયલ—જખમીને ઇસ્પિતાલમાં લઇ આવી તેમની સુશ્રુષા કરે છે.

આ ગ્રંથમાં જખમોને કેવી રીતે મલમપાટા બાંધવા, મલમપાટાના પ્રકાર, દરેકની કયાં કયાં ઉપયોગિતા રહેલી છે, તેનાથી રોગ અને જખમ સુધારવા-સાજા કરવા માટેના ઇલાજો, અકસ્માત વેળાની તાત્કાળિક માવજત, ભાંગેલાં હાડકાં, લોહીનું વહી જવું, ચકરી આવતાં શરીરનાં અંગોને થતું નુકશાન, ઝેરના કેસો, ડૂબી જવાથી યા બીજાં કારણથી થતો ગુંગળાટ, વગેરેના સંબંધમાં શું શું કરવું-સારવાર કેવી રીતે કરી લંબાવવી, વગેરે ઉપયોગી સૂચના કરી છે એટલુંજ નહિ પણ તેને આકૃતિઓથી બતાવી બરાબર સમજ પાડી છે, વળી દરદીના કેસની નિત્યની નોંધણી કેવી રીતે કરવી તે પણ બતાવ્યું છે. આ સર્વ જોતાં અમને ખાત્રી છે કે નર્સ તરીકેના અભ્યાસ માટે આ ગ્રંથ ખરેખર અગત્યનો અને માર્ગસૂચક થઇ પડશે.

જૈન કોમમાં અનેક વિધવાઓ ગરીબ અને દુઃખી હાલતમાં પોતાનો નિર્વાહ કરે છે અને તેમાંની કેટલીક શિક્ષિત પણ કૌટુંબિક યાતનામાં રહેલી હોય છે તેઓ પૈકી 'નર્સ' નો વ્યવસાય લેવા તેનો અભ્યાસ કરી તે તરીકે જીવન ગુજારે તો ઘણી પીડા ઓછી થાય તેમ છે.

એકંદરે આ પુસ્તક ઉપયોગી અને જરૂરી છે અને પ્રકટ કરનારને તે માટે **અભિનંદન** આપીએ છીએ.

**સાબરમતી ગુણ શિક્ષણ** કાવ્ય—રચનાર. શ્રી બુદ્ધિસાગર સૂરીશ્વરજી પ્ર. **અધ્યાત્મજ્ઞાન** પ્રસારક મંડળ, રોયલ સોળ પેજી પૃ. ૧૬૧ કિંમત છ આના ) આમાં **હૃદયના** ઉદ્દગારો જેમ જેમ નીક લેખોપરથી **તેમ** તેમ રચનાર ગુજરાતી કાવ્યમાં મૂકતા ગયા છે; **સાબરમતીના** કાંઠડે બેસી નગરોપમ લહરીઓનું જૂદા જૂદા વિષયપર ઠીક વર્ણન કર્યું છે. તેમાંના એક બે નમુના ગ્રંથોના

યુદ્ધો **સમા**: **ધર્મ**નાં ને દેશ ભેદે ગર્વનાં,
સ્વાર્પણ **કરીને** જીંદગી કલ્યાણ સાધે સર્વનાં,
એ ધન્યવાદોથી સદા પૂજાય છે પ્રભુતા લહી,
આનન્ત્ય **ધરતો** દૃષ્ટિનું તેનેજ પૂજું ગહગહી.

સેવા સેવા **વણ નહિ** કશા વિશ્વમાં અન્ય મેવા,
સેવા દેવા **અનુભવ** ખરો જીવને મિષ્ટ સેવા:
**સેવામાંહી** જીવન સઘળું ગાળવું ધર્મ સાચો,
**સેવા કીધા** વણ જગ અહો અન્ય છે ધર્મ કાચો.

મુખ્યત્વે કરી હરિગીત અને મંદાક્રાન્તા છંદનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

—:o:—

# વિવિધ જ્ઞાન.

### આતે ખરૂં સ્ત્રીયા રાજ્ય !

મધ અનેક રોગોમાં કામ આવે છે. એની બનાવવાવાળી મધમાખીઓ હોય છે. એમાં ત્રણ પ્રકાર હોય છે. **રાણી** મધમાખ, **પુરૂષ** મધમાખ, અને દાસી મધમાખ. **રાણી** ઇંડા મૂકે છે. એનો જીવનકાળ **ત્રણ** કે ચાર વર્ષથી વધુ હોતો નથી. એમાં ચાર **હજાર** ઇંડા સુકવાની શક્તિ હોય છે. દાસી મધમાખ પુડાની રચના કરે છે. એનો વચલો ભાગ મોટો હોય છે. તેમાં ઇંડા રહે છે. પુરૂષ પ્રાય: પરાગનો સંચય કરે છે. પુરૂષો ઉપર રાણીનું પ્રભુત્વ ચાલે છે. જો **રાણી** તથા પુરૂષોમાં ખટપટ જાગે તો દાસીઓ તેને પુડામાં ઘુસવા દેતી નથી.

### પૂર્વ જન્મની વાત.

**ફ્રાંસ**માં **મિ. ફીલ્કીંગહામ** નામનો એક માણસ છે. એને સાત વર્ષનો **એક છોકરો** છે. તે પૂર્વ જન્મની પોતાની કથા કહે છે કે, મારે ચાર સ્ત્રીઓ હતી, એમાં ત્રીજીએ મને મારી નાંખ્યો **હતો**. તે કહે છે કે હું તાર ઉપર ખેલ કરી કમાતો હતો. મેં મારા માતા, પિતા, ભાઇ **વગેરેને** પણ તારના ખેલો બતાવ્યા હતા. એની વાતોની લોકોએ તપાસ કરી તો તે સત્ય છે **એમ** માલુમ પડયું છે. એને મારનારી એની ત્રીજી સ્ત્રી હજી જીવે છે. એણે એનું પૂર્વ જન્મનું નિવાસસ્થાન તથા કુટુંબ પરિવારનું નામ બતાવ્યાથી તપાસ કરવામાં કાંઇ પીડા પડી ન હતી.

### ભૂખની અવધિ

કાર્નેગીની સંપૂર્ણ મદદથી ચાલતી વૈજ્ઞાનિકોની એક સંસ્થા અમેરીકામાં છે. તેણે તપાસ કરી પ્રકટ કર્યું છે કે મનુષ્ય કેવળ પાણી પીને એક અઠવાડીઆ સુધી જીવતો રહી શકે છે. સાત દિવસ સુધી કંઇ પણ ન ખાવાથી અન્તઃશક્તિ ઘટતી નથી બલ્કે સ્ફુર્તિ કાયમ રહે છે.

### ઉપવાસની મહત્તા.

આંતરડામાં કાચું અન્ન અથવા એનો રસ રહી સડતો હોય તે ઉપવાસથી બહાર નીકળી જાય છે તથા અસાધ્ય રોગ દૂર થઇ જાય છે. પ્રારંભિક અવસ્થામાં ઉપવાસ દુઃખદાયક માલમ પડે છે, પરંતુ ત્રણ દિવસ પછી એનાથી કષ્ટ થતું નથી.

### પરિશ્રમ દૂર કેમ થાય ?

પરિશ્રમથી કષ્ટ દૂર કરવાને માટે લોકો ભોજન અથવા જળપાન કરે છે એ હાનિકારક છે. વિનોદ અથવા સુવાથી પરિશ્રમથી ઉત્પન્ન થયેલું દુઃખ સારી રીતે દૂર થઇ જાય છે. ભૂખ ખાવાનો સમય બતાવે છે. પરિશ્રમથી નહિ.

### ફ્રાનસ.

આર્યલોક ફ્રાનસને 'દીપાયન' એટલે દીપ (દીવો) નું ઘર એમ કહેતા હતા. આર્યશાસ્ત્રમાં લખ્યું છે કે દીપાયન લઇ રાતે શહેરમાં ચાલતા હતા.

### ઓ-ના. મા. સી. ધડૂ.

આર્યબાલકો જ્યારે કક્કો શરૂ કરે છે ત્યારે 'ઓ ના મા સી ધંડૂ'થી શ્રી ગણેશ કરે છે, અને કહે છે કે ઓ ના મા સી ધંમ્ શીખીએ છીએ. આ ઓ ના મા સી ધડૂનો શું અર્થ છે ?

ભારતમાં સુમારે બારસો વર્ષ પહેલાં સંસ્કૃત શીખવા ચીનથી બૌદ્ધ સંન્યાસી આવતા હતા. તેમાંના એકે વર્ણન કર્યું છે, કે સંસ્કૃત કક્કો (વર્ણસમુદાય) " ઓમ્ નમઃ સિદ્ધમ્ " ના નામથી પોકારવામાં આવતો હતો; " ઓમ્ નમઃ સિદ્ધમ " થી શ્રીગણેશ કરવામાં આવતો હતો.

### મધ્ય એશિયામાં આર્ય સભ્યતા.

ભારતનાં જ્ઞાન, ધર્મ અને સભ્યતાનાં ચિન્હો જેવાં તિબ્બત, ચીન, જાપાન, બર્મા, જાવા, સુમાત્રા આદિ એશિયાના વિવિધ દેશો અને ટાપુઓમાં જોવામાં આવ્યાં છે તેવાં મધ્ય એશિયામાં દટાઇ ગયેલાં નગર, ગ્રામ, મંદિર, વિહાર આદિને જમીન ખોદી બહાર કાઢી તેમાંથી જૂદી જૂદી જાતનાં ચિત્ર મૂર્તિ અને ગ્રંથ પુરાતત્વવેત્તા ડા૦ સ્ટેને મેળવ્યાં છે. આ વસ્તુઓના સંબંધે ફ્રેંચ પુરાતત્ત્વજ્ઞ સિલ્વન લેવીએ એક નિબંધ લખેલ છે તેમાં કૂચા નામના રાજ્ય સંબંધે ઘણી માહિતી મળે છે. કૂચા રાજ્ય અને તેની રાજધાની ચીની તુર્કસ્તાનમાં મધ્ય કાશગરથી ચીન જવાના રસ્તામાં તુર્ક અને ચીની રાજ્યની સીમા પર હતાં. પ્રાચીન કાલમાં ત્યાં આર્યજાતિ ભવ્ય રીતે રહેતી હતી ત્યાંની ભાષા આર્ય હતી. તે પિતાને પિતર, માતાને માતર અને અષ્ટને અકટ કહેતી હતી. ઇ૦ સ૦ ની પહેલી શતાબ્દીઓમાં કૂચા રાજ્ય પર બાદ્ધ ધર્મ અને સભ્યતાનો એટલો બધો પ્રભાવ

પડયો હતો કે સ્થાનીય લોકોની સર્વ વાતોમાં તેનો ભાવ આવી ગયો હતો. સંસ્કૃત તેના ધર્મ સાહિત્ય અને ધર્માનુષ્ઠાનની ભાષા હોવાથી સર્વે મઠો અને વિહારોમાં શિખવવામાં આવતી હતી. પછી કુચી ભાષાનું જૂદું સાહિત્ય બન્યું અને તેમાં સંસ્કૃતના ઘણા ગ્રંથોનો અનુવાદ થયો. ત્યાંની વર્ણમાલામાં સંસ્કૃત પેઠે ઘણા સંયુક્ત અક્ષર હતા. આનું પ્રમાણ ઘણા લેખોપરથી મળે છે. સંસ્કૃત વ્યાકરણ શિખવા માટે કાતંત્ર વ્યાકરણ શિખવવામાં આવતું. નગરોપમા સૂત્ર, વર્ણાર્ણવ સૂત્ર અને જ્યોતિષ તથા આયુર્વેદ સંબંધી ઘણા ભાષાન્તર કરેલા ગ્રંથોના કટકા રૂશિયાની રાજસ્થાની પેટ્રોગ્રાડમાં અને જાપાનના કીઓટો શહેરમાં લાવવામાં આવ્યા છે. કુચી ભાષાના ઘણા ખરા ગ્રંથ બૌદ્ધ ગ્રંથોના આધારે લખાયા છે. વિનયપિટક, અભિધર્મ, શત્રુ પ્રશ્ન, મહા પરિનિર્વાણ, અને ઉદાનવર્ગ આદિ બૌદ્ધ ગ્રંથોના અંશ મળેલા છે.

**સુખ શામાં છે?**—ફિનો નામનો ફ્રેંચ વિદ્વાન્ હમણાંના એક ભાષણમાં કહે છે કે 'કેવી રીતે આપણે ભલાઇનો' ઉપયોગ કરીએ છીએ તેના પર જ કેવી રીતે સુખી થવું એ સવાલનો આધાર છે. ખરૂં સુખ ભલું કરનારા આત્માને થતા લાભથી મળતો આનંદ છે. જેમ સૂર્યથી સુંદર હવા રહે છે તેમ ભલાઇથી પ્રેમ આવે છે. જેની સેવા કરી હોય તેને આપણે વધુ ચાહીએ છીએ અને જેને ચાહીએ છીએ તેની આપણે સેવા બજાવીએ છીએ.'

**મરતો સાજો થયો**—'પૈસા અખબાર' જણાવે છે કે બ્રૂજલાલ નામના માણસને માંડલે પાસેના પીઠા ગામમાં કોલેરાથી મરેલો જાણીને દાટી દેવામાં આવ્યો હતો. અને જ્યારે તેનું તેરમું કરવામાં આવ્યું તે દિને તે વૃજલાલ આવીને ઉભો રહ્યો અને બધાને નવાઇ ઉપજી: કારણ પૂછતાં જણાવ્યું કે મૂર્છા જતાં મેં જોર કર્યું તેથી ઉપરની માટી ખસતી ગઇ અને તે મહામુસ્કેલીએ ગામમાં પહોંચ્યો ત્યાં દસબાર દિવસમાં સાજો થયો અને ઘેર આવી શકયો.

**ઢોરની ઓલાદ સુધારવાના યત્નો**—રાજપુર તાલુકામાં એક સંસ્થા નીકળી છે તેણે સરકાર પાસેથી ૪૯૦ એકર જમીન પટે રાખી ૪૦ ગાયોના ટોળાને ઉછેરવાનું રાખ્યું છે અને ખેતીવાડી ખાતા પાસેથી એક આખલો ખરીદ્યો છે. ત્રણ હજાર ની મૂડીથી સોના શેર કાઢવામાં આવ્યા છે. ગાય પર નિશાન રાખી તે સભાસદની માલીકીની રાખવામાં આવેલ છે જ્યારે તે આખલો તે સંસ્થાની માલીકીમાં છે અને ખર્ચ આવે છે તે દરેક સભાસદ જેટલી ગાયો રાખે તે પ્રમાણે તેને ખાતે ઉધારવામાં આવે છે. આવી જ બીજી સંસ્થા આ સંસ્થાના સંતોષકારક પરિણામ પરથી કાઢવા માટે પગલાં લેવાય છે.

તંત્રી

# રસમય ચુંટણી.

**મુદ્રાલેખની ઉપયોગિતા**—(બુદ્ધિપ્રકાશના ફેબ્રુ. ૧૭ ના અંકમાં રા. રણજિત હરિલાલ પંડ્યા 'સ્વર્ગસ્થ દોલતરામ' સંબંધી લખતાં જણાવે છે કે)-રૂપેરી ફુલ અને વેલાઓથી આસપાસ ગુંથેલા એક ચાંદીના આયનામાં તેમને ત્યાં નીચેના ટુંક પણ મર્મગામી

શબ્દો ચિત્રેલા છેઃ "Duty is Diety" (ફરજ ઇષ્ટદેવ છે.) તેમના આદ્યંત આજીવનમેરૂના ઇતિહાસ વિષે તેઓ કહે છે કે લુણાવાડાના દિવાન તરીકે પોલીટીકલ એજન્ટને અજમેર મળવાનો પ્રસંગ આવતાં તેમને ત્યાં પુછવામાં આવ્યું કે "દોલતરામ ! તારા જીવનનો motto (મુદ્રાલેખ) શો છે?" તે કહે છે કે આ પ્રશ્ન સાંભળી હું થોડીવાર વિચારમાં પડયો. કારણ મને મારા આખા જીવનની અંદર આ વિચાર કદી પણ સ્ફુર્યો નહોતો. આ જોઇ સાહેબે મને કહ્યું "દોલતરામ ! A Life without a motto is a ship without sail" (એટલે કે મુદ્રાલેખ વગરનું જીવન એ સઢ વગરના નાવ સમાન છે.) આ સાંભળતાંજ તેઓ કહે છે કે મને વાત સાચી લાગી અને પળને આશરેજ મેં મારો મેરૂ લઇ તે નીચે પ્રમાણે કહી સંભળાવ્યો 'Duty is Diety' સાહેબ ખુશી થયો અને તેમને ધન્યવાદ આપ્યો પણ સાથે કહ્યું કે મેરૂ બાંધવા કરતાં પાળવો વધારે અઘરો છે. સદ્‌ગત દોલતરામ આ અજમેરના સમાગમને અંતે નવીન વ્યક્તિ બનીને નીકળ્યા. અત્યાર સુધી ગુપ્ત રહેલું તેમના જીવનનું મહાસૂત્ર સાક્ષાત્કાર પામ્યું અને તેમના જીવનમાં નવીન ગૌરવ, નવીન અર્થ અને નવીન ગાંભિર્ય ભરવા લાગ્યું. સંસારના વિષવિધ અને અવનવા પ્રસંગોમાં થઇ જીવન તેમને ખેડવું પ્રાપ્ત થયું હતું; પણ કુટુંબી હો કે સ્નેહી હો, પોતાનું નગર હો કે પરદેશ હો, રાજા હો કે પ્રજા હો-પણ તેમના દરેક મિત્રો પુરવાર કરશે તેમ તેમણે સત્યનો અને ધર્મનો માર્ગ ત્યજ્યો નથી, જીવનને આડો રસ્તો લીધાનું કલંક લગાડયું નથી અને પોતાના કુલગૌરવને હેઠું નાંખ્યું નથી. પરિણામ એ થયું કે જીવતાં, તેમને હાથે શિક્ષા પામેલા પણ તેમનીજ સલાહ લેવાને આવતા, અને મરણમાં તેમના વ્હાળા મિત્ર મંડળ સાથે તેમના અંગત શત્રુઓ પણ અત્યારે શોચ કરે છે.

**भारत वर्ष माटे एक भाषा**—તેજ અંકમાં રા. મણીભાઇ સી. દેસાઇ લખે છે કેઃ—ભારતમાં જ્યારે સામ્રાજ્યની અને સ્વરાજ્યની વાતો થાય ત્યારે સામાન્ય ભાષા વિષેની ચર્ચા કોરણે મુકવી એ બેહુદું ગણાય. એક ભાષા વિના એક પ્રજા થઇ શકવામાં મહાન મુસ્કેલી પડે છે. નમદની ઉછળતી શૈલીમાં કહીએ તો—

"વિના શૌર્ય નહીં તુટે જાતિનાં બંધન મોટાં;
વિના શૌર્ય નહીં વધે, સ્નેહ સાચા દેશીમાં;"
વિના વાણીનું ઐક્યવિના કહું ઐક્ય ધરમનું;
રાજ ઐક્યવણ જોર નકામું દેશીજનનું."

એટલે વાણીનું ઐક્ય થવાની કેટલી જરૂર છે તે સમજાશે. નર્મદાશંકરે ગુજરાતીઓ ઉપર જે ઉપકારની પરંપરા કરી છે તેનો બદલો ગુર્જરબંધુએ તેણે આપેલી શિક્ષાનો સ્વીકાર કરીને જ વાળવાનો છે. કવિશ્રી આગળ વધીને જણાવે છે કે આ અગર બીજી સારી બાબતો ગ્રહણ કરવી કઠણ છે. "સદ્‌વસ્તુનું ગ્રહણ કરતાં વિઘ્નો નડશે." તે વખતે તમારા પ્રેમ અને શૌર્યની કસોટી થશે. નર્મદે જે વાત પચાસ વર્ષ ઉપર કહેલી તે હવે વિદ્વાનો સ્વીકારતા થયા છે. ઉદયનાં જે ચિન્હો નજરે પડે છે તે અહીંના જીવનમાં કવિશ્રીએ જે નવું સત્વચેતન મૂક્યું છે તેને આભારી છે. આજે નર્મદ નથી પણ તેને માટે મન ધરાવનારા ભારતમાં અનેક સાક્ષરો અને સંસાર સુધારકો છે. જો તેઓ નર્મદાશંકરે બતાવેલા માગમાં પ્રયાણ કરી પોતે સ્થાપન કરેલી સંસ્થાઓમાં તેના વિચારો ફેલાવે તો કેવો મોટો લાભ થાય '

સુરત, અમદાવાદ, મુંબઇ વગેરે ઘણે ઠેકાણે સ્ત્રી કેળવણી માટેના સારા યશસ્વી પ્રયાસો ગયા બાર મહિનામાં થયા છે. જો એ શહેરોમાં ભારત વર્ષ માટે એક ભાષા પ્રચલિત કરવાના યત્ન કરવામાં આવે અને બીજું કશું નહીં તો દર વર્ષે નગરજનોની સમક્ષ સારા હિંદી વક્તાઓ પાસે પચીસ ત્રીસ વ્યાખ્યાનો વર્ષમાં અપાવવાની ગોઠવણ થાય તો વિચાર વિનિમયના સાધન તરીકે હિંદીનો પરિચય આપોઆપ વધે એ કહેવાની જરૂર નથી. આ વિષયમાં એકલી ગુજરાતી સંસ્થાઓ નહીં પણ મરાઠી, બંગાળી અને અન્ય સંસ્થાઓને જોડાવવાનો પણ અમારો આગ્રહ છે.

અમદાવાદ ગુજરાતનું પાટનગર હતું, વડોદરા ગુર્જરાધિપતિની રાજધાની છે. એ શહેરોમાં કેળવણી મંડળ, સાહિત્યપ્રભા, સહવિચારિણી સભા, મહિલા પાઠશાળા જેવી અનેક સંસ્થાઓ છે. એના ચાળકો અને સભાસદો હિંદુસ્તાની ભાષાની મહાન ઉપયોગિતા સમજીને ભારતમાતાની સેવા કરવાનું પુણ્ય પ્રાપ્ત કરવાની તક સાધે અને વાણીનું ઐક્ય થાય તેવા ઉપાય વિના વિલંબે યોજવા માંડે તો જે આજે દુર્ઘટ લાગે છે તેજ બાર મહિનામાં સરળ અને સાધ્ય છે એવી પ્રતીતિ થાય.

ભગિની ભાષાઓનો અભ્યાસ દેશના જુદા જુદા પ્રાંતોએ ઉપાડી લેવો ઘટે છે એ ખરૂં તથાપિ રાષ્ટ્ર ભાષાની અગત્ય તેથી ઘણી વિશેષ છે. **માટે આપણાં માસિકો અને સાપ્તાહિકોએ આ વિષયમાં મોળા ન રહેતાં પ્રસંગોપાત હિંદીનો પ્રચાર વધે એટલા માટે લેખો અને ફકરાઓ પ્રસિદ્ધ કરવા જોઇએ અને આપણી ભાવિ રાષ્ટ્ર ભાષાના અભ્યાસને વધારે અનુકૂળતા કરી આપવી જોઇએ,** એટલી વિનંતિ કરીને વિરમીશું. વસંતના નવ પલ્લવ પેઠે ભારતમાં નવજીવન ઝળકે એજ પ્રાર્થના છે.

---

## કેળવણી સૂત્રો.

---

જૈન શાળાઓ અને પાઠશાળાઓ માટે આવશ્યક ધારી અમે અત્ર મૂકીએ છીએ.

**તંત્રી.**

### અ. સામાન્ય.

૧. કેળવણીનો આશય અને લક્ષ્ય બે પ્રકારે સાધ્ય કરવાનાં છે. (૧) માનસિક શક્તિના વિકાસદ્વારા-વિદ્યાર્થી, સત્ય શોધક અને જ્ઞાન મેળવવાને અગ્રેસર અને (૨) નૈતિક શક્તિઓદ્વારા-તે સંસ્થાઓનો સ્થાપક અને સમાજનો નેતા થઇ શકે.

૨. નૈતિક શિક્ષણ નીતિ અને ધર્મનાં પુસ્તકોમાંથી પસંદ કરેલા પાઠોદ્વારા આપવાની પદ્ધતિને સ્થાને (અથવા ઉપરાંત ) સમાજ સેવા અને પરોપકારનાં કાર્યો હાથ ધરી કરવાં જોઇએ, જેથી વિદ્યાર્થીને આત્મ-સંયમ, આત્મ-ત્યાગ અને અન્યના શ્રેય માટે સેવા કરવાની ટેવ પડે.

૩. ચારિત્ર્ય બંધારણ માટે અને જીવન-ઉદ્દેશ નક્કી કરવાને (૧) એક મિત્ર અને સહાયક ગુરૂની યોજના અને તેની અંગત જવાબદારી તેમજ (૨) તેના સમગ્ર જીવનપર અંકુશની જરૂર છે. સાચી આધ્યાત્મિક કેળવણી માટે આવી ભૂમિકા આવશ્યક છે.

૪. કેળવણીની સંસ્થાઓ અને હીલચાલોનો, રાજકીય, ઔદ્યોગિક સામાજિક કે ધાર્મિક

પ્રવૃત્તિના ઊહાપોહ અને પ્રગતિ માટે ઉપયોગ થવો ન જોઇએ. આ સંસ્થાઓ અને હીલચાલો સમાજશાસ્ત્રના સિદ્ધાંતોપર રચાયલા કેળવણી શાસ્ત્રાનુસાર નિયમિત થવી જોઇએ.

## ब. શિક્ષણને લગતાં.

૧. છેક પ્રાથમિક અભ્યાસક્રમમાં પણ **વિષયોની વિવિધતા** રાખવી જોઇએ કે જે એક બીજા સાથે સંબંધ ધરાવતા અને બંધબેસ્તા હોય. અમુક ધોરણ સુધી તે શિક્ષણ બહુદેશી અને વ્યાપક થવું જોઇએ.

૨. સઘળા વિષયોમાં અને દરેક ધોરણમાં તમામ શિક્ષણ **માતૃભાષા**દ્વારાજ આપવું. અને જો અહિં માતૃભાષા અપૂર્ણ અને નિર્ધન હોય તો કેળવણી ખાતાના વ્યવસ્થાપકોએ 'આશ્રય' ના ધોરણપર ઉત્તેજન અને બક્ષીસ આપી જેમ બને તેમ ટુંક સમયમાં માતૃભાષાનો વિકાસ કરી સમૃદ્ધ થાય એવી વ્યવસ્થા કરવી જોઇએ.

૩. જૂદી જૂદી **ભાષાઓનું શિક્ષણ** શબ્દપર નહિ પણ **વાકયપર** રચાવું જોઇએ. સર્વ પ્રકારનું જ્ઞાન આપવાની શિક્ષણ પદ્ધતિ, **પરિચિતપરથી અપરિચિત, પ્રત્યક્ષપરથી** ગૂઢ વિગતો અને બનાવોપરથી સિદ્ધાંતોપર,—એ પ્રમાણે અનુમાનિક ધોરણપર રચાવી જોઇએ.

૪. ઇંગ્રેજી સિવાય, એશિયા અને યુરોપની બે અન્યભાષાઓ અને ઓછામાં ઓછી બે પ્રાંતિક માતૃભાષાનું ફરજીઆત શિક્ષણ હિન્દુસ્તાનમાં ઉંચા અભ્યાસક્રમમાં દાખલ કરવું જોઇએ.

## क. વ્યવસ્થાને લગતાં.

૧. **પરીક્ષા** દરરોજ લેવાવી જોઇએ. દિવસનું કાર્ય પૂરૂં થયેથી તેજ દિવસે તેની અજમાયશ કરવી જોઇએ. અને ધોરણની મુદત અને પાસ કરવાની રૂઢિનો આધાર તે વિદ્યાર્થીએ અમુક વર્ગમાં કેટલો વખત ટાઢયો છે તેપર નહિ પણ બધા વિષયોમાં અથવા અમુક વિષયોમાં કેટલો વધારો કર્યો છે, તેપર રહેવો જોઇએ. આજ સંજોગોમાં વિદ્યાર્થીની માનસિક અને નૈતિક ચાલચલગત દ્રઢ અને કાયમ થવી શકય છે.

૨. સમાજ અને સૃષ્ટિ એ વિદ્યાર્થી જીવનની પ્રયોગશાળા અને આસપાસનું વાતાવરણ બનવાં જોઇએ. તે માટે દરરોજના કાર્યક્રમમાં, તદ્દન માનસિક શક્તિનાં વ્યયના કાર્યો સાથે **આત્મ ત્યાગ, સમાજ સેવા, ભક્તિ, પ્રાર્થના, રમતગમત, સંગીત, કસરત** વગેરેનો સમાવેશ કરવો જોઇએ. આ સબબથી ભણતરના પ્રસંગ સિવાય તહેવારોની લાંબી રજા કે લાંબી મુદતના વેકેશનો પાડવાં ન જોઇએ.*

(બુદ્ધિપ્રકાશ ૨-૧૭)

---

* હિંદુસ્તાન રીવ્યુ-ડિસેમ્બર ૧૯૧૬ પરથી.

# कॉन्फरन्स मिशन.

## १ श्री सुकृत भंडार फंड.

( તા. ૧૩-૩-૧૭ થી તા. ૧૩-૪-૧૭, સંવત ૧૯૭૩ ના ફાગણ વદિ ૫ થી ચૈત્ર વદિ ૬ )
વસુલ આવ્યા રૂ. ૧૪૪-૮-૬

ગયા માસ આખરના બાકી રૂ. ૯૯૩-૧૦-૦

(૧) ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદ—ઉત્તર ગુજરાત.
ઉપરીઆળા ૧, સુંવાળડાંગરવા ૨ાા, બાલસાસણ ૨ાા,
સૂરજ ૬, તેલાવી ૨ાા, ગોરૈયા ૩ાા. કુલ રૂ. ૧૮-૧૨-૦

(૨) ઉપદેશક મી. અમૃતલાલ વાડીલાલ—પંચમહાલ-ગુજરાત.
ગોધરા ૫૮ા૭ા, વીરપુર ૧૧, વેજલપૂર ૨૧, લુણાવાડા ૩૫ાા.

કુલ રૂ. ૧૨૫-૧૨-૬
એકંદર કુલ રૂ. ૧૧૩૮-૨-૬

નોટ—ઉપદેશક મી. પુંજાલાલ પ્રેમચંદ દુપાલના શ્રી સંઘ સાથે પાલીતાણે ગયેલ છે. તેમના તરફની એકંદર રકમ રૂ. ૨૦૧) ની મળવાનું જાહેરમાં આવ્યું છે, તે હકીકત આવતા અંકમાં બહાર પાડીશું.

## ૨ સ્ટેન્ડીંગ કમિટીની મળેલી મીટીંગ.

સ્ટેન્ડીંગ કમિટીની એક મીટીંગ શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ ઑફીસમાં તા. ૧૭—૧—૧૭ બુધવારે રાત્રે ૭ાા વાગે ( મું. ટા. ) મળી હતી. તે વખતે નીચેના ગૃહસ્થો હાજર હતા.

શેઠ કલ્યાણચંદ શોભાગ્યચંદ, રા. રા. મકનજી જુઠાભાઇ મ્હેતા રા. રા. મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ, રા. રા. મોહનલાલ દલીચંદ દેશાઇ, શેઠ દેવકરણભાઇ મુલજી, શેઠ મુલચંદ હીરજી, શેઠ મણીલાલ સુરજમલ, રા. રા. નાનચંદ કસ્તુરચંદ મોદી, રા. રા. સારાભાઇ મગનભાઇ મોદી, રા. રા. લલ્લુભાઇ કરમચંદ દલાલ, શેઠ મગનલાલજી પુંજાવત, શેઠ વેણીચંદ સુરચંદ, શેઠ હીરાચંદ વસનજી.

પ્રમુખસ્થાને શેઠ કલ્યાણચંદ શોભાગ્યચંદ બીરાજ્યા હતા. શરૂઆતમાં આગલી મીનીટ વાંચી મંજુર કરવામાં આવી. બાદ નીચે મુજબ કામકાજ થયું હતું.

૧ ઇસ્લામગંજથી મહારાજા બહાદુરસીંહજી તરફથી આવેલ પત્ર વાંચવામાં આવ્યો અને તેમને જવાબ લખવાનો ડ્રાફ્ટ તૈયાર કર્યો તે મુજબ જવાબ લખવા નક્કી થયું.

૨. શેઠ ચંદનમલજી નાગોરી તરફથી આવેલ પત્ર વાંચવામાં આવ્યો. તેમના તરફથી સુચના આવી તે સાથે કમિટીના મેમ્બરો એક મત થઇ શકતા નથી.

૩. શ્રી સુકૃત ભંડાર ફંડના સેક્રેટરી તરીકે શેઠ મણીલાલ સુરજમલ તથા રા. રા. સારાભાઇ મગનભાઇ મોદીને નીમવામાં આવ્યા.

૪. શેઠ કલ્યાણચંદ શોભાગ્યચંદને મદદ કરવા ડૉ. નાનચંદ કસ્તુરચંદ મોદીએ કામ કરવા કબુલ કર્યું, પણ આસિસ્ટંટ સેક્રેટરી તરીકેનો હોદ્દો લેવા ના પાડી. જુલાઇ મહીનામાં આ વાત ફરી કમિટીમાં મૂકવી. ઑફીસનો કૉરસપૉન્ડન્સ ડૉ. મોદીને વંચાવવો અને જવાબ લખવા ડ્રાફ્ટ કરાવવા.

૫. પાલણપુર મુકામે કૉન્ફરન્સનું આવતું અધિવેશન ભરવા માટે પાલણપુરના શેઠ નગીનભાઇ લલ્લુભાઇને નીચેના ગ્રહસ્થોએ રૂબરૂ મળવું.

(૧) શેઠ કલ્યાણચંદ શોભાગ્યચંદ (૨) રા. રા. મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ

(૩) રા. રા. લલ્લુભાઇ કરમચંદ દલાલ.

જયપુર રા. રા. ગુલાબચંદજી ઢઢ્ઢાને પત્ર લખવો કે તેમણે પાલણપુર જઇ કૉન્ફરન્સ ભરવા તજવીજ કરવી. મુંબઇથી કોઇ પણ ગૃહસ્થનું કામ પડે તો લખી જણાવવું.

૬. શેઠ કલ્યાણચંદ શોભાગ્યચંદ, રા. રા. મકનજી જુઠાભાઇ મ્હેતા, રા. રા. મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ તથા ડૉ. નાનચંદ કસ્તુચંદ મોદી એ ચાર નામથી બૅંક ઑફ ઇન્ડિયામાં બાર માસની ફીકસ ડીપોઝીટથી રૂ. ૫૦૦૦ મુકવા અને બે નામની સહી થયે પૈસા મળે તેમ બંદોબસ્ત કરવો.

૭. લેખ સંગ્રહની ૧૫૦ બુક પડતર કીંમતથી કૉન્ફરન્સ તરફથી પુસ્તકોદ્ધાર ખાતેથી ખરીદીને યુનિવર્સીટી, લાઇબ્રેરી, જૈન ભંડારમાં ફ્રી મોકલવી.

૮. કેયલ સંઘને લખવું કે કૉન્ફરન્સ ખાતે ઝાઝું ફંડ નથી જેથી તેમના તરફથી બે ચાર ગૃહસ્થો મુંબઇમાં ટીપ કરવા આવશે તો ટીપ શરૂ કરાવીશું અને બનતી મદદ કરીશું.

૯. રા. સૌભાગ્યચંદ પી. દેશાઇની સૂચના મુજબ સેક્રેટરીએ આબુકેંપ રોડમાંથી જાત્રાળુઓને જવા સગવડ થાય તે માટે આબુ માજીસ્ટ્રેટ સાથે પત્ર વ્યવહાર કરવો.

૧૦. વણોદના રા. પદમશી એસ. શાહ તરફથી આવેલ પત્રો રજુ કરવામાં આવ્યા, જીવદયા સંબંધીની બાબત ઝવેરી લલ્લુભાઇ ગુલાબચંદને જણાવવી અને મંદિરોદ્ધાર માટે ત્યાંથી બે ચાર ગૃહસ્થો ટીપ કરવા આવે તો ટીપ શરૂ કરાવવી અને બનતી મદદ આપવી.

## ૩ સુકૃત ભંડાર ફંડ કમિટીની મીટીંગનું કામકાજ.

તા. ૧૧—૩—૧૭ ના સરકયુલર મુજબ તા. ૧૪—૩—૧૭ બુધવારે રાત્રે ૭ા વાગે (મું. ટા.) શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ ઓફીસમાં શ્રી સુકૃત ભંડાર ફંડ કમિટીની મીટીંગ મળી હતી. તે વખતે નીચેના ગૃહસ્થો હાજર હતા.

રા. રા. મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ, રા. રા. સારાભાઇ મગનભાઇ મોદી, શેઠ મણીલાલ સુરજમલ, શેઠ મણીલાલ મોકમચંદ, શેઠ ભગવાનજી, હેમચંદ શેઠ મણીલાલ વાડીલાલ. તે વખતે નીચે મુજબ કામકાજ સર્વાનુમતે થયું હતું.

૧ કચ્છી આગેવાન ગૃહસ્થોને તથા ગુજરાતી આગેવાન ગૃહસ્થોની એક મીટીંગ આવતા રવીવારે બપોરના ૩ વાગે બોલાવવી.

૨ વોલંટીઅરોની એક મીટીંગ બીજે રવીવારે બોલાવવી.

૩ નીચેના ગૃહસ્થોને મેમ્બર તરીકે નીમવામાં આવ્યા:—

રા. રા. મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ, શેઠ નરોતમદાસ ભાણજી, શેઠ કરસનદાસ ગોવીંદજી, શેઠ લેરૂભાઇ ચુનીલાલ, શેઠ પ્રાણજીવન હરગોવીંદ, શેઠ મણીલાલ વાડીલાલ જવેરી, શેઠ લહેરચંદ વર્ધમાન, શેઠ કપુરચંદ મંછાચંદ.

૪ ઉપદેશકોને વર્ષમાં રજા એક માસથી વધારે આપવા બાબત વિચાર કરતાં એમ નિર્ણય થયો કે એક માસથી વધારે રજા હકની આપવી નહી. કોઇ ઉપદેશકને વધારે રજાની ખાસ જરૂર જણાય તો તેની અરજી કમિટી આગળ રજુ કરી નિર્ણય કરવો.

श्री जैन श्वेताम्बर कॉन्फरन्स हेरॅल्ड.

Jaina Shvetambara Conference Herald.

પુ. ૧૩. અંક ૫. વીરાત્ ૨૪૪૩. વૈશાખ, સં. ૧૯૭૩. મે, ૧૯૧૭.

# પ્રભુને આહ્‌વાન.[1]

સારંગ.

આવો આવો આવો પ્રભુ !, મારી વ્હારે આવો.
દુઃખ દૂર થયાં મહા-સંકટ આવ્યું
કરૂણાકારી બચાવો બચાવો—આવો૦
હું છું તમારૂં ન્હાનું બાલકડું,
દોષ જરી નહિ દિલમાંહી લાવો—આવો૦
મતિ મુંઝાણી હવે શરણુ રહ્યું તુજ,
બળેલા દિલને વધુ ના તપાવો—આવો૦
રોતો કકળતો તુજ પાસે આવું,
રાખી મારો તારી ઉપર દાવો—આવો૦
અનેક સંકટમાં લાજ મારી રાખી,
હવે લાજ જાશે તમ, જો ના બચાવો-આવો૦
ઘણી ઘણી કાંઠે આવ્યો, તમથી પ્રભુ હો !
ડુબાડો કાં કાઢવાને ધાવો પ્રભુ ! ધાવો-આવો૦
દાસ તમારો સદા, નામી શીષ ચરણે,
દીન વિનંતિ કરે આવો વ્હારે આવો-આવો.

૭ અકટોબર ૧૯૦૯ ગુરૂવાર.

+ અહીં કોઇને પ્રશ્ન થશે કે આત્મામાં સદા વિશ્વાસ નાંખનાર, અને જીવ પોતાની શક્તિથી શિવ થઇ શકે છે એવો જૈન ઇશ્વરની સહાય આવા દીન ભાવથી માગવાનું નિશ્ચયે ન ઇચ્છે પણ જીવન વ્યવહારમાં એવી અસંખ્ય ક્ષણો આવે છે કે જે વખતે મુંઝાતા હૃદયને ઇશ્વર સહાય માગવી પડે છે. અનેક જૈન કવિઓએ તેમ કર્યું છે.

૧ બોલાવવું.

## Historical Authorities as to Jagatseth's House.

( *Continued from page p. 110 of the last year.* )

(8) STEWART'S HISTORY OF BENGAL.

" The Nawab was, however, so much alarmed that the day after he moved his camp several miles distant and desired Ranjit Roy, the agent of the Seats, who attended him on his expedition, to write to Colonel Clive that he was writing to enter into a negotiation, in consequence of this communication, several messages were brought and carried by Omi Chand and Ranjit Roy; and on the 9th of February a treaty was concluded." P. 320.

" On the 11th, the Nawab removed a few miles further off, and sent Khellaats or dresses of honor to the Admiral and Colonel Clive and through his agents Ome Chand and Ranjeet Roy, proposed an alliance, offensive and defensive against all enemies. This proposal was acceded without hesitation, and the treaty was ratified and sent back the same day." Ibid.

" This circumstance was taken hold of by the partisans of the English, and the other enemies of the Nawab to work up his fears, and to prevent him from doing that which was obviously his own interest, for, at this time, Mir Jaffer Khan, Roy Durlab the Diwan, the Seats, and Gheseety Begum were all so disgusted with Suraj-ud-Dowala's conduct, that they were anxious for an opportunity of deposing him." P.

" The person first employed in this negotiation was named Yakub Latteef Khan, an officer who commanded 2000 horse in the service of Suraj-ud-Dowalah, but who received a monthly allowance from the Seat, to defend them against any act of oppression even from the Nawab. This overture seems to have been made merely to sound the disposition of the English, but it was soon followed by a specific proposal from Mir Jaffer Khan. It stated, that being in daily fear of his life he was, from self defence, compelled to take measures for deposing the Nawab; that he was well supported by the

Dewan Roy Durlab, Gheseety Begum, the Seats and many principal officers of the army :' and have no doubt of success if the English would join him; and that for such assistance, he would recompense them in the most ample manner, and grant them every privilege, with regard to trade, that they might desire." P. 323.

APPENDIX.

1 Scott.

*History of the Deccan. Bengal.*

"The Nawab displeased his officers and they, with Jagatseth being in fear of their lives, resolved in order to save themselves to effect his destruction Vol. VI. P. 366.

"With this view ( i. e. that of deposing Suraj-ud-dowlah with the aid of the English) Jagatseth employed Ameenchand (the same as Omi Chand, Oma Chand or Amee Chand) a principal merchant of Calcutta, Doorlub Ram, some other person, and Jaffir Khan, Ameer Beg, who had some connection with the English to whom he had been of service when their factory was taken. These persons represented the outrageous conduct of the Nawab to their principals, and the general desire of the province for his removal. They even produced a written request to the English that they would march for this purpose, and by a little trouble deliver a world from tyranny and oppression for which they should receive three crores of Rupees, and other favors. The particulars of the Nawab's cruelties to Gooseity Begum and others were also displayed, and the paper was attested under the seals of these persons who suffered injuries." Ibid.

"On his way, he ( Meer Cossim ) put to death the two Bankers, Jagat seth and Raja Suroop Chand." P. 427.

*Proceedings of the Council at Calcutta under date 10th March, 1760.*

"Received letter from the Chief and Council at Dacca, under date the 5th instant, requesting at immediate supply

of money, or to permit them to take up money from Jagat Seth's house otherwise the Company's investment will be at a stand, their treasury being reduced so low that they have not sufficient for the monthly expenses."

Long's Selections from the unpublished Records of Government, Vol. I. P. 437, No. 847. Jagat Seth's treatment.

Proceedings April 14' 66.

"Letter from Lord Clive, General Carnac and Mr. Sykes at dated the 6th instant read acquainting us that the two Seths, sons of those who were cut off by Cassim Ally Khan, and fell sacrifice to their attachment to the English Company, have laid before them a claim amounting to between 50 or 60 lakhs of Rupees, 30 lakhs of which having been lent to the Jemindar, they do not think the Government answerable for, but that their claim of 21 lakhs which were lent to the Nawab Meer Jaffir for the support of his and the English army they are of opinion is just and reasonable; however, as it would be inconsistent with equity now that the revenues of the country are appropriated to the Company to propose that the Nawab should pay the whole; they had thought proper to agree, provided we have no objection, that the said sum shall be discharged by the Company and by the Nawab in equal payments within the space of 10 years."

Introduction page 41 (XLI).

"The sons (Khoshal Chand and Awal Chand) tried to rally in business, but we find the British government borrowing 5 lakhs of Rupees from them in 1764."

In 1768, the Court of Directors remarked "that family, (Seth family) who have suffered so much in our cause, are particularly entitled to our protection."

(Page 37 XXXVII).

"In 1748 there were Armenian ships, and the Government threatened in consequence of a quarrel to prevent their passing

the fort, the English had seized two Armenian ships in the Persian Gulf; the Armenians appealed to the Nawab who stopped the English trade in consequence, and wotee them a menacing letter charging them with piracy. The English required them to sign a document to the Nawab that they were satisfied; they of course refused on which they were threatened with expulsion from Calcutta in two months, it ended in the English having to pay through the Seths to the Nawab Rs. 1,200,000. The fact was, the Armenian ships were taken by king's ships, over which the president had no control, though he had to pay for damages."

4. Sir W. Hunter's Statistical account of Bengal Vol. IX.

"A Khilut was never sent to the Nazim of Bengal, without a similar favor being also conferred on Jagat Seth." P. P. 254-5.

It also deserves to the mentioned, in illustration of this point, that it is firmly believed to this day by the natives of Bengal that the Seths advanced large sums of money to the English priorto battle the of Plassey; and that the Rupees of the Hindu Banker equally with the sword of the English Colonel contributed to the overthrow of the Mohomedan power in Bengal. P. 250.

"In 1749, when the Nawab blockaded the factory of Kashimbazar, to enforce satisfaction for wrongs suffered by the Armenian merchants, the English only got off by paying through the Sethes Rs. 1,200000 to the Nawab." Ibid.

'On the 23rd November, the Council, who were still at Fulta instructed Major Kilpatrick to write again to Jagat Seth to let him know that their dependence lies upon him and upon him alone, for the they had, of resettling in an amicable manner" P. P. 25-9-60.

"In the following year (1766) the Seths laid a claim before the English for between 50 and 60 lakhs of Rupees, of

which the sum of 21 lakhs had been advanced to Meer Jaffir for the support of his own and the English army. For this latter sum Lord Clive accepted the liability, and suggested that it should be repaid in equal moieties by the company and the Nawab. In the same year it is incidentally recerded that the Council had been under the necessity of applying to the Seths for a loan of 1½ lakhs of Rupees." P. 263.

"It is said that he refused an annual stipend of three lakhs of Rupees which was offered to him by Lord Clive, and that his own expenses were at the rate of one lakh per month. Ibid.

"He (Khoshal Chand) adoped his nephew Hurruck Chand upon whom the title Jagat Seth was conferred by the English without any reference to Delhi." P. 264.

N. B. Sir W. Hunter makes mention of the Jain temples in the Hill of Parasnath Consecrated by the Jagut Seths and still maintained by the family.

# શ્રીમાન્ માનતુંગાચાર્ય.

[ એક ઉપયોગી પત્ર. વડોદરા.

શ્રીમાન્ ધ્રુવ મહાશય, તા. ૨૮-૧—૧૭.

આપના બન્ને પત્રો મળ્યાં. હર્ષ અને કુમારપાળ વિષે આપે જે ઐતિહાસિક સાધનો માંગ્યાં તેમાં, પ્રથમનાને માટે તો બહુજ અલ્પ સામગ્રી પ્રાપ્ત થાય છે. બીજાના વિષયમાં યથેષ્ટ પ્રમાણે મળી આવશે.

હર્ષ ને માનતુંગાચાર્યે પ્રતિબોધ કર્યો, એવો ઉલ્લેખ ફક્ત **પ્રભાવક ચરિત્ર**માંજ દૃષ્ટિગોચર થાય છે. મ્હારા વાંચનમાં, અન્યત્ર કોઇ ઠેકાણે એ હકીકત આવી નથી. હર્ષનું નામ પણ બીજે ક્યાંએ જોવામાં આવ્યું નથી. જૈનો તેને, કુમારપાળની માફક પરમાર્હત ગણે છે એ વિચારો હજી સુધી બ્હાર આવ્યા નથી.

માનતુંગાચાર્ય ક્યારે થયા એજ હજી પૂર્ણ અનિશ્ચિત છે. પ્રભાવક ચરિત્રકાર તેમને **હર્ષ**ના સમયમાં જણાવે છે; પ્રબંધચિન્તામણિ અને ભક્તામરસ્તોત્રની ટીકાઓમાં, **ભોજ**ના સમકાલીન લખેલા છે, જ્યારે, મુનિસુંદરસૂરિની ગુર્વાવલી તથા અન્ય બીજી પટ્ટાવલીઓમાં ભગવાન્ મહાવીરની **૮ મી સદી** પૂર્વાર્દ્ધમાં તેમનું અસ્તિત્વ લખ્યું છું. મુનિરત્નસૂરિએ પોતાના અમમચરિત્રમાં તેમને **શાતવાહનના** સેવ્ય ગણાવ્યા છે. આ તો એકલા શ્વેતાંબર પક્ષનું કથન છે. દિગંબરો તેમને દિગંબરાચાર્ય તરીકે માને છે અને વૃત્તાન્તો પણ જૂદા જ આપે છે.

શ્વેતાંબર સંપ્રદાયના સાહિત્યનો મ્હોટો ભાગ અગ્યારમા સૈકા પછીનો બનેલો છે. તેથી પહેલાના જે છે તે આગમો અને ૫—૧૦ બીજા ગ્રંથો જ છે. તેમાં ઐતિહાસિક ઉલ્લેખો બહુજ થોડા— નહિં જેવાજ છે. મન્દિરો અને પ્રતિમાઓની પ્રશસ્તિઓ પણ, હજી સુધી તે સમયની ઉપલબ્ધ થઇ નથી. આવી દશામાં, પ્રાચીન વ્યક્તિઓ સંબંધે નિર્ણય યા અનુમાન કરવામાં મ્હોટી કઠિનતા પડે એ સ્વાભાવિક જ છે.

માનતુંગાચાર્યનો સત્તા-સમય, ઉપર જણાવ્યા પ્રમાણે ભિન્ન ભિન્ન ઉપલબ્ધ થાય છે. તેમાં સાધકબાધક પ્રમાણોનો વિચાર કરીએ તો પ્રભાવક ચરિત્રમાં આપેલો સમય કાંઇક સત્ય જણાય છે. તેમના સંબંધમાં લખવામાં આવેલા જુદા જુદા વૃત્તાન્તોમાંથી એક વાત સર્વમાં વ્યાપકરૂપે જણાઇ આવે છે અને તે બાણભટ્ટની સમકાલીનતા છે. પ્રભાવક ચરિત્રમાં, પ્રબંધચિંતામણિમાં અને ભક્તામર વ્યાખ્યામાં-ત્રણેમાં બાણભટ્ટનો ઉલ્લેખ તો કરેલો છેજ. એથી તેઓ બાણભટ્ટની વિદ્યમાનતામાં તો વિદ્યમાન હતાજ. ભોજપ્રબંધ વિગેરેમાં બાણને ભોજની સભાનો પંડિત ગણાવેલો છે એ તો વિશ્રુતજ છે. ભોજના પ્રબંધો જૂના વિશેષ વંચાતા તેથી લોકોમાં બાણની પ્રસિદ્ધિ પણ તેની સાથેજ થતી રહી. પ્રબંધચિંતામણિકારે અને ભક્તામર વ્યાખ્યાકારે એજ પ્રબંધાનુસાર, માનતુંગાચાર્ય (કે જેઓ બાણની સાથેના વિદ્વાન્ હતા ) ને પણ ભોજકાલીન ગણાવ્યા હોય તેમ લાગે છે. ગુર્વાવલી અને અમમચરિત્રના લેખકોને, ભોજનો સમય અર્વાચીન જણાયો હશે :અને માનતુંગાચાર્યનું અસ્તિત્વ, ગુરૂપરંપરાથી તેથી વધારે પ્રાચીન જણાયો હશે એથી તેમણે હર્ષ કરતા પણ તેમને પહેલા મૂકયા લાગે છે. કારણ કે હર્ષની માહિતી તો તેમને મળેજ ક્યાંથી ?

ગુર્વાવલી અને પટ્ટાવલિઓમાંની હકીકતમાંથી એક વાત તારવી કાઢી શકાય છે. એ ગ્રંથોમાં, માનતુંગાચાર્યના ગુરૂ માનદેવસૂરિ ગણાવ્યા છે. પટ્ટાવલિઓમાં તેમજ માનદેવ નામના આચાર્યો પણ એક કરતાં વધુ ગણાવ્યા છે. આમાંના એક માનદેવ સુપ્રસિદ્ધ હરિભદ્રસૂરિના મિત્ર જણાવ્યા છે. એક નામના અનેક આચાર્યો થઇ ગએલા હોવાથી, એક બીજાની શિષ્ય પરંપરા સંબધે ઘોંટાળો થયો હોય-અને તે તે સ્વાભાવિક છે અને માનતુંગસૂરિના ગુરૂ માનદેવના બદલે બીજા માનદેવને હરિભદ્રના મિત્ર લખી દીધા હોય એ પણ બહુ સંભવિત છે. અને જો તેમ હોય તો, હરિભદ્રના મિત્ર તેજ માનતુંગના ગુરૂ એમ ધારીને કાંઇક વિચાર કરવામાં આવે તો, પ્રભાવક ચરિત્રના સમય સાથે, આમ બીજી રીતે પણ માનતુંગાચાર્યનું બંધ બેસતું થઇ જાય છે. વિચાર શ્રેણિ વિગેરેમાં આપેલા પુરાતન ગાથાઓ અનુસાર હરિભદ્રસૂરિ, વિક્રમ સંવત્ ૫૮૦માં સ્વર્ગસ્થ થયા. એટલે ૭મા સૈકાની શરૂઆતમાં માનદેવના શિષ્ય માનતુંગ થયા ગણી શકાય. આ સમય હર્ષ અને બાણની લગભગ આવી જાય છે. ગુર્વાવલીમાં, તેમને મહાવીર પછી ૮ માં સૈકામાં જણાવીને પણ બાણના સમકાલીનતો જણાવ્યા છેજ. એટલે મૂળ તો બધે કાયમ રહે છે. શાખાઓને ઉંચીનીચી કરવામાં, મ્હોટી મહેનત કે સ્થાનભ્રષ્ટ જેવું થતું નથી.

હવે રહી વાત હર્ષને પ્રતિબોધ કર્યાની. તેના માટે તો પ્રભાવક ચરિત્ર સિવાય અન્ય કોઇ આધાર નથી. એટલું તો ખરૂં છે કે ઉક્તચરિત્રકારે કેટલીક વાતો વિચારપૂર્વક લખેલી છે. જો કે કલ્પિત ભાગ પણ કાંઇ અલ્પ નથી પરંતુ તેના માટે તે ઉપાલંભને પાત્ર પણ નથી. આપણે તો, આપણને આટલું પણ તે પુરૂં પાડે છે તેના માટે ઉપકાર જ માનવાનો છે. કદાચ, તેના સમયમાં આવા બીજા પ્રાચીન પ્રબંધો વિદ્યમાન હોય અને તેમાં, માનતુંગાચાર્યે હર્ષને બોધ કર્યાનો અને હર્ષે તેમનું મન સન્તુષ્ટ કર્યાનો-કે, જે પ્રાચીન આર્યરાજાઓનો એક પ્રકારે રાજ્યધર્મ કે સ્વભાવ હતો—ઉલ્લેખ હોય કે જેથી પ્રભાચંદ્રે પણ પોતાના ગ્રંથમાં તે રૂપે ઉતારી લીધું હોય તો ના નહીં. ઉદાહરણ તરીકે બપ્પભટ્ટિને લઇએ. પ્રભાવક ચરિત્રમાં બપ્પભટ્ટિ અને વાક્પતિરાજના વિષયમાં જે ઉલ્લેખ છે તેને હજુ સુધી બીજા કોઇ લેખથી ટેકો મળતો નથી. પરંતુ પાટણના ભાંડાગારમાં, એક પ્રાચીન પ્રાકૃત પ્રબંધ તાડપત્ર ઉપર મળી આવ્યો છે કે જેમાં બધી હકીકત પ્રભાવક ચરિત્ર પ્રમાણેજ ઘણે અંશે આપવામાં આવી છે. આમ, માનતુંગાચાર્યના સંબંધમાં પણ હોય તો નિષેધ નહિં. તો પણ, હર્ષના સંબંધમાં, જેટલું સાહિત્ય બ્હાર આવ્યું છે તેનાથી, તે જૈન થયો હોય એમ તો માની શકાય નહિં.

હર્ષનાં રચેલા સ્તોત્રો કે જે આપે પોતાના પત્રમાં જણાવ્યા છે તે મ્હેં જોયા નથી.

કુમારપાળના વિષયમાં, હર્ષ જેવી દશા નથી. તેના માટે પ્રમાણો પુષ્કળ વિદ્યમાન છે. જૈનો તેને પરમાર્હત, તેની વિદ્યમાનતામાંજ, તેની સમક્ષજ, કહેતા હતા. એ માટે અનેક પ્રમાણો છે. ખુદ તેના ગુરૂ શ્રી હેમચંદ્રે તેને અનેક જગોએ પરમાર્હત લખ્યો છે. તો પછી બીજાઓ લખે તેમાં વિશેષતા શી? આપની ઇચ્છા સ્પષ્ટ જાણવા ઇચ્છું છું કે કેવાં પ્રમાણો અને કેવા ઉલ્લેખો હોય તો તે પરમાર્હત માની શકાય.

આપની નિષ્પક્ષબુદ્ધિ કોઇને પણ બલાત્કાર અન્ય ધર્મી કહેવાની નથી એ હું જાણું છું. તેમજ મ્હારે પણ જણાવવું જોઇએ કે હું ઐતિહાસિક બાબતમાં ધાર્મિક મોહ રાખવો તે અનુચિતજ નહિં પરતુ દુરાગ્રહ અને સત્યવિઘાતક તરીકે લેખું છું. આ લાંબા પત્રથી હવે આપને વિશેષ કંટાળો નહિં આપતાં આજે વિરમું છું. કુમારપાળના વિષયમાં આપનો પત્ર આવેથી વિશેષ લખીશ.

આપનો—મુનિ જિનવિજય.

# તંત્રીની નોંધ.

૧.

## આપણી કેટલીક સંસ્થાઓ.

(૧) **જૈન સાહિત્ય પરિષદ્**— જોધપુરમાં જે જૈન સાહિત્ય પરિષદ્ શ્રીમાન્ શ્રીવિજયધર્મસૂરિના પ્રયાસથી ભરવામાં આવી હતી, તેમાં જે ઠરાવો થયા હતા તે કાગળપરજ રહ્યા લાગે છે. તે પરિષદ્‌માં આવેલા લેખો પ્રસિદ્ધ કરાવવાનું જે વચન તેના સંચાલકો આપી ચૂક્યા હતા તે વચન પણ ઘણાં વર્ષો થયાં પાળ્યા વગરનું રહ્યું છે. જૈનોના હાથે થતાં કામોની દશા શી થાય છે એનું આ શું દૃષ્ટાંત છે? ઠરાવો અને તેનો અમલ કેવો થયો છે તે સંબંધમાં અમે કંઇ પણ લખીએ તેના કરતાં હાલ તો અમે એજ ઇચ્છવાનું વધારે પસંદ કરીએ છીએ કે આ પરિષદ્‌નો રિપોર્ટ તેમાં આવેલા લેખો સહિત પ્રગટ કરવામાં તેના સંચાલકો બીલકુલ વાર નહિ લગાડે.

(૨) **દશમી જૈન કૉન્ફરન્સ**—૧૯૧૬ના એપ્રિલ માસમાં મુંબઇમાં ભરાયેલી આપણી મહા કૉન્ફરન્સનો રિપોર્ટ છપાય છે—તે થોડા દિવસમાં બહાર પડશે. એક વર્ષ સુધીનો લાંબો વખત રિપોર્ટ તૈયાર કરવામાં જાય એ તાજુબીની વાત છે. અત્યાર સુધીમાં કૉન્ફરન્સે કરેલા ઠરાવો સંબંધી કૉન્ફરન્સ ઑફીસે અમલ કરવા પગલાં ભરવા માટે ઉત્સુકજ રહેવું જોઇએ છે એટલુંજ નહિ પરંતુ તે કૉન્ફરન્સને એક defunct સંસ્થા જેવી નજરે જોઇએ તે કરતાં તેને કામ કરતી, જાગ્રત અને પળે પળે કાર્યો હાથ ધરી ઉકેલતી જોવામાં લોકો આનંદ માનશે.

(૩) **જૈન પ્રાચીન વસ્તુઓનું પ્રદર્શન**—આવું પ્રદર્શન રાખવાનું મોહનલાલજી જૈન સેંટ્રલ લાયબ્રેરીના ટ્રસ્ટડીડમાં ખાસ જણાવવામાં આવ્યું છે છતાં તે પ્રત્યે એક નાનો—નજીવો પણ પ્રયત્ન કરવામાં આવ્યો નથી એ ઘણી દિલગીરી ભરેલી વાત છે. આ બાબત પર અમે વારંવાર લક્ષ ખેંચેલ છે અને તે સંબંધી શું શું થઇ શકે તેમ છે તે માટે સૂચના પણ કરેલ છે, પણ તે પર તદ્દન દુર્લક્ષ્ય અને બેદરકારી તેના સંચાલકો તરફથી અપાય એ જોઇ અમને ખેદ ઉત્પન્ન થાય છે. ખિન્ન હૃદયથી ઉદ્‌ગારો નીકળે એથી જે ચળવળાટ લાગતા વળગતામાં જાગે તે અમો હાલ જગાડવા ઇચ્છતા નથી.

(૪) **જૈન કેળવણી ફંડને મદદ**—જૈન એજ્યુકેશન બૉર્ડ ચાહે તો ઘણું ઉત્તમ કાર્ય કરી શકે તેમ છે. તેનામાં કાર્ય કરવાનો જીવ—આત્મા છે, પણ ધનરૂપી લોહી નથી. આ

મોહી આમેજ કરવામાં આવે તો શરીરની કર્મેંદ્રિયો સચેત થઇ જ્ઞાનેંદ્રિયથી આત્મા વિકાસ કરી શકે તેમ છે. અમને જાણી આનંદ થાય છે કે જે જૈન એજ્યુકેશન (કેળવણી) ફંડની યોજના ગઇ કૉન્ફરન્સમાં કરવામાં આવી હતી તેમાં જે જૈન દર વર્ષે પાંચ રૂપીઆ આપે તેમને સહાયક ગણવા રૂપે હતી. આથી તે બૉર્ડના સેક્રેટરીઓ રા. મો. ગિ. કાપડિયા તથા રા. મો. દ. દેશાઇએ સહાયક માટેના ફૉર્મ કાઢી તે ભરી મોકલવા માટે નીચે પ્રમાણેનો વિનંતિ પત્ર કાઢયો છે કે જે પ્રમાણે અમારા વાચકો દર વર્ષે પાંચ રૂપીઆ મોકલાવી સહાયક તરીકેનું યા એક સામટા રૂ. ૧૦૦ સો આપી લાઇફ મેંબર તરીકે પોતાનું મુબારક નામ નોંધાવશે અને બીજા મિત્રોને પ્રેરી તેમનાં નામો પણ મોકલાવી આપશે. ફૉર્મ જૈન એજ્યુકેશન બૉર્ડના સેક્રેટરીને ( પાયધુની, મુંબઇ ) લખવાથી મળી શકશે.

"જયજિનેંદ્ર સહિત વિનંતિ કેઃ-આપને માલૂમ છે કે ઉપરનું બૉર્ડ જૈન સમાજમાં કેળવણીના પ્રસાર અર્થે જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ નીચે સ્થપાયેલું છે. તેનો ઉદ્દેશ સાતમી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સના ઠરાવ પ્રમાણે કેળવણી સંબંધી યોજનાઓ તથા તમામ પ્રકારનાં કાર્યો કરવાં એ છે અને ગત મુંબઇની દશમી કૉન્ફરન્સની બેઠકમાં તે માટે નીચે પ્રમાણે ઠરાવ કરવામાં આવ્યો છેઃ—

બૉર્ડને આ ઠરાવમાં જણાવેલ કાર્યો કરવા આ કૉન્ફરન્સ સત્તા આપે છેઃ—કાર્યો-

(૧) જૈનમાં હસ્તી ધરાવતી ધાર્મિક તેમજ વ્યાવહારિક કેળવણીની સંસ્થાઓ સંબંધે વિગતવાર હકીકત મેળવવી અને તે સારા પાયાપર મૂકાય તેવા પ્રયાસો કરવા.

(૨) દરેક ધાર્મિક પાઠશાળામાં એક જ જાતનો અભ્યાસક્રમ ચલાવવામાં આવે તેવી ગોઠવણ કરવી.

(૩) જૈન વાંચનમાલા તૈયાર કરવી.

(૪) જીવવિચાર, નવતત્ત્વ, દંડક, ક્ષેત્રસમાસ, સંગ્રહિણી, કર્મગ્રંથ તેમજ પ્રતિક્રમણાદિ પુસ્તકો સરલ અર્થ સહિત હાલની શિક્ષણ પદ્ધતિપર તૈયાર કરવાં યા કરાવવાં.

(૫) ઉપર જણાવ્યા પ્રમાણે એકજ જાતનો અભ્યાસક્રમ જે જે શાળામાં ચાલે તે તેની વાર્ષિક પરીક્ષા એકી વખતે લેવી.

(૬) તેવી વાર્ષિક પરીક્ષામાં પાસ થનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર (સર્ટીફિકેટ) ઇનામો વગેરે આપવાં.

(૭) ગરીબ તથા સામાન્ય સ્થિતિના વિદ્યાર્થીઓને વ્યાવહારિક શિક્ષણ લેવા માટે સ્કોલરશીપો તથા પુસ્તકો ફી વગેરેની મદદ આપવી.

(૮) આવા વિદ્યાર્થીઓને જે જે સ્થળે જૈન બોર્ડિંગ હોય તેમાં દાખલ કરાવવા પ્રયત્ન કરવો.

(૯) જૈન તીર્થ સ્થળો વિગેરેમાંથી જૈનોને આપવાની પહોંચની બુકમાં જૈન કેળવણી માટેનું એક જૂદું કોલમ રાખવા માટે પ્રયત્ન કરવો તેમજ બીજી અનેક રીતે કેળવણીનું ફંડ એકઠું કરવા પ્રયાસ કરવા.

આ સર્વને પહોંચી વળવાને માટે એક યોજના તેજ કૉન્ફરન્સની બેઠકમાં એવી રીતે કરવામાં આવી છે કે દર વર્ષે પાંચ રૂપીઆ આપનારને 'સહાયક' તરીકે લેવા. તેવા સહાયકો દરેક શહેરમાંથી અને ગામમાંથી અસંખ્ય મળી શકે તેમ છે કારણ કે દર વર્ષે કેળવણી જેવા ઉત્તમ કાર્યમાં પાંચ રૂપીઆ જેવડી જુજ રકમ આપવામાં ભાગ્યેજ કોઇ આનાકાની કરે. આવી સરલ યોજનાથી સેંકડો નહિ બલ્કે હજારો સજ્જનોની સંખ્યા મળી આવશે એવી અમારી ખાત્રી છે, અને તેથી આપને તેવા એક સહાયક થવાની આ વિનંતિરૂપે આગ્રહ કરીએ છીએ તો **આ સાથેનું ફોર્મ ભરી** મોકલાવી જૈન સમાજમાં કેળવણીના પ્રચાર જેવા ઉત્તમ કાર્યમાં નિમિત્તભૂત થશો કે જેથી અનેક જૈન વિદ્યાર્થીઓની શુભ આશીષ મેળવી શકશો.

બૉર્ડે પોતાના **કામકાજના** રિપોર્ટો છપાવેલા છે અને વિશેષમાં તે સંબંધીની હકીકત જૈન કૉન્ફરન્સ હેરલ્ડમાં તેમજ અન્ય જૈન અને જૈનેતર જાહેર પત્રોમાં બહાર પડે છે તેથી આપને તે સંબંધી માહિતી હશેજ, છતાં ટુંકમાં અત્રે જણાવીએ છીએ કે:—

(૧) દર વર્ષે પુરૂષ અને સ્ત્રી ધાર્મિક હરીફાઇ અને ઇનામી પરીક્ષાઓ લેવાય છે.

(૨) ફંડ તરફ નજર રાખી જૈન વિદ્યાર્થીઓને માસિક સ્કોલરશિપો આપવામાં આવે છે.

(૩) જૈન પાઠશાળાઓને માસિક મદદ આપવામાં આવે છે.

આટલું કરવામાં આવે છે તે પૂરતુ નથી એટલુજ નહિ પણ ઘણુંજ ઓછું છે. અને ગત કૉન્ફરન્સમાં આ બૉર્ડે જે કરવું જોઇએ તે સંબંધી ઉપર જણાવેલો જે ઠરાવ કર્યો છે તે પ્રમાણે દરેક કાર્ય કરવા માટે બૉર્ડની ઉમેદભરી ધારણા છે અને તેટલા જ માટે આપને આ વિનંતિ કરવામાં આવી છે.

આપ સહાયક તરીકે આપનું મુબારક નામ સાથેના ફાર્મ કે જેની પાછળ જૈન એજ્યુકેશન ફંડની યોજના મૂકેલી છે તે ભરી નોંધાવશો એવી આશાભરી ખાત્રી રાખી પત્રના ઉત્તરની રાહ જોઈ આટલેથી અટકીએ છીએ."

દરેક સહાય આપનારને તેની સેક્રેટરીની સહીવાળી પહોંચ આપવામાં આવશે.

બીજી સંસ્થાઓ સંબંધી હવે પછી લખવાની તક લઇશું.

૨.

**જતિઓનો ઇતિહાસ**—હાલના જોઇએ છીએ તે જતિઓની ઉત્પત્તિ આપણામાં પંદરમા સોલમા સૈકામાં થઇ તથા ગોરજીઓ સૂરિ હોઇ શકેજ નહિ એ અમારૂં વ્યકતવ્ય જો એકના કહેવા પ્રમાણે 'ઢોંગ' હોય તો અમારે એ સવાલો પૂછવાના છે કે હાલના જતિઓને અને મૂળ ચૈત્યવાસી સાધુઓને કાર્ય કારણનો સંબંધ છે કે નહિ? હોય તો કઇ રીતે? અને તેનો મૂળથી તે અત્યાર સુધી કોઇ ઇતિહાસ આપી શકશે કે?—જતિઓએ **જૈન** સાહિત્યની જ નહિ પરંતુ જૈનોની અને જૈન ધર્મની અનેક પ્રકારે સેવાઓ બજાવી છે. તેઓમાં વૈદક, જ્યોતિષ્, મંત્રશાસ્ત્ર, તંત્ર, આદિનું જ્ઞાન એટલું બધું પ્રબળ હતું કે તેથી જૈનેતર પ્રજા અને રાજાઓમાં તેમણે અનેક ચમત્કાર કરી બતાવ્યા છે અને પ્રભાવ દેખાડયો છે છતાં આ સર્વનો ઇતિહાસ ન હોવાથી તેમની ઉપકારક સેવા જૈન સમા-

જથી ભૂલાઇ ગઇ છે, અને જૈનેતર સમાજ તો તેઓની પ્રત્યે એટલી બધી ઘૃણા બતાવેછે કે જતિ કે ગોરજી તેમને મન અપ્રિય-અકારા થઇ પડયા છે. જતિના મથાળા નીચે વોટસન સાહેબે કાઠિયાવાડ ગેઝેટીયર અંગ્રેજીમાં લખી બહાર પાડયું છે તેનું ભાષાંતર કવિ નર્મદાશંકર લાલશંકરે કર્યું છે તેમાં પૃ. ૧૦૮ જણાવ્યું છે કેઃ-

"જતી તે જૈન સાધુ. તેઓ કાંઇ માલમતા રાખતા નથી. ભિક્ષા લેવાને જતા હોય ત્યારેજ માત્ર ઘરમાંથી બહાર નિકળે છે. તેઓ કોઇ જીવજંતુ મોમાં પેશી મરે નહિ એટલા માટે મ્હોડે કપડું બાંધે છે ને જ્યાં બેસે ત્યાં સાફ કરવાને બકરાના વાળનો ઓઘો રાખે છે. એમનાં અંગ ને કપડાં બંને બહુ મેલાં ને કીડાથી ભરપૂર હોય છે. ચોમાસામાં કોઈ કોઇ જતી સંથારૂ (અપવાસ કરીને મરવાનું) વ્રત લે છે. કોઇએ એ વ્રત લીધાની ખબર પડતાં જ વ્રત લેનારના દર્શન કરવાને ગામ ગામના શ્રાવકો આવે છે. પંદર દહાડા લગી તો તેનામાં બેસવાની શક્તિ રહે છે, પછી સૂઇને રહે છે. સેવકો તેને અન્ન વગેરેનો કાંઇ આધાર આપતા નથી પણ તેના તાવવાળા શરીરને ભીનાં કપડાં લગાડયાં કરે છે. વ્રત લીધાના દિવસથી જ તેને આખર મંજલ પહોંચાડવાની સઘળી તૈયારી થવા માંડે છે. મરતી વેળા વ્રત લેનારને ડોળીમાં બેસાડે છે ને મુવા પછી તેને વાજિંત્ર સાથે લઇ જાય છે. બૈરાં પોતાની ઇચ્છા પૂરી પાડવાને શબના વાહન તળે પગે પડે છે. તેનાં પહેરેલાં કપડાંના કકડા માટે તેના સેવકો ઘણા આતુર રહે છે."

આ કેવું અને કેતું ચિત્ર છે? મુહપત્તિ બાંધનાર સ્થાનકવાસી સાધુનું ચિત્ર સામાન્ય રીતે હોય એમ જણાય છે. ગમે તેમ હોય પણ જૈન સાધુના એક ચિત્ર તરીકે કેવું નિરસ, હેતુ સમજ્યા વગરનું અને બેડોળ ચિત્ર છે તે સહેલથી સમજી શકાય છે. હમણાં જૈન સાધુઓ અને જૈન જતિઓ એ બે નોખા નોખા વર્ગ છે. સાધુઓ કંચન કામિનીના ત્યાગી છે—તેમને માટે પંચ મહાવ્રત છે અને તેથી માત્ર દેહના પોષણ અર્થે દેહસહિત જે સંયમાદિ ક્રિયા થઈ શકે છે તે કરવા પોતાનું જીવન ગાળવું જોઇએ એ આશય લક્ષમાં રાખી તેઓ પોતાનું વર્ત્તન યથાશક્તિ અને યથામતિ રાખે છે અને તેમની ભાવના ઉદાર અને શુદ્ધાચારવાળી છે. પૂર્વે શિથિલાચાર બહુ જ પ્રવર્ત્યો હતો. જૂદે જૂદે વખતે પ્રવર્ત્યો હતો એમ ઇતિહાસ જણાવે છે ને તે તે વખતે શિથિલાચાર દૂર કરવા અર્થે મહાત્માઓ ઉત્પન્ન થયા હતા. જગચ્ચંદ્ર સૂરિ, આનંદવિમલ સૂરિ, સત્ય વિજય પંન્યાસ, યશોવિજય ઉપાધ્યાય વગેરે તેનાં દૃષ્ટાંતો છે, અને તેમાંથી છેવટે 'સંવેગી' એવું સાધુનું વિશિષ્ટ નામ ધારણ કરાયું છે. પીળાં કપડાંનો આદર પણ મૂળ શિથિલાચારી સફેદ કપડામાંથી જૂદા ઓળખાવવા માટે કરવામાં આવ્યો હતો. હાલ જે જતિઓનો બીજો વર્ગ છે તેમાંના કેટલાક પૈસા રાખે છે—રેલ્વે વિહાર કરે છે શ્રાવકને ત્યાં જઇ જમી આવે છે-જ્યોતિષ વૈદકાદિ કરે છે. મારવાડમાં જતિઓની સાથે જતણીઓની સંસ્થા પણ જોવામાં આવે છે. કોઇ સ્થળે દુરાચાર પણ દેખાય છે. આમ અનેક હકીકતોમાં મૂળ ઉત્પત્તિ કયારે થઇ, ધીમે ધીમે શિથિલાચાર કેમ અને કયારે પેસતો ગયો, વગેરે સંબંધી ખાસ ઇતિહાસની જરૂર છે.

હાલ જતિઓ કે જે શબ્દનું મૂળ યતિઓ છે અને જેના દશવિધ ધર્મ શાસ્ત્રમાં કહ્યા છે તેમનો વર્ગ જો સુધારવામાં આવે તો સમાજને અનેક લાભ થઇ શકે તેમ છે.

યતિની કૉન્ફરન્સ થોડાક વર્ષો પહેલાં થઇ હતી. તેને માટે પાઠશાળા નીકળી હતી. હમણાં તે વિષે નહિ કહેતાં એટલું તો જણાવવું છેવટમાં ઉપસંહાર કરતાં આવશ્યક છે કે શ્રીમાન્ માણેકચંદજી યતિ (ઇંદોરવાલા), બાલચંદ્રજી, નાનચંદજી વગેરે પ્રસિદ્ધ યતિવર્યો જો યતિનો ઇતિહાસ સાંગોપાંગ પ્રમાણ સહિત લખી લખાવી પ્રકટ કરશે તો અદ્દ્ભુત પ્રકાશ પડશે એ નિઃસંદેહ છે.

૩.

**જૈન પ્રતિમા લેખ સંગ્રહ**–અમોને જણાવતાં આનંદ થાય છે કે શ્રીમાન્ બુદ્ધિસાગર સૂરિજીએ ધાતુઓની પ્રતિમાપરના લેખોનો એક સંગ્રહ કરી અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડળ-દ્વારા પ્રકટ કરવા આપ્યો છે. તેમાં ડભોઇ, ગાંભુ, ચવેલી, વડાવતી, ચાણસમા, અમદાવાદ, ઉંઝા, પાટણ, માણસા, વિજાપુર, લાડોલ, બામણવાડા, સંડેસર, કરબટીયા, વાલમતીર્થ, વીસનગર, વડનગર, અહમદનગર, સુરત, સાદરા, ઓરાણ, છારા, અલુવા, વાસણા, ધડકણ, રાયપર, સાણંદ, પામોલ, ગવાડા, કોલવડા, ગેરીતા, પ્રાંતીજ, ઓરાણ, પેથાપુર, રાંધેજા, કલોલ, કડી, ભોયણી, ઇદરોડા, ખેરાળુ, વલાદ, કૂબા (કોબા), પોર, ઉવારસદ, અડાલજ, ઝુંડાળ, અમદાવાદના અનુક્રમે પ્રસિદ્ધ થઇ ગયા છે. હજુ બીજા પ્રસિદ્ધ થવાના છે. આ પરથી બોધ એ લઇ શકાય તેમ છે કે દરેક સાધુ મુનિરાજ આવી રીતે ગ્રામાનુગ્રામે વિહાર કરી શોધખોળ કરી કેટલું બધું મેળવી જૈનધર્મ અને તેના અનુયાયીઓની પૂર્વ મહત્તા બહાર પાડી શકે તેમ છે. વિહાર તો સફળ ત્યારે જ થાય છે. એક બાજુ સાક્ષરશ્રી જિનવિજયજી મુનિ મહારાજ દેહેરાંઓ અને જુદાં જુદાં તીર્થોપર આવેલા શિલાલેખો બહાર પાડે છે, ત્યારે બીજી બાજુ ગૂજરાતનાં ગામ અને શહેરોમાં વિહાર કરી મેળવેલા ધાતુપ્રતિમાપરના લેખો શ્રીબુદ્ધિસાગરજી બહાર પાડે છે. આ આનંદદાયક બિના છે. શ્રાવકો સુપ્તાવસ્થામાં છે, જ્યારે સાધુઓ જાગ્રત રહી શ્રાવકોને જગાડે તેમ છે છતાં સાથે જણાવવું પડશે કે સાધુઓને આવો સંગ્રહ કરવામાં અને પ્રકટ કરાવવામાં જેટલી અનુકૂલતા છે તેટલી શ્રાવકોને નથી. હવે આ સંગ્રહ પૂરો બહાર પડે તે પહેલાં અમો નમ્ર સૂચનાઓ કરીએ છીએ તે પ્રકાશક ને સંગ્રાહકશ્રી ધ્યાનમાં લેશે. આમાં જૂદી જૂદી જાતની પ્રતિષ્ઠા કરાવનાર સાધુના ગચ્છના નામવાર, શ્રાવકની જ્ઞાતિવાર, સંવત્‌વાર અનુક્રમણિકા હોવાની જરૂર છે. તેમાં લેખનો અંક મૂકવાથી કાર્ય સરશે. બીજું સમગ્રપર આલોચના કરવાની પણ આવશ્યકતા છે.

વિષયમાં અમારા સાંભળવા પ્રમાણે શ્રીમાન્ વિજયધર્મસૂરિએ મારવાડ મેવાડ કે જ્યાં દહેરાંઓ અને પ્રતિમાઓ બેસુમાર છે ત્યાં વિહાર કરી અનેક લેખોનો સંગ્રહ કર્યો છે, એ વાત સત્ય હોય તો તે ત્વરિત પ્રકટ કરવા અમો તેમને વિનવીશું. મુનિમહારાજશ્રી જિનવિજયજીની પાસે પણ પાંચસો ઉપરાંત ધાતુની પ્રતિમાપરના લેખો સ્વસંગ્રાહિત છે પણ તે દ્રવ્યફંડના અભાવે અપ્રકટ રહેલ છે. આ જાણી અમને ખેદ થાય છે. અમો શ્રીમંત શ્રાવકોને ભલામણ કરીશું કે દ્રવ્યની સહાય આપી આ અતિ ઉપયોગી અને પ્રકાશ ફેંકનારૂં કાર્ય સત્વર પ્રકાશમાં લાવવામાં નિમિત્તભૂત થશે.

૪.

**ઐતિહાસિક ગ્રંથો અને સાધનો પ્રસિદ્ધ કરવાની જરૂર**—બૃહત્ તીર્થકલ્પ,

પ્રબંધામૃત દીર્ઘિકા, ચતુર્વિંશતિ પ્રબંધ, દરેક ગચ્છની પટ્ટાવલિઓનો સંગ્રહ, બીજા પ્રબંધો, ઐતિહાસિક કાવ્યો વગેરે મૂલ સંશોધિત કરી પ્રગટ કરવાની અત્યંત જરૂર છે. શેઠ દેવચંદ લાલભાઇ પુસ્તકોદ્ધાર ફંડ, યશોવિજય ગ્રંથમાલા, જૈનધર્મ પ્રસારક સભા, આત્માનંદ સભા વગેરે પુસ્તકપ્રસારક સંસ્થાઓ આ કાર્ય ઉપાડી નહિ લે ?–તેમણે ઉપાડી લેવુંજ જોઇએ.

૫.

**જૈન કેળવણી ફંડનું કૉલમ**—આપણાં તીર્થોમાં જે જે પહોંચ રાખવામાં આવે છે તેમાં આ કૉલમ રાખવાથી તીર્થે જતા જાત્રાળુઓ ઘણા નીકળશે કે તે ફંડમાં આપવા તૈયાર રહેશે અને આથી ઉત્પન્ન થતા ફંડથી કેળવણીનાં ઘણાં કાર્યો થઇ શકશે. આ માટે જૈન એજ્યુકેશન બૉર્ડ તરફથી દરેક તીર્થના વહીવટદારોને તેમ કરવા વિનતિ કરીછે. હજુ તે વિનતિ સ્વીકારવાની મહેરબાની કરવાનું એક બે તીર્થના મેનેજરોએ કબૂલ્યું છે. બીજા તરફથી પણ તે પ્રમાણે બનવાની ખાત્રીભરી આશા રાખી શકાય છે. આ સંબંધી શું બન્યું તેની વિગત હવે પછી અમો પૂરી પાડીશું. બધાં તીર્થોમાં આમ થાય ને તેથી જે ફંડ આવે તે જૈન એજ્યુકેશન બોર્ડને મોકલાવી આપવાથી તેમાંથી બૉર્ડે હસ્ત ધરેલાં કામો સહેલાઇથી પાર પડી શકશે.

૬.

**લગ્નાદિ પ્રસંગોએ કેલવણી તથા બીજાં ખાતાંને મદદ—**

હમણાં અમદાવાદમાં આપણા પ્રખ્યાત શેઠ મોહનલાલ હેમચંદે પોતાના પુત્ર ભોળાભાઇના લગ્ન પ્રસંગે ન્યાત જમણ વગેરે કરવા ઉપરાંત કેલવણી અને બીજાં ખાતાને ભૂલી ન જઈ તેમને જૂદી જૂદી જાતની રકમો મોકલાવી છે એ માટે તેમનો અને તેમના સુપુત્રો રા. ચીમનલાલ તથા મણીલાલનો સમાજે ઉપકાર માનવો ઘટે છે. જે રકમો જે જે ખાતાંને મોકલાવી તેની ટીપ આ પ્રમાણે છેઃ—

૨૧૦૦ અમદાવાદ વિશા ઓસવાલ જ્ઞાતિના છોકરાઓને કેળવણીમાં—બાઇ જમુના તે શેઠ મોહનલાલ હેમચંદની મર્હુમ પત્નીના નામથી,

૧૦૦ મહાવીર જૈન વિદ્યાલય મુંબઇ, ૫૦, જૈન એસોસીએશન ઑફ ઇંડિયા–મુંબઇને નિરાશ્રિત તથા કેળવણી ફંડમાં,

૨૫ મુંબઇ માંગરોળ જૈન ભાભાને સ્ત્રી અને કન્યા કેળવણી ફંડમાં,

૭૫ લલ્લુભાઇ રાયચંદ જૈન બોર્ડિંગ–અમદાવાદને,

૫૦ અમદાવાદ પાંજરાપોળ. ૧૫ મહિપતરામ રૂપરામ અનાથાશ્રમ,

૧૦ અમદાવાદ અંધશાળા, ૧૦ નડિયાદ અનાથાશ્રમ,

૫ ફત્તેસિંહરાવ અનાથાશ્રમ વડોદરા, ૧૦ અમદાવાદ શ્રાવિકાશાળા,

૨૫ અમદાવાદ ગંગાબાઇ જૈન શાળાની કન્યાને ઇનામ આપવા,

૨૫ જૈન કૉન્ફરન્સ નિભાવ ફંડમાં,

આ રીતે ૨૪૫૦ રૂપીઆની રકમ કાઢી આપવી ને તે પરમાર્થપર લક્ષ રાખીને તે માટે શેઠ મોહનલાલે બીજા શ્રીમંતોને અનુકરણીય દૃષ્ટાંત પૂરૂં પાડયું છે. અમારા પરગજુ અને શ્રીમંત શેઠીઆઓ આ પ્રમાણે ઉત્તમ ખાતાંઓને પોતાના ઉત્સવના પ્રસંગોએ સંભાળશે તો તેમની કીર્ત્તિમાં વધારો થવા સાથે જનસમાજની પ્રગતિ થશે.

આ સાથે બીજી નોંધ લેતાં આનંદ થાય છે કે રંગુનના ડૉકટર પ્રાણજીવનના પુત્રના લગ્ન રાજકોટ થતાં ત્યાં તેમના તરફથી તે પ્રસંગે શેઠ રેવાશંકર જગજીવન ઝવેરીએ નીચેની સખાવત જાહેર કરી હતી:—

૫૦૧ દશા શ્રીમાળી વણિક તથા જૈન બોર્ડિંગમાં,

૨૫૧ પાંજરાપોળમાં, ૧૫૧ કાઠિયાવાડ બાલાશ્રમ,

૧૦૧ દશા શ્રીમાળી સુબ્દિ ફંડ ( કે જેમાંથી ફી તથા ચોપડીઓ ગરીબ વિદ્યાર્થીને આપવામાં આવે છે )

૭૫ સ્થાનકમાં ૫૧ જૈનશાળામાં—કુલ ૧૧૩૦

તેજ પ્રસંગે શેઠ રતિલાલ મોતીચંદ ઓધવજીએ પોતાની પુત્રીનાં લગ્ન નિમિત્તે ૨૫ તે બોર્ડિંગમાં ને ૨૫ પાંજરાપોળમાં આપ્યા હતા;

મહેતા એંડ કંપની લીલાંઉવાળા રા. ખીમચંદ અનોપચંદ મહેતાએ પોતાના લગ્ન પ્રસંગે ઉપરોક્ત બોર્ડિંગમાં ૧૦૧, પાંજરાપોળમાં ૫૧, અને સ્થાનકમાં ૫૧ આપ્યા હતા.

આ રીતે જમાનો સુધરતો જાય છે અને જમાનાને યોગ્ય પગલાં કેળવણીના પ્રસાર અર્થે ખાસ કરીને લેવાશે તો પ્રજાની ઉન્નતિ સારી રીતે સાધી શકાશે એ વાત નિ:સંદેહ છે. બીજા ખર્ચો કોઇને ફજૂલ લાગે છે અને કોઇને વ્યવહાર નજરે પ્રતિષ્ઠા વધારનાર હોઇ આવશ્યક લાગે છે. તો તેવાં ખર્ચો કરવાં કે ન કરવાં એ સૌ સૌની મુનસફી પર મૂકીએ છીએ, પણ તે સાથે કેળવણી ખાતાંને વિસારવાં ન જોઇએ. કેટલાક સુધારકો અમુક ખર્ચો ફજુલ છે એમ કહી તે ન ખરચતાં પૈસાનો બચાવ કરે છે અને સાથે બીજાં ઉપયોગી ખાતાંને પણ મદદ આપતા નથી તેથી બંને જાતની બાબતને ઉડાડી દે છે એ તો કોઇ રીતે તેમને શોભાસ્પદ નથી—બલ્કે સુધારક નામને કલંક આપનાર છે. સુધારો, સુધારો કરો એમ માત્ર મોટાં લાંબા લચ ભાષણો કરવાથી અને કંઠ બેસી જાય એટલા સાદથી પોકારવાથી સુધારો થઇ શકશે નહિ પણ કૃતિમાં સુધારો મૂકવાથી જ સુધારાની ગતિ વધારી શકાશે. નહિતો માત્ર દંભ, બડાઇ, બકબકાટજ છે. બીજું એ કે સખાવતનો માર્ગ ખરી દિશામાં વાળવાની જરૂર છે, અને તે હવે અહીં તહીં સમજાવા લાગ્યું છે એ જાણી અમોને આનંદ થાય છે. છેવટે અમે ઇચ્છીશું કે આપણા શેઠીઆઓ દાન આપવામાં ઉપરના ગૃહસ્થોનું અનુકરણ કરશે.

---

# રસમય ચુંટણી

### ગુજરાતી એકતા—ધર્મો સંબંધી કથન.

સમાલોચકના ફેબ્રુઆરી ૧૭ ના અંકમાં રા. રા. રણજીતરામ વાવાભાઇ મહેતાએ બહુ લાગણી અને પરિશ્રમથી ગુજરાતની એકતા સંબંધી લેખ લખ્યો છે ને અતિશય મનનીય છે તેમાંથી નીચેનો ધર્મો સંબંધી ઉલ્લેખ ઉપયોગી ધારી અત્ર નિવેદન કરીએ છીએ.

"ગુજરાતમાં જેટલા જૂદા ધર્મો છે એટલા કોઇ સ્થળે નહીં હોય. દુનીઆના સર્વે મોટા ધર્મો-બૌદ્ધધર્મ સિવાય-ગુજરાતમાં પ્રચલિત છે. હિન્દુ, જૈન, પારસી, મુસલમાન, ખ્રિસ્તી. આમ ધર્મની એકતા નથી. એક કાળ એવો હતો કે ધર્મની એકતા હોય તો જ

રાષ્ટ્રનું ચેતન જળવાતું અને પોષાતું. પણ હવે રાષ્ટ્રભાવના પોષનારાં બીજાં એટલાં બધાં બળો ઉત્પન્ન થતાં જાય છે કે ધર્મની ભિન્નતા અંતરાય રુપ નીવડતી નથી. ઈંગ્લંડમાં રોમનકેથોલીક અને પ્રોટેસ્ટંટ વસે છે છતાં સ્વદેશપરની પ્રીતિ બંનેની સરખી છે. બંગાળામાં હિન્દુ અને મુસલમાનો છે, છતાં બન્ને વચ્ચે સારો એખલાસ છે. પણ ધર્મો પરસ્પરના વિરોધી હોય ત્યારે પંચાતી પડે છે. આપણે ત્યાં છે એવું જ. હિન્દુ, ઇસ્લામ, ખ્રિસ્તી ધર્મ પરસ્પરના વિરોધી અને વિઘાતક છે. જૈન અને પારસી ધર્મ હિન્દુ જેવા એકમાર્ગી છે, તેમની સાથેનો ઇસ્લામ અને ખ્રિસ્તી ધર્મનો વિરોધ પણ જેવો તેવો નથી. સત્યનું મૂલ સ્થાન ઇશ્વર હોવાથી વિરોધો શમાવનાર પ્રયત્નોની પ્રેરણા પણ **ત્યાંથી** આવે છે. હિન્દુ અને જૈન ધર્મનો, હિન્દુ અને ઇસ્લામનો, હિન્દુ, ઇસ્લામ અને ખ્રિસ્તીનો, હિન્દુ, જૈન, પારસી, ઇસ્લામ અને ખ્રિસ્તી ધર્મોનો એકરાગ અને એકમેળ કરવા પ્રયત્નો થયા હતા અને થતા જાય છે. અકબર અને કબીર, રામમોહનરાય અને કેશવચંદ્રસેન, દયાનંદ સરસ્વતી, રાજચંદ્ર. મેડમ બ્લાવટ્સ્કી અને મિસિસ બેસંટે ઉદ્દેશ સાધવા કરેલા પ્રયત્નો મશહૂર છે. આ ઉપરાંત દેશ માટેનો પ્રેમ, સરખી કેળવણી અને તેમાંથી જન્મતી સરખી સંસ્કારિતા, એકભાષા અને સાહિત્યનો પરિચય, એકરાજ્યવ્યવસ્થા, સરખી આર્થિક વ્યવસ્થા, ધર્મોના વિરોધો શાંત પમાડી દે છે.

આ ધર્મો ધારે તો ગુજરાતની એકતા એમના વિરોધો છતાં સાધી શકે. દરેક ધર્મના સેવકો ગુજરાતમાં છિન્નભિન્ન વેરાયલા હોય છે. ધર્મને લીધે એમના મેળાવડા, ઉત્સવો, વગેરે થાય ત્યારે સ્થળે સ્થળેથી એકત્ર થઇ હરિભજન કરતી વખતે અમે ગુજરાતીઓ છીએ એવી ભાવના ધારે તો કેળવી શકે. શંકરજયંતિ સ્થળે સ્થળે ઉજવાય ત્યારે માત્ર અદ્વૈતવાદનું સમર્થન થાય કે બ્રાહ્મણોની એકતા અનુભવાય એમ નહીં પણ સાથે ગુજરાતની અને ગુજરાતીઓની એકતા પણ અનુભવાય. આવું જ વૈષ્ણવ અને જૈન અને આર્યસમાજની પરિષદોના સંબંધમાં બની શકે. ધર્મનાં મંદિરો બંધાય ત્યારે માત્ર ધાર્મિક લાગણીનો આવિર્ભાવ થાય એટલું જ નહીં પરંતુ સાથે ગુજરાતનું રાષ્ટ્રીય ચેતન પ્રગટ કરવું જોઇએ. સ્થાપત્યની કલા તેની છાપથી અંકિત હોવી જોઇએ. મંદિરોની ક્રિયાઓ* અને સદાવ્રતો ગુજરાતને જેબ આપે, ગૌરવ વધારે, સુખી કરે, બળ આપે એવાં થવાં જોઇએ. કોઇ મંદિરથી કે ધાર્મિક ક્રિયાઓથી ગુજરાતીઓને પોતાના અથવા પરદેશમાં શરમાવું પડે તો ગુજરાતને લાંછન લાગે માટે એવી વસ્તુઓ ફેરવવી જોઇએ.

ધર્મોમાં અવારનવાર સંમાર્જન થતું રહે-ચડેલા મળ ઉતારી નાંખવામાં આવે અને ચેતનપ્રદ સ્વચ્છતા અને કૈવત લાવવામાં આવે તો આ પ્રજાનું કલ્યાણ થાય છે. અસંમાર્જિત ધર્મથી માણસની બુદ્ધિ અને હૃદય ગુલામ થઇ જાય છે. જે દેશના માણસોનાં બુદ્ધિ હૃદય ગુલામ હોય તેમનો ઉત્કર્ષ સંભવતો નથી અને તેમના ધર્મનો પણ હ્રાસ થાય છે. આ સંસારમાંથી મોક્ષ અપાવવો, સ્વર્ગ અપાવવું એ ધર્મનો ઉદ્દેશ છે તો આ સંસારનાં જ બંધનો વધારે દ્દઢ એનાથી ન થવાં જોઇએ. બુદ્ધિ અને હૃદય સ્વતંત્ર રીતે વિકાસ પામતાં રહે તો ધર્મને, દેશને, રાષ્ટ્રને સૌને લાભ છે. આપણે ત્યાં ઘણી જ આછી આછી રીતે ધમમાં વળી ગયેલાં બંધનો છૂટતાં જાય છે, જ્યારે તે જલ્દી છૂટશે, લોકોનાં બુદ્ધિ અને

*ડાકોરનું મંદિર ગુજરાતીઓની લક્ષ્મી અને ભક્તિના પ્રમાણમાં ભવ્ય નથી; ત્યાં થતી ક્રિયાઓમાં સૌંદર્ય, પ્રતાપ, રહસ્ય નથી એ ગુજરાતીઓને ઓછું લજ્જાસ્પદ છે?

હૃદય ખરેખરી મુક્તિ અનુભવશે ત્યારે ધર્મનો ખરો ઉદ્દેશ સિદ્ધ થશે. ધર્મોની વચ્ચે રહેલી આકસ્મિક ભિન્નતા દૂર થશે અને એકરાષ્ટ્ર તરિકે સંઘમાં હરિસેવા કરીશું. પ્રભુની સેવામાં ભેદભાવ ભૂલી જઇશું, ઐક્યથી મળતા સામર્થ્યથી સુખી થઇશું. આપણા દેશબંધુઓ સાથે ચેતનમય સમાગમમાં આવવાથી એકબીજાની શક્તિ ખીલશે અને ઉન્નત શ્રેય પ્રાપ્ત કરવા આત્માની વાંચ્છનાઓ પ્રગટ થશે. વીર, પુણ્યશાળી, પ્રતિભાશાળી સ્ત્રીપુરૂષો અને પરાક્રમ, ભક્તિ, પ્રતિભા, સેવામાં યશોગાન ગવાશે એટલું જ નહી પણ એમને પ્રેરણા કરનાર ભાવનાઓની પૂજા થશે. પરિણામે રાષ્ટ્રના સમગ્ર જીવનમાં એ ભાવનાઓ ઓતપ્રોત ભળી જશે. રાષ્ટ્રનો આત્મા ખીલશે અને એક જમાનાની ભાવના, એક જમાનાનાં સ્વપ્નાં બીજા જમાનામાં કૃત્યો રૂપે પ્રગટ થશે. ''

# ધાર્મિક શિક્ષણનો ક્રમ.

( અગાઉના એક અંકથી સંપૂર્ણ. )

## (૪)—કોલેજનો સમય.

( ઉમ્મરઃ ૧૭-૨૧ વર્ષ. )

ધર્મની તત્ત્વદૃષ્ટિએ પર્યેષણા કરવાનો આ સમય છે.

### (अ)—પ્રીવિયસ.

૧. ધર્મસંગ્રહ[૧] તથા યોગશાસ્ત્ર.
૨. શ્રી યોગદષ્ટિ સ્વાધ્યાય.

### (ब)—ઇન્ટરમીડિએટ.

૧. શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર[૨] તથા આગમસાર.[૩]

---

૧. ધર્મસંગ્રહનો વિષય ઘણે ભાગે યોગશાસ્ત્રમાં ટુંકામાં આવી જાય છે. ધર્મસંગ્રહમાંથી માત્ર શ્રાવકધર્મને લગતા વિભાગનો અત્રે અભ્યાસ કરવાનો છે.

૨. શ્રી તત્વાર્થસૂત્ર ઉપર દિગમ્બર પંડિત શ્રી સદાસુખદાસજીની ' અર્થ પ્રકાશિકા' નામની હિન્દુસ્તાની ભાષામાં લખેલી સરળ ટીકા આવે છે કે જે જિજ્ઞાસુને માટે અતિ ઉપયોગી છે. તેમાં ગુણસ્થાનકોનો ક્રમ તથા કર્મગ્રંથોમાંની ઘણી ઉપયોગી બાબતો આવી જાય છે. તેનો ત્રીજો તથા ચોથો અધ્યાય ગણિતાનુયોગને લગતો હોઇ પ્રથમ વાંચન વખતે મૂકી દેવામાં હરકત નથી. એ પુસ્તક ઘણે ભાગે શ્વેતાંમ્બર તથા દિગમ્બર બન્ને સંપ્રદાયોને સામાન્ય છે. ક્યાંઇક કોઇ કોઇ ખાસ દિગમ્બર સિદ્ધાન્ત આવે છે તે વિષે વિદ્યાર્થીએ વિવેક કરવાનો છે. શરૂઆતમાં જ કહેલું છે કે કોલેજના સમયમાં શાસ્ત્રીય મંડન કે ખંડનની દૃષ્ટિએ –Critically– ધર્મનો અભ્યાસ કરવાનો છે. એટલે પછી શ્વેતામ્બર, દિગમ્બર, યા બૌદ્ધએ તે અન્ય દર્શની રચિત ગ્રંથ હોય તેનું અવલોકન કરવામાં કાંઇ બાધ નથી. જો કોઇ સિદ્ધાન્ત પોતાને અનુકૂળ નહિ હોય તો શાસ્ત્રીય રીતે તેનું ખંડન કરવામાં કાંઇ હરકત નથી. એજ દૃષ્ટિએ અમે જુનિઅર બી. એ. માં 'જ્ઞાનાર્ણવ' મૂકેલ છે. એ ગ્રંથનું અપર નામ 'યોગાર્ણવ' છે; અને તેના નામાનુસાર તે ખરેખર જ્ઞાનનો–યોગનો મહાસાગરજ છે. યોગપ્રદીપ, ધ્યાનદીપિકા, અને મરહુમ મી. વીરચંદ રાઘવજીએ જે 'સવીર્ય ધ્યાન ' લખેલ છે તથા મી. લાલને જે 'શુદ્ધોપયોગ' લખેલ છે તે વગેરે એ ગ્રંથના અંશમાત્ર છે.

૩. આગમસાર એ શ્રી તત્ત્વાર્થના સારરૂપ હોઇ અત્રે ફરી મૂકેલ છે.
૨. શ્રી આનંદઘનજીની ચોવીસી.

### (क)—જુનિઅર બી. એ.

૧. જ્ઞાનાર્ણવ.[૧]
૨. સમાધિશતક તથા સમતાશતક.

### (ड)—સીનિઅર.

૧. સ્યાદ્વાદ મંજરી[૨] તથા આત્મસિદ્ધિ.[૩]
૨. દેવચંદ્રજીની ચોવીસી.

### (ई)—એમ. એ.

૧. છ કર્મગ્રંથ.
૨. સમયસાર નાટક.

જેમણે હાઇસ્કુલમાં ધર્મનું કાંઇ પણ શિક્ષણ લીધું ન હોય તેમણે પ્રીવિયસનો અભ્યાસ કરતી વખતે યોગશાસ્ત્રને બદલે નવતત્ત્વ, મોક્ષમાળા[૪] તથા પુરૂષાર્થસિદ્ધિ ઉપાયનું[૫] અધ્યયન કરવું. આ પુસ્તકો નાનાં છે એટલે વિદ્યાર્થીમાં ખંત તથા ઉત્સાહ હશે તો એક વર્ષમાં તે બધાં પૂરાં થઇ શકશે. યોગશાસ્ત્રનો વિષય, આગળ જ્ઞાનાર્ણવમાં આવી જશે એટલે તેને મૂકી દેવામાં કાંઇ હરકત નથી.

---

૧. જુનિઅર બી. એ. માં સૂચવેલ ગ્રંથોને બદલે જોઇએ તો ઉપમિતિ ભવપ્રપંચ તથા છ કર્મગ્રંથનું અધ્યયન કરવું, અને એમ. એ માં કર્મગ્રંથોને બદલે સમ્મતિ તર્કનું અધ્યયન કરવું.

૨. સ્યાદ્વાદ મંજરીની સાથે સાથે ષડ્દર્શન સમુચ્ચયનું અવલોકન કરવાની વિદ્યાર્થીને, ખાસ ભલામણ છે.

૩-૪-૫. અહિંસાનું રહસ્ય સમજવા માટે 'પુરૂષાર્થસિદ્ધિ' અતિ ઉપયોગી છે, 'આત્મસિદ્ધિ' પુનરાવર્ત્તન કરી વિશેષ વિચારાર્થે અત્રે રાખેલ છે. ધર્મનાં ઉંડાં રહસ્યો નવીન શૈલીએ સરળપણે સમજાવવા ઉપરાંત, આધુનિક કેળવણી પામેલા વિદ્યાર્થીઓને ધર્મથી ચ્યુત થવાનાં જે કારણો છે અથવા ધર્મમાં શંકા પામવા જેવા જે વિષયો છે, જેવા કે, સાધુએ સ્નાન કરવું નહિ, રાત્રી ભોજન કરવું નહિ જિનેશ્વરની ભક્તિ કરવી, સામાયિક પ્રતિક્રમણાદિ આવશ્યકો કરવાં, વિગેરે—તેમનો 'મોક્ષમાળા' માં બહુ યુક્તિપુરઃસર ખુલાસો કરેલ છે. આત્માનું આસ્તિત્વ, નિત્યત્વ, કર્તૃત્વ વગેરેની સિદ્ધિ કરી નાસ્તિકતા તથા જડવાદનો ઉચ્છેદ, કોઇપણ અન્ય દર્શનીનું મન ન દુઃખાય એવી માધ્યસ્થ તથા નિર્પેક્ષ શૈલીથી 'આત્મસિદ્ધિમાં' કરેલ છે. સારી સમજ શક્તિવાળા જિજ્ઞાસુને ધર્મમાં પ્રવેશ કરાવવા માટે, સમકિતના 'સ્થિરીકરણ' નામના અંગને પુષ્ટ કરવા માટે તથા કદાગ્રહરહિત તત્ત્વદૃષ્ટિ પમાડવા માટે શ્રી મોક્ષમાળા તથા આત્મસિદ્ધિ એ અદ્વિતીય ગ્રંથો છે એમ આ લેખકની માન્યતા છે. એ બન્ને ગ્રંથોના અવલોકનથી ધર્મમાં Rational faith ભાવશ્રદ્ધા ઉત્પન્ન થાય છે.

કૉલેજમાં critical study કરવાનો છે એમ ઉપર કહેવામાં આવ્યું છે; એટલે કોઇપણ વિચાર યા સિદ્ધાંતની કસોટી કરવામાં વિદ્યાર્થીને કાંઇ બાધ નથી. વળી આપણા સિદ્ધાન્તોની વિરૂદ્ધ કેટલીએક બાબતો સરકારી વાંચનમાળામાં આવે છે છતાં આપણાં

આ પ્રમાણે અમે અમારી અલ્પમતિ અનુસાર ધાર્મિક શિક્ષણના ક્રમ સૂચવેલ છે. અત્રે જે પુસ્તકોનાં નામ આપ્યાં છે તે વિદ્યાર્થીની અપેક્ષાએ છે. શિક્ષકે પોતે, યોગ્ય રીતે શિક્ષણ આપી શકે તે માટે, તદ્ ઉપરાંત અન્ય ઘણા ગ્રંથો અવલોકવાની જરૂર છે એ દેખીતું છે. કૉલેજ છોડયા પછી પણ, post-graduate studies અથવા second interest in life તરીકે, ધર્મનો અભ્યાસ ચાલુ રાખવાનો હોય છે, એ પ્રસંગવશાત્ અત્રે જણાવીએ છીએ. કૉલેજના વિદ્યાર્થીઓને માટે ઉપર સૂચવેલ અભ્યાસક્રમ આપણી બૉર્ડિંગોમાં અમલમાં મૂકવાનો છે. તે માટે પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાન તથા ષડ્દર્શનના જ્ઞાતા એવા તત્ત્વરસિક અનુભવી પુરૂષની 'વાચક' તરીકે યોજના થવી જોઇએ.

* * * *

આપણા શ્વેતામ્બરોમાં હાલ ક્રિયાજડતા—અજ્ઞાન ક્રિયા બહુ વધી ગઇ છે અને જ્ઞાન પ્રાયે લુપ્ત થઇ ગયેલ છે. જ્યારે દિગમ્બરોમાં જોશો તો ઘણાખરા શ્રાવકો તત્ત્વના સારા જાણકાર માલમ પડશે—શ્રી તત્ત્વાર્થસૂત્રનું અધ્યયન તો તેમણે ઘણે ભાગે કર્યુંજ હશે. તેમના પંડિતોની સાથે આપણા ઘણાખરા સાધુઓ પણ જ્ઞાનમાં તુલના કરી શકશે નહિ. આવી વિષમ વસ્તુસ્થિતિ છે, જે નિરખી અમારૂં હૃદય દ્રવ્ય ઉકળાવા લાગ્યું છે અને હવે અમે તે કરૂણાજનક સ્થિતિ વધુવાર જોઇ શકતા નથી. દિગમ્બરો માટે જેમ ક્રિયાઉદ્ધારની આવશ્યકતા છે તેમ આપણા માટે જ્ઞાનોદ્ધારની અત્યંત આવશ્યકતા છે.

વિવેકદીપ હૃદયે પ્રકટયા વિના, કુમતિનો ત્યાગ થયા વિના, વિરતિરૂપી દૂતીનો આશ્રય લીધા વિના અનાદિ કાળથી રીસાઇ ગયેલી સમતા સુંદરી મનાવાની નથી એવો શ્રીમાન્ આનંદઘનજીના પદોનો આશય છે. પરંતુ એ વિરતિ તે દુ:ખગર્ભિત કે મોહગર્ભિત નહિ પણ જ્ઞાનગર્ભિત હોવી જોઇએ અને એટલા માટેજ જ્ઞાનોદ્ધારની અમે જરૂર કહીએ છીએ. વિરતિ અને ક્રિયા એ બન્ને ભિન્ન વસ્તુઓ છે, વિરતિ એ જ્ઞાનનું—સમ્યક્જ્ઞાનનું—ફળ છે,

---

બાળકોને આપણે તે શીખવા દઇએ છીએ. એસ્પ્લાનેડ તથા ગોકુલદાસ તેજપાળની હાઇ સ્કુલોમાં આપણા વિદ્યાર્થીઓને હિંદુ ધર્મ શીખવવામાં આવે છે તે માટે આપણે કાંઇ વાંધો લેતા નથી, વિલ્સન કોલેજમાં ક્રિશ્ચિયન ધર્મ ફરજીયાત શીખવવામાં આવે છે છતાં આપણે આપણા છોકરાઓને ત્યાં મોકલીએ છીએ. યુનિવર્સિટિના અભ્યાસક્રમમાં ઋગ્વેદ તર્કસંગ્રહ આદિ અન્ય દર્શનીઓના ગ્રંથો તથા કૉમ્ટ આદિ જડવાદીઓના સિદ્ધાન્તોનો અભ્યાસ કરાવવામાં આવે છે અને તે આપણા વિદ્યાર્થીઓ કરે છે તેમાં આપણને હરકત આવતી નથી. આમ છતાં શ્રીમાન રાજચંદ્ર જેવા ઉત્તમ શ્રાવક તથા તત્વજ્ઞાનીના આ દેશકાળને ખાસ અનુકૂળ પુસ્તકો માટે આપણને વાંધો હોય એ અમને તો એક પ્રકારનો મિથ્યા કદાગ્રહ—સાનુબંધ કલેશના મૂળરૂપ અભિગ્રહ મિથ્યાત્વ યા અભિનિવેશ મિથ્યાત્વ—જણાય છે. એક બાળકની પાસેથી પણ હિતશિક્ષા ગ્રહણ કરવી એવો શાસ્ત્રનો આદેશ છે તો જ્યાંથી સત્ય પામી શકાય ત્યાંથી તે ગ્રહણ કરવામાં કોઇને અંતરાય પાડવો એ ભવભીરૂ જીવને મુદ્દલ યોગ્ય નથી.

આશા છે કે આપણા બંધુઓ દોષદૃષ્ટિ તજી રાજહંસની માફક અમારા કહેવાનું તાત્પર્ય ગ્રહણ કરશે.

જ્યારે ક્રિયા[1] તે જ્ઞાનની દાસી છે. પુરૂષ ને પત્નિ વચ્ચે અથવા પાણી ને પતાસા વચ્ચે જેવો સંબંધ છે તેવોજ જ્ઞાન ક્રિયા વચ્ચે સંબંધ છે. માટેજ શ્રીમદ્ યશોવિજયજીએ કહ્યું છે કે-" ક્રિયા જ્ઞાન દોઉ મિલત રહતુ હૈ જ્યોં જલરસ જલમાંહી."

એજ મહાનુભાવના શબ્દોમાં કહીએ તો—

"સ્યાદ્‌વાદ પૂરન જો જાને, નયગર્ભિત જસ વાચા,
ગુન પર્યાય દ્રવ્ય જો બુઝે, સોઇ જૈન હૈ સાચા,
ક્રિયા મૂઢમતિ જો અજ્ઞાની, ચાલત ચાલ અપૂઠી,
જૈન દશા ઉનેમેંહી નાહી, કસે સો સબહી જૂઠી.
પર પરનતિ અપની કર માને, કિરિયા ગર્વે ઘેહેલો,
ઉનકું જૈન કહો કયું કહિયેં, સો મૂરખમેં પહિલો."
" જ્ઞાન સકલ નય સાધન સાધો, ક્રિયા જ્ઞાનકી દાસી,
ક્રિયા કરત ધરતું હૈ મમતા, યાહિ ગલેમેં ફાંસી."
"તત્વબુદ્ધિ જિનકી પરનતિ હૈ, સકલ સૂત્રકી કુંચી,
જગ જસવાદ વદે ઉનહીંકો, જૈન દશા જસ ઉંચી."

આપણા પૂર્વાચાર્યોએ સાધુવર્ગને શિથિલાચારી થઇ ગયેલા જોઇ જેમ ક્રિયાનો પુનઃ ઉદ્ધાર કર્યો હતો તેમ આપણા પૂજ્ય પવિત્ર મુનિરાજો તથા શાણા-શિષ્ટ શ્રાવકો સમયને ઓળખી જ્ઞાનોદ્ધાર કરવા પોતાનાં તન મન ધન સમર્પણ કરશે તોજ જૈનોનો ઉત્કર્ષ થવા સંભવ છે. જ્ઞાનોદ્ધાર થશે તોજ ક્રિયામાં અવંચકપણું આવશે, એટલે જ્ઞાનોદ્ધારના પરિણામે પુનઃ યથાર્થ ક્રિયાઉદ્ધાર થઇ જશે.

પરંતુ પ્રો. આનન્દશંકર[2] કહે છે તેમ આપણા દેશનો ધાર્મિક ઉદ્ધાર કરવાનું બળ તો ખરેખરૂં ત્યારેજ આવશે કે જ્યારે આપણા ગ્રેડયુએટો આપણા પ્રાચીન ગ્રંથોનો અભ્યાસ કરશે, તે ઉપર અન્તરના તેજ અને ઉત્સાહથી ભર્યાં વ્યાખ્યાનો આપશે, શુદ્ધ શ્રદ્ધા તથા ભક્તિવડે શ્રી વીરના નામને પોતાના જીવનનો મંત્ર કરી જપશે તથા જપાવશે, સાદું જીવન ગાળશે, અને પ્રતિદિન પોતાનો ધાર્મિક અનુભવ વધારે ઉચ્ચ, ગંભીર અને વિશાળ કરતા જશે. ગ્રેડયુએટ વર્ગથીજ આપણા સનાતન ધર્મનો ખરેખર ઉદ્ધાર થઇ શકશે. જગતના વર્તમાન જીવન તેઓજ જાણે છે; અને સનાતન ધર્મને અજ્ઞાનના કૂપમાંથી કાઢી કયાં મૂકવો એનું ખરૂં સ્થાન તેઓ સમજે છે.

અમે ઇચ્છીએ છીએ કે આપણા ગ્રેડયુએટો પોતાનું આ કર્ત્તવ્ય ઝટ સમજી પ્રમાદ ત્યજી સન્માર્ગે સત્વર પ્રયાણ કરશે અને પોતે ધર્મનો મર્મ પામી આપણા ધાર્મિક ઉદ્ધાર માટે આત્મવીર્યની સ્ફુરણા કરશે, અને સૌજન્યતા, ઉદાર દૃષ્ટિ, અખૂટ ઉત્સાહ તથા અડગ નિશ્ચયના બળથી પૂર્ણ પ્રેમે સ્વાર્પણ કરવામાં પોતાનું શૌર્ય દાખવશે.

વર્તમાન વિદ્યાર્થીઓ એજ ભવિષ્યના ખરા ગુરૂઓ બનશે. માટે એમના ધાર્મિક

---

૧ 'ક્રિયા' શબ્દનો ઉપયોગ હાલના પ્રચલિત અર્થમાં અત્રે કરેલ છે,

૨ જુઓ, વસન્ત, ફાલ્ગુન, ૧૯૬૬, દિગ્દર્શન પ્રો. આનન્દશંકરના એ વિચારો પ્રત્યેક ગ્રેજ્યુએટે ખાસ મનન કરવા યોગ્ય છે.

શિક્ષણનો ક્રમ નકી કરવો એ મ્હોટી જવાબદારીની વાત છે. તેમ કરવામાં સૂક્ષ્મ વિવેક, પરિપકવ વિચાર તથા દીર્ઘ કાળના મનન—પરિશિલનની જરૂર છે એ અમે જાણીએ છીએ; છતાં પ્રસંગ પ્રાપ્ત થયે પોતાની ફરજ બજાવવી એ અમારૂં કર્તવ્ય સમજી અમે આજે લગભગ છ વર્ષે અમારા આ વિચારો જાહેરમાં મૂકીએ છીએ. કાંઇપણ ઉતાવળ કે સાહસ કર્યા વિના, શાન્તિપૂર્વક નિર્પક્ષપણે સૂક્ષ્મદષ્ટિથી તે અવલોકવા વિવેકી વાચકવર્ગને વિનંતિ છે. આપણા ધાર્મિક ઉદ્ધારનો મહા યત્ન સાધવામાં અમે સૂચવેલ અભ્યાસક્રમ કોઈ પણ રીતે થોડો ઘણો પણ સ્હાયકારી નિવડશે તો અમે અમને કૃતકૃત્ય માનીશું.—ઓમ શાંતિ ! શ્રી શિવમસ્તુ !

—સ્વ૰ ગોવિન્દજી મૂલજી, મહેપાણી. બી. એ. એલ્ એલ્ બી.

# સાત નયનો રાસ.

શ્રી ગુરૂચરણ કમલ અનુસરી, શ્રી શ્રુતદેવી રીદય ધરી.
તત્વરૂચીનઇ બોધન કાજિ, કરૂં નયવિવરણ ગુરૂ સાહાજિ. ૧
સૂત્ર અર્થ સવિનય સંમતિ, સંદરભિત છઇ શ્રી જિનમતિ,
આવશ્યક નિર્યુક્તિ અસ્યું, દેખી કહિવા મન ઉલ્લસ્યું. ૨
નયેં કરીનેં સયન્ન પયત્થ, વિચારવા બોલ્યા છે તત્થ,
નય વિચાર કરવો તે માટિ, જિમ પામો સમકિતની વાટિ. ૩
જો એણેં ન વિચારે અર્થ, તો તસ સૂત્ર ભણ્યાં સવિ વ્યર્થ.
યુગતાયુગતિ ભાસેં વિપરીત, મહાભાષ્યે માંહીં કહી રીતિ. ૪
સૂત્રે કહ્યું ષડવિધ વ્યાખ્યાન, તેહમાં એહવી પદાદિક ભાંન,
ગ્રંથ વિશેષાવશ્યકે અસ્યું, તે પંડિત જન રીદયે વસ્યું. ૫
શ્રુતજ્ઞાંન ઇતિ એહને અધીન, એહથી હુઇ નિજમતિ પીન,
એ ચઉથો અનુયોગ દુઆર, એહનો છે બહુલો વિસ્તાર. ૬
ચરણ કરણ જે ધરતો સદા, સ્વસમય સંભાલેં નવિં કદા,
નિજપર સમય વિવેચન કરી, આત્મતત્વ ન નિહાળેં ફિરી. ૭
ચરણ કરણ તસ જાઇ વહ્યું, સંમતિ ગ્રંથમાંહિં ઇમ કહ્યું,
નય વિચારથી તેતો હોય, તે માટિ અભ્યાસો સોય. ૮
ભાવન જ્ઞાનેં એહથી મિલેં, સુદ્ધ મારગિ દુરમતમતિ ટલે,
વિસંવાદ વરજીત હુઇ બુદ્ધિ, સકલ તત્વની પામે શુદ્ધિ. ૯
નય લખ્યણ દૃષ્ટાંત સ્વરૂપ, જાણી માંહોમાંહિં વિરૂપ,
અનેકાંતપણે આદરો, મિથ્યામત દૂરેં પરિહરો. ૧૦
મહાભાષ્ય તત્વાર્થ ભાષ્ય, સંમતિ પ્રમુખની લેઇ સાખિં,
શ્રી ગુરૂ વચન થકી પણિ લહી, નયપરમાર્થ કહું ગહગહી. ૧૧

## ઢાલ રાગ આશાવરી.

(નમો નમો શ્રી શેત્રુંજ ગિરવર એ દેશી.)

પ્રસ્તુત વસ્તુ તણો અંશગ્રાહી, અનિરાકૃત પ્રતિપખ્યરે,
અધ્યવસાય વિશેષ જે એહવો, તે નય કહીઇ લખ્યરે.
શ્રી જિનપ્રવચનશું રંગ કીજે, જિય મિથ્યા મત ખીજેરે,
રાગ દ્વેષનો નાશ કરીજે, કેવલગ્યાન લહીજેરે. શ્રી જિન. આંચલી ૧૩
જે પ્રતિપખ્ય તણો પ્રતિખેપી, તેહનેં દુરનય જાણોરે,
ઇમ નય દુરનય જાણી પટંતર, જિનમત કીજે પ્રમાણોરે. શ્રી ૧૪
નય, પ્રાપક, સાધક, નિરવરતક, નિરભાસક ઇતિ ભાષરે,
ઉપલંભક, વ્યંજક, એક અર્થા, ઇતિ તત્વાર્થ ભાષ્યરે. શ્રી ૧૫
દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક ઇતિ, મૂલ ભેદ તસ્સ દોયરે.
દ્રવ્યજ અરથ વિષય છે જેહને, તે દ્રવ્યાર્થિક હોયરે. શ્રી. ૧૬
એ પરમાર્થે દ્રવ્યજ વંછે, પજ્જયને ઉપચારિરે,
સામાન્ય રૂપેં અનવસ્થાનેં, નહીં અરથાંતર કયારિરે. શ્રી. ૧૭
આવિર્ભાવ તિરોભાવ માત્રેં, પરિણામે દ્રવ્યજ નાન્યરે,
ઉતફણ કુંડલિતાદિ અવસ્થા નહી અહિ દ્રવ્યથી અન્યરે. શ્રી. ૧૮
જો દ્રવ્યથી પર્યાય ભિન્ન તો, હુઇ અવયય નિજમાત્રરે
તથા ભિન્ન વેદશે પણ લહીએ, ઇયતે કલ્પિત માત્રરે. શ્રી. ૧૯
બીજો પજ્જય વિષયી માને, લયપખ્ખ પરકાશનિ વૃત્તિરે,
તદભાવે દ્રવ્ય ઉપચારી, ગુણસંતાનેં નિત્તિરે. શ્રી. ૨૦
પજ્જયથી નહીં દ્રવ્ય અનેરો, તહ ઉવલંભ અભાવેરે,
જીવાદિકના ગ્નાના હિકગુણ તૈલ ધારયરિં થાવેરે. શ્રી. ૨૧
કલ્પિતમાત્રે ષષ્ટી સંભવ, રાહુના શિરયરિ વેદરે,
કારણ કાર્યેં નિત્યાનિત્યેં, સંતતિ ગુણનેં ભેદરે. શ્રી. ૨૨
કોઇ કહેં દવ્વ પજ્જવ નયરે, સંમત દોવિ પયત્થરે,
પણિ આદિમ એકાંત અભેદે, ભેદેં અંતિમ તત્થરે. શ્રી. ૨૩
તેહ મૃષાગુણ ગુણિ દોય હોવે, પર્યાય માત્ર અભેદેરે,
ભેદેં અંત્યનયે દ્રવ્ય ગ્રહતે, દ્રવ્યાર્થિક કુણ વેદેરે. શ્રી. ૨૪
એહ વિશેષાવશ્યક ગ્રંથિં ભાખ્યો સાર વિચારરે,
યથાસૂત્ર સર્દ્દહણા ધરતાં, લહીએ માન ઉદારરે. શ્રી. ૨૫

ઇતિ દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક નયસ્વરૂપં.

અથ ઉત્તરભેદ કથનં.

## ચાલ રાગ સામેરી ચાલિ.

દ્રવ્યાર્થિકના ચઉભેય, શ્રી જિનભદ્રાદિ કહેય,
નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર ચોથો મનિ ધારિ. ૨૬

એક દ્રવ્યાવશ્યક ભાષી, ઋજુસૂત્ર સૂત્રેં ઇતિ સાખી,
ઋજુસૂત્ર વિના નય તીન, સિદ્ધસેન મતે દ્રવ્ય લીન. ૨૭
એ સદાવશ્યક પર્યાયેં, દ્રવ્યપદ ઉપચાર કહાયેં.
શબ્દ સમભિરૂઢ એવંભૂત, પર્યાયાર્થિકેં અનુસ્યૂત. ૨૮
સિદ્ધસેન મતે નય ચ્યાર, પર્યાયાર્થિકના પ્રકાર,
એ ઉત્તર ભેદ છે સાત, તત્ત્વાર્થ પ્રમુહથી ગ્યાત. ૨૯
એકત્વં અંતિમ નય તીન, શબ્દ નામે અંતરલીન,
આદેશાંતરિ તવ પંચ; એહનો છે બહુલ પ્રપંચ. ૩૦
ભેદાભેદ તણી વિવખ્યાઇ, પ્રત્યેકેં નય તસ થાઇ.
સપ્ત ભંગી જો અભ્યાસે, તો સમકિત વાસના વાસે. ૩૧
મુખ્યવૃત્તિ દ્રવ્યાર્થિક, ગુણગુણિને અભેદે કથક,
અન્યોન્યેં જે તસ ભેદરે, ઉપચાર વલે તે વેદ, ૩૨
પર્યાયાર્થિક મુખ્ય વૃત્તિં, ભેદ માને તેહનો નિત્તિં,
ઉપચારેં તાસ અભેદ, મનિ ધારો ધરી ઉમેદ. ૩૩
ગ્રહે મુખ્ય અમુખ્ય પ્રકાર, નય જે હોય ધર્મપ્રચાર,
કલ્પી જે તે અનુસારરે, તસ વૃત્તિ અને ઉપચાર. ૩૪
ભિન્ન વિષય ન ભાષ્ય જેહ, નય જ્ઞાનમાં સર્વથા તેહ,
પરનય નિરપેખી માટિ, જાવે મિથ્યામત વાટિ. ૩૫
એહ છે મહાભાષ્યેં વિચાર, સંમતિ સંમતિ પણિ ધાર,
સ્યાદ્વાદ મતેં અનુસરે, જિમ શિવ વધુલીલા વરે. ૩૬

ઇતિ મૂલ નય જાણીતિ ભેદકથનં.

અથ સપ્ત નય દૃષ્ટાંત કથનં.

## ઢાલ ૪ રાગ મારૂણી. રાયપદ મરથ એ દેશી.

એ નય સપ્તક હુઈ, વિશુદ્ધ યથા ક્રમેરે પ્રસ્થંકવસતિ પ્રદેશ
દૃષ્ટાંતે કરી ભાવો નિજ અનુભવ કરીરે નિસુણી શાસ્ત્રનો લેશ. ૩૭
ભવિજન સાંભળોજી નય સમુદાય, આયતી સમુદયનો કારકોરે—આંચલી
વનગમ દારૂ છેદન છોલન કોરવેરે, મૃદુ કારણે ઉદભેદ.
એહસ્થલે નૈગમ વ્યવહારહ નય તણારે, સુદ્ધ યથાન્તર ભેદ— ભ૦ ૩૮
સંગ્રહ ચિતમિત ધાન્યાદિક ભૃતનેં કહેરે, નહીં ન્યૂનાધિક રિત્ત;
માન્ય મેયો ભયને ઋજુસૂત્ર કહે નહીરે, એકે માનો પત્તિ— ભ૦ ૩૯
પ્રસ્થક ભાવે પરિણત આતમ પ્રસ્થકોરે, શબ્દાદિક મત એહ;
પ્રસ્થક જ્ઞાયક પ્રસ્થક કરતૃક જ્ઞાનથીરે, નહી અતિરિક્ત કો તેહ—ભ૦ ૪૦
લોક પ્રભૃતિ ગૃહ કોણ લગેં નિવસન કહેરે, નયનેગમ વ્યવહાર;
સંગ્રહ સંથારા વૃત ષેત્ર પ્રદેશ કરે, અન્ય સકલ ઉપચાર. ભ૦ ૪૧

જે આકાશ પ્રદેશે સ્વય અવગાઢ છેરે, ઋજુસૂત્ર માને તિહાંય;
તેહ પણ વર્તમાન સામાયિકી જાણવીરે, પ્રતિષ્યણ થિરતા કિહાંય. ભ૦ ૪૨
આતમભાવે આતમ વસતિ ન પર દ્રવ્યેરે, ઇમ શબ્દાદિક ભાવ;
વિણ સંબંધે નહિ અન્યનો અન્પસ્થલેરે, આધારાધેય ભાવ. ભ૦ ૪૩
પંચાસ્તિકાયને દેશ એ છનો પ્રદેશ છેરે, ઇમ નૈગમ કહણાર;
દેશ વિના પંચનો હુઇં કહે સંગ્રહ નયોરે, પણવિહ ઇતિ વ્યવહાર. ભ૦ ૪૪
પ્રત્યેકેં પણુવિધની હુઇ પ્રસંજનારે, ઇતિ ઋજુસૂત્ર કહેય;
તે માટે પંચનો ભજનાઇ ભાખવોરે, હવે શબ્દ વદેય. ભ૦ ૪૫
તેહને વિષે તથા તેહજ તેહનો પ્રદેશકારે, અન્યથા ન હુઇ નિર્દેશ;
સમભિરૂઢ વદે હુઇ સપ્તમી ભેદિકારે, તેહજ તેહનો પ્રદેશ. ભ૦ ૪૬
એવંભૂત મતે સવિ દ્રવ્ય અખંડકારે, નહિ દેશાદિ પ્રકાર;
ઇમ દષ્ટાંત ઘટાદિક દ્રવ્યે ભાવતાંરે, હુઇ સુમતિ વિસ્તાર. ભ૦ ૪૭

ઇતિ સપ્તનય દષ્ટાંત દર્શનં.

અથ નૈગમ સ્વરૂપ કથનં.

**ઢાલ ૫ રાગ સારિંગ મલ્હાર.**

ઇડ રે આંબા આંબલીરે—એ દેશી.

હવે નૈગમાદિક નયતણાંરે, લક્ષણ વિવરી કહીશ,
વિણ લક્ષણ કિમ જાણીએરે, વસ્તુ સ્વરૂપ વિશેષ. ૪૮

ચતુર નર નિસુણોશ્રી જિનવાણી,
એતો સવિનય રયણ નિશાણી. ચતુર આંચલી

નિગમ નામ સંકલ્પકારે, તદ વિષયી અભિપ્રાય,
તે નૈગમ નામ ભાખીએરે, ક્રમ વિશુદ્ધ બહુ થાય. ચતુર ૪૯
સામાન્ય ને વિશેષ નેજી, માને યુક્તિ તસ એહ,
નિત્ય અખંડ અનેક ગંરે, હુઇ સામાન્યહ તેહરી. ચતુર ૫૦
એકાકાર પ્રત્યય તણોરે, હેતુ દ્રવ્યાદિક વૃત્તિ,
નહિતોભિન્ન વિલક્ષણેરે, કિમસન ઇતિ અનુવૃત્તિ. ચતુર ૫૧
ઇતિ ગોત્વાદિક માનવાંરે પણ સામાન્ય વિશેષ,
સ્વજાનીય વિજાતીએરે, વૃત્તિ વ્યાવૃત્તિ વિશેષ- ચતુર ૫૨
તુલ્ય સંસ્થાનાદિક છતેરે; હુઇ વ્યાવૃત્તિ બુદ્ધિ,
તસ કારણ પરમાણુંએરે, વરતીં વિશેષની શુદ્ધિ. ચતુર ૫૩
હવે સિદ્ધાંતી વદે યદારે, સામાન્ય બુદ્ધિતુ હેત્ત.
સામાન્ય તો ગોત્વાદિકેરે, તહ વિશેષે લહેત. ચતુર ૫૪
જો જેણે વિશેષીએરે, બુદ્ધિ વચન તે વિશેષ,
તો પર અપર સામાન્યનેરે, માન્યો જોઇએ વિશેષ. ચતુર ૫૫

તે માટિ જે વસ્તુનોરે, હુઇ સમાન પરિણામ,
તે સામાન્ય જે વિસદૃશેરે, તેહ વિશેષતું નામ. ચતુર ૫૬
અનુવૃત્તિ વ્યાવૃત્તિ બુદ્ધિનોરે, હેતુ તેહજ પર્યાય,
ઇતિ અરથાત વસ્તુથીરે, કિમ એકાંતે કહાય. ચતુર ૫૭
એહ વિશેષાવશ્યકંરે, છે સઘલો વિસ્તાર,
નૈગમ નિક્ષેપા તણારે, માન એ ચાર પ્રકાર. ચતુર ૫૮
ઘટ ઇતિ નામ તે ઘટજ છે રે, વાચ્ય વાચકને અભેદિ,
હુઇ નિયતપદ શક્તિનોરે, એકાંત ભેદિ ઉચ્છેદ. ચતુર ૫૯
તુલ્ય પરિણામ પણા થકીરે, ઘટાકાર ઘટ એવ,
મૃત્ પિંડાદિક દ્રવ્ય ઘડેરે, તે પણિ ઘટજ કહેવ. ચતુર ૬૦
પરિણામ પરિણામી ભાવનીરે, અન્યથા ન હુઇ ઉપપત્તિ,
ભાવ ઘટેં ઘટ પદ તણીરે, અસંદિગ્ધપણે વૃત્તિ. ચતુર ૬૧
ભાવ નિક્ષેપો માનતે પણ, નહિ દ્રવ્યાર્થિક હાણિ,
પરતંત્રે પજ્ઝય ગહે એ, શ્રી ભદ્રબાહુની વાણિ. ચતુર ૬૨
પ્રત્યેકેં નામાદિકારે, સામાન્યગ્રાહી એક,
વંછે વિશેષગ્રાહી તથારે ભિન્ન **વિગતિ** અનેક. ચતુર ૬૩

ઇતિ **નૈગમ નય લક્ષણ** સ્વરૂપ કથનં
અથ નામાદિ નિક્ષેપા સ્વરૂપ કથનં

### ઢાલ ૬ રાગ પરજીઓ.

**સીત** હણી **રાવણ** જવ આવ્યો, એ દેશી.

ઇહાં પ્રસંગે વિવરી કહીઇ, નિક્ષેપાનો વિચારરે,
જેહનો અનુયોગદ્વારે બોલ્યો, સવિ વસ્તુઇ અધિકારરે. ૬૪
સુણો પ્રાણીરે જિનવાણી ગુણની ખાણીરે. આંકણી
નામ જે વસ્તુતણું અભિધાનક, થાપના તસ આકારરે,
ભૂતભાવી ભવનું જે કારણ, તેહ દ્રવ્ય મનિ ધારિરે. સુ. ૬૫
કાર્યાપન્ન તે ભાવ કહીજે, એ ચઉ વસ્તુના ધર્મરે,
વાચ્યવાચક ભાવે સંબંધ, નામતણો એ મર્મરે. સુ. ૬૬
થાના સમપરિણામ પણે કરી, પરિણામિતાઇ દ્રવ્યરે,
એમ વિશેષ પરસ્પરિ ભાવી, કીજે નિજ મતિ ભવ્યરે. સુ. ૬૭
નામને વંછે શબ્દ નયવાદી, વસ્તુસ્વરૂપ પ્રશસ્તરે,
તત્ પ્રત્યય હેતુ માટે ધરમયનિ, તામ રહિત નહીં વસ્તુરે. સુ. ૬૮
લક્ષ્ય લક્ષણ વ્યવહાર શબ્દથી, ક્રિયા સવિ તદધીનરે,
શબ્દ નયે એમ નિજમત થાપે, થાપના નય વદે પીનરે. સુ. ૬૯
શબ્દ વસુ ક્રિયા ફલ સંજ્ઞા, મત્યાદિક સવિ ભાવરે,
છે આકાર રૂપ જગમાંહી, નિરાકાર અભાવરે. સુ. ૭૦
વદતિ દ્રવ્ય નય સ્વપરિણામથી, કોણ અનેરો આકારરે,
ઉતફણ વિફણ કુંડલિતા કૃતિ યુત, અહિપરિ તે અવિકારરે. સુ. ૭૧

ઉદભવલયને કાર્યોપચારેં, કલ્પિત હેતુતા એહનેંરે,
નટ પરિ નિત્ય ઇતિ હેતુજ માનો, કાર્ય નહીં ત્રિણ્ય ભુવનેંરે. સુ. ૭૨
એહ ભાવનય બોલે ક્ષણવાદી, ભાવવિના નહિ દ્રવ્યરે,
...પ્રતિક્ષણ ભાવજ ઉપજે વિણસે, હેતુ વિના જગે ભવ્યરે. સુ ૭૩
પ્રતિ સમયેં અપરાપર રૂપેં, થાવાથી સવિ વસ્તરે. સુ. ૭૪
તવ સંવિનયમય જિણમય બોલે, મૂકો નિજમત કૂપરે;
શબ્દ અર્થ બુદ્ધિ પરિણુતિ ભાવે, સવિચ પર્જ્જય રૂપરે. સુ. ૭૫
એહ વિલક્ષણ નિજ આશ્રયનેં, ભેદ અભેદના કારરે;
પ્રત્યે કે દ્રવ્યાદિ વિકલ્પે, આશ્રય ભેદ અપારરે. સુ ૭૬
જવ એકે વસ્તુએ ચઉની વિવક્ષા હોએ, અભેદક ત્યારેંરે,
એમ નય સમુદયથી સવિ લહીએ, શાસ્ત્ર અર્થ સુવિચારેંરે. સુ. ૭૭

ઇતિ નિપેક્ષા સ્વરૂપઃ

અથ સંગ્રહ નય સ્વરૂપ કથનં.

## ઢાલ ૭ રાગ કેદારો ગોડી.

કપૂર હોએ અતિ ઉજલૂરે. એ દેશી.

નૈગમાદિક અંગીકર્યારે, અર્થ સકલ વિસ્તાર,
સામાન્યરૂપે સંગ્રહેરે, તે સંગ્રહ નય સારંરે. ૭૮
ભવિજન ધારો ગુરૂ ઉપદેશ,
એહથી નાશે કુમત કલેશરે. ભ. આંચલી.
કેવલ સત્તા માત્રનેંરે, અંગીકરે નય એહ
સકલ વિશેષ સત્તા રૂપેરે, અંતરલીના લેહરે. ભ. ૭૯
વૃક્ષાદિકના પ્રતીતિકારે, હોઇ વનસ્પતિજન્ય,
જેણે જેહ પતીજીએરે, તેહથી તે નહીં અન્યરે. ભ. ૮૦
અંગુલ્યાદિક હસ્તથીરે, જિમ કાંઇ ભિન્ન ન હોય,
વનસ્પતિ સામાન્યથીરે, તિમ વૃક્ષાદિક જોયરે. ભ ૮૧
ઇમ દૃષ્ટાંતેં ભાવીએરે, શત શબ્દેં સવિભાન,
તહ દ્રવ્યત્વાદિક રૂપેંરે, સવિ દ્રવ્યાદિક ગ્યાનરે. ભ. ૮૨
એ પણિ નિક્ષેપા ચઉરે, માને પ્રત્યેકે એક,
કોઇ કહે એ થાપનારે, વંછે નહી સુવિવેકરે. ભ. ૮૩
નામ સંકેત વિશેષ છેરે, તે થાપનાએ સંત,
તે માટે નામ નિક્ષેપરે, થાપના સંગ્રહ હુંતરે. ભ. ૮૪
તેહ મૃષા પિત્રાદિકેંરે, વિહિત સંકેત વિશેષ.
શબ્દ પુદ્ગલ રૂપ નામ છેરે, થાપના આકૃતિવિશેષરે. ભ. ૮૫
તે માટિ નામાદિકેરે, બહુ સંખ્યાએ જેહ,
નિજ નિજ જાતિં એકતારે, ગ્રહીએ સંગ્રહ તેહરે. ભ. ૮૬

ઇતિ **સંગ્રહ નયઃ**

અથ વ્યવહાર નયઃ

**ઢાલ ૮ રામગ્રી.** (છાનોને છપીરે કાંતા० એ દેશી.)

જે અનુયાયી લોક વ્યવહારનેરે, અધ્યવસાય વિશેષ,
તે વ્યવહાર કર્યો નય સૂત્રમાંરે, માને એહ વિશેષ. ૮૭
શ્રી જિન વાણી પ્રાણી આદરોરે, હરખી પરખીરે ચિત્તિ;
નય અંતર નિરપેખી દેખી ઉવેખીએરે,સવિ મિથ્યામત્ત નિત્તિ.શ્રી જિન० આંચલી.
ઘટપટ પ્રમુખ વિશેષથી અન્યનોરે, નહીં લોકે વ્યવહાર;
વાર્તા માત્ર પ્રસિદ્ધ સામાન્ય છેરે, ખકુસુમ પરિ તે અસાર. ૮૯ શ્રી.
જલ આહારણાદિક ઉપયોગિયારે, ઘટપટ આદિ વિશેષ;
અર્થ ક્રિયા અનિમિત્ત સામાન્યનેરે; માન્યાનો સ્યો કિલેશ. ૯૦ શ્રી.
જે સંગ્રહે દૃષ્ટાંતે વનસ્પતિ દાખીઓરે, તે પણિ મુઝ અનુકૂલ;
કુણ વૃક્ષાદિ વિશેષથી અન્ય છેરે, વનસ્પતિનુંરે સ્તૂલ. ૯૧ શ્રી.
સંગ્રહ સંગૃહીત અર્થ વિભાજકોરે, જિમ સત્ દ્રવ્ય પર્યાય,
જીવ અજીવ દુવિધ દ્રવ્યા ભાવીએરે, એમ પજ્જય પણિ થાય. ૯૨ શ્રી.
સહભાવી ક્રમભાવી ઇતિ દુવિધા કહ્યારે, રૂપાદિક સહભાવી;
નવીન પુરાણાદિક ક્રમ ભાવીયારે, ઇમ બહુ વિધ મનિ ભાવિ. ૯૩ શ્રી.
પજ્ઝયની ગુણ વિગતે ભિન્નત દાખવ્યોરે, સંમતિ ગ્રંથેરે જોઇ;
જો પુણ ત્રીજો પદાર્થ પામીએરે, તો ત્રીજો નય હોઇ. ૯૪ શ્રી.
નિશ્ચયથી પંચ વર્ણે ભમરે કાલિમારે, અંગીકરે સવિલોક;
તિમ એહ નય પણિ અંગીકરે મુદારે, ઇતિ લૌકિક સમરોક. ૯૫ શ્રી.
કુંડી શ્રવે વાટ જાઈ ઇત્યાદિકે તથારે, પ્રાપે છે ઉપચાર;
એ નય ઇતિ ઇતિ તત્ત્વાર્થ ભાષ્યમાંરે, માને નિક્ષેપાચાર. ૯૬ શ્રી.

ઇતિ વ્યવહાર નયસ્તૃતીયઃ

અથ ઋજુસૂત્ર.

**ઢાલ ૯** રાગ સારિંગ.

(પૂરવભવ હવે સાંભલો જાતિસ્મરણ યોગેરે—એ દેશી.)

નિજ અનુકૂલ અર્થ જિકે, વર્તમાનકાલીનરે;
તદગ્રાહી અભિપ્રાયકો, તે ઋજુસૂત્ર અદીનરે. ૯૭
સવિ નય સવિ નય ધારીએ,
વારીએ સ્વાભિનિવેશરે. સવિ. આંચલી.
એ નય માને નહીં કદા, અતીત અનાગત વસ્તરે;
ઉપલંભા ભાવે કરી, ગગન કુસુમ પરિં અસ્તરે. સવિ. ૯૮
પરકીય વસ્તુને પણિ નહીં, માને દ્રયોજના ભાવેરે;
પરધન પરિં કુણ કામત્તં, નિજથી નિજ ફલ પાવેરે. સવિ. ૯૯
વ્યવહારવાદીને વદે, જો વ્યવહારા ભાવેરે,
સંગ્રહ સંમત પણિ તજયું, સામાન્યા નિજ ભાવેરે. સવિ. ૧૦૦

અતીત અનાગત પારકું, તો કિમ માને વસ્તુરે
વ્યવહારાભાવ તુલ્યતા, નિષ્ફલતા પણ જીસ્તુરે. સવિ. ૧૦૧
સાદશ અર્થનો વાચકો, કિમ માને અભિધાનરે;
તથા તથાવિધ અર્થનું, વિષયી પણિ કિમ જ્ઞાનરે. સવિ. ૧૦૨
પરમાર્થ એ નયતણો નિજ સંપ્રતિ કાલીનરે;
નામાદિક ચઉ નિક્ષેપા, પ્રત્યેકં એક લીનરે. સવિ. ૧૦૩
તહ પર્યાય અનેકનો અર્થ અભિન્નજ મૂલરે,
સૂક્ષ્મ ક્ષણિક પજ્જય કહ્યો, મનુષ્યાદિક સ્થૂલરે. સવિ. ૧૦૪

ઇતિ ઋજુસૂત્રશ્ચતુર્થઃ

અથ શબ્દનયઃ

ઢાલ ૧૭ રાગ. સુણો બ્હેની પીઉડો પરદેશી. એ દેશી.

જેમ્હુ વિશેષિત ઋજુસૂત્ર સંમત, અર્થગ્રાહી અભિપ્રાયોરે,
તે નય શબ્દ કહ્યો એહ માને, ભાવ રૂપ પરયાયરે.
શ્રી જિનમત, ધારી એકાંતે,
જિહાં સવિ નય અનેકાંતેરે. શ્રી. આંચલી ૧૦૫

નામાદિક ધટ ત્રયને માને, તત કાર્ય અણકરવેરે;
પટાદિ ઇતિ પ્રત્યક્ષ વિરોધેં, તહ લિંગને અણધરવેરે. શ્રી. ૧૦૬
કહે ઋજુસૂત્રનેં અતીત અનાગત, જે ધટતું નવિ માનેરે;
તુલ્ય પ્રયોજના ભાવેં હુંતે, નામાદિ કિમ વાનેરે. શ્રી. ૧૦૭
બહુ પર્યાયેં અર્થ એક વંછે, પણિ લિંગ વયણને નઇ ભેદેરે;
ભિન્ન અર્થ માને ઇતિ ઋજુથી, શબ્દ વિશેષિત વેદેરે. શ્રી. ૧૦૮
સપ્ત ભંગ ભાખ્યા જિનશાસને, તેમાંહિ લે કોઇ ભંગેરે;
સુવિશેષિત ધટ સંમત એહને, અવિશેષિત ઋજુ અંગેરે. શ્રી. ૧૦૯
સપ્તભંગી ઇહાં કહીએ વિવરી, પ્રથમેં છતો ધટે દેખોરે;
ઉર્ધ્વગ્રીવાદિક નિજ પર્યાયેં, સદ્ભાવે સવિશેષ્યોરે. શ્રી. ૧૧૦
પર પર્યાયેં અસદ્ભાવેં કરી, વિશેષિત નહીં કુંભરે;
સ્વપરોભય પર્યાયેં સત્તા, અસત્તાએં કુંભરે. શ્રી. ૧૧૧
યુગપદ વિશેષિત હોઇ અવાચ્યો, એકદા એકાદેશરે;
અસંકેતિક દોય અર્થ કહે નહીં, એ ત્રણ સકલાદેશરે. શ્રી. ૧૧૨
તહ એકદેશેં નિજ પર્યાયેં, સદ્રૂપે સવિશેષરે;
અપરે પરભાવેં અસત્વેં, અસ્તિ નાસ્તિ ઇતિ રેખ્યોરે. શ્રી. ૧૧૩
એકદેશેં નિજભાવેં સત્વેં, વિશેષ્યો અન્ય દેશેંરે;
યુગપદ ગ્રહતે ધટત બહુવેં, અસ્તિ અવાચ આદેશરે. શ્રી. ૧૧૪
પરભાવેં એકદેશેં સત્વે, અપરેં યુગપદ કહવેરે;
અર્પિત નાસ્તિ અવાચ્ય કહીજે, સઘલે સ્યાત પદ વહવેરે. શ્રી. ૧૧૫

સદ્ભાવેં એકદેશેં સ્વભાવે, એકેં પર પર્યાયેરેં;
અસત્વેં અન્યદેશેં યુગપદ, વિશેષિત કહવાઇરે. શ્રી. ૧૬
ઘટ અસ્તિનાસ્તિ અવાચ્ય આદેશેં, એ સપ્તભંગી પૂરીરે:
સ્યાદ્વાદ મત લીના માને, શબ્દાદિક અધૂરીરે. શ્રી. ૧૭
એહ વિશેષ કહ્યો મહાભાષ્યે, સપ્તભંગીનું બીજરે;
તે અલ્પસી પરમાર્થ સાધો, બીંજાડી નિજ મીંજરે. શ્રી. ૧૮

ઇતિ શબ્દ નયઃ પંચમઃ

અથ સમભિરૂઢઃ

ઢાલ ૧૧ રાગ સામેરી.

પર્યાય બહુનો અર્થરે એકત્વે ઇછે વ્યર્થરે,
અર્થરે પ્રત્યેક સવિ શબ્દનોરે. ૧૯
એહવો અધ્યવસાયરે, તે સમભિરૂઢ કહાયરે,
થાયરે પૂરવથી પણિ સૂક્ષ્મ સોરે. ૨૦
કહે શબ્દવાદી વેદીરે, લિંગને વયણને ભેદીરે,
ભેદ રે માને જો તું અર્થનોરે. ૨૧
સંજ્ઞાંતરે તો કેમરે, માને નહી ભેદ એમરે,
તેમ રે ઇહાં પણિ ધ્વનિ ભિન્નતારે. ૨૨
તે માટે સંજ્ઞાભેદીરે; અર્થનો માનો ભેદરે,
ઉચ્છેદરે અન્યથા હુઇ નિયતિનોરે. ૨૩
ઘટકુંભ કુટ ઇત્યાદિરે, થંભાદિ પરેં અન્યવાદિરે,
નાદિરે ભિન્ન પ્રતિનિમિત્તથીરે. ૨૪
ઘટ કહીએ ચેષ્ટા યોગિરે, કુટ શબ્દ કૌટિલ્યયોગિરે,
ક્ષોગિરે કુંભ કુસ્થિતિ પૂરવેરે. ૨૫
ઘટકારથી અભિન્નરે ઘટકરણ ક્રિયા વિન્નરે,
ભિન્નરે હોયે તે ઘટ કર્મથીરે. ૨૬
પર્યાયસંકર દોષરે, અન્યથા હુઇ ઇતિ રોષરે,
કોષરે વસ્તુ નિજનિજ ધર્મનોરે. ૨૭
ઇતિ કતૃક્રિયા કરમિરે, સંક્રમે નહિ ત્યજી ભરમરે,
મરમરે, એ ઘટ કુંભાદિકેરે. ૨૮
એહ યુક્તિનો વિસ્તારરે, વિશેષાવશ્ય ક સારરે,
પ્યારરે એહનેં પણિ ભાવશુંરે. ૨૯

ઇતિ સમભિરૂઢઃ ષટઃ

અથ એવંભૂત નયઃ

ઢાલ ૧૨ રાગ ગોડી. ઇણીપરિ રાજ કરંતરે એ દેશી.

અધ્યવસાય વિશેષેરે વ્યંજન અર્થનો, જેહ વિશેષ ગવેષતોએ. ૩૦

એવંભૂત નય તેહરે સૂત્રે દાખીઓ, ક્રિયા પરિણત માનતોએ. ૩૧
દીપનક્રિયા શૂન્યરે, જિમ દીપક નહી, દીપશબ્દ વાચક નહીં એ. ૩૨
શબ્દ વશે અભિધેયરે, અભિધેય વશે શબ્દ ઇમ ઉભયથી વિશેષીએ એ.૩૩
સ્ત્રી મસ્તકે આરૂઢ જલ આહરણાદિ ક્રિયા યુતને ઘટ કહીએ એ. ૩૪
ગ્રહ કોણાદિકે થાપ્યોરે તેહ ઘડો નહી ચેષ્ટા વિણુ એ નય મતે એ. ૩૫
સમભિરૂઢને ભાષેરે ઘટપદ વ્યુત્પત્તિ અછતો જો કુટપદ તણો એ. ૩૬
માને અર્થ તુ ભિન્નરે તો ચેષ્ટા વિણુ કાલે ઘટ પણુ કિમ ઘડો એ ૩૭
વ્યુતપત્તિ અર્થ અભાવરે બેઠામેં તુલ્ય સૂક્ષ્મ દૃષ્ટિ ઇમ કીજીએ એ. ૩૮
ઇમ સંસારી જીવરે પ્રાણુધરણુ માટિ સિદ્ધ જીવ નહીં એ મતે એ. ૩૯
એ મહાભાષ્યે ભાષરે એ અનુસારથી કહું શ્વેતાંબર પ્રક્રિયા એ, ૪૦
જીવ નોજીવ અજીવરે, તેહનો અજીવ કીધે એમ આકારણે એ. ૪૧
જીવ પ્રત્યે પણુ ભાવરે ગ્રાહી નૈગમ પમુહ જીવ પણુ ગતિ વંછે એ. ૪૨
નોજીવ ઇતિ આહવાનેરે, અજીત્ર કે જીવના દેશ પ્રદેશ પ્રત્યે વદે એ. ૪૩
આકારિત અજીવેં પુદગલ દ્રવ્યાદી તેહનો અજીવ આકારિતે એ. ૪૪
જીવ દ્રવ્ય પતીજેરે કેતો અજીવના દેશ પ્રદેશ હવે એ નયો એ. ૪૫
જીવ પ્રતિ ઊદયિક ભાવગ્રાહક એહ જીવ વદે સંસારીનેએ. ૪૬
નોજીવ ઇતિ અજીવરે, કે સિદ્ધહ પ્રતંઇ અજીવ ઇતિ આકારિતેંએ. ૪૭
પુદ્ગલાદિકે સિદ્ધરે નોઅજીવ ઇતિ આ કારણ કીધે હું તે એ. ૪૮
ગ્રહે સંસારી જીવરે, દેશ પ્રદેશની કલ્પનતો એહનઇ નહી એ. ૪૯
એવંભૂતા ભિપ્રાયેરે, સિદ્ધજ જીવ છે ભાવ પ્રાણુને ધારવેએ. ૫૦
ઇતિ કોઇકને મિથ્યારે, જીવ પ્રતે એહ તુરિય ભાવગ્રાહક કહ્યોએ. ૫૧
આયુ કર્મોદય રૂપરે, જીવન અર્થનો છે સદ્ભાવ સંસારીએએ. ૫૨
સિદ્ધને જીવત્વ દાખ્યુંરે, મલયગિરિ મુખે તેતો નૈગમાદિક મતેંએ. ૫૩
એહ નયાભિપ્રાયેરે, પન્નવણાદિકે જીવન પર્જુય યુતપણે એ. ૫૪
જીવ અશાશ્વતો દાખ્યોરે, ઇમ સવિ ગ્રંથને સંમત અર્થ વિભાવીએએ.૫૫
એ નયમતે પણિ સિદ્ધરે, સત્વેને આતમ એ વ્યપદેશ લહે સહીએ. ૫૬
એ નયનઇ પણિ ઇષ્ટરે ભાવ નિક્ષેપક, ઇતિ નય સપ્તક દાખીયાએ. ૫૭

ઇત્યેવંભૂત નયઃ સપ્તમઃ

**ઢાલ ૧૩** રાગ મલ્હાર. વીરમાતા પ્રીતિકારણી—એ દેશી.

મૂલ નય જાતિ ભેદે કહ્યાં, નૈગમાદિ સ્વરૂપ;
સૂક્ષ્મભેદ એહના હુએ, પ્રત્યેકે સતરૂપ. ૫૮

શ્રીજિનવર મત નિર્મલું, જિહાં સવિ નય ભાસે;
અર્થ નય આદિમ ચઉ યદા, ત્રિણ્યે શબ્દ નય એક;
મૂલ નય પંચના પંચસે, આદેશાંતરિ છેક. ૫૯
સંગ્રહ ને વ્યવહારથી નૈગમ કિહાં એક ભિન્ન;
એહ કારણિ પરિભાષિકા, સૂત્રે સાતની વિત્ર. ૬૦

ભેદ અસંખ્ય પણિ સંભવે, ઇતિ ભાષ્યમાં ભાખ્યું;
તે સવિ સમુદિત જે ધરે, તેણે સમક્તિ ચાખ્યું. ૬૧
એકેક અંશ ગ્રહી અંધકા, કહે જિમ ગજ પૂરો;
તિમ અહંકાર નયવાદીને, જાણે અંશ અધૂરો. ૬૨
ચક્ષુદર્શી જિમ હાથીઓ, જિમ પૂરણ દેખે;
સમકિતી તિમ નય સકલસ્યું પૂરણ વસ્તુ વિશેષે. ૬૩
યૌગ વૈશેષિક વિચરિયા, નૈગમ અનુસારે;
સંગ્રહ રંગી વેદાંતીયા, કાંપીલ વ્યવહારે. ૬૪
બૌદ્ધ ઋજુસૂત્ર સુખ નય થકી, મીમાંસક નય ભેલે;
પૂરણ વસ્તુ જૈના વદે, ષટ દર્શન મેલે. ૬૫
છૂટ કરતન માલા ઇતિ વ્યપદેશને પામે;
એકંદોરે તેહ સંકુલ્યાં, માલા સંપજે નામે. ૬૬
તિમ સવે દર્શન સાચલાં, એકેકાં ન કહાય;
સાર સ્યાદ્‌વાદ સૂત્રે કરી, ગૂંથ્યા સમક્તિ થાય. ૬૭
નિત્ય અનિત્ય પક્ષ પાતીયા, માંહો માંહે તે દૂષે;
જિમ બેહૂ કુંજર ઝૂઝતા, કર દંતને મૂષે. ૬૮
સાધક સ્યાદ્‌વાદક તિહાં, લક્ષે ભિન્ન સ્વરૂપ;
દોયને સમવડિ લેખવે; ન હારે નિજરૂપ. ૬૯

ઢાલ ૧૪ રાગ ધન્યાશ્રી.

કહણી કરણી તો વિણુ સાચી. એ દેશી.

સુર નર તિરજગ જો નમે, નરક નિગોદ ભમંત;
મહા મોહકી નીંદસોં સોએ, ઇમ વિરોધ પરસ્પરે દેખી
સવિ નયને નિજ રૂપેરે;
જે સંદેહ ધરે મનિ બુડે તે મિથ્યામત કૂપરે. ૭૦
શ્રી જિનવાણી અમૃત સમાણી, પીજે લીજે સ્વાદ રે;
જિન મત જાણી થિરતા આણી; ત્યજીએ આગ્રહવાદરે. ૭૧ શ્રી.
સંદેહે હુઇ સમય આ સાયણ, ઇતિ મહાભાષ્યે ભાષ્યુંરે;
તેહ કારણે સમુદિત અભ્યાસો; જો વાંછા શ્રુત રાખ્યુંરે. ૭૨ શ્રી.
શ્રુત પરિશીલન એ વિણ ન હુઇ, એ શ્રુત જલનિધિ પોતજી;
એહ થકી ઘટિ પરગટ હોઇ, નિર્મલ જ્ઞાન ઉદ્યોતજી. ૭૩ શ્રી.
ભિન્ન ભિન્ન વિષયક નય લયથી, હોવે મુનિશ્રુત જ્ઞાનીજી;
બૃહત્ કલ્પે ભાષ્યું એતે ભાખ્યો કેવલ સમ શુભ ધ્યાનીજી. ૭૪ શ્રી.
એહ અનોપમ ચિંતામણી સમ શાસ્ત્ર પટકથા લેઇજી.
પ્રાકૃત ભાષાદોરે ગૂંથ્યો, ભવિરી એહમાં શાસ્ત્ર વિપરીત;
કહવાયું હોય, તેહનું સુઝનઇ મિછામિ દુક્કડ હુયો; સોધયો સંત ગીતાર્થ સોય ૭૫ શ્રી.
ભણતાં સુણતો હોઇ સમક્તિ નિરમલું એહ સુરમણિ સમો નય વિચાર,
સતત અભ્યાસતા હોઇ સમતા ગુણો,
એહ અનંત કલ્યાણકાર. ૯૦ શ્રી.

ઇતિ શ્રી માનવિજયગણુ કૃત નયવિચારનો રાસ, સંપૂર્ણઃ ॥ ગ્રં. ૨૪૦ છા. ॥

25-1-11. M. D. DESAI. (તંત્રી.)

# જૈન એજ્યુકેશન બૉર્ડનું કામકાજ.

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બૉર્ડની એક મીટીંગ તા. ૧૬-૪-૧૭ ને સોમવારે રાત્રે (સું. ટા.) ૭ા વાગે શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ ઑફીસમાં મળી હતી તે વખતે નીચેના ગૃહસ્થો હાજર હતા:—

| | |
|---|---|
| રા. રા. મકનજી જુઠાભાઇ મ્હેતા. | રા. રા. મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ |
| ,, મોહનલાલ દલીચંદ દેશાઇ | ,, સારાભાઇ મગનભાઇ મોદી |
| શેઠ મોહનલાલ હેમચંદ | શેઠ મણીલાલ સુરજમલ |

પ્રમુખસ્થાને રા. રા. મકનજી જુઠાભાઇ મ્હેતા બારીસ્ટર બીરાજ્યા હતા. શરૂઆતમાં આગલી મીનીટ વાંચી મંજુર કરવામાં આવી. બાદ નીચે મૂજબ કામકાજ થયું હતું.

૧. બન્ને ધાર્મિક હરીફાઇની પરીક્ષામાં બેસનાર ઉમેદવારોને ભરવાનું ફૉર્મ તૈયાર કરવામાં આવ્યું અને તે મુજબ છપાવવા નક્કી થયું.

૨. નવી અરજીઓ ઉપર વિચાર કરતાં નીચે પ્રમાણે નિર્ણય થયો.
મોરબીના મી. મણીલાલ ચાંપસી મ્હેતાને માસિક રૂા. ૫ સ્કોલરશીપ માસ જુનથી મે સુધી બાર માસ સુધી આપવી.
દેહેગામની પાઠશાળાને માસિક રૂા. ૪ આપવા માટે એક વરસ સુધી નક્કી થયું સદરહુ પાઠશાળાનું કામ સારૂં થાય તો. અને તે બાબતમાં પ્રોવીન્સીયલ સેક્રેટરીને તે પાઠશાળાની વીઝીટ સગવડે લેવા લખી જણાવવું.

૩. સહાયક તરીકે નીચેના મેમ્બરોને દાખલ કરવામાં આવેલ છે.
શા લલ્લુભાઇ જેઠાભાઇ, શા ચુનીલાલ ધર્મચંદ, રા. વાડીલાલ દોલતચંદ બરોડિયા, રા. તુલસીદાસ મોનજી કરાણી, તથા વકીલ મોહનલાલ હીમચંદ. તથા શા કુરપાળ હરશીની કુંપનીના પ્રતીનીધીનું નામ મળે એટલે તે દાખલ કરવું.

૪. લાઇફ મેમ્બર તરીકે વેરાવળવાળા શેઠ ઉત્તમચંદ હીરજીને નીમવામાં આવ્યા અને બાબુ સાહેબ જીવણલાલજી પનાલાલજી તરફથી લાઇફ મેમ્બર તરીકે જોડાવા બાબત પત્ર આવે એટલે તેમને લાઇફ મેમ્બર તરીકે નીમવા નક્કી થયું. લાઇફ મેમ્બરને બોર્ડના મેમ્બર તરીકે ગણવા.

૫. ધાર્મિક સંસ્થાનોની વિગત મંગાવવાનું ફૉર્મ નક્કી કરવામાં આવ્યું. તે છપાવી દરેક પાઠશાળા તેમજ કેળવણીની સંસ્થાને મોકલી આપવું.

૬. અભ્યાસક્રમ માટે નીચેના ગૃહસ્થોની એક કમિટી નીમવામાં આવી.
૧ શેઠ અમરચંદ ઘેલાભાઇ, ૨ રા. મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ,
૨ રા. મોહનલાલ દલીચંદ દેશાઈ, ૪ પંડિત બહેચરદાસ.
આ કમિટીએ અભ્યાસક્રમ હેતુ, વિવેચન સહિત જુન મહિનાની આખરે તૈયાર કરી બૉર્ડ સમક્ષ મૂકવો. બૉર્ડમાં મૂકયા પછી વિદ્વાનો પાંસેથી અભિપ્રાયો મંગાવવા અને છેવટે તે બૉર્ડ સમક્ષ મૂકી પસાર કરાવવો.

૭. જીવવિચાર, નવતત્ત્વ, દંડક, ક્ષેત્રસમાસ, સંગ્રહિણી, કર્મગ્રંથ તેમજ પ્રતિક્રમણાદિ પુસ્તકો સરળ અર્થ સહિત હાલની શિક્ષણ પદ્ધતિપર તૈયાર કરવાં યા કરાવવાં— એ કાર્ય બાબતમાં ખૂબ ચર્ચા થઇ; છેવટે નીચે મુજબનાં પુસ્તકો ઑનરેરીઅમ આપી તૈયાર કરાવવાં.

| | |
|---|---|
| રૂ. ૧૦૦ જીવવિચાર | ૭૫ દંડક |
| રૂ. ૨૦૦ નવતત્ત્વ | ૧૫૦ બૃહદ્ સંગ્રહિણી |
| રૂ. ૩૦૦ કર્મગ્રંથ | ૨૦૦ ક્ષેત્રસમાસ. |

જૈન પેપરો તથા ચોપાનીઆમાં આ ગ્રંથો માટે ઉપર મુજબ આ ઓનરરી કામ કરવા બાબત જાહેર ખબર આપી તેને માટે નમુના મંગાવવા. કર્મગ્રંથ માટે શેઠ કુંવરજી આણંદજીનું ખાસ ધ્યાન ખેંચવું.

૮. કોલેજો તથા સ્કુલોના અધિકારીઓનું લક્ષ ખેંચવું કે ડીરેકટર ઓફ પબ્લિક ઇન્સ્ટ્રકશન તરફથી કેટલા જૈન વિદ્યાર્થીઓ પ્રાઇમરી સ્કૂલમાં, સેકન્ડરી સ્કૂલમાં, સ્પેશીયલ સ્કૂલમાં તથા કોલેજોમાં છે તેની સંખ્યા જુદી મુંબઇ સરકારના કેળવણીના રિપોર્ટમાં આપવામાં આવે છે માટે મહેરબાની કરી જૈન વિદ્યાર્થીઓની કેટલી સંખ્યા છે તે નામ સહિત મોકલવા કૃપા કરશો. તેમાં તેમનું ખાસ ધ્યાન ખેંચવું કે હિંદુઓના કોલમમાં ઘણા જૈન વિદ્યાર્થીઓને હિંદુ તરીકે મૂકવામાં આવે છે પણ તેને જૈન તરીકે ખાસ મૂકવામાં આવતા નથી તો જેઓ જૈન વિદ્યાર્થી છે તેઓની તે તરીકેજ ખાસ કોલમમાં ગણના કરવી.

૯. મુંબઈ સરકારના કેળવણીનો રિપોર્ટ વેચાતો લેવાની મંજુરી આપવામાં આવી.

૧૦. જૈન એસીસીએશન ઓફ ઇન્ડિયા, જૈન શ્રેયસ્કર મંડળ, જૈન સહાયક મંડળ અમદાવાદ, તથા બીજાં જૈન કેળવણી સહાયક ફંડોના અધિકારીઓને પત્ર લખી પૂછી મંગાવવું કે આ વરસમાં કેટલાને કયા વિદ્યાર્થીઓને શું શું મદદ કરી તેનું વિગતવાર લિસ્ટ મોકલી આપવાની મહેરબાની કરે.

૧૧. ગયા ડીસેમ્બર મહીનામાં લેવાયેલ ધાર્મિક હરીફાઇની પરીક્ષામાં મુંબઈમાં ફતેહમંદ નીવડેલા ઉમેદવારોને ઇનામ તથા પ્રમાણપત્રો મેલાવડો કરી વહેંચી આપવા નક્કી થયું અને તે માટે જાહેરાત વગેરેનો ખર્ચ બોર્ડ તરફથી કરવો.

---

# कॉन्फरन्स मिशन.

## श्री सुकृत भंडार फंड.

( તા. ૧૪—૪—૧૭ થી તા. ૫—૫—૧૭, સંવત ૧૯૭૩ ના ચૈત્ર વદિ ૭ થી વૈશાખ સુદ ૧૩ સુધી ).

વસુલ આવ્યા રૂ ૨૬૪-૧૦—૦ ગયા માસ આખરના બાકી રૂ. ૧૧૩૮-૨-૬

૧ **ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદ**—ઉત્તર ગુજરાત.
ભાંડુ ૮।।, ખરસદા ૧૨।।, બોકરવાડા ૧૦. કુલ રૂ. ૩૧—૦—૦

૨ **ઉપદેશક મી. પુંજાલાલ પ્રેમચંદ**
*રૂપાલના શેઠ કસ્તુરચંદ નાનચંદ તરફથી મળેલા રૂ. ૨૦૧) કુલ રૂ. ૨૦૧-૦-૦

૩ **ઉપદેશક મી. અમૃતલાલ વાડીલાલ**—માળવામાં ગયા છે.

૪ **આગેવાન ગૃહસ્થોએ** પોતાની મળે મોકલાવ્યા:—
**કરાચી** શેઠ કાળા ગલા મારફત રૂ. ૨૦।, **અમદાવાદ** શેઠ હીરાચંદ કકલભાઇ મારફતે રૂ. ૧૨-૬-૦. કુલ રૂ. ૩૨—૧૦—૦

એકંદર કુલ રૂ. ૧૪૦૨—૧૨—૬

*__રૂપાલ__ના શેઠ કસ્તુરચંદ નાનચંદે પાલીતાણાનો શ્રી સંઘ કાઢી મહાન પુણ્ય ઉપાર્જન કરવા સાથે આપણી સસ્થાને સારી સહાય આપવાના હેતુથી **શ્રી સુકૃત ભંડાર ફંડમાં** રૂ. ૨૦૧) બસેં એક રૂપીઆની નાદર રકમ આપી ઘણો આભાર કર્યો છે. મજકુર શેઠે પોતાની સુકમાઇના પૈસાનો સદુપયોગ કરી ઉત્તમ લાવો લીધો છે. સદરહુ શેઠની મુંબઇમાં તાંબા કાંટા ઉપર સારી પેઢી ચાલે છે. પૈસાપાત્ર ગૃહસ્થો આપણી કોમમાં ઘણા છે પણ તેનો સદુપયોગ કરનારા શેઠ કસ્તુરચંદ નાનચંદ જેવા બહુ થોડા નીકળે છે. પરમાત્મા સર્વ જૈન બંધુઓને સદ્દબુદ્ધિ આપે અને આવા ઉત્તમ ખાતાને પોતાનો હાથ લંબાવી સહાય આપવાનું મન ઉપર લે.

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય.

મેટ્રીક્યુલેશનની પરીક્ષા પસાર કરેલા અથવા તેથી આગળ વધેલા વિદ્યાર્થીઓ મુંબઇમાં વ્યાપારી, આર્ટ, મેડીકલ કે સાયન્સનો અભ્યાસ મુંબઇની કોઇ પણ કોલેજમાં કરવા ઇચ્છતા હોય તથા જેઓ વીકટોરીઆ ટેકનીકલ જુબીલી ઇન્સ્ટીટયુટમાં અથવા આર્ટ સ્કુલમાં જોડાવા ઇચ્છતા હોય તેમણે મે માસની આખર સુધીમાં દાખલ થવાની અરજીનું ફોર્મ ભરીને મોકલવું.

આ વરસથી દરેક ટર્મના રૂ. ૧૦૦) લઇને પેઇંગ વિદ્યાર્થીનો નવો વર્ગ ઉઘાડવાનો ઠરાવ કમીટીએ કર્યો છે. આ નવા વર્ગના પેઇંગ વિદ્યાર્થીને બોર્ડીંગ, મુકામ ફરનીચર, લાઇટનો માત્ર લાભ મળશે. ફી, પરીક્ષા ફી, કપડાં, પુસ્તક વિગેરેનો ખર્ચ તેમને માથે રહેશે. ધાર્મિક શીક્ષક અને ડીસીપ્લીનનો લાભ તેમને સારી રીતે મળશે. આંતર વહીવટમાં પેઇંગ અને ફ્રી વિદ્યાર્થી વચ્ચે કાંઇ પણ તફાવત રહેશે નહિ.

આ સંસ્થાને ખર્ચે લાયક વિદ્યાર્થીને પૂને ઇન્જીનીઅરીંગ તથા એગ્રીકલ્ચરનો અભ્યાસ કરવા મોકલવામાં આવશે. સંપૂર્ણ વિગત સાથે અરજી તા. ૩૧ મી મે પહેલાં મોકલો, ફોર્મ મંગાવો. મેટ્રીક્યુલેશનમાં આ વરસે પસાર થનારની અરજી તા. ૧૫ મી જુન સુધી લેવામાં આવશે.

લેમીંગ્ટન રોડ,
મુંબઈ.

**મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.**
ઓનરરી સેક્રેટરી.

---

# જૈન વિદ્યાર્થીઓને ખબર.

આવતી તા. ૧૦ જુનથી, નીચે સહી કરનારાઓ તરફથી જૈનના ત્રણે ફીરકાના વિદ્યાર્થીઓની સગવડ ખાતર અમદાવાદ તથા મુંબઇ ખાતે બે બૉર્ડીંગ હાઉસો ખોલવામાં આવનાર છે.

અમદાવાદ ખાતેની બૉર્ડીંગમાં અંગ્રેજી છઠ્ઠા સાતમા ધોરણના તથા આર્ટસ કૉલેજના વિદ્યાર્થીઓને, ૩૫ સુધીની સંખ્યામાં દાખલ કરવામાં આવશે.

મુંબઇની બૉર્ડીંગમાં હાઇસ્કુલના વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવશે નહિ. તેમજ બીજી લાઇનો માટે તૈયાર થતા વિદ્યાર્થીઓને આર્ટસ લાઇન કરતાં પહેલી પસંદગી મળશે. મકાનની સગવડ પ્રમાણે ૨૫ થી ૩૦ વિદ્યાર્થીઓને જગા મળશે.

વિદ્યાર્થીઓ પોતપોતાના ફીરકામાં દ્દઢ રહે અને તેજ ફીરકાનું ધાર્મિક જ્ઞાન પ્રાપ્ત કરે—તે સાથે સમસ્ત જૈન વર્ગની સેવા બજાવવાને તત્પર થાય એવું શિક્ષણ આપવાની ગોઠવણ થશે.

સાત્વિક ખોરાક અને સખ્ત ડીસીપ્લીન માટે ખાસ કાળજી રાખવામાં આવશે. મહેનતુ અને સાધન રહિત વિદ્યાર્થીઓ માટે લોનની પદ્ધતિપર મદદ આપવામાં આવશે.

દાખલ થવા ઇચ્છનાર વિદ્યાર્થીઓએ તા. ૨૦ મી મે સુધીમાં અરજીનાં ફોર્મ મગાવી લેવાં. જે વિદ્યાર્થીઓને દાખલ કરવાનું ઠરશે ત્હેમને તા. ૧ લી જુનના દિવસે તેવી ખબર પહોંચાડવામાં આવશે.

પત્રવ્યહાર
**વાડીલાલ મોતીલાલ શાહ.**
નાગદેવીસ્ટ્રીટ—મુંબઇ.

સમસ્ત જૈન સંઘના સેવકો
**વાડીલાલ મોતીલાલ શાહ.**
**મણીલાલ મોહોકમચંદ શાહ.**
(મી. મણીલાલ કું. ના માલેક)

# श्री जैन श्वेताम्बर कॉन्फरन्स हेरॅल्ड.

# Jaina Shvetambara Conference Herald.

પુ. ૧૩. અંક ૬. વીરાત્ ૨૪૪૩. જેઠ, સં. ૧૯૭૩. જુન, ૧૯૧૭.


## घात प्रतिघात.*

બળે દીવો ન જ્યાં સુધી, પતંગો ક્યાં પડી બળશે;
હમોને બાળવા જાતાં, પ્રથમ બળવું તૂને પડશે.
સંબંધ શરીર જીવનો તે ત્હમારા ને હમારામાં;
ન કરશો ઘાવ નિજપર ત્યાં સુધી હમને નહી અડશે,
હમે આશક થયા ત્હારા ગણાઇ ત્યારથી માશુક;
હમે એ નામ આપ્યું છે હમારી સાથ એ ટળશે.
કરો છો આજ આ નખરાં, ફરો છો આંખ ખેંચીને;
તમારાં તીર એ પાછાં હમો વિણુ તમ ઉપર વળશે.
હમે તો તું હમે નહી તો—નહી તું, જાણજે નિશ્ચે;
નહી જો બીજ ક્યાંથી વૃક્ષ ફળ કોના ઉપર ફળશે.
પ્રજા છે ત્યાંસુધી રાજા, પ્રજા નહી તો નહી રાજા;
પ્રજા વિણુ રાજ્ય શું જંગલ અને પથ્થર ઉપર કરશે?
હમારી હસ્તીમાં હસ્તી રહી ત્હારી અજબ રીતે;
હમોપર ઘાવ કરતાં ઘાવ આવી તમ ઉપર પડશે.

दिवानो.

* આ કાવ્યમાંથી અમારા મુખપૃષ્ઠ પર આવતી 'હમે તો તું' એ કડીઓ લીધેલ છે અને તેથી તે સંબંધીનો સમગ્ર ખ્યાલ મૂલ કર્તાના વિચાર સહિત આપવા તેને અત્ર મૂકેલ છે. तंत्री.

# તંત્રીની નોંધ.

## ૧ સાધુશાળા માટે થતો પ્રયાસ.

અમને જણાવતાં ઘણો આનંદ થાય છે કે સાધુશાળા જેવી સંસ્થા સ્થાપવા માટે એક મુનિમહારાજશ્રી પ્રયાસ કરી રહ્યા છે અને તેમાં શરૂઆતના ખર્ચ માટે જોઈતી મદદનાં વચન પણ મેળવી શકયા છે. તેમનો આશય એ છે કેઃ—"આપણો મુનિવર્ગ, શાસનની ઉત્તમ પ્રકારે સેવા બજાવે, અને આપણને સારા નિઃસ્પૃહ વિદ્વાન્ ઉપદેશકોની જરૂર છે તેની ઘણે અંશે પૂરતી થાય, તેમ આપણા સર્વની ઇચ્છા છે, પરન્તુ તે વર્ગને તેવા પ્રકારની યોગ્ય કેલવણી આપવાને આપણે બિલકુલ તૈયાર થયા નથી તેમજ આ દિશામાં આપણાથી સ્વલ્પ પણ પ્રયત્ન થઇ શકયો નથી તેથી આપણી તે ઇચ્છા સફલ ન થાય તે સ્વાભાવિક છે. આ સંબંધે યથાશક્તિ પ્રયત્ન કરવાનું સ્ફુર્યું છે. કાર્યની શરૂઆત વિચાર પૂર્વક થવી જોઇએ કે જેથી કાંઇક ફલની આશા રાખી શકીએ." આ પ્રમાણે ઉદ્દેશ ઘણો સ્તુત્ય અને બુદ્ધિપૂર્વક રાખ્યો છે તે જાણી આનંદ થાય છે.

"હવે માત્ર પ્રશ્ન એ છે કે આ કાર્ય કેવા ક્રમથી થવું જોઇએ? સાધુઓને કેવા પ્રકારની કેલવણી મળવી જોઇએ? અભ્યાસ ક્રમમાં કયા કયા વિષયનાં પુસ્તકો દાખલ કરવાં જોઇએ? સંસ્કૃત પ્રાકૃત ભાષાનો અભ્યાસ, સ્વપર દર્શનનું જ્ઞાન, ઉપરાંત જમાનાને અનુકૂલ બીજી કઇ બાબતની કેલવણી મળવી જોઇએ? તેને માટે કેવા શિક્ષકોની જરૂર છે? અંગ્રેજી ભાષાના જ્ઞાનની જરૂર છે કે નહિ?, અને એ શિવાય બીજું વ્યાવહારિક જ્ઞાન કેટલા પ્રમાણમાં, કેવા રૂપમાં આપવાની જરૂર છે? તે સર્વ પ્રશ્નો ઉત્તરરૂપ તેમજ એ સિવાય આ યોજનાને લગતી હકીકતના ખુલાસા રૂપ" વિચાર કરી જણાવવાની અમને આજ્ઞા થઇ છે તો અમે કંઇ યથા શક્તિ અમારા વિચાર પ્રદર્શિત કરીએ તે પહેલાં જૈન સમાજમાંના અગ્રણી વિદ્વાન્ મુનિઓ તથા શ્રાવકો આ સંબંધમાં પોતાના વિચાર પ્રકટ કરશે તો આ ઉપયોગી વિષયનો ઉકેલ સારી રીતે થઇ શકશે. આ માટે તેમને પોતાના મત પ્રદર્શિત કરવા વિનવીએ છીએ.

## ૨ એક શોકજનક મૃત્યુ—

શ્રીયુત રણજીતરામ વાવાભાઇ મહેતા બી. એ. ના મૃત્યુની નોંધ લેતાં અમને અત્યંત ખેદ થાય છે અને તેમના સ્વર્ગગમનથી પડેલી ખોટ ગૂજરાતી સાહિત્યમાં પૂરાતાં ઘણાં વર્ષો જોશે એ વાતથી તો થતો શોક શબ્દોમાં મૂકી શકાય તેમ નથી. પોતે જૈનેતર હોવા છતાં જૈન સાહિત્ય અને સંસ્થાઓની પ્રગતિ જોવા, તેમાં સહાયભૂત બનવા અને તે માટે સર્વ પ્રકારના પ્રયત્નો પ્રેમથી આદરવા હમેશાં તત્પર રહેતા. તેમની પ્રવૃત્તિઓ જેટલી વિધવિધ હતી તેટલી રસપ્રદ અને નવજીવન રેડનારી હતી. સમાલોચના ગ્રંથો—કાવ્યો આદિની કરવામાં તેમની માર્મિક અને ઉંડી વિવેચક શક્તિ એટલી બધી હતી કે સ્વ૦ નવલરામભાઇને યાદ કરાવતી ગૂજરાતી સાહિત્ય પરિષદ્નો વિચાર ઉત્પન્ન કરી તેને કાર્યમાં

મૂકનાર તેઓશ્રી હતા.

ત્યારપછી રાજકીય વિષયોની ચર્ચા ગૂજરાતમાં ઉભાં થયેલાં જાહેર મંડળોમાં અન્ય સ્થલનાં તેવાં મંડળોની સુંદર અને હિતકારક યોજના અને ચેતન પ્રેરવા માટે જે ઉત્સાહ દાખવતા હતા તે ખરે અનુકરણીય હતો. ગૂજરાતી સાહિત્યનાં અન્ય ક્ષેત્રો પોષાય, ખીલાવવામાં આવે તે માટે અન્ય દેશની સાહિત્ય તપાસી તેમાંથી જે અનુકરણીય અંશો લાગતા તે અંશો આપણા સાહિત્યમાં કેમ ખીલે તે પર ધ્યાન ખેંચતા.

જૈન સાહિત્યમાં શું શું કરવા યોગ્ય છે તે તેમજ જૈનોએ કેવાં કાર્યો હાથ ધરવા યોગ્ય છે તે તેમણે જૈન ધર્મપ્રસારક સભાના જ્યુબિલિ અંકમાં આપેલા લેખમાં સ્પષ્ટ બતાવી આપ્યું છે. વિશેષમાં મુંબઇ માંગરોલ જૈન સભાના જ્યુબિલિના ખાસ અંક કે જે થોડા દિવસો પછી પ્રગટ થશે તેમાં જૈન સમાજને કેટલાંક મનનીય દૃષ્ટિબિન્દુ આપ્યાં છે તે પર જૈનો લક્ષ આપશે. હમણાં જૈન શિલાલેખ સંગ્રહ તથા જૈન પ્રતિમા લેખ સંગ્રહ છપાય છે તેનાં છપાયેલાં ફાર્મો અમારી પાસેથી મંગાવી ખાસ જોઇ ગયા હતા અને તેમાં ૧૨-૧૩ મા સૈકા પહેલાના પ્રાચીન લેખો કેમ નથી તે માટે કારણ પૂછાવ્યાં હતાં અને તે સંગ્રહ માટે અમુક જાતની અનુક્રમણિકાઓ કરવા પર તેમણે લક્ષ ખેંચ્યું હતું. ગૂજરાતનો ઇતિહાસ તેઓ અખંડ લખવા માગતા હતા અને તે માટે જૈન પુસ્તકોનો સંગ્રહ પણ સારો તેમણે કર્યો હતો. અનેક પ્રવૃત્તિઓ વ્હોરી લીધી હતી અને તે બધી તેમના આયુષ્યે યારી આપી હત તો ઘણે અંશે પૂરી થાત. હાલ તો અત્યંત ખેદ સાથે નિરાશા પ્રાપ્ત થઇ છે અને ગૂજરાતી સાહિત્યના દૌર્ભાગ્ય સિવાય તેમનો વિયોગ હોઇ ન શકે. પરમાત્મા અખંડ શાંતિ જ્યાં તેમનો આત્મા હોય ત્યાં આપો.

**૩ શ્રી મહાવીર વિદ્યાલય**—આ સંસ્થા ઘણી ઉપયોગી અને કાર્યસાધક નિવડી છે તે માટે તેમના કાર્યવાહકોને ધન્યવાદ ઘટે છે. પ્રસિદ્ધ વક્તા મુનિ મહારાજ શ્રીમન્ વલ્લભવિજયજીને આ સંસ્થાના ઉત્પાદક કહીએ તો ખોટું નથી: તેમણે મુંબઇમાં ચાતુર્માસ કરી જૈન સમાજને ઉપયોગીમાં ઉપયોગી સંસ્થા કેવા પ્રકારની હોવી જોઇએ તે સંબંધમાં અગ્રણી પુરૂષો સાથે ઊહાપોહ કરવા માંડયો. જૈન ગુરૂકુલ નામની સંસ્થા પ્રત્યે પ્રથમ તેમને ઘણો આદર હતો. આર્યસમાજનાં હરદ્વાર ગુરૂકુલ તથા તેવી બીજી સંસ્થાઓનો પરિચય તેમને સારો હતો અને તે સંસ્થાઓ ઘણું ઉત્તમ અને દેશ હિતકારક કાર્ય જબરી મહેનત ઉઠાવી કરે છે એ પણ નિઃસંદેહ છે. આવી સંસ્થાઓ વિશેષ નહિ તો એક પણ જૈન સમાજમાં હોય તો કેટલું બધું સારૂં! આ વિચાર ઉચ્ચ હતો પરંતુ ઊહાપોહ કરતાં જણાયું કે આર્યસમાજમાં જે જે સ્વાર્થત્યાગી વીરો છે તેવા જૈનોમાં ઉદ્‌ભવવા માટે હજુ ઘણી વાર છે. સમગ્ર જૈન કોમમાંથી એવા એકાદ બે જ દેખાય તેમ છે. વળી મુંબઇની વસ્તીમાં ગૂજરાતી, મારવાડી અને એવો ભાગ તે હમેશાં વણિગ્ બુદ્ધિથીજ વિચારી શકે અને તેથી ગુરૂકુલ જો યુનિવર્સિટી અને તેથી સરકાર ન સ્વીકારે તો તેમાં નીકળતાં રત્નોને નોકરી ક્યાંથી મળે ? ! આવો સહજ પ્રશ્ન ઉપસ્થિત થયો. તેથી સમગ્ર જૈન કોમમાં વ્યવહારિક અને તેની સાથે સાથે ધાર્મિક શિક્ષણ આપવા માટે મોટું ફંડ એકઠું કરી સ્કૉલરશિપો આપવાની યોજના તૈયાર કરવામાં આવી. આ યોજના અમે હેરૅલ્ડના અગાઉના એક અંકમાં આપી ગયા છીએ. આ યોજના ઘણી સરસ, અને અનેક ફળો શુભ રીતે બહોળા વિસ્તારમાં આપનારી છે અને તેને ઉપાડી લેનાર મંડળ થોડાં

વર્ષોમાં એટલું બધું કાર્ય બતાવી શકે તેમ છે કે ભવિષ્યમાં જૈન સમાજનો દહાડો જ ઘણો જૂદો અને ઉજ્વળ આવે. પણ તેમાં ફંડની જરૂર—વળી વાંધો એ આવ્યો કે એવી રીતે સ્કૉલરશિપ આપી દેવાથી ધાર્મિક શિક્ષણનો સીધો પ્રબંધ રહેતો નથી તેથી તેવું શિક્ષણ સ્કૉલરશિપ લેનાર લે છે કે નહિ તે ચોકસ કરી શકાતું નથી. આમ થયા પછી આ પત્રના તંત્રી તરફથી સૂચવાયું કે ગોકુળદાસ તેજપાલ બોર્ડિંગ જેવી સંસ્થા પૂના જેવા સ્થળમાં થાય તો ઘણું સારૂં. આ વિચાર પસંદ પડયો અને તે ધોરણ પર આ સંસ્થા સ્થાપવાનો નિર્ણય થયો. હવે નામ શું આપવું એ પર વિચાર થતાં આપણા આસન્ન ઉપકારી છેલ્લા તીર્થંકર પરમાત્મા શ્રીમન્ મહાવીર પ્રભુનું નામ આપવામાં દીર્ઘદૃષ્ટિ વપરાઇ. ફંડનો સવાલ ઉપસ્થિત થતાં હાલમાં જૈન સમાજની જે સ્થિતિ છે તે તરફ ધ્યાન આપતાં જોકે શ્રીમંતો ખર્ચી શકે એવા ઘણા છે છતાં એવા શ્રીમંતો નથી કે આવી સંસ્થાનું મહત્ત્વ સમજી એકદમ લાખો કે હજારોની નવાજીશ કરે. હોંશીલા જબરદસ્ત આગેવાનોની ખોટ છે. આથી વચલા વાંધાના વર્ગ પર મદાર બાંધ્યા વગર છૂટકો નહોતો. તેથી દશ વર્ષનાં વચનો દરેક પાસેથી લેવાનું ઠર્યું અને ઓછામાં ઓછી વાર્ષિક રકમ એકાવનની ઠેરવવામાં આવી. તેટલી મદદ દશ વરસ આપવાનું વચન આપનાર દરેક વ્યક્તિને મેંબર તરીકે ગણી તેની જનરલ કમિટી કરવામાં આવી અને તેમાંથી યોગ્ય અને કાર્યદક્ષ પુરૂષોની ચુંટણીથી મેનેજીંગ કમિટી નીમવામાં આવી.

વ્યવસ્થાપક મંડળ અત્યાર સુધી ઘણું દેખતું અને વ્યવસ્થિત કાર્ય નિયમિત રીતે કર્યે જાય છે. મુખ્ય મંત્રી રા. મોતીચંદ ગિરધર કાપડીઆ ગ્રેજ્યુએટ મોભાદાર અને પ્રમાણિક ગૃહસ્થ હોઇ, સહાયક મંત્રી રા. મૂલચંદ હીરજી હિસાબી કામમાં કુશલ હોઇ, વ્યવસ્થાપક મંડળ કાર્યદક્ષ અને સમજુ કોઇ આ સંસ્થાનું કાર્ય વ્યવસ્થિત અને નિયમિત ચાલે છે એ જોઇ આનંદ ઉપજે છે. આ સંસ્થા પૂનામાંજ ઉપસ્થિત થવાની હતી પણ ત્યાં આવું વ્યવસ્થાપક મંડળ નજ મળી શકે અને તેથી સીધી દેખરેખ ન રાખી શકાય તેટલા માટે મુંબઇ જોકે ખર્ચાળ છે અને તદન અનુકૂળ આબો હવાવાળું નથી છતાં પસંદ કરવામાં આવ્યું તે ડહાપણ કર્યું છે.

વ્યાવહારિક કેળવણી મુંબઇની કૉલેજોમાં વિદ્યાર્થીને મોકલી આપવામાં આવે છે અને ધાર્મિક કેળવણી પંડિત વૃજલાલજી જેવા જૈન શાસ્ત્રવેત્તા શિક્ષક તરીકે રાખી તેમના દ્વારા આપવામાં આવે છે તે પણ ઘણું ઉત્તમ છે. આશા રહે છે કે તત્ત્વાર્થ સૂત્ર જેવો પરમ તાત્ત્વિક ગ્રંથ સ્વતંત્ર ટીકા અને વિવેચન સહિત ભાષામાં તે પંડિતજી લખી પૂરો પાડશે કે જેથી આ સંસ્થાના વિદ્યાર્થીઓને તે સમજવાનું વિશેષ અનુકૂળ થશે.

સ્થાયી ફંડની બહુજ જરૂર છે અને મકાનની પણ પૂરી અગત્ય છે. મુંબઇમાં પ્રવર્ત્તક શ્રી કાન્તિવિજયાદિ સહિત ઉક્ત મુનિવર્ય શ્રીવલ્લભવિજય પધારેલ છે. તેમના સદ્ઉપદેશનો લાભ જૈનો લઇ આ ખાતાને સર્વ પ્રકારની મદદ આપવા ચૂકશે નહિ એવી અમે જીગરથી ભલામણ કરીએ છીએ.

**૪ સંયુક્ત જૈન વિદ્યાર્થી ગૃહ**—અમદાવાદ અને મુંબઇ એમ બે સ્થલે શ્રીયુત વાડીલાલ મોતીલાલ શાહે હમણાં ઉઘાડવામાં પરમ સ્વાર્થ ત્યાગ બતાવેલ છે. શ્રીયુત વાડીલાલ સમગ્ર જૈન આલમમાં પત્રકાર તરીકે જ્ઞાત અને પરિચીત છે, તેથી તેની ઓળ-

ખાણુ આપવાની જરૂર નથી. અમારા વાચકોએ પણ તેમની જોસદાર, તીખી અને વેગીલી કલમનો સ્વાદ ચાખ્યો છે. તેમણે ઉક્ત સંસ્થા કેવા સ્વરૂપ પર કાઢેલ છે અને તેની શું હકીકત છે તે પર અમે હવે પછી બોલીશું. એટલું તો અત્યારે કહ્યા વગર ચાલે તેમ નથી કે પત્રકાર હમેશાં ટીકા કરતો રહે છે અને જણાવે છે કે ધનવાનોએ આમ કરવું જોઇએ, અને તેમ કરવું જોઇએ, આમ ન કરવું જોઇએ, તે પત્રકારજ જ્યારે પોતાને કાંઇ પણ પ્રાપ્તિ થાય ત્યારે પોતાનીજ ટીકા પોતાના શિરે ધરી તેનો અમલ કરે એ જોઇ અમો પત્રકારને આનંદ થાય છે એટલુંજ નહિ પરંતુ પત્રકાર તરીકે તે પત્રકાર શ્રીયુત વાડીભાઇને અનેકશઃ ધન્યવાદ આપીએ છીએ. અન્ય પત્રકારો તેમનું અનુકરણ કરશે અને ખાસ કરીને જે ઉદરંભરી પત્રકારો છે તેઓ 'ભેંસ પાઘડી તાણી ગઇ' એવું બોલનાર આપણી જનકથાના ન્યાયાધીશ તરીકેનું વર્તન ન રાખતાં જનસમૂહના કલ્યાણ તરફજ પોતાની કલમ શક્તિનો ઉપયોગ કરશે.

**૫ સસ્તા ભાડાની ચાલીઓ**—જૈનો માટે મુંબઇ જેવા શહેરોમાં હોવાની ઘણી જરૂર છે એ વાત હવે સિદ્ધ થઇ ચૂકી છે. હવે માત્ર એટલુંજ બાકી રહ્યું છે કે તે વાત શ્રીમંતો કે ટ્રસ્ટફંડોના અધિકારીઓના કાનમાં બરાબર ઉતરી અને તેનો અમલ કરે. મી. નરોતમદાસ બી. શાહે આને માટે વિગતોવાળું એક ચોપાનીયું કાઢી તે માટેની યોજના મૂકી છે તે માટે તેમને શાબાશી આપીએ છીએ અને ઇચ્છીએ છીએ કે તે પર લક્ષ આપણા શ્રીમંતો તેમજ ટ્રસ્ટફંડોના અધિકારીઓ આપે. અમારા જાણવા અને માનવા મુજબ આ સંબંધમાં વ્યવહારૂ યોજના ઘડી તેને કાર્યમાં મૂકવા માટે એક કમીટી જૈન એસોસીએશન ઑફ઼ ઇંડિયા નામની સંસ્થાએ નીમી છે અને તે કમીટીની કેટલીક મીટીંગો પણ ભરાઇ ચૂકી છે. આ વાતને ઘણો સમય થઇ ગયો છે પણ અમે દિલગીર છીએ કે તેનો રિપોર્ટ હજુ પ્રજા સમક્ષ મૂકાયો નથી. જૈન એસોસીએશન ઑફ ઇંડિયા એ નામ પણ મ્હોટું છે અને તેના મેમ્બરોમાં પણ વગવાળા અને ધનાઢ્ય ગૃહસ્થો છે. વળી તેને મુંબઇ સરકારે માન્ય રાખેલ છે. આથી તે સંસ્થા તરફથી આવા કાર્યને ઘણી મદદ મળી શકે તેમ છે એ નિર્વિવાદ છે—તો અમે ખાત્રી ભરી આશા રાખીએ કે આ સંસ્થા તરફથી આ સંબંધે કાંઇ 'લીલું' કરવામાં આવશે અને તે પણ નજીકના ભવિષ્યમાં, તો તેવી આશા નિરર્થક છે યા રમુજી છે એમ કોઇ ભાગ્યેજ કહી શકશે. 'જાગો મુજ વ્હાલા ભાઇ, પંખી વન બોલે. સૂર્ય તણો ઉદય થયો, રાત્રી તણો અંધકાર ગયો; ભ્રમર ગું ગું કરી રહ્યો, કમળ પત્ર ખોલે'—એ કાવ્ય અત્યારે યાદ આપીએ છીએ.

# પ્રકરણ ગ્રંથો તૈયાર કરવા માટે ઈનામો.

જૈન એજ્યુકેશન બૉર્ડે તા. ૨૩-૬-૧૯૧૭ ને દિને નીચે પ્રમાણે ઠરાવ કર્યો છેઃ- જૂદા જૂદા વિદ્વાનો પાસે નીચેનાં પુસ્તકો તેની સામે મૂકેલા રૂપીઆનું ઑનરેરિયમ (            ) આપી હાલની શિક્ષણપદ્ધતિએ તૈયાર કરાવવાં.

જીવવિચાર રૂ. ૧૦૦, નવતત્ત્વ રૂ. ૨૦૦, કર્મગ્રંથ રૂ. ૩૦૦, દંડક રૂ. ૭૫, બૃહદ્ સંગ્રહિણી રૂ. ૧૫૦, ક્ષેત્રસમાસ રૂ. ૨૦૦.

આ માટે નીચેના નિયમો ઘડવામાં આવ્યા છેઃ—

૧ જે જે હરીફાઇમાં ઉતરવા માગતા હોય તેમણે ઉપરના ગ્રંથ પૈકી એક યા વધારે ગ્રંથો પોતે ચૂંટી તે માટે આઠ ફૂલસકેપ કાગળ જેટલું મેટર નમુના રૂપે લખી તા. ૧૫ મી નવેમ્બર ૧૯૧૭ સુધીમાં સેક્રેટરી પર મોકલાવી આપવું આવશ્યક છે. તેની સાથે પોતે કેવી રીતે કાર્ય કરવા માગે છે તેનું માર્ગસૂચન સ્પષ્ટાકારે કરવું.

૨ તે મેટર દરેકનું આવ્યે બૉર્ડ સમક્ષ યા બૉર્ડ જે કમિટી નીમે તે સમક્ષ મૂકી તેમાંથી જે જે યોગ્ય જણાશે તેમને આખા ગ્રંથનું કાર્ય સોંપવામાં આવશે.

૩ તે પ્રમાણે જે ગ્રંથ તૈયાર થશે તે બૉર્ડ પોતાના દ્વારા યા બીજી સંસ્થા યા વ્યક્તિદ્વારા છપાવશે. તેની લગભગ પડતર કિંમત રાખવામાં આવશે. તેનો કૉપી રાઇટ બૉર્ડને સ્વાધીન છે એમ સમજવાનું છે.

૪ નમુનાનું મેટર મોકલનારે પોતાનું નામ પોતાના મુદ્રાલેખ સહિત જૂદા કાગળમાં જણાવવું. જ્યારે તેમનો માત્ર મુદ્રાલેખ મેટરના લેખ પર મૂકવો.

**મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ.**
**મોહનલાલ દલીચંદ દેશાઇ.**
ઓનરરી સેક્રેટરીઓ.
જૈન શ્વેતાંબર એજ્યુકેશન બૉર્ડ.

# જન સેવા અને જૈનો.

" મારો જન્મ **જૈન** કુટુંબમાં થયો હતો. મારા દાદાને અહિંસામાં અત્યંત શ્રદ્ધા હતી. કોમમાં માતબર માણસ ગણાતા. તેમના ભાઇ સાધુ થયા હતા. પોતાના પંથમાં પ્રતિષ્ઠાશાળી ગુરૂ હતા. મારા દાદા જુદી જ પ્રકૃતિના પુરૂષ હતા. તે અહિંસા-વિકૃત અહિંસા ધર્મ પાળતા તે પોતે પોતાના ધંધાને અનુસરતા જે જે પ્રપંચ ખેલવા પડતા તે સર્વ પ્રપંચ વ્યાજબી ગણતા. પોતાના ધંધાના વ્યવહાર શાસ્ત્રાનુસાર એ પ્રપંચ તેમને મન છુટ આપી શકાય તેવા હતા. જુ પક્ષી અને એવાં બીજાં પ્રાણીઓ મૃત્યુના મુખમાં આવી પડતાં હોય તો, તેને બચાવવામાં બજારો રૂપિઆ ખર્ચી નાંખે પણ સગીર કે વિધવા સાથે લેવડ દેવડ કરવામાં-તેમનો છેલ્લો કોળીઓ ઝુંટાવી લે એવા, એ મતને માનનારાં ઘણાં મનુષ્યો મેં જોયાં જાણ્યાં છે. "

**લાલા લજપતરાય.**

સૃષ્ટિના નિયમની સાથે રમતો-ખેળતો કાળ ચક્ર ફરે છે. જડ ચૈતન્યના ઉન્નત પ્રદેશમાં, અગર અવનતિના ઘનઘોર અંધકારમાં-સૃષ્ટિ લીલાના સ્વર્ગીય વિલાસમાં કે પ્રલયના દારૂણ ઘમસાણમાં, કાળ અનાદિ અનંત સર્વવ્યાપિ છે. સૃષ્ટિ લીલાની સર્વ સત્તા ખ,

દ્રવ્યો પર ચાલે છે. તેની સાથે ચૈતન્ય સ્ફુર્તિ-સંયોગિ છે. પૃથ્વી, જળ, તેજ વાયુ, આકાશમાં ચૈતન્ય રહ્યું છે. તેથી જરા ઉચ્ચ સ્થિતિએ બે, ત્રણ-ચાર વિકલેંદ્રિય ઇંદ્રિય જીવો છે. તેનાથી ઉચ્ચ કોટિના પંચેંદ્રિય પ્રાણિમાં જળ-સ્થળ, આકાશ-વિહારિણિ ઘણીજ જાતિ છે તે સમગ્ર પ્રાણીમાં, મનુષ્ય જાતિ ઉચ્ચિષ્ટ કોટિની છે. પ્રાણી માત્રમાં જ્યારે, સ્વ પોષણ પુરતી જ શક્તિ રહી છે, ત્યારે મનુષ્યમાં અસંખ્ય જીવોનાં દુઃખની વિદારક-જીવન્નોતિકારક શક્તિ રહિ છે. જીવન, મૃત્યુ, આહાર, વિહાર, સુખ-દુઃખ, આદિ ક્રિયા પ્રત્યેક પ્રાણીમાં છે, પરંતુ બુદ્ધિ વિકાસ, ચારિત્ર-જ્ઞાનની અનંતતા તો મનુષ્યમાં જ છે. જે મહાનિયમને અનુસરીને જગત્‌નું સામ્રાજ્ય ચાલે છે, તે મહાશક્તિનો ખરો ઉપાસક મનુષ્ય છે. આથી આપણે કબુલ કરીશું કે પશુ, પક્ષી, અને ઇતર જીવો કરતાં મનુષ્ય જન્મ એ ઉચ્ચત્તમ છે. તો પછી મનુષ્ય જાતિના ઉદ્ધાર અર્થે-તેમની આધિ,-ઉપાધિ, અજ્ઞાન ટાળવા માટે સામાજીક ધર્મથી, પ્રત્યેક મનુષ્ય બંધાએલ છે. દિવ્ય પ્રેમના સજાતિય દોરથી, મનુષ્ય માત્રનાં હૃદયો વણાયલાં છે. તેને લઇને પરસ્પર ખેંચાવું એ નૈસર્ગિક છે. વ્યક્તિગત દુઃખો એજ પરિણામે સામાજીક મહાસંકટો બને છે ! ! સબળ મનુષ્યો, સમાજના નિર્બળ ભાગ પ્રતિના ધર્મનો ધ્વંસ કરીને, સ્વાર્થાંધતાની પરાકાષ્ઠાએ પ્હોંચે છે, ત્યારે તે આર્દ્રતા ટાળવા,-રાષ્ટ્રીય સચેતનતા ઉત્પન્ન કરવા, કોઇ મહાપુરૂષ જનસેવા અંગીકાર કરે છે.

ઇ. સન પૂર્વે ૬૦૦ વર્ષના અરસામાં સામાજીક નિયમોનો ભંગ થતાં, અત્ર-તત્ર, વ્યક્તિ સ્વતંત્રતા છુંદાઇને અવ્યવસ્થા થઈ હતી; જ્ઞાન-સ્વામિત્વનો ઇજારો, ફક્ત બ્રાહ્મણો પાસે જ હતો; વૈશ્યો વણિજ્ય અને ખેતીમાં મથતા હતા; બિચારા ક્ષુદ્રોનું જીવન તો અતિ પાપિષ્ટ મનાતું—બ્રાહ્મણોની તુચ્છતા તેઓ પ્રતિ અસીમ હતી, એટલે કે તેઓ કેવળ ક્ષુદ્ર-કર્મો કરીને કાળ પસાર કરતા. જીવન—મુક્તિ અર્થે યજ્ઞોનો પ્રચાર બહુ હતો. પશુ મેધ યજ્ઞ,—અશ્વમેધ યજ્ઞ, નરમેધ, ના નામે યજ્ઞની પ્રચંડ વેદીમાં, પશુ, પક્ષિઓ, હોમાતાં, અરે ! મનુષ્યનું બળી પણ અપાતું, પ્રાણી માત્રની સાથે 'જનસમાજની આવી સ્થિતિ હતી. તે ભયંકરતાનો નાશ કરી, સામાજીક સુવ્યવસ્થા કરવા, ભગવાન શ્રી મહાવીરે મહા પુરૂષાર્થ સેવ્યો. સામાજીક દુઃખથી દુઃખિત થઇને, ક્ષત્રી ધર્મ,-રાજ્યસત્તા-વૈભવ,-ત્યાગી સેવાધર્મ અંગિકાર કરીને, ભારત વર્ષનું વાતાવરણ " અહિંસા પરમો ધર્મઃ "થી ભરી નાંખ્યું. પરોપકારના સિદ્ધાન્તનું જ્ઞાનામૃત રેડીને, જનસેવા કરવા સંઘશક્તિ ઉત્પન્ન કરી-ભગવાન શ્રી મહાવીરના જીવનને અનુસરીને, રાજ્ય વિલાસ, ક્ષત્રી ધર્મ ત્યજી-મહાપુરૂષ બુદ્ધ પણ જન સેવા કરવા, ત્યાગ લઇ મૈત્રી-કરૂણા-પ્રમોદ-માધ્યસ્થ, ભાવના જનસમાજમાં આરોપિત કરીને, અહિંસા સિદ્ધાન્તનો વિશાળ ફેલાવો કર્યો. !

અહિંસાના સિદ્ધાન્તથી સુપ્રસિદ્ધ આ બે મહા ધર્મોના લીધે સ્થળે સ્થળે વિહાર, ગુરૂકુળ, ઔષધશાળા, જ્ઞાનશાળા નિરાશ્રિતાશ્રમ, આરોગ્ય ભુવન, અને પારમાર્થિક-જીવનાસક્ત મુનિ મંડળની સબળ સંખ્યા હતી-સ્થિતિ આમ હોઇને પણ સખેદ કહેવું જોઇએ કે કોઇ મહાશક્તિની ન્યૂનતાવશ, બૌદ્ધ ધર્મની તે ઉપકારક જાહોજલાલી જૈનધર્મ જેટલી ટકી રહિ નહિં. જૈનોની તે પ્રાચિન પ્રણાલિકામાં પણ કાળક્રમે આજે રૂપાન્તર સ્થિતિ-દ્દષ્ટિગોચર થાય છે. જૈનસમાજ પાંજરા પોળોમાં લાખ્ખો રૂપિઆ આપે છે. કબુતરોને દાણાં, કસાઇઓ પાસેથી પશુ પક્ષિયો છોડાવવાં, અને વિકલેંદ્રિય જીવોની સાથે એક ઇંદ્રિય-વ-

નરપતિ પર્યંત પણ આહાર, વિહાર, કાર્ય-વ્યાપારમાં રક્ષા, યોજાઇ છે. આ બધી ક્રિયા "પ્રાણાતિપાત વિરમણ વ્રત"ના નામના મહાવ્રત કે અણુવ્રત-સ્થૂલ-સૂક્ષ્મ-રૂપે આચરવામાં આવે છે જીવન રક્ષક આ નિયમનું કાર્યક્ષેત્ર, ભલે વધુ વિશાળ બનો! પરંતુ ખેદનો વિષય એજ કે જનસેવા પ્રતિ જૈનો ગૌણતા બતાવે છે. તેને લઇને જૈનસમાજની અવનતિ થતી ચાલી છે! ઈ. સ. ના પૂર્વે આર્યાવર્ત્તમાં જૈનોની સંખ્યા કરોડોની હતી એવો મત્ત પ્રાચિન ઇતિહાસકાર બાબુ ભગવાનલાલ અને શિવપ્રસાદ વિગેરે વિદ્વાનોનો છે. વર્ત્તમાન કાળે જૈનોની સંખ્યા પંદર લાખની અંદર ગણાય છે! આમ જૈન સમાજનાં ઉપાંગ કપાતાં ચાલ્યાં છે! તો પછી બિચારા જૈનેતર બન્ધુઓને જૈન શાસનરસિક કોણ કરી શકે? દક્ષિણમાં અત્યારે ઓળખાતી "લિંગાયત" ના નામે એક મોટી જાતિ અગાઉ જૈન હતી! જૈન ધર્મનો વિજયિ વાવટો જ્યાં જોરથી ઉડી રહ્યો હતો—તે તિર્થંકર શ્રી મહાવીરની જન્મભૂમિ મગધ (બંગાળ) માં અત્યારે જૂજ જૈનો છે. તેવીજ સ્થિતિ પંજાબ સંયુક્ત પ્રાન્ત વિગેરેમાં છે. આવી ભયંકર ઘટના કેમ બની હશે તે વિચારી-તપાસી ચિકિત્સા કરવાની ફરજ શું જૈન સમ્માજની નથી? અત્યારે જૈનોની પારમાર્થિક પ્રવૃત્તિ તત્વને અનુસરીને નહિં પણ રૂઢિને તાબે હોય એમ લાગે છે. દુકાળો, અને પ્લેગ, વિગેરે સંકટોથી અનેક મનુષ્યો અન્ન વસ્ત્રથી કુટુંબપોષણ નહિં કરી શકતા હોવાથી, કેવળ કાળને શરણે રહે છે! સેંકડે પચીસ ટકા જેટલું પણ જ્યાં લખવા વાંચવા પુરતું જ્ઞાન નથી, ત્યાં કેવળ અજ્ઞાન અંધકારમાં અથડાઇને હડધુત થતા લોકો મિશનરીઓ વિગેરેને શરણે જાય છે. અગર પશુ જીવન પસાર કરે છે! આવા સંકટમાં સપડાયલાઓની સ્થિતિ તરફ આંધળીઆં કરીને, સ્વામિ વાત્સલ્ય અને મૃત્યુ-ક્રિયાના નામે મિષ્ટાન ઉડાવવામાં આવે, મહોત્સવો ઉજમણામાં વધુ પડતો ધનવ્યય થાય, લાખ્ખો કરોડો રૂપિઆ દેવ દ્રવ્યના નામે સંગ્રહવામાં આવે, તેની વ્યવસ્થાની ભાંજગડમાં કલેશ જઘડા થઇ, કોર્ટોમાં વકીલ બેરિસ્ટરોના તડાકાનું નિમિત્ત તે દ્રવ્ય થઇ પડે, તે કાર્ય-વ્યાપારને જો ધર્મની પરિસમાપ્તિ સમજવામાં આવતી હોય તો, તે માન્યતા અસ્થાને છે. તાત્વિક દ્રષ્ટિએ ભલે પ્રાણી સેવા, ધાર્મિક ક્રિયાકાન્ડ કરવામાં આવે પણ જન સેવાનો વિષય પ્રધાન હોવો જોઇએ. નિરાશ્રિત બાળકો માટે બાળાશ્રમો, રોગીજનો માટે હોસ્પીટાલો, ગરીબો માટે સસ્તાભાડાનાં સ્વચ્છ ઘરો-સેનેટેરિયમ શિક્ષણ પ્રચાર અર્થે શાળા, કન્યાશાળાઓ, સ્કોલરશિપો, બોર્ડીંગો, વાંચનાલયો અને હુન્નર ઉદ્યોગની સંસ્થાઓ વિગેરે, અનેક જનોપયોગી ખાતાઓથી સ્થાપી જનસેવા કરવા પુરૂષાર્થ કરવો ઘટે છે. ભગવાન શ્રી મહાવીરે ભગીરથ પુરૂષાર્થ સેવ્યો છે. તેમના જીવનનો મુદ્રાલેખ "સેવા" હતો. તેમણે વ્યષ્ટિ-સમષ્ટિ વચ્ચે એકાકાર ભાવના-ભિન્ન ભિન્ન સ્વરૂપે પણ એકજ દ્રષ્ટિબિંદુથી જનસેવા કરી પરમાનંદ મેળવ્યો. જૈનોને તે ભાવના વારસામાં મળેલી હોઇને તેનો જો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, તપાસી ઉપયોગ કરવામાં આવે તો લાલા લજપતરાયે મૉર્ડર્ન રિવ્યુમાં જૈનોને ઉદ્દેશીને "સત્ય કે ઘેલછા"? ના નામે જે કાંઇ લખ્યું છે, તેવા આક્ષેપો જૈન બન્ધુઓ સહજ ટાળી શકે. જૈન બન્ધુઓ! આર્યાવર્ત્તના ઉદયના ઉષઃકાળમાં જાગૃત થશો કે ઉંઘશો?

એલ્ફીન્સ્ટન રોડ
ઝવેરી બિલ્ડીંગ
તા. ૭—૬—૧૭.

પદ્મશી નથુ શાહ

# ૧૪ ગુણસ્થાન સ્તવન.

સુમતિ જિણંદ સુમતિ દાતાર, વંદુ મન શુદ્ધ વારોવાર,
આણી ભાવ અપાર, ચૌદે ગુણ થાનક સુવિચાર;
કહિશું સૂત્ર અરથ મન ધાર, પામે જિમ ભવ પાર. ૧
પ્રથમ મિથ્યાત્વ કહ્યો ગુણ ઠાણો, બીજે સાસ્વાદન મન આણો,
ત્રીજે મિશ્ર વખાણો, ચોથો અવિરત નામ કહાણો,
દેશ વિરતિ પંચમ પરિમાણો, છઠો પ્રમત્ત પિછાણો. ૨
અપ્રમત્ત સત્તમ લહીજે, અઠમ અપૂર્વ કરણ કહીજે,
અનિર્વૃત્તિ નામ નવમ્મ, સૂક્ષ્મલોભ દશમ સુવિચાર;
ઉપશાંત મોહ નામ અગ્યારમ, ક્ષીણ મોહ બારમ્મ. ૩
તેરમ સયોગી ગુણ ધામ, ચૌદમ થયો અયોગી નામ,
વરણું પ્રથમ વિચાર, કુગુરૂ કુદેવ કુધર્મ વખાણ;
તેહ લક્ષણ મિથ્યાત્વ ગુણઠાણે તેહના પાંચપ્રકાર. ૪

( ઢાલ સફલ સંસારની. )

જેહ એકાંત નય પક્ષ થાપી રહે, પ્રથમ એકાંત મિથ્યામતિ તે કહે,
ગ્રંથ ઉથાપી થાપે કુમત આપણી, કહે વિપરીત મિથ્યામતિ તે ભણી. ૫
જૈન શિવ દેવ સહુ નમે સારિખા, કૃતિયતે વિનયમતિ મિથ્યામતિ પારિખા,
સૂત્ર નવિ સદ્દહે રહે વિકલ ક્ષણે, સંશયી નામ મિથ્યાત્વ ચોથો ભણે. ૬
સમઝ નહિ કાંઇ નિજ ધંધ રાતો રહે, એહ અજ્ઞાન મિથ્યાત્વ પંચમ કહે,
એહ અનાદિ અનંત અભવ્યને, કહીય અનાદિ સ્થિતિ ભવ્યને. ૭
જેમ નર ખીર ઘૃત ખાંડ જમીને વમે, સરસ રસ પાય વળિ સ્વાદ કેવો ગમે,
ચોથ પંચમ છઠે ઠાણ ચઢતે પડે, કિણહી કષાય કર આય પહિલે અડે. ૮
રહે વચે એવું સમ આય ષટ આવલિ, સહીય સ્વાસાદિની થિતિ ઇસી સાંભલી,
હવે ઇહાં મિશ્ર ગુણ ઠાણ ત્રીજે કહે, જેહ ઉત્કૃષ્ઠ અંતર્મુહૂર્ત્ત રહે. ૯

( ઢાલ બે કરજોડી. )

પહિલા ચાર કષાય સમ કર સમ કિતી કેતો સાદિ મિથ્યામતિ એ,
જેહિ જલ હે મિશ્ર સત્ય અસત્ય જિહાં સદ્દહણા બિહું છતી એ. ૧૦
મિશ્ર ગુણા લય માંહે મરણ લહે નહિ આયુ બંધન પડે ન વેએ,
કેતો લહિ મિથ્યાત કે સમકિત લહી મતિ સરિખી ગતિ પર ભવે એ. ૧૧
ચાર અપ્રત્યાખ્યાન ઉદય કરી લહે વ્રત વિણ શુધ સમકિતપણો એ,
તે અવિરતિ ગુણ ઠાણ તેત્રીસ સાગર સાધિક થિતિ એહની ભણો એ. ૧૨
દયા ઉપશમ સંવેગ નિર્વેદ આસ્થા સમકિત ગુણ પાંચે ધરે એ,
સહુ જિન વચન પ્રમાણ, જિન શાસન તણી અધિક અધિક ઉન્નતિ કરે એ. ૧૩

કંઇક સમકિત પાઇ, પુદ્ગલ અરધના ઉત્કૃષ્ટા ભવમાં રહે એ,
કંઇક ભેદી ગ્રંથી અંતર મુહુરતે ચઢતે ગુણ શિવ પદ લહે એ. ૧૪
ચાર કષાય પ્રથમ ત્રણ વલી મોહની મિથ્યા મિશ્ર સમ્યકત્વની એ,
સાતે પરિકૃત જાસ પરહી ઉપશમે તે ઉપશમ સમકિત ધણી એ. ૧૫
જિણ સાતે ક્ષય કીધ તે નર ક્ષાયકી તિણહિજ ભવ શિવ અનુસરે એ,
આગળ બાંધ્યો આય તો તે તિહાં થકી તીજે ચોથે ભવ તરે એ. ૧૬

ઢાલ. ઇણ પરિ કંબલ.

પંચમે દેશ વિરતિ ગુણ ઠાણ, પ્રગટે ચૌકડી પ્રત્યાખ્યાન,
જિણે તજે બાવીસ અભક્ષ, પામ્યો શ્રાવકપણું પ્રત્યક્ષ. ૧૭
ગુણ એકવિંશતિ પણ ધારે, સાચા બારે વ્રત સંભારે,
પૂજાદિક ષટ કારિજ સાધે, અગ્યાર પ્રતિમા આરાધે. ૧૮
આર્ત રૌદ્ર ધ્યાન હોય મંદ, આવ્યો મધ્ય ધર્મ આણંદ,
આઠ વરસ ઉણી પૂરવ કોડિ, પંચમ ગુણ ઠાણે થિતિ જોડી. ૧૯
હવે આગે સાતે ગુણ સ્થાન, એક એક અંતર મુહુરત માન,
પંચ પ્રમાદ વસે જિણ ઠામ, તેહ પ્રમત્ત છઠો ગુણધામ. ૨૦
સ્થવિર કલ્પ જિન કલ્પ આચાર, સાધે ષટ આવશ્યક સાર,
ઉધત ચોથા ચાર કષાય, એમ પ્રમત્ત ગુણઠાણ કહાય. ૨૧
સુધી રાખી ચિત્ત સમાધિ, ધર્મ ધ્યાન એકાંત આરાધી,
જ્યાં પ્રમાદ ક્રિયા વિધ નાસે, અપ્રમત્ત સત્તમ ગુણ ભાસે. ૨૨

ઢાલ. શ્રી સંખેસર પાસ જિણેસર.

પહેલે અંશે અઠમ ગુણ ઠાણા તણે, આરંભે દોય શ્રેણી સંક્ષેપે તે ભણે,
ઉપશમ શ્રેણિ ચઢે જે નર ઉપશમી, ક્ષપક શ્રેણી ક્ષાયક પ્રકૃતિ દશ ક્ષય ગમી. ૨૩
જ્યાં ચઢતા પરિણામ પૂરવ ગુણ લહે, અઠમ નામ અપૂર્વ કરણ તિણે કહે,
શુકલ ધ્યાનનો પહેલો પાયો આદરે, નિર્મલ મન પરિણામ અડગ ધ્યાને ધરે. ૨૪
હવે અનિવૃત્તિ કરણ નવમો ગુણ નાણિયે, જ્યાં ભાવ સ્થિર રૂપ નિવૃત્તિ ના આણિયે,
ક્રોધ માન ને માયા સંજ્વલનરહેણે, ઉદય નહિ જિહાં વેદ અવેદપણે તિણે. ૨૫
જિહાં રહે સૂક્ષ્મ લોભ કાંઇક શિવ અભિલખે, તે સૂક્ષ્મ સંપરાય દશમ પંડિત દખે,
શાંત મોહ ઇણ નામ ઇગ્યારમ ગુણ કહે, મોહ પ્રકૃતિ જિણ ઠામ સહુ ઉપશમ લહે. ૨૬
શ્રેણિ ચઢયો જો કાલ કરે કિણહી પરે, તો થાયે આહમિંદ્ર અવર ગતિ આદરે,
ચાર વાર સમશ્રેણિ લહે સંસારમાં, એક ભવે કોઇ વાર અધિક ન હુવે ક્રિમે. ૨૭
ચઢી અગ્યારમી ઉમશમી પહેલી પડે, મોહ ઉપર ઉત્કૃષ્ટ અરધ પુદ્ગલ રહે,
ક્ષપક શ્રેણી અગ્યારમ ગુણ ઠાણો નહિ, દશમ થકી બારમ ચઢે ધ્યાને રહી. ૨૮

ઢાલ.

એક દિન કોઇ આયો મગધ પુરંધર પાસ. એહની.

ક્ષીણ મોહ નામે ગુણઠાણો બારમ જાણ, મોહ ખપાયો નેડો આયો કેવળ નાણ,
પ્રગટપણે જ્યાં ચારિત્ર અમલ યથાખ્યાત, હવે આગે તેરમ ગુણસ્થાન તણી કહે વાત. ૨૯

ઘાતીય ચોકડી ક્ષય ગઇ રહીય અઘાતી તેમ, પ્રકૃતિ પંચાશી જેહની જૂના કપ્પડ જેમ,
દર્શન જ્ઞાન વીર્ય સુખ ચારિત પાંચ અનંત, કેવલજ્ઞાન પ્રગટ થયો વિચરે શ્રી ભગવંત. ૩૦
દેખે લોક અલોકની છાની પરગટ વાત, મહિમાવંત અઢાર દૂષણ રહિત વિખ્યાત,
આઠે વરસે ઉણી કહી એક પૂરવ કોડિ, ઉત્કૃષ્ટી તેરમ ગુણઠાણે એ થિતિ જોડી. ૩૧
કરી શૈલેશી કરણી નિરૂંધ્યા મન વચ કાય, તેણુ અયોગી અંત સમે સહુ પ્રકૃતિ ખપાય,
પંચે લઘુ અક્ષર ઉચ્ચરતાં જેહનો માન, પંચમગતિ પામે સુખ સો ચૌદમ ગુણસ્થાન. ૩૨
તીજે બારમે તેરમે માંહિ ન મરે કોઇ, પહેલો બીજે ચોથો પરભવ સાથે હોઇ,
નારક દેવની ગતિમાં લાભે પહિલા ચાર, ધુરિલા પાંચ તિરિયમેં મણુ એ સરવ વિચાર. ૩૩

**કલશ.**

એમ નગર બાહડમેરમંડણ સુમતિ જિન સુપસાઉલે,
ગુણઠાણ ચૌદ વિચાર વર્ણ્યો ભેદ આગમને ભલે,
સંવત સતર ઓગણત્રીસે શ્રાવણ વદિ એકાદશી,
વાચક વિજયહર્ષ સાંનિધ કહે એમ ધરમસી.

---

# શ્રીમદ્ રત્નશેખરસૂરિ.

શ્રીમદ્ રત્નશેખરસૂરિ તપાગચ્છની પટ્ટાવલિમાં પરમા પટ્ટધર છે; તેમણે સ્તંભતીર્થમાં વિખ્યાત છાંબા નામના ભટ્ટ તરફથી 'બાલ સરસ્વતિ' એ નામનું બિરૂદ મેળવ્યું હતું. તેમનો જન્મ સંવત્ ૧૪૫૭ (કેટલેક સ્થાને ૧૪૫૨ એમ જણાવેલ છે.), મુનિવ્રત એટલે દીક્ષા ૧૪૬૩, પંડિતપદ ૧૪૮૩, વાચકપદ ૧૪૯૩, સૂરિપદ ૧૫૦૨ માં, અને સ્વર્ગવાસ સંવત્ ૧૫૧૭ ના પોષ વદિ ૬ ને દિને થયો હતો.

તેઓ ૫૧ મા શ્રી મુનિસુંદરસૂરિની પાટે આવ્યા. તેઓ પોતાની સંપૂર્ણ પ્રશસ્તિ શ્રાદ્ધ વિધિ નામના પોતાના પુસ્તકમાં આ પ્રમાણે આપે છેઃ—

**विख्यात तपेत्याख्या जगति जगच्चंद्रसूरयोऽभुवन् ।**
**श्री देवसुंदर गुरूत्तमाश्च तदनुक्रमाद्विदिताः ॥ १ ॥**

—આ જગત્‌માં તપા એવું પ્રખ્યાત નામ ધારણ કરનાર શ્રી (૪૪મા) જગચ્ચંદ્રસૂરિ થયા, તેમના પછી અનુક્રમે (એટલે દેવેંદ્ર, ધર્મઘોષ, સોમપ્રભ, સોમતિલક (જયાનંદ), અને ત્યાર પછી) દેવસુંદર ગુરૂવર્ય થયા.

અહીં દેવસુંદર સૂરિ સંબંધી એ જાણવાનું છે કેઃ—જન્મ સં. ૧૩૯૩, વ્રત ૧૪૦૪ મહેશ્વર ગામમાં, સૂરિપદ અણહિલપુર પત્તનમાં સં. ૧૪૨૦. ગચ્છાધિપતિ પદ ૧૪૪૨, અને સ્વર્ગવાસ ૧૪૫૭ દેવસુંદર એ નામના કર્તાની બે કૃતિઓ નામે ભક્તામર સ્તોત્ર વૃત્તિ, અને પ્રાકૃત યુક્તિ માલૂમ પડે છે, પછી તે દેવસુંદર અને આ દેવસુંદરસૂરિ એક હોય કે નહિ એ પ્રશ્ન છે.

**पंच च तेषां शिष्या स्तेष्वाद्या ज्ञानसागरा गुरवः ।**
**विविधावचूर्णिलहरि प्रकटनतः सान्वयाह्वानाः ॥**

—શ્રી દેવસુંદર ગુરૂવર્યના પાંચ શિષ્યો હતા, તેમાં પ્રથમ શિષ્ય શ્રી જ્ઞાનસાગર ગુરૂ થયા. તેમણે વિવિધ પ્રકારની અવચૂર્ણિ ( અવચૂરિ ) રૂપ લહેરો પ્રકટ કરી પોતાનું જ્ઞાન સાગર ( જ્ઞાનના સમુદ્ર ) એ નામ યથાર્થ કર્યું છે.

**જ્ઞાન સાગર**—જન્મ સં. ૧૪૦૫, દીક્ષા ૧૪૧૭, સૂરિપદ ૧૪૪૧, સ્વર્ગવાસ ૧૪૬૦. તેમના ગ્રંથો આવશ્યક સૂત્ર સં. ૧૪૪૦, ઉત્તરાધ્યયન સં. ૧૪૪૧, ઓઘનિર્યુક્તિ, સંસ્કૃત ક્ષેત્ર સમાસ સં. ૧૪૬૫ એ ચાર પર અવચૂરિઓ, ધન્ય ચરિત્ર ( ગદ્ય ) ?, રત્નચૂડ કથા ?, શ્રી મુનિ સુવ્રત સ્તવ, ઘનૌઘ (ઘોઘા) નવ ખંડ પાર્શ્વનાથ સ્તવ ઇત્યાદિ છે.

**श्रुतगत विविधालापक समुध्धृतः समभवं श्च सूरींद्राः ।**
**कुलमंडना द्वितीयाः श्रीगुणरत्नास्तृतीयाश्च ॥ ६ ॥**

—બીજા શિષ્ય શ્રી કુલમંડન નામે સૂરીંદ્ર થયા, તેમણે શાસ્ત્રમાં રહેલ વિવિધ આલાપ ( આલાવા ) નો ઉદ્ધાર કર્યો, અને ત્રીજા શ્રી ગુણરત્ન થયા:

**કુલ મંડન**—જન્મ સં. ૧૪૦૯, વ્રત ૧૪૧૭, સૂરિ પદ ૧૪૪૨, સ્વર્ગવાસ ૧૪૫૫ ના ચૈત્ર માસમાં. તેમના ગ્રંથો પ્રજ્ઞાપના સૂત્ર અવસૂરિ, પ્રતિક્રમણ વૃત્તિ અવચૂરિ, કલ્પાંતર્વાચ્ય ( એક સ્થલે રત્ન શેખર કૃત તથા જિન હંસ કૃત લખેલ છે અને તે ખરૂં જણાય છે ), નવ તત્ત્વ વૃત્તિ, કાય સ્થિતિ સ્તવ, વિચારામૃત સંગ્રહ સં. ૧૪૪૩, મુગ્ધાવબોધ ઔક્તિક સં. ૧૪૫૦, છે અને આ સિવાય સિદ્ધાંતાલાપકોદ્ધાર, વિશ્વ શ્રીધર, અષ્ટાદશાર-ચક્ર બંધ સ્તવ, મોટો હારબંધ સ્તવ છે. વિચારામૃત સંગ્રહ નામની સામાચારી માટે બૃહત્ ટિપ્પનિકામાં એ ઉલ્લેખ છે કેઃ—

**'प्रवचनपाक्षिकादि पंच विंशत्यधिकारप्रतिबद्धा आलापकाः**
**१४४३ वर्षे श्री कुल मंडन सूरियाः ।**

પ્રવચન પાક્ષિક આદિ ૨૫ અધિકારવાળા આલાપ ( આલાવા ) સં. ૧૪૪૩ માં શ્રી કુલમંડન સૂરિએ કર્યા.

**षड्दर्शनवृत्ति क्रियारत्नसमुच्चयविचार निचयसृजः ।**
**श्री भुवनसुंदरादिषु भेजुर्विद्यागुरुत्वं ये ॥ ४ )**

—તે ત્રીજા શિષ્ય શ્રી ગુણ રત્ન ગુરૂ વર્ય ષડ્દર્શનસમુચ્ચયવૃત્તિ અને ક્રિયા રત્ન સમુચ્ચય [ સં. ૧૪૬૬ ] એ ગ્રંથના રચનાર હતા અને શ્રી ભુવન સુંદર આદિ આચાર્યોના વિદ્યા ગુરૂ થયા.

**ગુણ રત્ન**—આમણે ઉપરના પ્રસિદ્ધ અને સમર્થ ગ્રંથો રચ્યા ઉપરાંત આતુર પ્રત્યાખ્યાન સૂત્ર પર અવચૂર, સંસ્તારકપર અવચૂરિ, પ્રમાણ ગ્રંથ, તર્કરહસ્યદીપિકા, શતક નામના પાંચમા પ્રાચીન કર્મ ગ્રંથ પર અવચૂરિ, પાંચ નવ્ય કર્મ ગ્રંથ [ કર્મ વિપાક, કર્મ સ્તવ, બંધ સ્વામિત્વ, ષડશીતિ અને શતક ] તથા સત્તરિપર અવચૂરિ, 'સિરિનિલય' ક્ષેત્ર સમાસપર લઘુ વૃત્તિ—અવચૂરિ, ચતુર્થ પ્રતિષ્ઠા કલ્પ ( પ્રતિષ્ઠા વિધિ ), વાસોંતિક પ્રકરણ, સમરાદિત્ય ચરિત્ર છે. આ નામના બીજા ગુણ રત્ન માણિક્યચંદ્ર સૂરિના શિષ્ય હતા.

**શ્રી સોમસુંદર गुरु प्रवरास्तुर्या अहार्यमहिमानः**
**येभ्यः संततिरुच्चै रभूद्द्विधा सुधर्मेभ्यः ॥**

—ચોથા શિષ્ય શ્રી **સોમસુંદર** ગુરૂવર્ય ઉત્કૃષ્ટ મહિમાવાળા થયા. તેઓ દ્રવ્યથી તથા ભાવથી એમ બે રીતે સુધર્મવાળા હોઇ તેઓમાંથી ઘણી શિષ્ય સંતતિ વૃદ્ધિ પામી.

**સોમ સુંદર**—જન્મ સં. ૧૪૩૦ માઘ વદિ ૧૪ શુક્ર, વ્રત ૧૪૩૭, વાચક પદ ૧૪૫૦, સૂરિ પદ ૧૪૫૭, સ્વર્ગવાસ ૧૪૯૯. તેમનો સાધુ પરિવાર ૧૮૦૦ હતો. તેમણે રચેલા ગ્રંથોનાં નામ આ છે:—ચૈત્ય વંદન ભાષ્ય પર અવચૂરિ, કલ્પાંત વાંચ્ય ?, અષ્ટાદશ સ્તોત્ર, જિન ભવ સ્તોત્ર, યુગાદિ દેવ સ્તુતિ, યુષ્મદ સ્મદ્ સ્તવ. આ સિવાય યોગ શાસ્ત્ર, ઉપદેશ માલા, ષડાવશ્યક, નવ તત્ત્વ ઇત્યાદિ પર બાલાવબોધ કર્યા છે. આમનો સર્વ ઇતિહાસ ' સોમ સૌભાગ્ય કાવ્ય ' માંથી મળી શકે છે.

**यतिजीतकल्प विवृत्त श्च पंचमा साधुरत्न सुरिवराः ।**
**यैर्मादृशोऽप्यकृष्यत करप्रयोगेण भवकूपात् ॥ ६ ॥**

—પાંચમા શિષ્ય શ્રી **સાધુ રત્ન** સૂરિવર થયા કે જેમણે યતિજીતકલ્પ પર વૃત્તિ [ સં. ૧૪૫૬ ] લખી છે, અને ભવ રૂપી કુવામાંથી મારા જેવાનો ઉદ્ધાર કર્યો છે.

**સાધુ રત્ન**—ઉક્ત ગ્રંથ સિવાય નવ તત્ત્વપર અવચૂરિ લખી છે.

આ પાંચે શિષ્યમાંથી દેવ સુંદર સૂરિની પાટે **સોમ**સુંદર બેઠા તે કહે છેઃ—

**श्री देवसुंदर गुरोः पट्टे श्री सोमसुंदरगणेंद्राः ।**
**युगवरपदवीं प्राप्तास्तेषां शिष्याश्च पंचैते ॥ ७ ॥**

—શ્રી **દેવ** સુંદર ગુરૂની પાટે શ્રી સોમ સુંદર ગુરૂ થયા. તે **સોમ** સુંદર સૂરિના યુગ પ્રધાન એવા પાંચ શિષ્યો થયા. [ નામે **મુનિ**સુંદર, જયચંદ્ર, **ભુવન** સુંદર, **જિન** સુંદર, અને જિન કીર્તિ. ] તે અનુક્રમે કહે છે.

**मारीत्यवमानिराकृति सहस्रनामस्मृति प्रभृति कृत्यः ।**
**श्री मुनिसुंदरगुरव श्चिरंतनाचार्य महिमभृतः ॥ ८ ॥**

—પહેલા શ્રી **મુનિ** સુંદર ગુરૂ = મારિ ઇત્યાદિ પ્રમુખ ઉપદ્રવનું નિવારણ, તથા જિન સહસ્ર નામ સ્મરણ ઇત્યાદિ વડે ચિરંતન આચાર્યના મહિમા ધારણ કરનારા થયા.

**મુનિ** સુંદર—જન્મ સં. ૧૪૩૬, વ્રત ૧૪૪૩, વાચક પદ ૧૪૬૬, સૂરિપદ ૧૪૭૮, સ્વર્ગવાસ ૧૫૦૩, કાર્તિક શુદિ ૧. તેઓ સહસ્રાવધાની હતા. દક્ષિણ દેશના કવિયો તરફથી, કાલિ સરસ્વતિ એ બિરૂદ અને મુઝ ફરખાન બાદશાહ તરફથી ' વાદિ ગોકુળષંઢ ' નામનું બિરૂદ તેમણે મેળવ્યું હતું. તેમના ગ્રંથો—ત્રૈવેદ્ય ગોષ્ઠી સં. ૧૪૫૫ [ન્યાય અને સાહિત્ય બંનેને લાગુ પડતો ], અધ્યાત્મ કલ્પ દ્રુમ, ઉપદેશ રત્નાકર, ગુર્વાવલી [ બીજું નામ ત્રિદશ તરંગિણીનો ત્રીજો ભાગ. ] સં. ૧૪૬૬, જયાનંદ ચરિત્ર, નર વર્મ ચરિત્ર (?), મિત્ર ચતુષ્ક કથા સં. ૧૪૮૪, ચતુર્વિંશતિ જિન સ્તોત્ર, રત્ન કોશ [ એમાં અનેક સ્તો-

= ' રોહિણી નગરમાં મરકી ટાળવાથી તેના રાજાએ શિકારનો ત્યાગ કર્યો હતો અને દેવકુલ પાટક નગરમાં ' શાંતિકર સ્તોત્રથી મહા મારીના ઉપદ્રવનો નાશ કર્યો હતો.

ત્રનો સંગ્રહ છે ], શાંતિકર સ્તવ, સીમંધર સ્તુતિ વગેરે છે. આ સિવાય સમહિમ શાંત સ્તવ, તપાગચ્છ પટ્ટાવલી, શાંત રસ રાજ છે.

**श्री जयचंद्रगणेंद्रा निस्तंद्राः संघगच्छकार्येषु ।**

**श्री भुवनसुंदर वरा दूरविहारै र्गणोपकृतः ॥ ९ ॥**

—બીજા શિષ્ય શ્રી જયચંદ્ર આચાર્ય થયા કે જે સંઘ અને ગચ્છનાં કાર્યોમાં પ્રમાદ કરતા નહોતા, તથા ત્રીજા શ્રી ભુવન સુંદર સૂરિ થયા કે જે દૂર વિહાર કરીને સંઘ ઉપર ઉપકાર કરતા હતા.

**જયચંદ્ર**—( કેટલાક જય સુંદર કહે છે ), તેમના ગ્રંથો પ્રતિક્રમણ ક્રમ વિધિ [ પ્રતિક્રમણ હેતુ વિધિ ] સં. ૧૫૦૬, પ્રત્યાખ્યાન સ્થાન વિવરણ, સમ્યક્ત્વ કૌમુદિ છે. આના શિષ્ય શ્રી જિન હર્ષ ગણિ હતા કે જેણે સં. ૧૫૦૨ માં વિંશતિ સ્થાન વિચારામૃત સંગ્રહ રચ્યો છે, તેમજ બીજા ગ્રંથ નામે પ્રતિક્રમણ વૃત્તિ સં. ૧૫૨૫, વસ્તુપાલ ચરિત્ર સં. ૧૪૯૭, રત્ન શેખર કથા ( પ્રાકૃત ), સમ્યક્ત્વ કૌમુદિ સં. ૧૪૫૭, અનર્ઘ્ય રાઘવ ( અથવા મુરારિ નાટક ) આદિ છે. આ શ્રી જયચંદ્ર સૂરિના સમયમાં પ્રખ્યાત શ્વેતાંબરાચાર્ય ક્ષેમંકર વિદ્યમાન હતા. તેઓ ષટ્ પુરૂષ ચરિત્ર અને સિંહાસન દ્વાત્રિંશિકા કથાના રચનાર છે. જયચંદ્રે ' કૃષ્ણ સરસ્વતિ ' નું બિરૂદ ધારણ કર્યું હતું.

**ભુવન સુંદર**—તેઓ પરબ્રહ્મોત્થાપન સ્થળ, મહા વિદ્યા વિડંબના વૃત્તિ અને તે પર ટિપ્પનના કર્તા હતા. આના સંબંધમાંજ એ કહે છે કેઃ—

**विषममहाविद्या तद्विडंबनाब्धौ तरीव वृत्ति र्यैः ।**

**विदधे यज्ज्ञाननिधिं मदादि शिष्या उपाजीवन् ॥ १० ॥**

—તેમણે વિષમ મહા વિદ્યાના અજ્ઞાનથી વિડંબણા રૂપ સમુદ્રમાં પડેલા લોકોને નાવ સમાન એવી મહા વિદ્યા વિડંબના વૃત્તિ કરી અને તેમના જ્ઞાનના ભંડાર પ્રત્યે મારા જેવા શિષ્યો પોતાનો નિર્વાહ કરી રહ્યા.

**एकांगा अप्येका दशांगिनश्च जिनसुंदराचार्याः ।**

**निर्ग्रंथा ग्रंथकृता श्रीमज्जिनकीर्तिगुरवश्च ॥ ११ ॥**

—ચોથા શ્રી જિન સુંદર સૂરિ કે જેઓ એક અંગ-શરીર ધારણ કરનાર છતાં અગિયાર અંગ-સૂત્ર ધારણ કરનારા હતા, તથા પાંચમા શ્રી જિન કીર્તિ ગુરૂ થયા કે જે નિર્ગ્રંથ--પરિગ્રહ રૂપી ગ્રંથ વગરના છતાં ગ્રંથ રચના કરનારા થયા.

**જિન સુંદર સૂરિ**—હુતાશિની કથા, અને દિપાલિકા કલ્પ સં. ૧૪૮૩ ના કર્તા હતા.

**જિન કીર્તિ**—પુણ્ય પાપ કુલક, ધન્ના—ધન્ય કુમાર ચરિત્ર [ આનું બીજું નામ દાન કલ્પ દ્રુમ છે ] સં. ૧૪૯૭, નવકાર સ્તવ (પંચ પરમેષ્ટી) ટીકા સં. ૧૪૯૪, ચંપક શ્રેષ્ઠી કથા, શ્રીપાલ ગોપાલ કથા, પંચજિન સ્તવના કર્તા હતા.

હવે શ્રી રત્નશેખર સૂરિ કહે છે કેઃ—

**एषां श्री सुगुरूणां प्रसादतः षट्ख तिथि मिते वर्षे ।**

**श्राद्ध विधि सूत्र वृत्तिं व्यधित श्री रत्नशेखरसूरि. ॥ १२ ॥**

—શ્રી રત્ન શેખર સૂરિએ ઉપર કહેલા શ્રી ગુરૂઓના પ્રસાદથી વિ. સંવત ૧૫૦૬ માં શ્રાદ્ધ વિધિ સૂત્રની વૃત્તિ કરી. આ વૃત્તિનું નામ વિધિ કૌમુદિ આપ્યું છે.

આ ગ્રંથમાં જિન હંસ ગણિએ મદદ કરી તે કહે છે.

**अत्र गुणसत्रे विज्ञावतं जिन हस गणिवर प्रमुखैः**

**शोधन लिखनादि विधौ व्यधायि सांनिध्यमुद्युक्तैः ॥ १३ ॥**

પરમ ગુણવંત અને વિદ્વદ્રત્ન શ્રી જિન હંસ ગણિ પ્રમુખ વિદ્વાનોએ આ ગ્રંથ રચતાં શોધતાં લખવા વગેરે કાર્યમાં પરિશ્રમ લઈ સહાય કરી.

**જિન હંસ ગણિ**—આ ખરતર ગચ્છના હોય એમ જણાય છે, તેમણે સં. ૧૫૮૨ માં આચારંગ સૂત્ર પર દીપિકા, અને ભાવ છત્રીશી લખેલ છે.

**રત્ન શેખર સૂરિની કૃતિઓ**—ષડાવશ્યક વૃત્તિ ( અર્થ દીપિકા ) સં, ૧૪૯૬, લક્ષણ સંગ્રહ, આચાર પ્રદીપ સં. ૧૫૧૬, ઉક્ત શ્રાદ્ધ વિધિ અને તે પર વૃત્તિ સં. ૧૫૦૬, હૈમવ્યાકરણપર અવચૂરિ, પ્રબોધ ચંદ્રોદય વૃત્તિ, છંદઃ કોશ-પ્રાકૃતઃ—

આજ નામના બીજા રત્ન શેખર સૂરિ હતા કે જે નાગપુરીય શાખાના. હેમ તિલક સૂરિના શિષ્ય અને વજ્ર સૈન સૂરિના પ્રશિષ્ય હતા. તેમણે ગુરૂ ગુણ ષટ્ ત્રિંશિકા, સંબોધ સત્તરી, અને શ્રીપાલ ચરિત્ર—પ્રાકૃત સં. ૧૪૨૮, તથા ગુણસ્થાન ક્રમારોહ અને તેપર સ્વોપજ્ઞ વૃત્તિ સં. ૧૪૪૭ રચેલ છે.

---

# अभेद मार्गमां प्रयाण.

( લેખક—ગોકુલદાસ નાનજીભાઇ ગાંધી—રાજકોટપુરા. )

## પ્રકરણ ૧ લું.

### જૈનના ગુણસ્થાનકો અને વેદાંતીઓની ભૂમિકાઓની એકતા.

**સૂચના:—'અભેદ માર્ગમાં પ્રયાણ'** એ નામવાળો એક મહાન ગ્રંથ લખાય છે. આ ગ્રંથમાં જગત્માં ચાલતા મહાન પંથો, સંપ્રદાયો અને ગચ્છોની એકતા બતાવવામાં આવશે અને દરેક સંપ્રદાયવાળાઓ છેવટે આત્માનંદમાં એટલે અભેદમાર્ગમાં પ્રયાણ કરે છે એવુ સિદ્ધ કરવામાં આવશે. શબ્દભેદને તજીને વિચાર કરવામાં આવે તો અનુભવમાં દરેક ધર્મ સરખો બોધ આપે છે એમ અનુભવાય છે પણ જ્યાં સુધી તેવી સમજ ન થઇ હોય ત્યાં સુધી માણસો શબ્દભેદ વડે લડીને દેશનું સત્યાનાશ કાઢી નાંખવા ભૂલતા નથી. દેશનો મુખ્ય આધાર ધર્મ ઉપર રહેલો છે. ધર્મના બહાના વડે તો માણસો ગમે તે કરવાને તૈયાર થઇ જાય છે. આ ગ્રંથમાં દરેક ધર્મની એકતા અને દરેક ધર્મ આત્મજ્ઞાનને જ ઉપાસે છે એવું સચોટ અનુભવપૂર્વક સિદ્ધ કરવામાં આવશે.

**શરૂઆત:—**

આત્માભિમુખ વૃત્તિ અને સ્વરૂપ સ્થિતિ એ જ્ઞાનનું લક્ષણ છે અને જગદભિમુખ વૃત્તિ તથા સ્વરૂપ ભ્રષ્ટતા એ અજ્ઞાનનું લક્ષણ છે. જે મહાત્મા અહોનીશ આત્મસ્વરૂપમાં જ રમે છે તેને રાગ દ્વેષનો ઉદય ન થવાથી તેનામાં અજ્ઞત્વનો સર્વદા અસંભવ રહે છે

પણ જે બહિર્દષ્ટિ જીવો છે તેમણે તો અનાત્મપદાર્થોમાં આત્મપણું માનેલું હોય છે. માટે એ સ્વરૂપભ્રષ્ટ જીવોમાં મહામોહ પ્રવર્તતો હોય છે. આવા સ્વરૂપભ્રષ્ટ સંયોગોમાં સદા અજ્ઞાનત્વ હોય છે. જે અવસ્થામાં કેવલ આત્માનું જ્ઞાન વિદ્યમાન હોય છે એટલે કે આત્માનંદનો અનુભવ થાય છે તે અવસ્થાને સ્વરૂપસ્થિત અવસ્થા કહે છે. જ્યારે અહંતાનો નાશ અને ભેદની શાન્તિ થાય છે એટલે કે રાગ અને દ્વેષ જતા રહે છે ત્યારે આત્માનો પ્રત્યક્ષ અનુભવ થાય છે એ અનુભવવાળી સ્થિતિ તે સ્વરૂપાવસ્થિતિ કહેવાય છે. વાસ્તવતો દરેક આત્માઓ સ્વરૂપાવસ્થિત જ છે પણ વિભાવનો આરોપ માત્ર હોવાને લીધે તે સ્વરૂપાવસ્થિત દશામાં અજ્ઞાનનો પણ માત્ર આરોપ જ છે. જ્યારે સમ્યગ્જ્ઞાનનો ઉદય થાય છે ત્યારે તે અજ્ઞાનની વિલયતા થઈ જાય છે. વિભાવમાંથી સ્વભાવમાં આવવું તેનું નામ સમ્યગ્જ્ઞાન. વિભાવ કાંઇ વસ્તુ નથી માત્ર ઉપચારિક છે. પૂર્ણ સત્યમાં તો આત્મા સ્વરૂપસ્થિત સદાને માટે દરેકનો છે. સ્વરૂપભ્રષ્ટ સ્થિતિની એટલે અજ્ઞાનની સાત ભૂમિકા છે. બીજ જાગ્રત્, જાગ્રત્, મહાજાગ્રત, જાગ્રત્સ્વપ્ન, સ્વપ્ન, સ્વપ્ન જાગ્રત, સુષુપ્તક. આત્મસ્વરૂપ તો સર્વદા આનંદમય જ છે પણ ઔપચારિક નયની અપેક્ષાએ એટલે કે વિભાવની દૃષ્ટિએ જોઇએ તો સ્વભાવમાંથી વિભાવમાં જવાથી જ આ સકલ જન્મ મૃત્યુરૂપ પ્રપંચનો ઉદ્ભવ જણાય છે. વિભાવ એ માત્ર કલ્પના છે અને કલ્પના પ્રમાણે જ જન્મ મૃત્યુ છે. કલ્પનાને મળતા અધ્યવસાય, લેશ્યા, પરિણામની ધારા, વગેરે શબ્દો છે. એ શબ્દોની એકંદર વ્યવસ્થા કલ્પનામાં જ થાય છે. એ સર્વ કલ્પના જ છે. વિભાવ એટલે સ્વભાવથી ખસવું તે. સ્વભાવથી ખસવાની સાથે જ અધ્યવષાય—સૂક્ષ્મ વિચાર કે કલ્પના ઉદ્ભવે છે કે જે અધ્યવસાયમાંથી આ સંસારવૃક્ષ ઉગેલું છે. તે અધ્યવસાય એટલે સૂક્ષ્મ અને સૌથી પ્રથમની કલ્પના તે **બીજ જાગ્રત્** છે. નિર્મળ આત્મસ્વરૂપમાંથી જે પ્રથમનું વિભાવની કલ્પનાનું સ્ફુરણ તે બીજ જાગ્રત છે. અધ્યવસાયરૂપ સૂક્ષ્મ સંકલ્પ થવા પછી બહિર્દષ્ટિ થઇ જવાથી વિભાવીપુરૂષની સામે કલ્પના પ્રમાણે પદાર્થો દૃષ્ટિગોચર થાય છે. એ પ્રપંચાત્મક દશ્ય પદાર્થોમાં વિભાવને લીધે 'હું તથા મારૂં' એવી અહંમમત્વની પ્રતીતિ થાય છે. આવી જે અહંમમત્વની પ્રતીતિ થવી તેનું નામ જ **જાગ્રત્** છે. દશ્ય પદાર્થોમાં દૃઢ પ્રતીતિ થવાથી વિશેષ વિશેષ કલ્પનાઓ, અધ્યવસાયો, લેશ્યાઓ, ઉદ્ભવતી જાય છે અને તે પ્રમાણે કર્માવરણરૂપ અવિદ્યા વળગતી જવાથી નવા નવા જન્મમૃત્યુ લેશ્યા પ્રમાણે અનુભવમાં આવતા જાય છે અને 'આ હું અને આ મારૂં' એવી જે વિભાવરૂપ કલ્પના તેની દૃઢતા થતી જાય છે. આવા પ્રકારના પૂર્વપૂર્વના જન્મના સંસ્કારથી જાગ્રત્ થએલા દૃઢ વિશ્વાસને **મહાજાગ્રત** કહે છે. જાગ્રત્ અવસ્થામાં પણ મનમાં નવા નવા સંકલ્પો અને ઘાટો ઘડાયા કરે છે એ જે જાગ્રદવસ્થાનું માનસિક રાજ્ય છે. તેને **જાગ્રત્સ્વપ્ન** કહેવામાં આવે છે. જાગ્રત્સ્વપ્ન અવસ્થા એટલી બધી સામાન્ય છે કે દરેક વિભાવી પુરૂષ તેનો દરરોજ ઘણી વખત અનુભવ કર્યા કરે છે. ક્ષણે ક્ષણે મનમાં નવાન ઘાટ ઘડાય છે અને નાશ થાય છે. જાગ્રદવસ્થામાં આવા જે સ્વપ્નતુલ્ય ઘાટ થવા અને નાશ થવો તેજ અવસ્થા તે જાગ્રત્સ્વપ્ન અવસ્થા છે. કેટલાક માણસો તો જાગ્રદવસ્થામાં કોઇ એવી કલ્પનાની જાળ રચવામાં ગુંથાઇ જાય છે કે તેને પડખેથી કોઇ માણસ આવ્યો જાય તેની પણ ખબર પડતી નથી આ પણ જાગ્રત્સ્વપ્ન છે. જાગ્રત્

દશામાં અનેક પ્રકારનાં સ્વપ્નાં આવે છે. રજ્જુમાં સર્પના ભ્રાંતિ, છીપમાં રૂપાની ભ્રાંતિ, આકાશમાં બે ચંદ્રની પ્રતીતિ, મૃગજલ, વગેરે પણ જાગ્રત્સ્વપ્નોના ભેદો જ છે. નિદ્રાવસ્થામાં જે દશ્ય પ્રતીત થાય છે અને નિદ્રામાંથી જાગ્રતમાં આવ્યા પછી તે દશ્યનું કશું હોતું નથી તે દશ્ય તે સ્વપ્ન છે. આ સ્વપ્ન મહા જાગ્રત વિષે, સ્થૂલ શરીર ને કંઠથી હૃદય સુધીની નાડીના ભાગમાં થાય છે આ વાત નિર્વિવાદ છે. જેવી રીતે જાગ્રત્માં સ્વપ્ન દશા વરતે છે તેવી જ રીતે સ્વપ્નમાં પણ જાગ્રત્દશા વરતે છે ત્યારે તે **સ્વપ્ન જાગ્રત** દશા કહેવાય છે. ક્ષતદેહમાં તથા અક્ષતદેહમાં જાગ્રદવસ્થાની પેઠે જ્યારે સ્વપ્નમાં દઢ નિશ્ચય થાય છે ત્યારે તે સ્વપ્નજાગ્રત કહેવાય છે. જીવ જ્યારે અજ્ઞાનમાં લીન થઇ જાય છે ત્યારે તે દશાને **સુષુપ્તિ** કહેવાય છે. ગાઢ નિદ્રા તે **સુષુપ્તિ** છે ભવિષ્યત્ દુઃખના બોધથી મુક્ત જીવની જે જડ સ્થિતિ તે **સુષુપ્તિ.** સુષુપ્તિ અવસ્થામાં રાજ મહેલો, ઘાસ, ઢેફાં, પહાડો દેવ લોક એ સર્વ માત્ર પરમાણુ રૂપજ છે. સુષુપ્તિવાળાને પરમાણુની રચનાનો ભિન્ન ભિન્ન અનુભવ નથી હોતો માટે સુષુપ્તિ અવસ્થાની અપેક્ષાએ માત્ર પરમાણુનો સમૂહજ ભર્યો છે, પણ મહા જાગ્રત્ની અપેક્ષાએ તો પર્વત, નદી, દેવ લોક, ઘાસ, ઢેફાં વિગેરે ભિન્ન ભિન્ન ઘાટો છે, આ સર્વ અવસ્થાઓ અજ્ઞાનની છે અને તે વિભાવને લીધેજ છે, વિભાવ જેમ ઔપચારિક એટલે કહેવા માત્ર છે તેમજ આ અવસ્થાઓ પણ ઔપચારિક છે છતાં પણ અજ્ઞાન દશામાં તે જણાય છે માટે તે જાણવી જરૂરની છે. આ સાતે અવસ્થાઓનું સ્ફુરણ અધ્યવસાયમાંથી કે સૂક્ષ્મ કલ્પનામાંથી છે. દરેક અવસ્થામાં પણ અનેક ભેદો થઇ શકે છે. જાગ્રત્ સ્વપ્નાવસ્થા ઘણી રૂઢ થવાથી તે જાગ્રત્માં મળી જાય છે અને મહા જાગ્રત્ દશા વિકાશ પામે છે. જેમ સમુદ્રની ઘુમરીમાં વહાણો ગોથાં ખાય છે તેમ મહા જાગ્રત્ દશામાં પણ જીવો અનેક મોહ રૂપ ઘુમરીમાં ગોથાં ખાય છે અને અનેક પ્રકારના જન્મ મૃત્યુને કર્માનુસાર પામ્યાં કરે છે. આ પ્રમાણે કેટલીક સંસૃતિ જાગ્રત્પણે, કેટલીક સ્વપ્નપણે, કેટલીક જાગ્રત્ સ્વપ્નપણે અને કેટલીક સ્વપ્ન જાગ્રત્ રૂપે રહેલી છે. આ સાતે અવસ્થા અજ્ઞાનની હોઇ ત્યાગવા યોગ્ય છે. આ સાતે અજ્ઞાનની અવસ્થા મિથ્યા હોવાથી —ત્યાગવા યોગ્ય હોવાથી તે મિથ્યાત્વ ગુણ સ્થાનકમાં હોય છે એમ કહેવાય છે. મિથ્યાત્વ રૂપ આ સાતે અવસ્થાના મૂળ રૂપ વિભાવનો ત્યાગ થાય ત્યારેજ આ મિથ્યાત્વ રૂપ સાતે અજ્ઞાનાવસ્થાનો ત્યાગ થઇ શકે. વિભાવનો ત્યાગ તો સ્વભાવમાં—આત્મ સ્વરૂપમાં આવવાથી થાય છે માટે વિભાવ અને તજ્જન્ય અજ્ઞાનની સાતે ભૂમિકા રૂપ મિથ્યાત્વ ગુણ સ્થાનકથી ઉપર ચઢવું હોય એટલે કે આત્મજ્ઞાન તરફ પ્રયાણ કરવું હોય તો નિર્મળ આત્માનો મનોહર વિચાર કરી આત્મ જ્ઞાન મેળવ્યા પછી તે મિથ્યાત્વ રૂપ અજ્ઞાનાવસ્થાઓને તરી શકાશે. જેમ અજ્ઞાનની સાત ભૂમિકાઓ કહી તેજ પ્રમાણે જ્ઞાનની પણ સાત ભૂમિકાઓ છે. અજ્ઞાનની સાત ભૂમિકાઓ ત્રીજે ગુણ સ્થાનકેથી ચૌદમા ગુણ સ્થાનક સુધીમાં ઉત્તરોત્તર સમાઇ જાય છે. જ્ઞાનની સાત ભૂમિકાનું જ્ઞાન થયેથી તે આત્મા ફરીથી મોહ રૂપિ કાદવમાં અર્થાત્ જન્મ મૃત્યુમાં ફસાતો નથી. ભલે એવો જ્ઞાની સંસારમાં રહ્યો કહેવાતો હોય તોપણ જલકમલ ન્યાયે તે સંસારથી મુક્તજ છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનું ફરમાન છે કે—' **जहा पउम जले जायं, नेव लिप्पई वारीणा। एवं अलित्त कामेयं तंवूय वूम माहणं ॥** જેવી રીતે કમલ જલ સાથે રહે છે અને જલમાંજ જન્મે છે છતાં

જલથી તે લેપાતું નથી તેમ આત્મનિષ્ઠ મહાત્મા પુરૂષો પણ સંસારમાં જન્મ્યા છતાં તથા અનેકના સંબંધમાં રહ્યા કહેવાતા છતાં પણ તે પુરૂષો નિષ્કામ હોવાથી સાંસારિક કલ્પિત ઇચ્છાઓમાં ફસાતાજ નથી. માટે આત્મ જ્ઞાનની શ્રેણી રૂપ જ્ઞાનની સાત ભૂમિકાઓ કે ચૌદ ગુણ સ્થાનકોનું જે સમ્યગ્ જ્ઞાન તેનું નામજ અવબોધ છે. આ અવબોધરૂપ જ્ઞાનથી જ્ઞેય જે આત્મા અર્થાત્ મુક્તિ તે તો પર છે. સત્યાવબોધનું નામ જ મોક્ષ છે. જે આત્માને સત્યાવબોધ થાય છે તેને તો પછી બીજા કોઇ તરફથી કાંઇ કહેવાનુંજ રહેતું નથી. ભગવાન સૂત્રકારે પણ ફરમાવ્યું છે કે ' **उद्देसो पास गस्सणत्थि** ' આત્મ તત્ત્વ જાણનાર—અનુભવનારને કાંઇ કહેવું જરૂરનું નથી કારણ કે જે જાણવા યોગ્ય છે તે તો તેણે જાણ્યું છે. સત્યાવ બોધ થવા માટે જ્ઞાનની સાત ભૂમિકા જાણવી અને તે ઉપર ઉત્તરોત્તર આરૂઢ થવું જરૂરનું છે. જે પુરૂષો એ સાત ભૂમિકાને સમજીને તે પ્રમાણે અનુભવ મેળવતો જાય છે તે પુરૂષ નિર્વાણ પદને મેળવે છે. ખરૂં જોતાં એ સાત ભૂમિકાઓ અનુભવગમ્ય થયા સિવાય યથાર્થ સમજી શકાતીજ નથી, તેમજ જગત્માં જેટલું જેટલું જ્ઞાન છે તે સર્વ અનુભવ વગરનું નકામું છે. અનુભવ વગરનો કોઇ જીવ માત્ર વાંચીનેજ કે સાંભળીનેજ તે વાતને યથાર્થ સમજી શકેજ નહિ, યથાર્થ તો અનુભવીજ સમજી શકે છે અને મોક્ષ પણ અનુભવીનો થાય છે. અનુભવ વગરનું વાંચવું કે સાંભળવું તે ઠીક છે પણ ફાંફાં રૂપ તો ખરૂંજ. જગત્ અનાદિ કાળથી વાંચતું અને સાંભળતું આવ્યું છે અને અનંતકાળ સુધી તે કલ્પનાઓ ચાલશે પણ જે અનુભવીઓ છે તેમની તો બલીહારી છે. જગતમાં પૂજનીય પણ અનુભવીઓ જ છે માટે જ્ઞાનની સાત ભૂમિકા એટલે ગુણસ્થાનકો સાંભળી કે વાંચીને તે પ્રમાણે તેનો સદ્દગુરૂદ્વારા અનુભવ મેળવતા જવો. જેમ જેમ જ્ઞાનની ભૂમિકાઓનો અનુભવ મળતો જશે તેમ તેમ આત્માનંદની પ્રાપ્તિ અને અભિવૃદ્ધિ થતી જશે. છેવટે અનંત તત્વરૂપ આત્માને સિવાય બીજુ કશું જણાશે જ નહિ. માટે અનુભવ જ્ઞાન મેળવવાની ખાસ જરૂર છે. જે જીવને સત્યાવબોધરૂપ અનુભવ થયો તે જીવ ફરીથી સંસારની કલ્પનામાં ભટકશે નહિ. શુભેચ્છા, વિચારણા, તનુમાનસા, સત્વાપત્તિ, અસંસક્તિ, પદાર્થાભાવની, અને તુર્યગા એ જ્ઞાનની સાત ભૂમિકાઓ અનુક્રમે છે. એ એ સાત ભૂમિકાને અંતે મુક્તિ રહેલી છે. હું કોણ છું? આ જગત્ શું છે! વગેરે બાબતોનો હું શાસ્ત્ર તથા સંતપુરૂષના સમાગમ વડે વિચાર કરૂં આવા પ્રકારની વૈરાગ્ય પૂર્વકની ઇચ્છા થવી તેને **શુભેચ્છા** કહે છે. શુભેચ્છામાં મિશ્ર તથા સાસ્વાદન ગુણસ્થાનકનો સમાવેશ થાય છે. કારણ કે મિથ્યા દૃષ્ટિ એટલે દેહ દૃષ્ટિ કે જગદભિમુખવૃત્તિ તો છે જ. તેમાં હું કોણ છું એવી શુભેચ્છા ઔપશમિક ભાવે થઇ પણ તે ઇચ્છાની પ્રવૃત્તિ થઇ નથી તેથી આ સ્થળે અંતર્બહિર્વૃત્તિમાં સામ્ય હોય છે તેથી તે મિશ્રગુણ સ્થાન કહેવાય છે. જગદભિમુખવૃત્તિ પણ છે અને હું કોણ છું તે જાણવાની જીજ્ઞાસા પણ છે. માટે મિશ્ર ઇચ્છા થયા પછી તે પાછી સમાઇ જાય તો સાસ્વાદન ભાવ કહેવાય. માટે શુભેચ્છા નામની જ્ઞાન ભૂમિકામાં સાસ્વાદન તથા મિશ્રગુણ સ્થાનકોનો સમાવેશ થાય છે. સત્પુરૂષો એટલે આત્માનુભવી પુરૂષોએ પ્રરૂપેલાં શાસ્ત્રોના તથા સંતપુરૂષના સમાગમ વડે વૈરાગ્ય અને અભ્યાસપૂર્વક સદાચારમાં એટલે આત્માનુભવ તરફ પ્રવૃત્તિ તે **વિચારણા**. વિચારણા

નામની જ્ઞાન ભૂમિકાનેજ અવિરત સમ્યકત્વ નામનું ચોથું ગુણસ્થાનક કહેવામાં આવે છે. ઔપશમિક કે ક્ષયોપશમિક ભાવે સમ્યકત્વ નામનું ચોથું ગુણસ્થાન તો શુભેચ્છા નામથી પહેલી જ્ઞાન ભૂમિકામાં પણ છે, પરંતુ ક્ષાયક સમ્યકત્વ એટલે શુદ્ધ ચૈતન્યનુ જ્ઞાન જેમાં હોય છે એવું ઉત્તમોત્તમ ચોથું સમ્યકત્વ ગુણસ્થાન તથા દેશ વિરતિ એટલે અમુક હદમાં રહીને જ જેમાં આત્મધ્યાન કરાય છે એવું પાંચમું દેશ વિરતિ ગુણસ્થાન તથા અહોનીશ જેમાં આત્મ ધ્યાન કરવાનું હોય છે. જેવું છઠ્ઠું સર્વ વિરતિ ગુણસ્થાન આ બીજી વિચારણાં નામક ભૂમિકામાં સમાઇ જાય છે. સત્શાસ્ત્ર અને સત્પુરૂષના સમાગમ વડે સતની સત્ રૂપ પ્રતીતિ થાય છે પછી સતમાં પ્રવેશ કરવા માટે કે સતનો આનંદ ભોગવવા માટે અમુક અમુક વખતે આત્મધ્યાન ધરવામાં આવે છે. અને કેટલાક ઉત્તમ અધિકારીઓ રાત્રિ દિવસ આત્મધ્યાન ધર્યા કરે છે તે સર્વ આમાં સમાય છે જે લોકો દરરોજ થોડો વખત આત્માનંદ મેળવવા પ્રયાસ સેવે છે તે શ્રાવકો કહેવાય છે અને જે લોકો અહોનીશ આત્માનંદ મેળવવા પ્રયાસ કરતા હોય તે સાધુ કહેવાય છે. સાધુ એટલે શ્રવણ. આ સૂક્ષ્મ વિચાર કહો સ્થૂળ અને સરળ રીતે જોતાં સાસ્વાદન, મિશ્ર તથા અવિરત સમ્યકત્વ ગુણ સ્થાનકનો સમાવેશ પહેલી શુભેચ્છા ભૂમિકામાં થાય છે અને દેશવિરતિ તથા સર્વ વિરતિ નામના પાંચમાં અને છઠ્ઠા ગુણસ્થાનકનો સમાવેશ બીજી વિચારણા નામક જ્ઞાન ભૂમિકામાં સમાવેશ થાય છે. વિચારણામાં સદાચારમાં પ્રવૃત્તિ હોય છે પછી તે દેશથી પણ હોય અગર સર્વથી પણ હોય. વિચારણા તથા શુભેચ્છાને લીધે મનની વિહ્વલતા થવાથી ઇંદ્રિયોના અર્થને વિષે આસક્તિ ન થવી તેને તનુમાનસા નામક જ્ઞાનની ત્રીજી ભૂમિકા કહેવામાં આવે છે. આ ભૂમિકામાં મનની એકાગ્રતા હોય છે. સર્વ વિરતિ ગુણસ્થાનક ઉપશાંત પ્રમત્ત, અપ્રમત્ત, અને ઔપશામિક શ્રેણીવાળાના અગ્યારમાં ગુણસ્થાનક સુધીનો સમાવેશ થાય છે. આ સાધકની છેલ્લી જ્ઞાન ભૂમિકા છે. તનુમાનસા ભૂમિકા ઓળંગ્યા પછી તે સિદ્ધદશામાં એટલે ચરમ શરીરીમાં કે તદ્દભવ મોક્ષ ગામીમાં જાય છે. મનની એકાગ્રતામાં કાંઇક ન્યુનતા રહી જાય તો પ્રમત્તગુણસ્થાને કહેવાય. પ્રમત્ત ગુણસ્થાન એટલે આત્મધ્યાન ધરતાં ધરતાં વચ્ચે વચ્ચે પ્રમાદ થઇ જવો કે બહિર્વૃત્તિ થઇ જવી તે અપ્રમત્ત ગુણસ્થાન એટલે જેમાં અંતર્મુખ ઉપયોગ જ અડોલ પણે રહ્યા કરે અર્થાત્ અહોનીશ મન એકાગ્ર રહ્યા કરે તે ક્ષપક શ્રેણિવાળો તો સિદ્ધ દશામાં જાય છે કારણ કે ક્ષપકશ્રેણીવાળાને આત્માનો સતત ઉપયોગ વર્તતો હોવાથી તે તો મુક્તસ્થિતિમાં સમાય છે. ઔપશમિકવાળો પરાણે પરાણે મનને દબાવી રાખતો હોવાથી તેને પડવાનો ભય છે પણ ક્ષપક શ્રેણિવાળો કે જેને આત્માનો અનુભવ છે તેથી તેને પડવાનો ભય નથી. તેને આત્મજ્ઞાન થવાથી તે અભય છે. ક્ષપક શ્રેણીવાળાનો સમાવેશ સત્વાપત્તિ નામક ચોથી જ્ઞાનની ભૂમિકામાં સમાવેશ થાય છે. સાધકની ત્રણ ઉપર કહેલી ભૂમિકાના અભ્યાસને લીધે શુદ્ધ વૈરાગ્ય. દ્વારા સત્ય આત્મામાં જે સ્થિતિ થવી તેને સત્વાપત્તિ કહે છે. આ દશામાં જગતનો અભાવ અને આત્માનો સદ્દભાવ છે. આ જ્ઞાન ભૂમિકામાં ક્ષપકશ્રેણિવાળો નવમા ગુણસ્થાનકે હોય છે. અપૂર્વકરણના જો કે આઠમા ગુણસ્થાનકે ઔપશમિક અને ક્ષપકશ્રેણિઓ હોય છે પણ ત્યાં સુધી મોહનીય કર્મ એટલે જગતનો સદ્દભાવહોય છે અને ક્ષપકશ્રેણિવાળો આત્માનો તથા જગતનો અનુભવ કરતો હોય છે માટે સાધક તથા સિદ્ધ બંનેમાં ગણાય છે અને અભ્યાસમાં વધતાં જગતનો અભાવ થતાં તે સત્વાપત્તિ ભૂમિકાને પામે છે. સત્વાપત્તિમાં અનિવૃત્તિબાદર ગુણસ્થાન

તથા ક્ષપક સૂક્ષ્મ સંપરાય નામક નવમા ગુણસ્થાનકનો સમાવેશ થાય છે. ઉપશાંત મોહ-વીતરાગ છદ્મસ્થ અગ્યારમું ગુણસ્થાનક છે પણ તેનો મોહ ઉપશાંત છે ક્ષાયક નથી તેથી તે પડે છે માટે ઔપશમિકવાળો તો અગ્યારમા ગુણસ્થાનક સુધી પહોંચે છે તો પણ તે સાધક દશામાં છે. ક્ષપકશ્રેણિ એટલે આત્માનંદની શ્રેણિવાળો દશમા ગુણસ્થાનકમાં આવે છે ત્યારે તે અત્યંત આત્માનંદી હોય છે. આ દશમું ગુણસ્થાનક અને જ્ઞાનની અસંસક્તિ નામક પાંચમી ભૂમિકા એ બંને એકજ છે. જ્ઞાનની ચાર દશાના અભ્યાસ વડે આત્માનંદમય સમાધિ થવાથી ચિત્તને અંદરના તથા બહારના કલ્પિત આકારોનું જ્ઞાન ન રહે તેવી જાતના અસંસંગ રૂપી ફળ વડે ચિત્તમાં નિરતિશયાનંદ નિત્ય અપરોક્ષ આત્માનંદના સાક્ષાત્કારરૂપી ચમત્કાર થવો તેને **અસંસક્તિ** કહે છે. આ અસંસક્તિ નામક જ્ઞાનની પાંચમી ભૂમિકા એટલે દશમે ગુણસ્થાનકે જે ક્ષપકશ્રેણિવાળો મહાત્મા હોય છે તે દશમે ગુણસ્થાનકેથી પાધરો બારમે ગુણસ્થાનકે જાય છે. આત્માનંદની ખરેખરી લીજત દશમે ગુણસ્થાનકે ક્ષપકશ્રેણિવાળાને અનુભવમાં આવવા માંડે છે. દશમે ગુણસ્થાનકે જે ક્ષપકશ્રેણિવાળો હોય તે નિયમથી બારમે જાય-અને બારમા વાળાને અંતર્મુહુર્તમાં કેવળજ્ઞાન થાય જ. ક્ષપકશ્રેણિ એ આત્માનંદના અનુભવની શ્રેણિ છે અને ઉપશમશ્રેણિ એ મનના ઉપશમભાવની શ્રેણિ છે એટલો બધો તફાવત ક્ષપક અને ઉપશમ/શ્રેણિમાં છે. ક્ષપકશ્રેણિવાળો નિયમથી કેવલજ્ઞાનને પામે છે.

નવમા ગુણસ્થાનકમાં માત્ર સ્થૂલ કષાય હોય છે. દશમામાં માત્ર સૂક્ષ્મલોભજ હોય છે. સૂક્ષ્મ લોભનો નાશ થતાં તે દશમેથી અગ્યારમે નહિ જતાં પાધરો બારમે ગુણ સ્થાનકે જાય છે આ ગુણસ્થાનકે સર્વ કષાય ક્ષીણ થએલા હોવાથી તે ક્ષીણ કષાય વીતરાગ છદ્મસ્થ ગુણસ્થાન કહેવાય છે અને માત્ર અંતર્મૂહુર્તમાં-તેના જગતનો વિલય થઇ તે કેવલી એટલે નિર્વિઘાત અખંડ આત્મજ્ઞાની બને છે. આ ક્ષીણમોહ નામના બારમા ગુણસ્થાનકનો સમાવેશ **પદાર્થાભાવની** નામની છઠ્ઠી ભૂમિકામાં થાય છે. આ ભૂમિકામાં કેવલઆત્માપણાએ રહેવાય છે અને જગતની અંદર અને બહારની ભાવનાઓ ઉડી જાય છે માટેજ આને પદાર્થાભાવની ભૂમિકા કહેવાય છે. જગત્ સંબંધી અંદર અને બહારની ભાવના ઉડી જવી તેનેજ ક્ષીણમોહ ગુણસ્થાનક કહેવામાં આવે છે માટે જ્ઞાનની છઠ્ઠી ભૂમિકા અને બારમું ગુણસ્થાનક તે એકજ છે. ક્ષીણમોહીને જેમ કોઈ પ્રેરણા કરે તોજ તે ક્રિયામાં જોડાય છે તેમજ છઠ્ઠી ભૂમિકાવાળાનું પણ સમજવું કારણ કે બંનેમાંથી પદાર્થનો અભાવ છે માટે જે છઠ્ઠી જ્ઞાન ભૂમિકામાં છે તે બારમે ગુણસ્થાનકે છે એમ સમજવું. છઠ્ઠી ભૂમિકા એટલે બારમા ગુણસ્થાનકવાળો કેવલ અભેદમય બને છે એટલે કે સર્વત્ર એક આત્માનંદ સિવાય તેને બીજું કશું જણાતું તેમ અનુભવાતું નથી ત્યારે તે તેરમે ગુણસ્થાનકે અથવા તે તુર્યાવસ્થા નામક સાતમી જ્ઞાન ભૂમિકાએ પહોંચ્યો છે એમ કહેવાય. કેવલનિજ સ્વભાવમાં-રમણતા તેનું નામ તુર્યગા છે. આ તુર્યાવસ્થા તે જીવનમુક્તની અવસ્થા છે. જેને તુર્યાવસ્થા કહેવામાં આવે છે તેનેજ કેવલજ્ઞાન નામનું તેરમું ગુણસ્થાન કહેવામાં આવે છે. કેવલી એટલે જીવન મુક્ત માટે સાતમી જ્ઞાન ભૂમિકા અને કેવલજ્ઞાન એટલે એક ફક્ત આત્મજ્ઞાન તે બંને એકજ છે. જે કેવલી છે તે સાતમી ભૂમિકાએ છે અને જે સાતમી ભૂમિકાએ છે તે કેવલી છે આ સાત ભૂમિકા એટલે ચૌદગુણસ્થાનકથી પર વિદેહ મુક્તિનો વિષય છે જેને તુર્યાતીતપદ

અથવા સિદ્ધસ્થાન કે સિદ્ધપદ કહેવામાં આવે છે આ તુર્યાતીત એટલે સિદ્ધપદ સર્વોપરિ, સર્વોત્કૃષ્ટ કે લોકમાં છેવટની વસ્તુ છે માટે તેને **લોકાંતે** પણ કહેવામાં આવે છે.

જે મહાત્મા પુરૂષો સાતમી ભૂમિકા એટલે કેવલજ્ઞાનમાં આવે છે તે મહત્પદને પામેલા છે જીવનમુક્તને જગતની કોઇ પણ ક્રિયા કયારેય પણ સુખદુઃખરૂપ થતીજ નથી તેમ તેના રાગદ્વેષનો સમૂળો અભાવ થએલો હોવાથી તે વીતરાગ કહેવાય છે. જીવનમુક્ત ગમે તે ક્રિયા કરતો જણાય તો પણ તેને કાંઇજ નથી. આ સાત ભૂમિકા અર્થાત્ ચૌદ ગુણસ્થાનકમાંથી કેટલાક જીવો સર્વ ભૂમિકા એટલે ચૌદ ગુણસ્થાનકમાં ગયા છે, કેટલાક એક બે ભૂમિકામાં ગયા છે, કેટલાક છઠ્ઠી સુધી ગયા છે, કેટલાક સાતમીજ ભૂમિકામાં રહેલા છે. કેટલાક ત્રણ ભૂમિકા સુધીજ પહોંચેલા છે કેટલાક ચોથી કે પાંચમી ભૂમિકામાં રહેલા છે. કેટલાક તો માત્ર ભૂમિકાના અંશનેજ પ્રાપ્ત થએલા છે. જે પુરૂષો જ્ઞાનની ભૂમિકાઓને જાણીને ઉત્તરોત્તર ચઢતા જાય છે તેમને શતશઃ ધન્ય છે!!! ધન્ય છે!!! ધન્ય છે!!! જે મહાત્મા સાતમી ભૂમિકા એટલે તેરમે ગુણસ્થાનકે પહોંચેલ છે તે સર્વ ચક્રવર્તિનો પણ ચક્રવર્તિ છે અને પરમ પૂજનીય, પરમવંદનીય અને પરમ માનનીય છે સાતમી ભૂમિકાવાળા મહાત્માના દર્શનથી પણ જગત્ પાવન થઇ જાય તેવો એનો મહિમા છે. ખરેખરો પૂર્ણ મહાત્મા તે સાતમી ભૂમિકાવાળો છે. શ્રી યોગવસિષ્ઠમાં કથન છે કે,

**ये तासु भूमिषु जयंति हि ये महांतो वंद्यास्त एव हि जितेंद्रिय शत्रवस्ते ।**
**सम्राड्विराडपि च यत्र तृणायते वै तस्मात्परं जगति ते समवाप्नुवंति ॥**

**અર્થ:—**ઇંદ્રિયોરૂપિ શત્રુને જીતનારો જે કોઇ જ્ઞાનની સાતે ભૂમિકામાં સર્વોત્કર્ષપણે રહે છે તે મહાત્મા વંદન કરવા યોગ્ય છે. જે ભૂમિમાં ચક્રવર્તિપણું તથા વિરાટ્ પણ તૃણ સમ ગણાય છે કારણ કે સામ્રાટ્ અને વિરાટ્થી પણ ઉત્તમ જે કૈવલ્યમુક્તિ તેતો તે મહાત્મા પુરૂષને આ જગત્-માંજ મળે છે.

ઉપર પ્રમાણે મોક્ષમાર્ગમાં સાત ભોમકાવાળો મહેલ કહ્યો તે અને ચૌદ પગથીઆ વાળી સીડી કહી તે બંને સમાનજ છે. ચૌદ પગથીઆંવાળી ગુણસ્થાનરૂપ સીડી ઉપર ચડીને જૈનો જે કેવલજ્ઞાન અને સિદ્ધપદમાં પ્રવેશ કરે છે તેજ કેવલજ્ઞાન અને સિદ્ધપદમાં સાત ભૂમિકા ઉપર ચડીને વેદાંતીઓ પ્રવેશ કરે છે. જૈનો જેને કેવલજ્ઞાન એટલે આત્માનો અખંડ અનુભવ કહે છે, વેદાંતીઓ તેનેજ તુર્યાવસ્થા નામક સાતમી ભૂમિકા કહે છે. સાત ભૂમિકા છે તેજ ચૌદ પગથીઆ વાળી સીડી છે અને ચૌદ પગાંવાળી સીડી છે તેજ સાત ભૂમિકા છે. ભલે જૈનો ચૌદ પગાંવાળી સીડી પર ચડે અને વેદાંતીઓ ભૂમિકાઓ ઉપર ચડે પરંતુ સત્ય જોતાં તો તે બંને એકજ રસ્તે એકજ રીતે અને એકજ સ્થળે જાય છે. માત્ર શબ્દોની રચનાજ ભિન્ન છે. વસ્તુ ભિન્ન નથી. જેમ એકજ વસ્તુને સુવર્ણ, હેમ, સોનું, કુંદન, કંચન, વગેરે ભિન્ન ભિન્ન નામોથી ઓળખવામાં આવે છે તેમજ મોક્ષમાર્ગને પણ ભિન્ન ભિન્ન શબ્દોથી ઓળખવામાં આવે છે. જૈનોને પહેલેથી ચૌદે ગુણસ્થાનકે ચડતાં ચડતાં જે શાંતિનો ભિન્ન ભિન્ન અને વધતો વધતો અનુભવ થાય છે તેજ અનુભવ તેજ પ્રમાણે વેદાંતીઓને સાતે ભૂમિકા ઉપર ચડતાં ચડતાં થાય છે છેવટનું લક્ષ્ય જે જન્મ મૃત્યુના ભવમાંથી મુક્ત થવું અર્થાત્ અભય

થવું તેતો સાતમી ભૂમિકા અને તેર ચૌદમા ગુણસ્થાનકે થવાય છે. નિર્વાણ પદ પણ બંને માટે એકજ છે. આ પ્રમાણે વેદાંતીઓનું સાત ભૂમિકા દ્વારા અને જૈનોનું ચૌદ ગુણસ્થાનક દ્વારા જે પ્રયાણ છે તે કેવલ આત્માનુભવમાંજ છે એટલુંજ નહિ પણ અભેદતામાં છે માટે જૈન અને વેદાંતના ગુણસ્થાનક અને ભૂમિકાનું છેવટનું એકજ લક્ષ્ય સિદ્ધ થાય છે તેથી તે બંનેનું અભેદ માર્ગમાં પ્રયાણ છે અને તે સાર્થક છે.

અનુભવ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે જૈન અને વેદાંતની તકરાર નકામી છે જ્યાં સુધી જૈનો ગુણસ્થાનકે ચડવાનો પ્રયાસ નહિ કરે અને વેદાંતીઓ ભૂમિકાઓ ઉપર ચડવાનો પ્રયાસ નહિ કરે ત્યાં સુધીજ તે તકરારો રહેશે. માટે સૌથી સારી વાત તો એ છે કે નકામા શાબ્દિક વિવાદો ગમે તેવા હોય તો પણ છોડી દઇને જૈનોએ ગુણસ્થાનકો ઉપર અને વેદાંતીએ ભૂમિકાઓ ઉપર ચડવાનો પ્રયાસ કરવો. જ્યારે જૈનો તેરમે ચૌદમે ગુણસ્થાનકે પહોંચશે અને વેદાંતીઓ સાતમી ભૂમિકાએ પહોંચશે અને પછી પોત પોતાનો અનુભવ સામા પક્ષ સાથે સરખાવશે તો તેમાં જૈનો અને વેદાંતીઓને ચોકસ અનુભવ થશે કે અમે બંને એકજ સ્થળે એકજ વખતે અને એકજ રસ્તે આવ્યા છીએ. અનુભવમાં ભેદ નથી. ભેદ માત્ર શબ્દોમાં છે. માટે શબ્દભેદ તજીને અનુભવજ્ઞાન મેળવવા પ્રયાસ કરવો-અનુભવમાં એકતાજ છે-બે પણું હતું નહિ, છે નહિ અને હશે પણ નહિજ ! ! !

**इत्यलम् ॐ शान्तिः शान्तिः**

# શ્રી આચારાંગ સૂત્રની ગહુલી.

"કેશરીઆજી અરજ સુણોને અમારી" (એ દેશી)

સુણો ભવી શ્રેષ્ઠ આચારાંગ વાણી,<br>
અતિ હિતકારી વળી ગુણ ખાણી-સુ.-ટેક<br>
ભાખ્યા જિન શાસને અંગ તે બાર, તેમાં પહેલું આચારાંગ ઉદાર,<br>
જે વરણવે સાધુ શુદ્ધ આચાર. સુણો ભવિ૦-૧<br>
જંબુને સ્વામી સુધર્મા ભાખે, યથાવિધ સાંભલ્યું શ્રી વીર પાસે,<br>
ભવિકજન હિતકારણ એ પ્રકાશે. સુણો ભવિ૦-૨<br>
પ્રથમ મોટા બે વિભાગ તે જાણો, 'શ્રુતસ્કંધ' પહેલું બીજું પ્રમાણો<br>
તેના અધ્યયન નવ સોળ વખાણો. સુણો ભવિ૦-૩<br>
પ્રથમ **શસ્ત્ર પરિજ્ઞા** અધિકાર, જીવ તણું અસ્તિત્વ દાખણહાર,<br>
હિંસાપરિહાર ને વિરતિ વિચાર. સુણો૦-૪<br>
બીજું **લોકવિજય** અધ્યયન ધારે, વધે લોક આઠ કરમને ભારે<br>
દાખે અર્થ ત્યાગવા તે શા પ્રકારે. સુણો૦-૫<br>
પછી **શીતોષ્ણ** અધ્યયન નામ, કષાય જીતી રહે સમ પરિણામ,<br>
અનુકુળ પ્રતિકુળ ઉપસગ ઠામ. સુણો.૦-૬

ચોથું **સમ્યક્ત્વ** ચતુર તુમે પેખો, ઐશ્વર્યાદિ અભિલાષાને ઉવેખો,
ટાળી મૂઢતા શુદ્ધતાને ગવેખો. સુણો૦-૭
હવે પાંચમાં **લોકસારે** વિચાર, રત્નત્રય જગમાંહી એક સાર
કરો યત્ને આરાધન ભવપાર. સુણો૦-૮
છઠ્ઠું **ધૂત** નામે અધ્યયન ધ્યાવો, નિસંગતા સહિત ચારિત્રને લાવો
અપ્રતિ બદ્ધપણું દિલ લાવો સુણો૦-૯
પછી **મહાપરિજ્ઞા** અર્થ વિચારો, સંજમ ધરતાં કદી પરીસહ પ્રચારો
સહે તે સાધુ રૂડે પ્રકારો. સુણો૦-૧૦
સુણો **વિમોક્ષે** જે રીત દાખી, સકલ ગુણયુક્ત ચરિત્રને રાખી,
અંતક્રિયા શુદ્ધ તે કરવી ભાખી. સુણો.-૧૧
કહ્યો અર્થ આઠે અધ્યયન દ્વાર, વર્ણવે **ઉપધાન શ્રુત** મનોહાર,
**વીરે** આચર્યો સુંદર સુખકાર સુણો૦-૧૨
સાધુને ઉત્સાહ કારણ જાણી, સંજમની પુષ્ટી ભરી આ વાણી
આદર કરો આત્માર્થી ભવિ પ્રાણી સુણો૦-૧૩
બીજે શ્રુતસ્કંધે ચૂલિકા પાંચ, કરી પાંચમીની **નીશીથે** વાચ
માટે અત્ર ચાર ચૂલિકા સાચ સુણો૦-૧૪
પ્રથમ બેમાં અધ્યયન સાત સાત, ત્રીજી ચોથીમાં એક એક નિપાત
બીજે સ્કંધે સવિ મળી સોળ વિખ્યાત સુણો૦-૧૫
સોળેનું સામાન્ય એક અભિધાન, **આચારાંગ** આચારમાં જે પ્રધાન,
ગ્રહો અર્થ ભવ્ય થઇ સાવધાન સુણો૦-૧૬
માનું ભાગ્ય ભાનુ ઉદય આજ મેરો, મળ્યો મનોહર સુગુરૂ જોગ તેરો,
ફળ્યો સવિ વાંછિત અમ મન કેરો. સુણો૦-૧૭
સુણી સૂત્રવાણી અર્થ અચ્છેરો, રસિકજન રસ ઝીલી અધિકેરો
અનુભવે હર્ષ આનંદ ઘણેરો સુણો૦-૧૮
મતિ સિદ્ધિરીદ્ધિ દર્શને એક પ્રેરો, દયામગ્ન ગુરૂ વચને મનઘેરો,
આતિમરત્ન બોધે સફળ આ ફેરો. સુણો-૧૯

સં. ૧૯૫૬ના માગશર સુદી ૧૧. **C. C. Shroff.**

---

# ચર્ચાપત્રો.

---

૧.

રા. રા. "શ્રી જૈ. શ્વે. કૉ. હેરલ્ડના" તંત્રી.

**સાહેબ,**

આપે આપના માસિકના એપ્રિલના અંકમાં 'વાયડ' જ્ઞાતિનો પ્રાચીન વૃત્તાન્ત એ લેખમાંથી ઐતિહાસિક વિભાગ પ્રગટ કર્યો અને કેટલીક જગાઓએ ટિપ્પણોમાં ઉપયોગી

પ્રકાશ પાડયો છે, તે માટે આપનો ઉપકાર માનું છું. માત્ર એક બે સ્થળે કંઇક ખુલાસાની અપેક્ષા છે, તે સંબંધી ટુંકામાં નીચેની હકીકત લખી છે, તે આશા છે કે આપના માસિકમાં પ્રકટ કરશો.

૧. **व्याख्यानने** બદલે **व्याख्या** પાઠ કલ્પવાનું કારણ એ છે કે વસ્તુપાલ આવ્યો, તે વખતે જો અમરચન્દ્ર વ્યાખ્યાન (ભાષણ) કરતા હોય તો વસ્તુપાલ શ્લોકનો પૂર્વાર્ધ અમરચન્દ્રનો છે એમ સહસા કલ્પના કરી લે નહિ, કારણ વ્યાખ્યાનમાં તો બીજાના શ્લોકો અને સુભાષિતોનો પણ ઉપયોગ થાય. અમરચન્દ્ર વ્યાખ્યાનમાં માત્ર પોતાના શ્લોકો જ વાપરે છે, એમ વસ્તુપાળ જાણતો હતો એવું આપણે શી રીતે ધારવું ? વસ્તુપાલ એવો મૂર્ખ નહોતો કે વ્યાખ્યાનમાં વાપરેલા શ્લોક ઉપરથી અમરચન્દ્ર વિષે અન્યથા અભિપ્રાય બાંધી લે. આથી અમરચન્દ્ર વ્યાખ્યાન નહિ પણ પોતાના શ્લોકોની વ્યાખ્યા ( વિવેચન ) કરતા હશે એમ હું માનું છું. **श्लोकैः** ને બદલે **श्लोकानां** પાઠન્તર આથી માગી લે છે.

૨. આપ **प्रबन्धकोष** ઉપરથી અરિસિંહને અમરચન્દ્રના સહાધ્યાયી અને મિત્ર માનો છો, પણ તેમાં આવેલો **अमरचन्द्र प्रबन्ध** કે જે **बालभारत**ની મુદ્રિત પ્રતના ઉપોદ્ઘાતમાં ઉતારવામાં આવ્યો છે તેમાંથી તે હકીકત હું તો જોઇ શકતો નથી. વળી, આપ **कवि-शिक्षा** અમરસિંહની રચેલી ધારો છો, પણ પીટર્સનના રિપોર્ટમાં અને રા. મણિલાલ બકોરભાઇ વ્યાસ પાસે તેની હસ્તપ્રત છે તેમાં, તો તે અમરચન્દ્રે રચેલી એમ સ્પષ્ટ ઉલ્લેખ છે.

૩. **पद्मानन्दकाव्य** અને **जिनेन्द्रचरित** આપ જૂદા ધારો છો, પણ તે જૂદા નથી, બંને એક જ છે. મુનિ શ્રી જિનવિજયજી મહારાજે તે કાવ્યના આરંભના અને અન્તના શ્લોકો ઉતારી મોકલ્યા છે. તે ઉપરથી સ્પષ્ટ જણાય છે કે **पद्मानन्दकाव्य**નું અપર નામ **जिनेन्द्रचरित** છે. તેનો વિષય પણ ચોવીસ તીર્થંકરોના ચારિત્રોનો જ છે; માત્ર આરંભના શ્લોકોમાં અને અન્તના પ્રશસ્તિ સર્ગમાં પદ્મમંત્રીની હકીકત છે. તે ગ્રંથ પદ્મમંત્રીના આનન્દને માટે રચેલો તેથી તેનું અપરનામ **पद्मानन्दकाव्य** પણ રાખેલું જણાય છે. ભાંડારકરના રિપોર્ટમાં તેનું નામ **पद्मनामकाव्य** હોય તો તે પાઠાન્તરની અશુદ્ધિજ હશે, એમ હું ધારૂં છું.

૫. રા. રા. મણિલાલ વ્યાસના " હેરલ્ડ " ના ઇતિહાસ સાહિત્ય અંકમાં આવેલા લેખ ઉપરથી મેં લખ્યું હતું કે તેઓ દસા અને વીસા **लघुशाखा** અને **वृद्धशाखा** ઉપરથી થયેલા માને છે, તે અભિપ્રાય આપ આપના અનુભવ પ્રમાણે ખરો અને બલવત્તર માનો છો, પરન્તુ રા. વ્યાસ મને ખાનગી પત્રમાં જણાવે છે કે તેઓ એવો અભિપ્રાય અત્યારે ધરાવતા નથી પણ એ લેખમાં પણ તેમના કહેવાનો આશય એવો ન હોતો તેઓ એ શાખાગત નામો તડના નામો સમજે છે અને દસા વીસાની ઉત્પત્તિ તેથી ભિન્ન રીતે જ માને છે. આવાત તેઓ તેમના થોડા વખતમાં પ્રકટ થવાના શ્રીમાળી જ્ઞાતિ સંબંધી પુસ્તકમાં સપ્રમાણ સિદ્ધ કરવાના છે.

પાટણ.
તા. ૧૨—૫—૧૭

લી. સેવક,
**રામલાલ ચુનીલાલ મોદી.**

૨

# जैन तत्व संबंधी प्रश्नो.

વિ. વિ. પૂર્વક, મારા ચિત્તમાં કેટલાક તત્વ સંબંધી પ્રશ્નો ઉદ્દભવેલ તેના સમાધાનાર્થે વિદ્વાનો તરફથી ન્યાયપૂર્વક સંતોષકારક ઉત્તરો મળશે એ હેતુથી આપશ્રીની સેવામાં આ પ્રશ્નો મુકયાં છે.

(૧) મોક્ષ નગરે પહોંચવા માટે કયા રથમાં બેસવું લાયક છે અને તે રથના બે ચક્ર કયા? અને તે બે ચક્ર કયા ગુણસ્થાનથી શરૂ કરાય.

(૨) જ્ઞેયાર્થ પરિણમન ક્રિયા, અને જ્ઞપ્તિ ક્રિયાનું સ્વરૂપ શું?

(૩) મોક્ષરૂપ કાર્ય સિદ્ધ કરવા માટે કયા છ કારક છે અને તેના યોગ્ય પ્રવૃત્તિ કેવી રીતે?

(૪) સાધ્ય સાપેક્ષ, અને સાધ્ય નિરપેક્ષક્રિયાનું સ્વરૂપ તથા ફલ શું?

(૫) સિદ્ધ જીવને ધર્માસ્તિકાયનું શું પ્રયોજન તે સહેતુ લખશોજી.

(૬) પાસ ત્થા, કુશીલીઆ, અહિછંદા, સંસત્યા, અને ઉસન્ના એઓને જિન આગમમાં અવંદનીક કહ્યા છે, તો તે પાસત્થાદિનું સ્વરૂપ શું અને તેઓ અવંદનીક કેમ? અને તેઓને વંદે પૂજે તેને શું ફલ થાય?

(૭) વંદનીક મુનિનું સ્વરૂપ શું અને તે સ્વરૂપ કેમ પરખાય?

(૮) સમ્યક્ જ્ઞાન વગરની ક્રિયા કરનાર કેટલામે ગુણસ્થાને હોય, અને ક્રિયા વગરનો પૂર્ણ સમ્યક જ્ઞાની કેટલાયે ગુણસ્થાને હોય?

(૯) શ્રી તત્વાર્થ સૂત્રમાં "**सम्यक्ज्ञान दर्शन चारित्राणि मोक्ष मार्गः**" એમ કહ્યું છે અને વળી બીજા શાસ્ત્રોમાં "**दंसण भठ्ठा भठ्ठा दंसण भठ्ठस्स नत्थि निव्वाणं सिझ्झंति चरणरहिआ, दंसणरहिया न सिझ्झंन्ति** એવા વચનથી માત્ર સમ્યક દર્શનની અપેક્ષા રાખી છે અને ચારિત્રની અપેક્ષા રાખી નથી. એનો શો હેતુ?

(૧૦) અધ્યાત્મ કેટલામે ગુણ સ્થાનેથી શરૂ થાય. અને કયાં સુધી હોય તે હેતુ દ્દષ્ટાંતપૂર્વક લખશોજી.

(૧૧) અધ્યાત્મ, દ્રવ્ય, ગુણ, પર્યાય, દેવ, નરક, નિગોદ, આત્મા અનંત, અને, અનેકાંત એ શબ્દોનો વ્યુત્પત્તિપૂર્વક સ્પષ્ટ અર્થ લખશોજી.

(૧૨) અન્યલિંગીઓ જૈન શાસ્ત્રોક્ત આવશ્યકાદિ ક્રિયાઓ તથા આહારાદિના દોષો જાણતા નથી. તેથી તે પ્રમાણે આચરણ પણ ન હોય તો તેઓ શી રીતે મુક્તિ પામી શકે છે?

(૧૩) જેઓ જૈનાગમ પ્રમાણે મુનિ વેશ ધારે છે તેઓ સર્વે સમકીત સહીત હોય કે કેમ? સમકીત વિના માત્ર બાહ્યવેશ આચરણથી પાંચમું છઠ્ઠું ગુણસ્થાન કહી શકાય કે નહીં?

(૧૪) સંજમનું ફલ મોક્ષ છે એમ સુત્રોમાં કહેલ છે તો શ્રી ભગવતી સૂત્રમાં **पूव्व संजमेणं पूव्वतवेणं देवादेव लोए उववज्जान्ति** એમ શા હેતુએ વચન છે? અને સંજમ સહીતજ છઠ્ઠા સાતમા ગુણસ્થાને આહારક શરીરનો બંધ, કેમ છે?

(૧૫) સમકીત વિના શ્રાવક કહી શકાય કે કેમ? અને શ્રાવક કેટલામે ગુણ સ્થાને હોય?

(૧૬) નવા જીવો ઉપજી શકતા નથી. ભવ્ય જીવો આઠ કર્મથી મુક્ત થઇ મોક્ષે જાય છે. અને ભવિષ્ય કાલ અનંત છે તેથી સંસારમાં કોઇ કાલે ભવ્ય રાશીનો અભાવ થઇ જાય એમ સંભવે છે તેનો શું ખુલાસો?

આશા છે કે કોઇશ્રી ઉપરોક્ત પ્રશ્નોના યથાર્થ સંતોષકારક ઉત્તરો જેમ બને તેમ અતિ ત્વરાએ આ પત્રદ્વારાએ કે "જૈનપત્ર" દ્વારાજ આપવા કૃપાવંત થશો જેથી મારા જેવા બીજા તત્વ જિજ્ઞાસુઓને ચિત્ત પ્રસન્નતા તેના સમાધાનના નિમિત્તરૂપ થાય. બીજા પણ કેટલાક પ્રશ્નોના ઉત્તરોની અભિલાષા છે પણ આટલા ઉત્તરો પ્રાપ્ત થયા પછી આપશ્રીની સેવામાં મૂકવા અભિપ્રાય છે.

—ગુલાબચંદ સોભાચંદ.

# ઉપદેશકના ગુણો.

૧.

**સુજ્ઞ મુનિવર્યો!**

આ ચિત્રિત અખિલ સૃષ્ટિમાં–એક ગ્રહસ્થ પોતાના એક ગૃહમાં, એક કૌટુંબિક સ્વકુટુંબમાં, એક જ્ઞાતિ અગ્રેસર પોતાની જ્ઞાતિમાં, એક રાજા સ્વદેશમાં, તેમજ શાણી શાંતિ પ્રીય બ્રીટીશ સરકાર હિંદુસ્થાનમાં બાદશાહ મહારાજા તરીકે સત્તા ધરાવે છે. તથાપિ સાંપ્રતિક સર્વોપરી સાર્વભૌમ બ્રીટીશ સરકાર તે પણ પ્રખર સત્ય ધર્મોપદેશકની અચલ સત્તાને સ્વીકાર શું નથી કરતી?

બાંધવો! વળી આ વિશ્વમાં કોઇ અધિકારથી, કિંવા ધનથી, વા વિદ્યા વિલાસથી, અથવા કોઇ પ્રકારની કલાકલાપથી, મનુષ્ય પ્રાણી **પ્રભુત્વ** મેલવવા પ્રયત્નશીલ બને છે, તથાપિ જે ઉપદેશક પોતાની ઉત્તમ વાણીના શુદ્ધ પ્રવાહથી, જે **પ્રભુત્વ** મેલવી શકે છે, તે અવર્ણનીય–અલૌકિકજ છે. ઉપદેષ્ટા સકલ પ્રાણીની પૂર્વ કર્તવ્ય પ્રણાલિકાની દોરી સ્વહસ્તગત કરી, સન્માર્ગ પ્રતિ વલણ કરાવવા સમર્થ બની શકે છે. અતિ હિંસક અન્યાય પ્રીય પ્રાણીને, પરમ કરૂણાશીલ બનાવી, પરમ પ્રમાણિકતાના ઉચ્ચ શિખર પ્રત્યે આરોહણ કરાવી શકે છે.

આટલી ભૂમિકા વિરચીને, હવે મૂલવિષય તરીકે "**ઉપદેશકના ગુણો**" એ વિષય પરત્વે લેખક સ્વલેખિનીને આગલ ચલાવવા પ્રયત્નશીલ બને છે. પ્રથમતઃ ઉપદેશક અને તેમનાં ગુણો વિષે પ્રથક્કરણ કરતાં, ઉપદેશક કિંવા ઉપદેષ્ટા, વ્યાખ્યાતા, વ્યાખ્યાન કર્તા, ભાષણ કરનાર (કારક) એ પર્યાયવાચી શબ્દો છે, ત્યારે ઉપદેશકત્વ શકિત પ્રાપ્ત કરવા ક્યા ગુણોની જરૂર છે? **યથાર્થજ્ઞાન, સાહજિક મનીષા, ઉપદેશ પદ્ધતિ** એ ત્રિપુટીની પ્રથમ અત્યાવશ્યકતા છે. એ ત્રિપુટીમાં અન્યતમ (બુદ્ધિ જ્ઞાન કિંવા પદ્ધતિ)નો અસ્વીકાર કરવાથી, વ્યાખ્યાતા યથાર્થ ઉપદેશકત્વ શકિત મેલવી શકતો નથી, દાખલા તરીકે અન્ય

વિષયક જ્ઞાનવાન વાચાલ પરંચ ઉપદેશક વિષય પરત્વે અજ્ઞાત મનુષ્ય સામાન્ય પાંચ સાત શબ્દો, પૂર્વાપર સંબંધ વિશિષ્ટ શિષ્ટક્રમપૂર્વક ષ્ટ આશયને વાણી દ્વારા પ્રકાશિત કરી શકતો નથી, પરંચ તે વિષયનું સામાન્ય જ્ઞાન ધરાવતો હોય તે-પુરૂષ, વાક્ ચાતુર્ય, શબ્દ અર્થ અલંકાર સહિત વાણીની પાટવતા પુરઃસર ચિત્તાકર્ષક ભાષણ-ઉપદેશ સભા સમક્ષ કરવા સમર્થ બને છે, સ્વાનુભવથી વિચારતાં નિશ્ચય થવા પામે છે કે **ઉપદેશકત્વશક્તિ** એ કુદરત તરફથી બક્ષીસ મલે છે, એ અનુભવ લોક પ્રસિદ્ધ છે. ત્યારે જ્ઞાન છે તે બાહેરનો ખોરાક છે અને બુદ્ધિ છે તે ખોરાક પચાવવાની ચુલ્લિકા છે-અર્થાત શાસ્ત્રીય જ્ઞાન છતે પણ સાથે બુદ્ધિનું મિશ્રણ થાય તોજ શાસ્ત્રીય જ્ઞાનની વિશેષતા છે.

**તથા ચાર્ષ "શ્રુતંમતિપૂર્વમ્"** મતિપૂર્વક શ્રુત છે-બુદ્ધિના મિશ્રણથીજ શાસ્ત્રજ્ઞાન થવા પામે છે.—ત્યારે બુદ્ધિ અને જ્ઞાન એ બન્નેની ખાસ આવશ્યકતા સાથે, ઉપદેશ પદ્ધતિની પણ તેટલી જરૂર છે. જો તે ઉપદેશકલાની ખામી હોય તો ઉપદેષ્ટા વાગ્ વ્યાપારનો અતિ પ્રવાહ ચલાવતો હોય, તથાપિ તે પ્રયાસ અસ્થાને થવા પામે છે. પ્રત્યુત કંટાળો હાલના ઉપદેશકો સાધુઓ ઉપજાવે છે. અતઃ સામાન્યત વિચારતાં વિદિત થાય છે કે ઉપદેશકની સફલતા શામાં છે ?-ત્હેમની વ્યાખ્યાન કરવાની કલામાં, કે વ્યાખ્યાન વિષયક જ્ઞાનમાં, કિંવા બુદ્ધિમાં;-વક્તા બુદ્ધિને અભાવે શ્રોતૃવૃંદ પ્રતિ સચોટ અસર કરાવી શકતો નથી, જ્ઞાનના અભાવે પરસ્પર વિરોધિત વાણીના ઉચ્ચારથી કલહાદિક ઉત્પન્ન કરાવે છે, કલાના અભાવે અસ્તવ્યસ્તતા-આભિણતાદિ દોષ કોશનો અનુભવ આપે છે. અતઃ પૂર્વોક્ત ત્રિપુટી (જ્ઞાન-મનીષી, પદ્ધતિ) ને એકત્ર કરવા વિના ઉપદેશક બની શકતો નથી નથી તે નથીજ. અતઃ જ્હેમનું જ્ઞાન સત્ય પદાર્થ નિર્ણાયક, અને સત્ય પ્રમાણ પુરઃસર યુક્તિ સહ સહાયક નથી થતું, તે પુરૂષ ઉપદેશક બની શકતો નથી. જ્હેમની બુદ્ધિ તથ્ય તત્વ શોધી કાઢવા પ્રસ્ફુટ.-વિશદ અને વિશાલ દૃષ્ટિવાલી ન હોવાથી તેમ જ જ્હેમની બુદ્ધિ અને જ્ઞાનને ઉત્તેજક-ઉપદેશ પદ્ધતિ ( કલા ) સભાસદોના ચિત્તને આકર્ષક-અંતઃકરણમાં પ્રતિફલિત કરાવનાર, અને હૃદયને પીગળાવનાર, સંપૂર્ણ સાધનવતી ન હોઇને, તે ભાષણકારક-ઉચ્ચ વ્યાખ્યાતા થઇ શકતો નથી માટે ઉત્તમ ઉપદેશકોએ યોગ્ય જ્ઞાન યોગ્ય બુદ્ધિ અને યોગ્ય પદ્ધતિ એ ત્રિપુટીને અવશ્ય સ્વીકારવા પ્રયત્નશીલ બનવાની અત્યાવશ્યકતા છે, દાખલા તરીકે-દીપકકૃત પ્રકાશના આપણે કયા પદાર્થના ઉપકૃત છીએ ? દીવાના તેલના કે વર્તિકા ( વાટ )ના ? તેલ વિના દીપક પ્રકાશિત થતો નથી, દીવા વિના તેલ કાંઈ સેવા બજાવી શકતો નથી અને વાટ વિના દીપક મૃતક પ્રાયઃ થવા પામે છે. અતઃ દીપકને તૈલ વિગેરેની ખાસ જરૂર છે. તેમજ ઉપદેશકને પણ પૂર્વોક્ત ત્રિપુટી સ્વીકારી તે સાથે કતિપય ગુણોમાંના પૈકી '**ગુણો**-દીર્ઘદૃષ્ટિ, સમાનતા, નિર્ણયશક્તિ, તુલનાત્મકબલ, યોગ્યવ્યવસ્થા, શૌર્યતા, પદ સંકલનાદિ સહચારી ગુણો સ્વીકારવાની આવશ્યકતા છે. પ્રાયસ્તુ એ સહચારી ગુણો આજન્મતઃ હોવા જોઇએ. એ ગુણો જેમ જેમ ખીલતા જશે તેમ તેમ ઉત્તમ ઉપદેષ્ટા સરલ-બોધક, સત્ય છાપ પાડનાર, સ્વીકૃત વિષયને સાક્ષાત્કાર કરાવનાર, ઘણા કાલ પર્યંત સ્મૃતિ પથમાં સ્મરણ કરાવનાર, તલસ્પર્શી બનાવનાર, થવા પામે છે. એતાવતા પૂર્વોક્ત ઉપદેશકત્વ શક્તિ અર્પનાર અનેક સાધનો છતે પણ અતિ ઉપયોગિભૂત એક વિશેષ ગુણ તરીકે **આત્મશ્રદ્ધા**ની ખાસ જરૂર છે. તે વિના શિષ્ટ ઉપદેશક ઉપદેશ ભાષણ પ્રસંગે સ્ખલતા, લજ્જા, વ્યગ્રતાસહ સભાક્ષોભ દાખવે છે પરંચ **આત્મશ્રદ્ધા** દૃઢ પ્રકાશિત હોવાથી શ્રોતૃવર્ગનું લક્ષ પોતાની તરફ આકર્ષણ કરવા ભાગ્યશાલી બની શકે છે.

પછી તે પુરૂષ **જ્ઞાનવાન્** હો **બુદ્ધિવાન્** કિંવા **કલાવાન્** હો. કારણ કે **આત્મશ્રદ્ધા** એ માનવ જાતિનો સ્વાભાવિક વિશેષ ગુણ છે. એ આત્મશ્રદ્ધા, માનવના અંતરિક-માનસિક બલને અનુલક્ષી કહેવામાં આવેલ છે, તથાપિ ભાષણકાર-વ્યાખ્યાતાને એક મહાન સુભટ તરીકે, ચિતાર આપતાં, તે ઉપદેશક સ્વશરીર રચનાપર અત્યંત આધાર રાખી શકે છે. જો કે હેમનો સ્વર અનુદાત્ત ( નિસત્વ યુક્ત ) અરૂચિકારક અનાહ્લાદકારક હોય, તેમજ હેમનાં વાણીસ્થાન અપૂર્ણ હોય, સાથે સાથે **મુખમુદ્રા** પણ અશોભનિક-ચિત્તાનાકર્ષક, અને હેમનું **શરીર** તદન બેડોલ-વામન ( સોર્ટ ) હોય, અને ચેષ્ટા ( એકટીંગ ) હાવભાવ અસ્થાને હોય, તો તે **ઉપદેશક** પદને લાયક બની શકતો નથી. અતઃ ઉત્તમ ઉપદેષ્ટાએ શારીરિક-માનસિક શક્તિને ખીલવવા કાલજી કરવાની અતિશય જરૂર છે. કદાચ ઉપદેશક અન્યની હરીફાઈ ( અનુકરણ ) કરવા પ્રયત્નશીલ થશે તો તે ઉપદેષ્ટા, અનાદરતા સાથે ઉપહાસ્યસ્પદ થઈ, છેવટે મૌન ધારણ કરવાનો પ્રસંગ મેલવશે ! સાથે સાથે મારે કહી લેવું જોઇએ કે,-બાહ્ય સામગ્રી **ચેષ્ટાદિ** કદાચ સામાન્ય રૂપમાં હોઇને પણ વક્તા ઉપદેશકે શ્રોતૃવર્ગપર વિજય મેલવવા, જ્ઞાન બુદ્ધિ અને પદ્ધતિ કરતાં, યથા વક્તા તથા કર્તા, સરલ હૃદયી, સત્યવાદી હોઇને, **સદ્વર્તન** (કેરેક્ટર) પ્રતિ દત્તચિત્ત થવાની ખાસ જરૂર છે, તેજ **વિજયી ઉપદેશક** બની શકે છે. સદ્વર્તન **સદ્વિવેકને** જાગૃતિ અર્પે છે, સદ્વિવેક સહૃદયતાની શિક્ષા આપે છે, સહૃદયતા **વાણી વિલાસમાં** પ્રસ્ફુરતી ઉત્પન્ન કરે છે, અને શુદ્ધ વિચારમાં અલૌકિકતા અસ્ખલિતતા પ્રાપ્ત કરાવે છે. આ સ્થલે મારે ભાર દઇને જણાવવાની જરૂર છે કે ઉપદેશકોએ **સદાચાર**નું શિક્ષણ લેવા કટીબદ્ધ થવાની બહુજ જરૂર છે; સાથે સાથે સત્યને વલગી રહી. હેમનીજ સેવા બજાવવા સ્વયં પ્રયત્નશીલ બની અન્યને કોશીશ કરવા ઉદ્યુક્ત રહેવું જોઇએ. **સત્ય**નેજ સર્વસ્વ તરીકે સ્વીકારવાથી સત્યોપદેષ્ટા બની શકાય છે. અન્યથા ઉપદેશકનું જ્ઞાન સર્વને **આશિર્વાદને** બદલે **શ્રાપ**રૂપ થઇ પડવા સંભવ છે ! !, સત્કીર્તિને બદલે અપયશઃસમુદ્રમાં ડુબકી મારવી પડશે. અને તત્સંબંધે જે પ્રયાસ તે પણ નિર્થક થવા પામશે. વિશેષતઃ ઉપદેશક માટે એક વિદ્વાન કવિ કહે છે કે

**प्राज्ञः प्राप्तसमस्तशास्त्रहृदयः प्रव्यक्तलोक स्थितिः**
**प्रास्ताशः प्रतिभापरः प्रशमवान् प्रागेवदृष्टोत्तरः ।**
**प्रायः प्रश्नसहः प्रभुः परमनोहारीपराऽनिंदया-**
**ब्रूयाद्धर्म-कथां गुणी गुणनिधिः प्रस्पृष्टमिष्टक्षरः ॥ १**

( આત્માનુશાસન )

**ઉપદેશક મુનિમહાશયો !**

**વ્યાખ્યાતા** થવા માટે ઉપરોક્ત શ્લોકમાં દર્શાવેલ ઉપદેશક **ગુણમાલા** જો નિરંતર કંઠમાં ધારણ કરશો ત્યારેજ ઉત્તમ ઉપદેષ્ટા પદવીને યોગ્ય રીતીએ શોભાવી શકશો, ગુણ માલામાં રહેલા ગુણ પુષ્પોમાંના પ્રથમ પુષ્પ તરીકે પ્રાજ્ઞ—પ્રજ્ઞાશીલ બનીને, દ્વિતીય પુષ્પ તરીકે વર્તમાન કાલિક ધાર્મિક શાસ્ત્રો, નૈતિક તંત્રો, તાર્કિક સિદ્ધાંતો, આર્થિક પારમાર્થિક ગ્રંથો, વિશ્વનિયમ પ્રદર્શક પુસ્તકો, પદાર્થવિજ્ઞાન (દ્રવ્યાનુયોગ) ના શાસ્ત્રોનું સહૃદયતાપૂર્વક, અભ્યાસ (ઉપલક દ્રષ્ટીએ નહિ) કરી તલસ્પર્શી થવાની ખાસ જરૂર છે. સક-

લગ્રંથકારોના આશય, ઉદ્દેશ, હેતુ, પૂર્વાપર સંયોગો, ( દ્રવ્યક્ષેત્ર કાલભાવ )નો અનુભવ મેલવીને ઉપદેશક થવાની જરૂર છે નહિ કે એક શૂંઠનો ગાંઠીઓ મેલવી ગાંધી બનવું એ જહેમ હાસ્યાસ્પદ થવા બરાબર છે. તેમ શાસ્ત્ર હૃદય જાણ્યાવિના ઉપદેશક બનવું તે શું હાસ્યાસ્પદ, નથી ?, શાસ્ત્રસમુદ્રનું ગાંભીર્ય તલસ્પર્શી થવા વિના કેવા પ્રકારના અનીષ્ટ-ન પ્રુચ્છવા લાયક પરિણામો આવ્યા ? નથી આવતા ?, દાખલા તરીકે, ગચ્છ, ઉપગચ્છ, સંપ્રદાય, ઉપસંપ્રદાય, થવાનું પણ જો કાંઇ મુખ્ય કારણ હોય તો તે કેવલ શાસ્ત્રોનું યથાર્થ રહસ્ય જાણવા વિનાજ !, મારે સખેદ જણાવવું જોઇએ કે, શાસ્ત્રોના યથાર્થ પરીશીલનના અભાવે પરસ્પર નિંદા, ઇર્ષા, અસુયા (ગુણમાં દોષારોપણ) સ્વમત-મંડન પરમત ખંડન વિગેરે પ્રવૃતિઓ થવા શું નથી પામી ? નથી પામતી ? અતઃ આત્મ-બંધુ સન્મુનિવર્યો ! દ્વિતીય પુષ્પ શાસ્ત્ર પરિશીલન કરવા આત્મભોગ આપી ઉધુક્ત બની ઉચ્ચ ઉપદેશકત્વશક્તિ મેલવી પ્રખર ઉપદેષ્ટા થવાની જરૂર છે. શાસ્ત્રોનું પરિશીલન કરવા-થીજ તૃતીય પુષ્પ **પ્રવ્યક્ત લોકસ્થિતિ** વિશિષ્ટ ઉપદેશક બની શકે છે. ઉપદેષ્ટાઓને લોક મત પણ ખાસ જાણવાની ફરજ છે. જ્યાંસુધી વક્તાજન સમૂહની રૂચી પ્રત્યે બેદરકાર રહે છે, ત્યાંસુધી ઉપદેશક પોતાના અમૂલ્ય વચનામૃતને વિષનું રૂપ આપવા પ્રયત્ન શું નથી સેવતો ? વ્યાખ્યાતાએ અવશ્ય વિચારવું જોઇએ કે અત્યારે લોકોને કયા ઉદેશની જરૂર છે, કારણકે હાલે પાશ્ચિમાત્ય પવનના અતિ પ્રચારથી, અતલસ્પર્શી લોકોમાં જડવાદની કંડીંજડ સજ્જડ પ્રવેશ કરી ગએલ છે—પ્રવેશ કરે છે, ત્યારે હેમને, ચૈતનવાદમાં લાવવા માટે, પદાર્થવિજ્ઞાન દ્રવ્યાનુયોગ પ્રદર્શક શાસ્ત્રોના વ્યાખ્યાનથી,—કર્મની થીએરી પુનર્જન્મ પ્રતિપાદક પ્રત્યક્ષ, પરોક્ષ, સપ્રમાણ યુક્તિથી બતાવી, આત્મવિદ્યાના શોકિન બનાવવાની આવશ્યકતા છે. ચોકશ ધારજો કે જે આત્મવિદ્યાનો ગુપ્ત ખજાનો પ્રાચીન આર્ય શાસ્ત્રોમાં છે તે અર્વાચીન વિજ્ઞાન ( સાયન્સ ) શાસ્ત્રોમાં શું મલી શકશે ?, અરે ! સાંપ્રતિક ચાલતી શુષ્ક નીરસ કંટાલાજનક વ્યાખ્યાન પદ્ધતિને હજુ કેટલાક દહાડા માન આપવાનું પસંદ કરશો ? ઉપદેશ મુનિવર્યો ? જરા પેલીમેર દૃષ્ટિ કરો કે લોકમાન્ય બાબુ સુરેન્દ્રનાથ બેનરજી, અરવિંદ ઘોષ, મી. લાલન, સ્યાદ્વાદ વારિધિ ગોપાલદાસ બરૈયા, મી. વાડીલાલ વિગેરે ગ્રહસ્થાશ્રમમાં રહીને પોતાના વ્યાખ્યાનની શ્રોતૃવૃંદપર કેવી સચોટ છાપ પાડી શકે છે. ત્યારે ત્યાગી મુનીઓએ પણ જમાનો ઓલખવો ન જોઇએ ? યાવત્ આધુનિક રૂઢીનેજ કેવલ માન આપીનેજ વ્યાખ્યાતા કોઇ પણ રીતે ઉત્તમ ઉપદેશ પદને શોભાવી શકશે નહિ. આ પ્રસંગે મારે જણાવવું જોઇએ કે, અધુના જૈન વર્ગમાં ચાલતી રૂઢીએ નિરંતર એક યાતો બે વખતે અપાતાં વ્યાખ્યાનો પણ સાંપ્રતિક સંયોગો વિચારતાં શું યોગ્ય ગણી શકાશે ?, એ પદ્ધતિથી અમૂલ્ય સમય (વક્તા શ્રોતા) નો વ્યય કરવા સિવાય અન્ય લાભપ્રદ કાર્ય થવા પામે છે ?, અતઃ લોક મત કેલવી અર્થાત લોકસ્થિતિનો યોગ્ય અનુભવ મેલવી ઉચ્ચતમ ઉપદેષ્ટા બનવાની જરૂર છે. પ્રાચીનકાલમાં પણ પૂરણ લોકસ્થિતિનો અનુભવ મેલવીનેજ રૂષિ મહર્ષિ પૂર્વાચાર્યોએ ઉપદેશની પ્રણાલિકા ચલાવી છે. જ્યારે જ્યારે લોકો કેવલ જ્ઞાન વિના અધિક તમ કષ્ટાત્મક ક્રિયાકાંડના પ્રબલ પ્રવાહમાં તણાવા લાગ્યા, ત્યારે ત્યારે પૂર્વ મહર્ષિઓ આંતરિક જ્ઞાન પ્રાસાદનું અવલંબન આપતા ગયા. જ્યારે કેવલ શુષ્ક જ્ઞાનમાંજ મગ્ન થવાથી ક્રિયા તરફે ઉદાસીનતા સહ ઉપેક્ષા કરવામાં લોકો તત્પર થવા પામ્યા, ત્યારે પ્રચંડ ક્રિયાકાંડ પ્રત્યે ભાર આપવામાં આવ્યો, દાખલા તરીકે જ્યારે યજ્ઞાદિક ક્રિયાકાંડમાં પ્રચંડ હિંસા

થવા પામી ત્યારે શ્રીમન્મહાવીર પિતાએ **અહિંસા પરમોધર્મ** રૂપ ધ્વજાને અખંડ ફરકાવી તેમજ શ્રીશંકરાચાર્યે પણ જ્ઞાન માર્ગનો પ્રચાર કરી યજ્ઞાદિકનો નિષેધ કર્યો. અનેક વખતે અમુક વિષય તરફે લોકો ખેંચાણા કે તરત તેથી પ્રતિપક્ષ વિષયને સન્મુખ કરતા એ વિષયનો નિર્ણય પ્રાચીન ધર્મ શાસ્ત્રો ઇતિહાસ વૃત્તાંતથી થવા પામે છે. માટે સત્ય વક્તા લોકમત સ્થિતિના અનુભવી થવાથીજ **પ્રાસ્તાશ** થવા પામે છે. વ્યાખ્યાતાને આશા રહિત રહેવાની જરૂર છે. અન્યથા લોક સ્થિતિ સાનુકુલ હોઇને પણ જો વકતા વ્યાખ્યાતા આશા પાશમાં સપડાઇ જવાથી શું અનીષ્ટ પરિણામ નથી લાવ્યા ? નથી લાવતા ?. વિવેક દષ્ટિ પુરઃસર સદ્વિચાર શ્રેણીમાં આરોહણ કરતાં સુવિદિત થશે કે **ભકિત** માર્ગ સંબંધે જૈન વૈષ્ણવો, કેવા પ્રકારની કોટીમાં ગણના કરાવવા લાગ્યા છે ! એ વિચાર સભ્ય વાંચકવૃંદ સ્વયં કરી લેશો. **જ્ઞાન** માર્ગ સંબંધે જો અનુભવ કરવામાં આવે તો નિશ્ચય થશે કે, આધુનિક શુષ્ક વેદાંતિઓ જ્ઞાનીઓ, આશા પિશાચણીથી વંચિત થઇ, ઉન્મત્તવત અતિ ગાંભીર્ય મહદર્થ સૂચક **અહંબ્રહ્માસ્મિ શિવોહં તત્ત્વમસિ, : સિદ્ધાત્માપરં સોહં, સોહં સો પરમેશ્વર;** ઇત્યાદિક મહાવાક્યોનો ઉપયોગ કેવલ વાણી વિલાસમાં બતાવવા પ્રયાસ નથી આચરતા ! તેમજ **કર્મ** માર્ગ પરત્વે, અવલોકન વિચારતાં પણ જણાશે કે "**स्वकार्यं साधयेद्धीमान्**" એ સૂકિતને ખાસ માન આપવામાંજ સ્વકર્તવ્યની પરાકાષ્ટા સ્હમજાય છે ! ! ! અહ્ણાપણ કતિપય ઉપદેશકોએ એજ માર્ગનો આશ્રય કરેલ છે.

એક મુનિ.

# વ્યર્થ પ્રયત્ન.

### કવ્વાલી.

અમે વૈરાગ વેત્તાઓ વિરાગી સહુ પદાર્થોથી;
ફસાશું ના હવે ફંદે તમારા તે પ્રયત્નોથી. ૧
બધા જોયા તમારા તે છુપા હા ! સ્વાર્થના પડદા;
હવે ના ભોળવાઇશું તમારા તે પ્રયત્નોથી. ૨
તમારા પ્રેમનો જાદુ નજરબંદી અહિં કરવા;
હવે તાકાદ ના ધરશે તમારા તે પ્રયત્નોથી. ૩
તમારી આંખનાં આંસું અમારાં દિલને દ્રવવા;
હવે ના કાર્ય કૈં કરશે તમારા તે પ્રયત્નોથી. ૪
મુંઝાયા મોહમાં ઝાઝું તમારા મુખને મટકે;
હવે તો ના મુંઝાઇશું તમારા તે પ્રયત્નોથી. ૫
અમારી જીંદગાનીઓ ફના કીધી હજારોએ;
હવે તે ના ફના કરશું તમારા તે પ્રયત્નોથી. ૬

ભલે ચાહે કરી લ્યો તે જુને રસ્તે ભુલવણીના;
હવે તો ના ભુલા પડશું તમારા તે પ્રયત્નોથી. ૭
તમારા સ્વાર્થને માટે તમે આજીજી હા ! કરશો;
અમે કાને નહિ ધરશું તમારા તે પ્રયત્નોથી. ૮
અમારે ને તમારે શું અમારા રાસ્ત ન્યારા છે;
અમારા રાસ્ત ના તજશું તમારા તે પ્રયત્નોથી. ૯
વફાદારી બતાવીને નિયોજે મ્હોબતે મરવા;
નહિ એ મ્હોબતે મરશું તમારા તે પ્રયત્નોથી. ૧૦
અરેરે ! એ વફાદારી નહિ સત્યે ભરેલી છે;
ફસીએ સત્ય શું માની ? તમારા તે પ્રયત્નોથી. ૧૧
ભલે બાજી ખરે અંતે તમે ખેલો ખૂબીથી તે;
સધાશે દાવ ના તોએ તમારા તે પ્રયત્નોથી. ૧૨

મુનિ-પથિક.

# कॉन्फरन्स मिशन.

## १ श्री सुकृत भंडार फंड.

(તા. ૬-૫-૧૭ થી તા. ૩-૬-૧૭, સં. ૧૯૭૩ ના વૈશાખ સુદ ૧૪ થી જેઠ સુદ ૧૩ સુધી.)

વસુલ આવ્યા રૂ. ૧૫૫-૦-૦

ગયા માસ આખરની બાકી રૂ. ૧૪૦૨-૧૨-૬

૧ **ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદ**—ઉત્તર ગુજરાત.
લણવા ૧૯ાા, પીંડારપુર ૫, ગાંભુ ૨૧, રણુજ—શેઠ સ્વરૂપચંદ લક્ષ્મીચંદ તરફથી રૂ. ૬, રણુજ ૯ાા, કંથરાવી ૯, સંડેર ૪, વસઇ ૬. કુલ રૂ. ૭૭-૪-૦

૨ **ઉપદેશક મી. અમૃતલાલ વાડીલાલ**—માળવા.
**इंदोर ४२.** કુલ રૂ. ૪૨-૦-૦

૩ **ઉપદેશક મી. પુંજાલાલ પ્રેમચંદ**—કાઠીઆવાડ.
ખુંટવડા ૬ા, કુંભણુ ૨, ગાધકડા ૩, ગોધા ૭ા, કાળીયાક ૬ા, ખડસલીઆ ૧ાા, ખેદડપર ૧, જસપરા ૮ાા. કુલ રૂ. ૩૫-૧૨-૦

એકંદર કુલ રૂ. ૧૫૫૭-૧૨-૬

## ૨ શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ સ્ટેન્ડીંગ કમિટીની મીટીંગનું કામકાજ.

સ્ટેન્ડીંગ કમિટીના સ્થાનિક મેમ્બરોની એક મીટીંગ તા. ૧૫-૫-૧૭ સં. ૧૯૭૩ ના વૈશાખ વદ ૪ મંગળવારે રાત્રે ૭ાા વાગે ( મું. ટા. ) શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ ઑફીસમાં મળી હતી તે વખતે નીચેના મેમ્બરો હાજર હતાઃ—

શેઠ. કલ્યાણચંદ શોભાગચંદ

રા. રા. મકનજી જુઠાભાઇ મ્હેતા

,, મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ

,, મોહનલાલ દલીચંદ દેશાઈ

,; ઉમેદચંદ દોલતચંદ બરોડીઆ

શેઠ. મણીલાલ સુરજમલ

શેઠ. જીવણચંદ ધરમચંદ

,, હીરાચંદ વશનજી

,, લલ્લુભાઇ કરમચંદ દલાલ

,, મુલચંદ હીરજી

,, શાંતિદાસ સાશકરણ

રા. રા. સારાભાઇ મગનભાઇ મોદી

પ્રમુખસ્થાને શેઠ કલ્યાણચંદ શોભાગચંદ બીરાજ્યા હતા.

શરૂઆતમાં આગલી મીનીટ વાંચી મંજુર કરવામાં આવી. બાદ નીચે મુજબ કામકાજ થયું હતું.

૧ બનારસથી રાજા સત્યાનંદ પ્રસાદસીંહ તથા શેઠ મણીભાઇ ગોકળભાઇના પત્રો વાંચવામાં આવ્યા. આ બાબત કેળવણીની હોવાથી આ કામ એજ્યુકેશન બૉર્ડને સોંપવા નક્કી થયું.

૨ પંડિત બહેચરદાસના પત્રો તથા 'પાઇઅ લચ્છીય નામમાલા'નું પુસ્તક રજુ કરવામાં આવ્યું. તે પુસ્તકો રૂ. ૧૫૦ નાં લેવાં. અને ઓછી કિંમતે આપે તે માટે રા. રા. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆને રૂબરૂ મલવા પંડિત બહેચરદાસને લખવું.

૩ આબુ માજીસ્ટ્રેટને જાત્રાળુઓ સીધા દેલવાડામાં જઇ શકે તે બાબત લખેલ પત્ર તથા આવેલ જવાબ રજુ કરવામાં આવ્યો. આ બાબતમાં માજીસ્ટ્રેટે ચોખ્ખો જવાબ આપ્યો હોવાથી મુંબઇમાં પ્રોટેસ્ટ કરવા જાહેર મેળાવડો કરવો. પેપરોમાં લેખો મોકલવા અને પ્રોવિન્સિયલ સેક્રેટરીઓ સાથે પત્ર વ્યવહાર કરવો. આબુ દેલવાડાના મુનીમ પાસેથી આ ઠરાવ ક્યારથી અને શા કારણથી થયો છે વિગેરે હકીકત મંગાવવી, આ બાબતના ઠરાવોની કુ કોપીઓ મંગાવવી.

૪ ઑફીસમાં વ્યાસ લેવાનું નક્કી થયું.

૫ બાબુ સાહેબ પુરણચંદજી નાહર, શેઠ મોહનલાલ હેમચંદ તથા ઝવેરી મોતીચંદજીનાં રાજીનામાં મંજુર કરવામાં આવ્યાં, અને અમદાવાદના રાવસાહેબ શેઠ પોપટલાલ લલ્લુભાઇને તથા કલકત્તાના શેઠ રામચંદ જેઠાભાઇને પ્રોવિન્સિયલ સેક્રેટરી તરીકે નીમવામાં આવ્યા.

૬ જીઆગંજથી મહારાજા બહાદુરસીંહજી તરફથી શીખરજીની અપીલ કર્યા બાબતના કાગળો રજુ કરવામાં આવ્યા તેની નોંધ લેવામાં આવી.

૭ રા. નરોત્તમદાસ ભવાન શાહ તરફથી આવેલ પત્ર તથા પેમ્ફલેટની નોંધ લેવામાં આવી, અને રા. નરોત્તમદાસ આ કાર્ય ઉત્સાહથી કરે છે તે માટે આભાર માનવામાં આવ્યો. અને તેઓ આ કાર્ય ચાલુ રાખશે તેમ જવાબ લખવા નક્કી થયું.

૮ શ્રી જૈન એસોસીએશન ઑફ ઇન્ડિયાનો પત્ર હેરૅલ્ડ માસિક સંબંધીનો રજુ કરવામાં આવ્યો. તે ઉપર ખૂબ ડીસ્કશન થયા બાદ એસોસીએશનના સેક્રેટરીને લખવું કે મીટીંગના કામકાજની જે ખરી હકીકત હોય તે લખી મોકલશો તો તે હેરૅલ્ડમાં પ્રગટ કરવામાં આવશે. અને હેરૅલ્ડ માસિકના તંત્રીને એસોસીએશનનો પત્ર મોકલી તેમનો ખુલાસો મંગાવવા નક્કી થયું.

# श्री जैन श्वेताम्बर कॉन्फरन्स हेरॅल्ड.

# Jaina Shvetambara Conference Herald.

પુ. ૧૩. અંક ૭. વીરાત્ ૨૪૪૩. અષાઢ, સં. ૧૯૭૩. જુલાઇ, ૧૯૧૭.


## તંત્રીની નોંધ.

૧

**જૈન સૂત્રોમાં જૈનેતર ગ્રંથોનાં નામોનો ઉલ્લેખ—**

દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ એ નામના મહાત્મા એક પૂર્વનું જ્ઞાન ધરાવનાર હતા એમ કહેવાય છે અને **જૈન** ઇતિહાસ પ્રમાણે તેમણે વલભીપુર ( હાલનું વળા-કાઠિયાવાડ )માં સંઘ એકઠો કરી સર્વ આગમો લિપિબદ્ધ કરાવ્યાં હતાં અને તેમાંનું નંદિસૂત્ર નામનું આગમ પોતે પૂર્વમાંથી ઉદ્ધરી રચ્યું કહેવાય છે. તે સૂત્રમાં બાર અંગો ગણાવી તેને અને પૂર્વને સમ્યક્ શ્રુત કહેલ છે તે સમ્યક્ શ્રુત સમ્યગ્દષ્ટિને યથાવસ્થિત પરિણમે છે અને મિથ્યાદષ્ટિને વિપરીતાર્થે પરિણામે છે એમ કહી મિથ્યાશ્રુત ગણાવ્યું છે કે—

**मिच्छादिट्ठएहिं सच्छंद बुद्धिमइ विगप्पियं तं भारहं रामायणं दंभीमासुरुक्खं कोडिल्लयं सभगादियाओ खोडमुहं कप्पासियं नामसुहमं कणगसत्तरी वइसेसियं बुद्धवयणं तेसियं काविलियं लोगाययं सट्ठितंतं माढरं पुराणं वागरणं भागवयं पायंजली पुस्सदेवयं लेहं गणियं सउणरूयं नाडयाइं अहवा बावत्तरिकलाओ चत्तारिवेया संगोवगाएयाइं—मिच्छादिट्ठिस्स मिच्छत्तपरिग्गहियाइं मिच्छसुयं एयाइं चेव सम्मदिट्ठिस्स सम्मत्त परिग्गहियाइं सम्मसुयं—अहवा मिच्छादिट्ठिस्स एयाइं चेव सम्मत्तसुयं-कम्हा ? सम्मत्तहेउत्तणओ जम्हा ते मिच्छादिट्ठिया तेहिं चेव ससमएहिं चोइआ समाणा-कइ सपक्खदिट्ठिओ चयंति से तं मिच्छसुयं.**

—નંદિસૂત્ર પૃ. ૩૯૦ થી ૩૯૪

—મિથ્યાદષ્ટિઓએ સ્વચ્છંદ બુદ્ધિમતિથી વિકલ્પિત ( સુત કરેલ છે ) તેમાં ( આ ગ્રંથો વગેરે છે. ) ભારત ( મહાભારત ), રામાયણ, દંભીમ સુરૂક્ષ ?. કૌટિલ્ય ( ચાણાક્યનું અર્થશાસ્ત્ર વગેરે ), સભગદ્રિક (?), ખોડમુખ ?, કાર્પાસિક ( ? ) નામસૂક્ષ્મ ?, કણાદસત્તરી (સાંખ્ય), વૈશેષિક, બુદ્ધવચન (બૌદ્ધશાસ્ત્ર), તેસિય (ત્રૈરાશિક ?), કાપાલિક (કપીલનું શાસ્ત્ર), લોકાયત ( ચાર્વાક ), સૃષ્ટિ તંત્ર, માઢર (વ્યાસ) પુરાણ, વ્યાકરણ, ભાગવત ( શ્રીમદ્ભાગવત ), પાતંજલ ( યોગસૂત્ર ), પુષ્પદેવ ( કામસૂત્ર ? ), લેખ્ય ( લેખન શાસ્ત્ર ), ગણિત,

શકુન રૂપ, નાટકો, અથવા બહોત્તર કલાઓ, ચાર વેદો, અંગોપાંગ ઇત્યાદિ—મિથ્યાદષ્ટિને આ શાસ્ત્રો મિથ્યાત્વપરિગૃહિત હોવાથી મિથ્યાશ્રુત છે, સમ્યગ્દષ્ટિને આ સમ્યક્ત્વપરિગૃહિત હોવાથી સમ્યક્શ્રુત છે–અથવા મિથ્યાદષ્ટિને આ સમ્યક્શ્રુત કેવી રીતે થાય ? (ઉત્તરમાં) જેમ સમ્યક્ત્વ-હેતુથી (સમ્યક્શ્રુત તરીકે પરિણામે છે તેમ) મિથ્યાદષ્ટિઓ પોતાના સમગ્ર સમય એટલે સિદ્ધાંતોથી પ્રેરાયેલા થકા કોઇ સ્વપક્ષની દષ્ટિઓ એટલે દર્શનો તજે છે. આ પ્રમાણે મિથ્યાશ્રુત (કહેવામાં આવ્યું.)

૨

**પત્રકારની ફરજો—**

........It cannot be too earnestly insisted upon, that journalism implies a public trust, and carries with it, whether we will or no, responsibilities of a moral order. Every journalist is under an implied pledge to his readers, that he will tell them the very truth of things as he apprehends it. If he errs as to facts, it must be honest, unconscious error into which he has fallen and not the twisting aud distortion of matters to suit a purpose or cause he has in hand. Journalism of any other order is an offence against morals and the just abhorrence of upright minds........In the head there can be no clear vision, while the heart and sympathies of a man are wrong".

પત્રો કેવાં હોવાં જોઇએ એ માટેનો ખરો ખ્યાલ જ્યારે પત્રકારને પોતાને ન હોય તો પછી લોકોમાં તેની પ્રતિષ્ઠા તથા ગૌરવ કયાંથી પડી શકે ? આપણી જૈન શ્વેતામ્બર મૂર્તિની સમાજમાં જે જે પત્રો (કે જેમાં અઠવાડીક, અને માસિકનો સમાવેશ થઇ જાય છે) છે તેમાં (૧) કેટલાંક અમુક સંસ્થા તરફથી ચાલે છે અને તેના અધિપતિ ઑનરરી તંત્રી તરીકે કાર્ય કરે છે જ્યારે (૨) બીજાં ખાનગી માલીકીના છે. જે સંસ્થા તરફથી ઓનરરી તંત્રી દ્વારા ચાલે છે તેમનામાં તે તે સંસ્થાના હિત જાળવવા ઉપરાંત સમાજની સેવા કરવાનો આશય રહે છે, જ્યારે ખાનગી માલિકી ધરાવતાં પત્રોમાં પોતાને નફો કરવાનો મુખ્ય ઉદ્દેશ હોય છે. એક ધંધા તરીકે પત્રકારનો ધંધો ખીલવવામાં જે સાહસ, અને સહનશીલતા તથા પરાક્રમ અને પ્રામાણિકતા જોઇએ તે જો ન હોય તો તેનો ઉપયોગ બહુ ખરાબ રીતે એટલે કે અધમ ગતિમાં થાય છે.

પત્રકારનો ધંધો માત્ર ઉદરંભરી તરીકે નથી,-સ્વાર્થ પરાયણતામાં મશગુલ રહી પૈસાની ખાતર જનસમાજના પ્રગતિને બાધક તત્વોને વેરવા માટે સર્જાયેલો નથી પણ સમાજની નાડ તપાસી તેને અનુકુલ દવારૂપી નવજીવન આપવા, ચૈતન્ય રસ રેડવા અને સમાજમાંથી સડો દૂર કરી તેમાં સુધારો સ્થાપવા માટે છે. તેજ ધંધો એક પત્રકારને અમે રૂબરૂ ચેતાવ્યું હતું તેમ જેવી રીતે સ્વર્ગમાં લઇ જનાર છે તેવીજ રીતે સાતમી નરક જેટલી અધોગતિને પહોંચાડનાર પણ છે.

ખરા પત્રકારનું એ કાર્ય નથી કે જ્યાં બે તડ હોય—જ્યાં બે સામસામા પક્ષો બંધાયા હોય ત્યાં 'ચોરને કહે તું ચોરી કરજે, ને ધણીને કહે તું જાગતો રહેજે' એવી પોલીસી, કે 'ભેંસ પાઘડી તાણી ગઇ' એવું ત્રાસદાયક વાકય બોલનાર ન્યાયાધીશની પોલીસી રાખવી. તેમ તેણે દરેક જાહેર મેળાવડાઓના પ્રસંગે તેના સંચાલકો પાસે પૈસાની ભીખ માગવાની નથી યા પૈસા ન આપે તો અમુક ખરાબ લખી તેમને હીણા પોતે પાડશે એવી બીક અને ધમકી આપી પૈસા કઢાવવાની નથી. તેમ નાના પોરીયા માફક જરા કોઇનો વાજબી પણ તીખો તાણો આવે તો અંગત દ્વેષથી તેની સામે ગાળાગળીચ અને જૂઠાણું ભર્યો બકવાદ કરવાનો નથી. પૈસાની લાંચ લેવાની નથી યા પૈસાને ફોટા મૂકવાના બહાના નીચે યા જાહેર ખબર રૂપે લઇ તેઓનો ખોટો પક્ષ લેવામાં અને બીજાને લેવા દેવામાં અને તેની સામે વ્યાજબી દલીલવાળા આવેલા લેખોને પ્રકટ ન કરવામાં પત્રકારે પોતાના ધંધાને લઇ જવો જોઇતો નથી. પત્રકારનો ધંધો લિબરલ છે અને તે સંબંધે ઘણું કહી શકાય તેમ છે તો તે હવે પછી પત્રકારોની કૉન્ફરન્સ ભરવા સંબંધે લખતાં જણાવીશું.

૩

**જૈન ધર્મપર આવેલા આક્ષેપો—**

મી. હર્બર્ટ વૉરન આપણા પ્રસિદ્ધ તત્ત્વજ્ઞાની સ્વ. વીરચંદ રાઘવજી ગાંધીના હસ્તથી દીક્ષિત શ્રાવક-જૈન છે. તેમણે પાશ્ચાત્ય દૃષ્ટિથી જીવનના મહાન્ સિદ્ધાંતોના સમાધાનમાં જૈનધર્મ, એ નામનું અંગ્રેજીમાં પુસ્તક રચેલ છે તેની સમાલોચના લંડનના 'ઑકલ્ટ રિવ્યુ' નામના માસિકે લીધી છે, તેમાં નીચે પ્રમાણે આક્ષેપો આવ્યા છેઃ—

(૧) જૈનધર્મ એ સરસ અને વાદવિવાદ ગ્રસ્ત છે.

(૨) તેનામાં ઇશ્વર નથી અને તેથી હૃદયવગરનો તે ધર્મ છે.

(૩) 'સર્વજ્ઞનો જીવ સર્વ જાણે, પણ કરે નહિ કાંઇ' એવી વાત આકર્ષક નથી એટલુંજ નહિ પરંતુ મિથ્યા-અજ્ઞાનથી ભરેલ છે.

આ સંબંધમાં કોઇ પણ જૈન યોગ્ય લેખ લખી મોકલાવશે તો કૃપા થશે; અને તે પ્રકટ કરવા માટે અમે ચૂકીશું નહિ.

૪

**આપણી ધાર્મિક સંસ્થાઓ**—આના સંબંધમાં અમે વખતો વખત કોઇને કોઇ એક યા વધુ સંસ્થા લઇ અમારા વિચાર પ્રદર્શિત કરતા જઇએ છીએ. સામાન્ય રીતે સર્વ સંસ્થાના ત્રણ વિભાગ પાડી શકાય—૧ કેળવણીને લગતી, ૨ સમાજને લગતી. અને ૩ પુસ્તક પ્રચારક. કેળવણીને લગતી સર્વ સંસ્થાઓની હકીકત મેળવવા માટે જૈન એજ્યુકેશન બોર્ડે ખાસ ફાર્મો છપાવી દરેકને મોકલી આપ્યાનો પ્રયાસ કર્યો છે અને તેને પરિણામે સો બસો સંસ્થાઓ તરફથી તે ભરાઇને આવી ગયાં છે. તે પરથી બારીક રીતે કાઢેલો સાર ભવિષ્યમાં મૂકવામાં આવશે. સમાજને લગતી સંસ્થાઓમાં આપણી કૉન્ફરન્સ, આણંદજી કલ્યાણજીની પેઢી,—જૈન એસોસીએસન ઓફ ઇંડિયા વગેરેનો સમાવેશ થાય છે, તેમાં કોન્ફરન્સ સંબંધી જુદી જુદી હકીકત આ પત્રના દરેક અંકના છેલ્લા આઠ પૃષ્ઠમાં આવે છે, તે ઉપરાંત તેના તરફથી રિપોર્ટ વાર્ષિક-દ્વિવાર્ષિક આદિ બહાર પડે છે. જૈન એસોસીએશનના રિપોર્ટ બહાર પડે છે અને તે સંબંધી થોડા થોડા વિચાર કહાચ આપવામાં આવે છે, આણંદજી કલ્યાણજીના તરફથી શું શું બને છે તેનો હેવાલ વાર્ષિક કે

બાર વાર્ષિક બહાર પડતો નથી તેથી કંઇ બહાર આવતું નથી, પણ એટલું સમજાય છે કે તેણે પોતાનું બંધારણ ઘડયું છે ને જૂને ચીલે જે કામ કરતી આવી છે તે પ્રમાણે કરતી જાય છે. થોડા થોડા સુધારા હમણાં થવા લાગ્યા છે. પુસ્તક પ્રચારક મંડળને નામે જૈન ધર્મ પ્રચારક સભા, આત્માનંદ સભા, શેઠ દેવચંદ લાલભાઇ પુસ્તકોદ્ધાર ફંડ વગેરે સંબંધી તેમનાં પુસ્તકોનું અવલોકન લેતાં અમારા તરફથી કંઇક લખાય છે. કેળવણીને લગતી સંસ્થામાં આપણી બોર્ડિંગો ખાસ અગ્રસ્થાન ભોગવે છે અને જૈનોમાં કેળવણીના પ્રશ્ન સંબંધી વિચાર કરતાં બોર્ડિંગોની ગણના કર્યા વગર કદી પણ ચાલે તેમ નથી. હાલમાં સિદ્ધક્ષેત્રની યાત્રાએ જવાનું થતાં ત્યાંની સિદ્ધક્ષેત્ર બાલાશ્રમની સંસ્થા જોવાનું બની આવ્યું તેથી તે સંબંધી અત્ર જે ત્યાં જણાવવામાં આવ્યું હતું તે અત્ર નીચે નિવેદન કરીએ છીએ.

૫

**સિદ્ધક્ષેત્ર બાલાશ્રમ—**

તા. ૩૧-૫-૧૭ ને રોજ આ સંસ્થાના દર્શન કરવાની તક પ્રાપ્ત થઇ હતી. સાધન વિનાનાં અને સામાન્ય સ્થિતિનાં ન્હાનાં બાળકોને શરીર પોષણ અને મનની કેળવણી મેળવી આપવા માટે જૂદી જૂદી સમાજમાં ખાસ સંસ્થાઓની આવશ્યકતા સ્વીકારાઇ છે અને તેથી તેવી એક સંસ્થા જૈન સમાજમાં 'બાલાશ્રમ' ના સુંદર નામથી જોવામાં આવે એ વાત આનંદ ઉત્પન્ન કરે છે. આવી સંસ્થાઓ એક સ્થળેજ એકની સંખ્યામાં જ નહિ, પણ અનેક સ્થળે અનેક ઉભી થવી જોઇએ છે, છતાં જ્યાં મૂળમાં એક પણ સંસ્થા ન મળે ત્યાં દશેક વર્ષથી આ એક સંસ્થા ઉત્પન્ન થઇ પગ ભર થઇ ઉદાર શ્રીમંતોના આશ્રય તળે ઉપયોગી કાર્ય વ્યવસ્થિત રીતે બજાવ્યે જાય છે એટલું પણ જૈન સમાજને માટે માન ઉત્પન્ન કરે તેમ છે.

ખંતીલા, હોંશીલા અને કાર્યદક્ષ શ્રીમંતોએ આ સંસ્થાની બાંહ્ય પકડી છે તેથી આ સંસ્થાના ઉજ્વળ ભવિષ્યની આશા રહે છે. પાલીતાણાનું ક્ષેત્ર પસંદ કરવામાં યાત્રાળુની ઉદારતાનો લાભ મેળવવાની સારી આશા—એજ કારણ હોઇ શકે છે. કાઠિયાવાડમાં કેળવણી માટે બીજાં અનેક ઉત્તમ ક્ષેત્રો જેવાં કે ભાવનગર અને રાજકોટ છે. રાજકોટ કાઠિયાવાડનું કેન્દ્રસ્થાન ગણી શકાય તેમ છે અને ત્યાં અનેક જ્ઞાતિઓએ બોર્ડિંગ-અનાથાશ્રમ આદિ કરેલ છે ત્યાં આવી સંસ્થા હોય તો ઘણી સંગીન કેળવણી પ્રાપ્ત થઇ શકે તેમ છે ને અત્ર સૂચન તરીકે જણાવું છું કારણ કે આ સંસ્થાનું જાથુકનું અને મજબુત ફંડ થઇ જાય તો આ સૂચના પ્રત્યે દૃષ્ટિ ફેંકી શકાય તેમ છે.

વિદ્યાર્થીઓની સંખ્યા પચાશ નજીક છે અને હાલના ફંડની સ્થિતિપર લક્ષ રાખતાં તેટલી સંખ્યા સારી ગણાય. વિશેષ સંખ્યા રાખી શકાય તેમજ અનેક સુધારા કરી શકાય તે માટે એ આવશ્યક છે કે હાલના તેના આશ્રયદાતાઓ મન પર વાત લઇને એક કાયમ ભંડોળ મેળવવા માટે બધા પ્રયત્નો કામે લગાડે.

કેળવણીમાં વિદ્યાર્થીઓનો ગુજરાતી અંગ્રેજી અભ્યાસ પાલીતાણા ગામની શાળાઓમાં મોકલાવી કરાવવામાં આવે છે, તેથી તે કેળવણીનો આધાર તે તે શાળાઓમાં જેવા પ્રકારનું શિક્ષણ અપાય તેના પર રહે છે. ધાર્મિક અભ્યાસમાં મોટી સંખ્યા બે પ્રતિક્રમણ શિખવામાં રોકાયેલ છે. ગોખણ તેથી થાય છે, અને તે આવશ્યક પણ છે, પણ તે અર્થ

વિવેચન, હેતુ આદિની સમજ સાથે આપવાની જરૂર છે. તે ઉપરાંત યા તેને બદલે તત્ત્વાર્થ સૂત્ર મોઢે જ—ગોખણથી કરાવાય તો ઉત્તમ થશે. ક્રિયા કાંડની સાથે દર્શન-ફીલસુફી—તત્ત્વજ્ઞાનના શિક્ષણની ખાસ અગત્ય છે તેથી જીવ વિચાર અને નવ તત્ત્વ આદિ બહુ સુંદર પદ્ધતિએ હેતુ વિવેચન પૂર્વક બાળકોના હૃદયોમાં ઠસાવવાથી ધાર્મિક કેળવણીનો હેતુ સરે તેમ છે. આ વક્તવ્ય દરેક જૈન શિક્ષણ સંસ્થાને માટે છે.

વ્યવસ્થા નિયમિત અને યોગ્ય નિયમ પર રચાયેલી છે જૈન સંસ્થાઓનું અધઃપતન સર્વત્ર સુવ્યવસ્થાના અભાવે થયું છે, થાય છે અને થશે એ વાત પ્રસિદ્ધ છે. પણ આ સંસ્થા સુવ્યવસ્થિત ચાલતી જોતાં તેનું ઉર્ધ્વ ગમન—ઉન્નત પ્રયાણ નિઃસંદેહ હાલ જણાય છે.

આટલા વિચારો પ્રથમ દર્શને થયા તે જણાવ્યા છે. દરેક બાબતની ઝીણવટમાં જવાનું, વિદ્યાર્થીઓની પરીક્ષા લઇ તેમના જ્ઞાનની કસોટી કરવાનું સમયના અભાવે બની શક્યું નથી. તેથી તેમ કરવાનું ભવિષ્ય માટે રાખી હાલતો આટલું કહી વિરમુ છું.

—આ પ્રમાણે પંચમ જ્યૉર્જના જન્મ દિવસે (૪-૬-૧૭) ના દિવસે પાલીતાણામાં સંસ્થાની વિઝિટર્સ બુકમાં જે વિચાર જણાવ્યા હતા તે અત્ર મૂક્યા છે. આ સાથે એ પણ કહેવું પડશે કે જૈન સંસ્કૃત પ્રાકૃત પાઠશાળા કે જે મુનિ શ્રી ચારિત્રવિજયજીના હસ્તક નીચે ચાલતી હતી તેની પણ મુલાકાત લેતાં જણાયું હતું કે તે પાઠશાળામાં અંગ્રેજી શિક્ષણ આપવામાં આવતું તે તો બરાબર અપાયું નહોતું એમ પરીક્ષા લેતાં લાગ્યું. ધાર્મિક શિક્ષણને સંસ્કૃત શિક્ષણમાં બહુ ખોડ ખામી દેખાઇ. આને હવે ગુરૂકુળ એવું નામ આપી સુધારાપર મૂકવાને પ્રયાસ કરવામાં આવે છે. પણ તેના સંબંધીની હકીકત જૈન પત્રમાં વાંચતાં અમોને તેની જે યોજના કરવામાં આવી છે તે પરથી એમ જ લાગે છે કે જૂદી જૂદી સંસ્થાઓ એક જ પ્રકારની એક જ સ્થલે કાઢવાથી કંઇ વિશેષ સંગીન ફાયદો થવાનો નથી. નામ ગમે તે આપવાથી કાર્ય કંઇ સિદ્ધિને પ્રાપ્ત થતું નથી. અમોને તો દૃઢ રીતે એવું લાગે છે કે જો તે સંસ્થા આ વ્યવસ્થિત રીતે ચાલતી સિદ્ધક્ષેત્ર બાલાશ્રમની સંસ્થા સાથે જોડી દેવામાં આવે તો ઉદ્દેશ વિશેષ પ્રકારે અને સુંદર રીતે સચવાશે. હમણાં આટલા વિચારો બસ થશે. વિશેષમાં મે ૧૯૧૭ ના ગુજરાતી ચિત્રમય જગત્ નામના માસિકના અંકમાં 'અનાથ આશ્રમ વિષે બે બોલ' એ પર ૭૭ મે પૃષ્ઠે જે મહાત્મા ગાંધીજીએ જે ઉદ્દગાર કહાડયા છે તે પર ખાસ ધ્યાન ખેંચીએ છીએ.

## વિનોદ વિલાસ.

(લેખકઃ-મોંશયોર્ 'રમુજી.')

[ જૈન શાસ્ત્રમાં 'હાસ્ય' ને પાપસ્થાનકોમાંનું એક માનવામાં આવ્યું છે; હાસ્યનું નામ પડે ત્યાંથી તો સો ગાઉ અને બસો મૈલ દૂર ભાગવું જોઇએ કે જેથી પાપ બાઝીને

ગળે ન વળગે. અમારા મિત્ર મોંસ્યોરૂ 'રમુજી' કે જે ફ્રાન્સ દેશ વાસી છે, અને જેમણે જૈન સાહિત્ય અને શાસ્ત્રોનો અભ્યાસ, મનન તેમજ નિદિધ્યાસ કરેલ છે તેઓ 'હાસ્ય' નો અર્થ 'ખડખડ હસવું' એટલોજ કરે છે અને તેના આધારરૂપે સત્તરસો દલીલો રજુ કરે છે. તેમની દલીલોથી હારીને, તેમજ કેટલાક જૈનો જેઓની સુરત નિરંતર રડતીસુરત જેવી છે, અને જેઓ વ્યવહારે આચારે રસહીન લુખા સુકા અને વિચારે પરમાનંદ મેળવવાનાં પ્રથમ પગથીયારૂપ આનંદ વગરના-ચેતન વગરના જડ જણાય છે તેમને આનંદી હસમુખા અને તેજ બનાવી દેવાનું મોં. રમુજીએ માથે લેવાથી તેમજ તેના બદલા તરીકે કાંઇ પણ લીધા સીવાય પોતાને ખર્ચે હીસાબે અને જોખમે આંહી આવવા તેઓ સાહેબ તૈયાર હોવાથી અમારા નિમંત્રણનાં પરિણામે તેઓ– હેરલ્ડનાં ગ્રાહકોની સેવા બજાવવાની આજથી—શરૂઆત કરે છે. પાશ્ચિમાત્ય રૂઢી પ્રમાણે મોં. 'રમુજી'ની આટલી ઓળખાણ કરાવી હવે મોં. 'રમુજી'ને તેની—પોતાની ફ્રેંચ રૂઢી પ્રમાણે તમારી સાથે પોતાની મેળેજ ઓળખાણ કરી લેવા અનુજ્ઞા આપીએ છીએ. ]

તંત્રી.

પારીસથી અઢાર માઇલ દૂર એક નાના ગામડામાં હું કોટવાલ તરીકે કામ કરતો હતો ત્યારે મારા બંગલાની પાસેનાં પડોશમાં એક આર્મીનીયન રહેતો હતો. ગામડાનો કોટવાલ એટલે લંડનનો મેયર, મુંબઇનો શેરીફ અને હિંદુસ્થાનનાં ગામડાનો ચોરા-પટેલ: આ સર્વે સરખાં. ગામની મોટાઇ પ્રમાણે હકુમત અને સત્તામાં તો ફેર હોયજને? તે આર્મીનીયનનું 'પોરીયું' ( child: I don't know it was male or otherwise; that's why, you see. ) ઘણુંજ તોફાની, રાડીયું, મરતીખોર અને કકળાટીયું. તેનાં ઘરનાં માણસને તો જંપવા ન દીએ પણ મને અને મારા કુટુંબને પણ પીડાકારક થઇ પડયું. આર્મીનીયને બહુજ કંટાળી એક દિવસ મારી પાસે કવિતામાં ફરીયાદ રજુ કરી. તેનો ઉપાય પણ મેં પદ્યમાં તેનાજ રાગ, તાન સુર આલાપ અને ભાનમાં આપ્યો. આ રહ્યું તે કાવ્ય આખે આખું!

* * * * * *

## પીડારૂપ પોરીયું.

| | | |
|---|---|---|
| આર્મીનીયન – | અરે કોઇ ઉપાય બતાવોને | |
| ( ફરીયાદ નં. ૧ ) | મેલા ઘેલા બગડેલાને, કોઇ કંઇ સમજાવોને. | અરે. |
| | "ઘ્વું રીંવું રીંયું" રડતું, બધેય દુર્ગંધી પાથરતું | |
| | જ્યાંથી ત્યાંથી ખાખા કરતું | |
| મોં. રમુજી (ઉપાય). | થપ્પડ એક લગાવોને. | અરે. |
| આર્મીનીયન— | નામજ લેતાં ગાભો ભાંડે, બાઝી બટકાં ભરવા માંડે | |
| ( ફરીયાદ નં. ૨ ) | નીમાઝ પડતાં મસીદ વળગી | |
| મોં. રમુજી (ઉપાય)— | ડોકેથી છટકાવોને | અરે. |
| ( આર્મીનીયન ) | સૂર્ય સામને ધૂળ ઉરાડે, હથેળી માંહે ચંદ્રજ માંગે, | |
| ( ફરીયાદ નં. ૩ ) | ઉંચેથી નીચે પડછાયે | |
| મોં. રમુજી (ઉપાય). | ( તો ) સોટી જરા ચમકાવોને— | અરે. |

( આર્મીનીયન ) શીખ જરા નહિં દિલમાં ધરતું, જ્યાં ત્યાં પડતું ને આખડતું,
( ફરીયાદ નં. ૪ ) માંદું પડતું ડચકાં ભરતું,
મોં. રમુજી (ઉપાય છેલ્લો) પીડા પૂરી પતાવોને—અરે

આર્મીનીયનની લાંબી લચક ફરીયાદથી તો હું કંટાળ્યો. ' પોરીયા ' ને કહ્યું કે જરા માણસ થાને ! શું કામ સખ કરતુંએ નથી ને કરવા દેતુંએ નથી ! ! નહિ તો પછી બેદમજી જરા ઝપાટો બતાવવો પડશે ! ! !

તમે શું ધારો છો મારા ( સુકા નહિ પણ ) લીલા કમની અસરની ઉંડાઇનું માપ ? ચુપ આપ : :

* * *

સ્વરાજ્ય ! સ્વરાજ્ય ! ! સ્વરાજ્ય ! ! ! જોઇતું હોય તો આવો; સ્હેલો સટ રસ્તો બતાવું. શા માટે સરકાર પાસે માંગોછો અને નાહક હેરાન કરો છો ? બોલો ! તમારે કેવા પ્રકારનું સ્વરાજ્ય જોઇએ ? સ્થાનિક સ્વરાજ્ય કે આખે આખું સ્વરાજ્ય ? જો સ્થાનિક સ્વરાજ્ય જોઇતું હોય તો થઇ જાઓ શ્રી મહાવીર જૈન વિદ્યાલય'માં ' વિદ્યાર્થી ' તરીકે દાખલ ! અને આખ્ખું સ્વરાજ્ય જોઇતું હોય તો થઇ જાઓ 'શ્રી સંયુક્ત જૈન વિદ્યાર્થી ગૃહ'માં 'બંધુ' તરીકે દાખલ ! ! ભલા માણસ ! સ્વરાજ્ય બક્ષનારી—આવી સંસ્થાઓ ધમ ધોકાર ચાલે છે અને કેડે છોકરૂં બેઠું છે ત્યારે સરકાર માબાપને શું કામ હેરાન કરો છો અને જ્યાં ત્યાં ઢુંઢયા કરો છો ! ! ! હું તો તમને બાર દઇને ભલામણ કરૂંછું કે વેપાર ધંધો, નોકરી ચાકરી, શેઠાઇ, પંડીતાઇ છોડી દઇને બની જાઓ ' વિદ્યાર્થી ' કે ' બંધુ ' ઉપરોક્ત ' વિદ્યાલય ' કે ' ગૃહ 'નાં જો સ્વરાજ્યજ જોઇતુ હોય તો. બાકી ઘેર બેઠાં સ્વરાજ્ય મળે તે અધું અને અધુરૂંજ અને સ્થાનિક સ્વરાજ્ય મળે તો તો ઝાડુ બત્તી ઈત્યાદી ઇત્યાદી Home Municipality ની ફરજો બજાવવાની, સમજ્યાને !

* * *

હું તો ત્યારનો વિચારજ કરૂંછું ! ક્યારનો ? જ્યારથી ' શ્રી મહાવીર જૈન વિદ્યાલય 'નો બીજો વાર્ષીક રીપોર્ટ—ગોડીજીનાં મંદીરમાં ભરાયેલી સભા સન્મુખ રજુ થયો ત્યારનો, કે ' વિદ્યાલય 'ના વિદ્યાર્થીઓ 'ને ' ગૃહ 'નાં ' બંધુ 'ની માફક આખ્ખું સ્વરાજ્ય કેમ નહિ આપ્યું અને સ્થાનીક સ્વરાજ્યજ બક્ષવામાં આવ્યું ? જરૂર તેમાં કાંઇક ભરમ—ભેદ હોવો જોઇએ, નહિ તો આટલો ભેદ શા માટે રહે ? એક આવેલું છે સેન્ડહર્સ્ટ રોડપર ત્યારે બીજું છે પ્રિન્સેસ સ્ટ્રીટપર. બન્ને છે તો સમાન હવાવાળા લત્તા એટલે કેનેડા અને હિંદની માફક હવા પાણીનો ફેર નથી. ત્યારે ? હું તમનેજ પુછુંછું કે ત્યારે કારણ શું ? વિદ્યાલયનું સ્થાન બીજા ત્રીજા મજલા ઉપર છે અને ગૃહનું સ્થાન ચોથા મજલા ઉપર છે તેથી ? કે સ્થાનીક સ્વરાજ્ય બક્ષનાર વિનીત વિચારનાં અને સ્વરાજ્ય બક્ષનાર ઉદ્દામ વિચારનાં છે તેથી ? કાંઇ તોડ નીકળતો નથી—. પણ, સબર ! કદાચ એમ કાં ન હોય કે ' વિદ્યાર્થી 'ઓ અને ' બંધુ 'ઓની કાર્યવાહક શક્તિ અનુસાર

નવાજેશ થઇ હોય ! ! એ બનવા જોગ છે. પણ ન બનવા જોગ કશું નથી એમ મારી નેપોલીયન દાદા કહી ગયા છે એટલે કાંઇ નક્કી કહી શકાય નહિં. રહ્યું ત્યારે !

*        *        *

'શ્રી સંયુક્ત જૈન વિદ્યાર્થી ગૃહ'ની ઉદ્‌ઘાટન ક્રીયા—સમયે ઝાલરા પાટણના નરેશે પ્રમુખ સ્થાનેથી લગાવેલો ફટકો મને યાદ આવે છે. મહારાજા કહે કે "જૈનોમાં 'સ્વમાન'નાં તત્વની ગેરહાજરી જોવામાં આવે છે માટે તે તત્વ ખીલવવાની જરૂર છે. કોઇએ કાંઇ કહ્યું કે કર્યું તો વાણીઆ ભાઇની મુછ નીચી કરી સહન ન કરવું જોઇએ " મને લાગે છે કે મહારાજાની સૂચના જૈન કોમની ખાસીયતના પૂર્ણ પરીચયના અભાવના પરિણામે થઇ હશે. ફ્રાન્સથી આવ્યા પછી જૈનો સાથે મારે થયેલા સમાગમમાંથી પરિણમેલા અનુભવ પ્રમાણે તો એક જૈન જો બીજાને કંઇ કહે કે કરે તો જોઈ લ્યો મજા ! **जैनो जैनं दृष्ट्वा श्वानवद् घुर्घुरायते**નો ઘાટ થઇ પડે ! ! આખી સાત પેઢી—ભૂત અને ભવિષ્યની—ને ચુંથી નાંખે ! ! ! જૈનોનાં પત્રોમાંજ ધોળા ઉપર કાળા રૂપે આવા દાખલા મોજુદ છે. કોણ કહે છે કે જૈનોમાં-વાણીયાઓમાં ' સ્વમાન ' નથી ?

*        *        *

ફ્રાન્સથી મારી પધરામણી મુંબઇમાં થઇ ત્યારે મને લાલબાગમાં ઉતારો આપવામાં આવ્યો હતો. મારો સરસામાન ગોઠવવાની વ્યવસ્થા કર્યા બાદ હું આમતેમ લટાર મારતો હતો ત્યારે બે મિત્રો વચ્ચે વાતચીત ચાલતી સાંભળી. હિંદુસ્થાનનાં લોકો કેમ બોલતા હશે એ સાંભળવાની મને જીજ્ઞાસા થઇ અને જરા દૂર ઉભો રહી હું સાંભળવા લાગ્યો.

પ્હેલો—બંધ કરાવ્યું હો !

બીજો—શું વળી ?

પ્હેલો—શું વળી શું ? હેરલ્ડ ! બીજું શું ! !

બીજો—કેવી રીતે ! જરા ખુલાસો તો કર.

પ્હેલો—ખુલાસો શું, તેની જીભજ બંધ કરી નાંખી, મોઢે તાળુંજ લગાવી દીધું. પુછ્યું કે આવું કેમ છાપો છો અને આવું કેમ નથી છાપતા ? જવાબજ નહિ.

બીજો—પછી ?

પ્હેલો—પછી પછી શું પુછો છો ? કાંઇ રામાયણ માંડી છે ? હવે તો કાંતો હેરલ્ડ નહિ અને હેરલ્ડ હોય તો તે તંત્રી નહિં. જોને હવે શું પરિણામ—"

હું તો ગભરાયો કે ફ્રાન્સથી છેક આંહીં સુધી આવીને હું તો હેરલ્ડ સાથે ફસ્યો; પરંતુ મારા તંત્રી મિત્રની સાથે એ બાબતમાં ખુલાસો થતાં હું ખૂબ, ખૂબ હસ્યો.

Well, **Ta Ta** ! we meet next month, Eh ! !

# વિશુદ્ધાની વિશ્વસેવા.

લેખકઃ—રા. કૈવલ્ય.

## પ્રકરણ પહેલું.

### આકસ્મિક મુલાકાત.

ભવ્ય લંડન શહેરના વિશાળ અને રમણીય 'હાઇડ-પાર્ક'નાં એક વલ્લરીવેષ્ટિત ગ્રીષ્મગૃહનાં બાંક ઉપર લડાઇમાં ઘાયલ થયલો એક શીખ સરદાર પોતાની બાજુમાં બેઠેલી હિંદી નર્સ સાથે રસભરી વાતમાં ગુંથાયો હતો. 'માર્ને'ની પ્રખ્યાત લડાઇ કે જેમાં મિત્ર-રાજ્યોએ દુશ્મનને મારી હઠાવ્યા હતા તેમાં આ શીખ સરદાર ભયંકર રીતે જખમી થયો હતો અને પ્રથમ તો તેની બચવાની આશા પણ ન્હોતી. 'શેલ'માંથી ઉડેલી ગોળીઓથી તેનું માથું અને મોઢું વિંધાઇ ગયું હતું પરંતુ સદ્ભાગ્યે ત્હેની આંખોને જરાપણ આંચ આવી ન્હોતી. હવે ત્હેને સારી રીતે આરામ થયો હતો તોપણ માથામાંના ઘા હજુ રૂઝાયા ન્હોતા અને એ સ્થળે પાટા બાંધેલા હતા. પાસે બેઠેલી નર્સ ત્હેની સાથે ખુશ વાર્તાલાપ કરી ત્હેને વેદનાથી વિમુક્ત કરવા પ્રયત્ન કરતી હતી.

સાંજનો સમય હતો, અને ન્હાનાં ન્હાનાં વાદળાંઓની સાથે યુદ્ધ કરતો હોય અને તેમનાથી છુટા થવાને તરફડીયાં મારતો હોય તેમ ઝાંખો અને પ્રકાશહીન સૂર્ય ઘડીમાં દેખાતો તોઘડીમાં વાદળામાં ગુમ થઇ જતો હતો. વિશાળ બાગમાં ચોતરફ યુરોપિયન અને અન્ય દેશીય યુગલો-પુરૂષો સ્ત્રીઓ અને બાળકો વિધવિધ ફેશનનાં રંગબેરંગી વસ્ત્રથી સજ્જીત થઇ સ્વચ્છંદે અને સ્વતંત્રતાથી ફરતાં વિહરતાં અને રમુજ કરતાં હતાં.

આ સમયે જે ગ્રીષ્મગૃહમાં શીખ સરદાર અને હિંદી નર્સ બેઠા હતા તે ગૃહમાં યુરોપીયન ડ્રેસમાં સજ્જ થયેલા બે હિંદી યુવકો દાખલ થયા; તેમાંનો એક અતિશય થાકી ગયો હોય એમ દેખાતું હતું. તેનો સહચર ત્હેને ગ્રીષ્મગૃહની ગોઠવણ અને સૌંદર્યનું દર્શન કરાવવા વખતોવખત ત્હેનો હાથ ખેંચી આકર્ષક વસ્તુ તરફ ખેંચી જતો હતો. આ ઉપરથી સહજ લાગતું હતું કે થાકી ગયેલા યુવકને હાઇડપાર્ક જોવાનો આ પહેલોજ પ્રસંગ હતો.

ફરતાં ફરતાં અને ચારેતરફ દૃષ્ટિ ફેરવી કુદરતની કૃતિ અને યુરોપીય મનુષ્યોની બુદ્ધિના મિશ્રણનું આનંદે અવલોકન કરતા બન્ને યુવકો જ્યાં શીખ સરદાર અને હિંદી નર્સ બેઠા હતા તે જગ્યા પાસે આવી પહોંચ્યા. બન્ને યુવકો એક બીજાના હાથ પકડીને ચાલતા હતા પરંતુ થાકી ગયેલા યુવકની દૃષ્ટિ હિંદી નર્સ ઉપર જેવી પડી કે તુરતજ તેના સહ-ચરના હાથમાંથી ત્હેનો હાથ સરકી ગયો અને ત્હેનાં મ્હોંમાંથી 'કોણ! ભા-આ-આ-આ—" એવા શબ્દો મ્હોટેથી નીકળી પડયા. સરદાર અને નર્સ બેઠા હતા તે બાંક તેમ-

નાથી દસેક વાર દૂર હતો છતાં પણ આવેશમાં નીકળી પડેલા ઉપલા શબ્દો તેમના કાને પડયા અને તેમના વાર્તાલાપમાં ખલલ પહોંચી. શીખ સરદારે બન્ને યુવકો પ્રતિ દૃષ્ટિ કરી નર્સને કહ્યું:—"હં, ચલાવો; કાંઇ નથી."

નર્સે પણ યુવકો પ્રતિ મુખ ફેરવી દૃષ્ટિ કરી પણ શીખ સરદારનાં વાકયથી દૃષ્ટિ જેવી પડી તેવીજ પાછી ફરી. આ તકનો લાભ થાકેલા યુવકે પુરેપુરો લઇ લીધો. ત્હેની ખાત્રી થઇ કે તે હિંદી નર્સ કોઇ બીજું નહિં પણ 'વિશુદ્ધા' છે. પરંતુ પોતે ભુલતો હોય તો? પણ એવી ભુલ થાયજ કેમ? એજ ચ્હેરો, એજ શરીરાકૃતિ, એજ રંગ અને એજ છટા; છતાં પણ કાંઇ અતેરૂં ન બને તેની સાવચેતી રાખી વધારે તપાસ કરવાની તેને આવશ્યકતા લાગી. ત્હેનો સહચર તેનો હાથ પકડીને વારંવાર પુછતો હતો કે "શું છે મધુર? કહે તો ખરો!" પણ મધુરલાલે "કાંઇ નથી એ તો સહજ" કહી આગળ વધવા પ્રવૃત્તિ કરી અને બન્ને ચાલવા લાગ્યા.

પછી ખાત્રી કેવી રીતે કરવી ત્હેની યોજના મધુરલાલે પોતાના મગજમાં ઘડી કાઢી હતી. તેઓ બન્ને પેલા શીખ સરદાર અને નર્સ બેઠા હતા તે દિશા તરફ ચાલતા હતા. મધુરલાલે બોલવાનું શરૂ કર્યું.

"સુમન! જયારે હું ગુજરાતી પાંચમી ચોપડી ભણતો હતો ત્યારે મ્હારી સ્કુલે જવાનાં માર્ગમાં મ્હારા વડીલ બંધુનાં સાસરાનું ઘર આવતું હતું. મ્હારા ભાઇનાં તે સમયે લગ્ન થયેલ નહિં તો પણ મ્હારી ભાભી વિશુદ્ધા—"

"મ્હારી ભાભી વિશુદ્ધા," એ છેલ્લા શબ્દો સીખ સરદાર અને હિંદી નર્સ બેઠા હતા તે બાંક પાસે આવતાંજ મધુરલાલ બોલ્યો અને હિંદી નર્સ ઉપર તે શબ્દોની અસર શું થાય છે તે જોવા ત્હેના સામી દૃષ્ટિ કરી. વીંછીનો અણધાર્યો દંશ લાગ્યો હોય તેમ હિંદી નર્સ કે જેને હવે આપણે વિશુદ્ધાનાં નામથી ઓળખીશું અને જે આ વાર્તાની નાયિકા છે તે ચમકીને બાંક પરથી ઉભી થઇ મધુરલાલ પ્રતિ ક્ષણભર સચોટ તાકી રહી બોલી ઉઠી.

"મધુરભાઇ! ત્હમે અહીં—" વિશુદ્ધાનું ગળું બેસી ગયું. ત્હેનાથી વધારે બોલી શકાયું નહિં.

"હું તો અહીં બારીસ્ટર થવા આવ્યો છું, ભાભીશ્રી! પણ ત્હમે સ્વર્ગમાંથી અહીં કયારે આવ્યા?" મધુરલાલે જરા હસીત મુદ્રાથી પૂછયું.

"વ્હાલાં સગાં શિવાય મ્હને બીજું કોણ સદેહે સ્વર્ગે મોકલી શકે?"

વિશુદ્ધાને માઠું લાગ્યું હોય તેમ ત્હેની મુદ્રા પરથી સાફ દેખાઇ આવતું હતું. તે જોઇ મધુરલાલ બોલ્યો

"માઠું લાગ્યું, ભાભીશ્રી! માફ કરજો; પરંતુ અમો એમ માનતા હતા કે 'ફોર-ચ્યુના' સ્ટીમર સાથે ત્હમે સમુદ્રવશ થયા. એ સ્ટીમરને ડુબ્યાં લગભગ એક વર્ષ થયું તે દરમ્યાન ત્હમારા કાંઇ સમાચાર નહિં મળવાથી અમારી માન્યતા મજબુત થતી ગઇ."

"પરંતુ હવે તો તે માન્યતા ખોટી ઠરીને? ધીમેધીમે ત્હમારી બધી માન્યતા ખોટી ઠરશે, મધુરભાઇ! માત્ર સમયની ખોટી છે." બોલતાં બોલતાં વિશુદ્ધા ઉશ્કેરાઇ ગઇ. ત્હેના પગ ધ્રુજવા લાગ્યા.

"ભાભી શ્રી ! ભૂતપર પડદો પાડો. વર્તમાનની વાતો—"

"પડદો પાડવો એ સૂત્રધારનું કામ છે" વિશુદ્ધા વચમાંજ બોલી. "વર્તમાનની વાતો ભૂતકાળના પ્રસંગો અને બનાવોનાં રંગથી વિરક્ત નથી. એવા ભૂતકાળપર પડદો કેમ પડે ? ઉલટું, ભૂતકાળ ઉપર પડેલો આછો પાતળો પડદો ઉપડશે અને ત્યારેજ જણાશે–ત્હમો સર્વેને ખાત્રી થશે–કે હું બીલકુલ નિર્દોષ—" વિશુદ્ધા અતિશય આવેશ અને વેગથી ધ્રુજવા લાગી. ત્હેની આંખો મધુરલાલ સામે ભીષણ અગ્નિ વરસાવતી હતી; ત્હેની આંખના ડોળાની આસપાસ પાણી ભરાઇ આવ્યાં. પાસે બેઠેલો શીખ સરદાર આ બધું કાંઇક વ્યાકુળતાથી પણ જીજ્ઞાસુ વૃત્તિથી સાંભળતો હતો તે વિશુદ્ધાની આ સ્થિતિ જોઇ શકયો નહિ. તેણે જોઇ લીધું કે મધુરલાલ સાથેના વાર્તાલાપથી વિશુદ્ધાને માનસિક વ્યથા થાય છે તેથી એ પ્રસંગનો અંત આણવા તે ઉભો થયો, અને વિશુદ્ધાનો હાથ પકડી બાંકપર બેસાડીને પુછ્યું:–

"નર્સ ! એ કોણ છે ?"

"કોઇ નહિં, એ તો અમારા દેશના ઓળખાણવાળા છે" કહી વિશુદ્ધાએ સગપણ છુપાવ્યું. મધુરલાલ સાથે સ્વસ્થ ચિત્તે થોડો સમય સગાંવહાલાંની ખબર અંતર પુછી એક બીજાએ એક બીજાનાં સરનામાં લીધાં.

બન્ને યુવકે એક દિશા તરફ અને શીખ સરદાર અને વિશુદ્ધાએ બીજી દિશાતરફ ચાલવા માંડયું.

## પ્રકરણ બીજું.

### મૂર્છા.

વિશુદ્ધા અને શીખ સરદાર દિલજીતસિંહને લઇને દોડી જતી મોટરકાર જાણે હિંદુસ્થાન તરફ ધસડી જતી હોય તેમ વિશુદ્ધાને ભ્રાંતિ થતી હતી. મધુરલાલ સાથેની અચાનક અને અણધારી મુલાકાતથી જેમ ધરતીકંપને પરિણામે મહાસાગરનાં નીર ઉંચા ઉછળે તેમ વિશુદ્ધાનાં મગજ મહાસાગરને તળીયે વસેલાં ભૂતકાળનાં સ્મરણોનાં મોજાં ત્હેની દૃષ્ટિ સમીપ ઉછળવા લાગ્યાં હતાં. નર્સ તરીકેની ત્હેની વર્તમાન સ્થિતિથી માંડીને ત્હેની બાલ્યાવસ્થા સુધીમાં બનેલા સર્વ બનાવો એકએક મોજાં રૂપે ત્હેની દૃષ્ટિએ દેખાતા હતા. ત્હેનું મગજ ભમતું હતું, માથું ફરતું હતું, શરીરે તાવ ભરાતો જતો હતો, અને શ્વાસ લેતાં શ્રમ પડતો હતો. દિલજીતસિંહ આ બધું જોઇ શકતો હતો. તે અતિ ઉચ્ચ કુટુંબનો શીખ સરદાર હતો અને આશરે બે માસ થયાં વિશુદ્ધા ત્હેની સુશ્રૂષા કરતી હતી. એ ટુંક સમય દરમ્યાન દિલજીતસિંહે જોઇ લીધું હતું કે વિશુદ્ધા અતિશય ઉચ્ચ વર્તન અને નીખાલસ હૃદયની સ્ત્રી હતી. તોપણ ત્હેનાં કુટુંબ વિષયે કે ત્હેની સ્થિતિ પરત્વે ત્હેણે વિશુદ્ધાને એક પ્રશ્ન સરખોએ પૂછયો ન્હોતો. જેમ વિશુદ્ધાનું કર્તવ્ય ત્હેને વ્રણ વેદનાથી વિમુક્ત રાખવાનું હતું તેમ ત્હેનું કર્તવ્ય વિશુદ્ધાના પ્રયાસથી વેદના વિમુક્ત રહેવાનું છે એમજ તે સમજતો હતો. કોઇકોઇ વખત વિશુદ્ધાના મ્લાન મુદ્રા જોઇને ત્હેને અતિશય લાગી આવતું હતું પરંતુ ત્હેની સ્થિતિ પરત્વે કાંઇપણ

પુછપરછ કરવાની હેની હિમ્મત ચાલી ન્હોતી. તો પણ વિશુદ્ધાના મનની આજની સ્થિતિ અતિ વ્યગ્ર જોઇને દિલજીતસિંહે હેનો ઉપાય કરવાનો નિશ્ચય કર્યો.

"નર્સ, હમને સંગીતનો શોખ છે?" દિલજીતસિંહે ઉપાય અજમાવવો શરૂ કર્યો.

વિચારવમળમાં ગુંચવાયેલી વિશુદ્ધા પુરૂં સાંભળી શકી નહિં પણ હેનાં મગજ-મહાસાગરનાં મોજાં ઉછળતા બંધ થયાં અને સરદાર દિલજીતસિંહની સાથે પોતે મોટરમાં બેઠી છે એમ ભાન થતાં મહાસાગર સુકાઇ ગયો. દિલજીતસિંહની સામે બેબાકળી આંખે જોઇ હેણે પુછ્યું:—

" શું કહો છો, સરદાર

" હમને ગાતાં વગાડતાં આવડે છે?"

"થોડું ઘણું ગાતાં આવડે છે. હારમોન્યમ વગાડવાની થોડો વખત 'પ્રેકટીસ' લીધેલી પરંતુ 'પ્રેકટીસ'ને અભાવે શીખેલું પણ ભુલી ગઇ. તે શિવાય—બસ, એટલુંજ."

દિલજીતસિંહે જોઇ લીધું કે વિશુદ્ધા કાંઇક છુપાવે છે.

" તે શિવાય બીજું શું? નર્સ! હમે મ્હારાથી કંઇક છુપાવો છો. હું હમને આગ્રહ કરીને કહી શકું તેવી સ્થિતિમાં નથી પરંતુ કાંઇ વધારે જાણતા હશો તો તે જાણી મ્હને આનંદ પ્રાપ્ત થશે."

"હું એમ કહેવા જતી હતી કે મ્હને કાવ્ય બનાવવાનો પણ શોખ છે; પરંતુ આપે સંગીત સંબંધેજ પ્રશ્ન કરેલ હોવાથી મેં એ બાબત જણાવી નહિં."

" હું બહુજ ખુશી થયો નર્સ! કાવ્ય બનાવવાં એ સંગીત કરતાં વધારે મુશ્કેલ છે અને જો કે તે બન્નેને એક બીજા સાથે સંબંધ છે છતાં પણ બન્ને માર્ગ જુદા અને સ્વતંત્ર છે."

"એટલે?" વિશુદ્ધાએ જીજ્ઞાસાથી પૂછ્યું.

"એટલે એમ કે એક મનુષ્ય કાવ્ય કરી શકે અને ગાઇ વગાડી ન શકે અને બીજો ગાઇ વગાડી શકે અને કાવ્ય ન કરી શકે તેમ બને છે. એકનો આધાર બીજાપર નથી એટલે બન્ને એક બીજાથી સ્વતંત્ર છે એમ મ્હારા કહેવાનો ભાવાર્થ છે."

"પરંતુ એ બન્ને સાથે કરી શકાય તેવું હોય તો?" વિશુદ્ધાએ રસ લેતાં પૂછ્યું.

"તો તો સોના અને સુગંધનું સંમિશ્રણઃ તેતો ઉત્તમોત્તમ, નર્સ!"

"ત્યારે જો સત્ય કહું તો હું તેમ થોડે અંશે કરી શકું છું. પણ હમે આ પ્રશ્ન ઉઠાવ્યો છે તેથી એમ ધારૂં છું કે હમને પણ શોખ તો હોવોજ જોઇએ."

"અલબત્ત! સંગીતનો શોખ કોને ન હોય? ન્હાનું બાળક તો શું પણ અજ્ઞાની પશુને પણ સંગીતની લહેઝત મીઠી લાગે છે. પરંતુ હું કાવ્ય બનાવી શકતો નથી. શું હમે મ્હને શીખવી ન શકો?" દિલજીતસિંહે વિશુદ્ધાને વાતોમાં વધારે વધારે ખેંચવા માટે પ્રશ્ન કર્યો.

વિશુદ્ધાએ જરા હસીને કહ્યું, " માફ કરો, સરદાર! એ લાયકાત મ્હારામાં નથી. મ્હને લાગે છે કે આપ મ્હારી મશ્કરી કરો છો."

" હમારી મશ્કરી કરવાનો મ્હને અધિકાર–હોય એમ હું માનતો નથી." સરદારે ગંભિર મુદ્રાથી જણાવ્યું. " વળી મ્હારો એ સ્વભાવ નથી; મ્હને એ પસંદ પણ નથી.

નિર્દોષ વિનોદ કે ખુશમીજાજી રમુજ મ્હને ગમે છે પરંતુ કોઇની અંગત મશ્કરી મ્હને ગમતી નથી. ત્હમે તો એક આર્ય સ્ત્રી છો અને ત્હમારી સાથેના આટલા ટુંક પરિચયમાં હું એ જાતની છુટ લઉં તો તે ધૃષ્ટતા—"

"ના–ના–ના–ના" વિશુદ્ધાએ ત્હેને આગળ બોલતાં અટકાવ્યો. "હું તો ત્હમને સહજ એમ કહેતી હતી—"

મોટરકાર વૉર હૉસ્પીટલ પાસે આવીને ઉભી રહી, અને વાતમાં ભંગાણુ પડયું. બન્ને ઉતરી અંદર ગયા. દિલજીતસિંહને ત્હેના ઓરડામાં દાખલ થવા દઇ વિશુદ્ધાએ જવાની રજા માંગતાં દિલજીતસિંહે કહ્યું.

"મ્હારી ઇચ્છા એમ હતી નર્સ, કે આજે આપણે કાંઇક સંગીતનો સ્વાદ ચાખીએ. મ્હારી પાસે ફીડલ છે અને તે હું બજાવી શકું છું, ત્હમે પણ ગાઓ અને હું પણ ગાઉં અને વગાડું. મ્હને આનંદ થશે જો ત્હમને કાંઇ હરકત ન હોય તો."

"ત્હમારી ઇચ્છા હોય તો મ્હને કાંઇ હરકત નથી, હું અત્યારે ડયુટીથી પણ ફારગત છું. મ્હને પણ હિંદી ગીત સાંભળવાનો લાભ મળશે.

"લાભ અરસપરસ છે." આમ કહી દિલજીતસિંહે પેટીમાંથી ફીડલ બહાર કાઢી તેની દોરીઓના સુર ઉંચા નીચા કરી મેળવવા માંડ્યા. વિશુદ્ધાએ એક આરામાસન પર બેઠક લીધી.

"પ્હેલાં ત્હમે ગાશો કે હું ગાઉં ?" દિલજીતસિંહે ફીડલ પર 'બો' ફેરવતાં પુછ્યું.

"ત્હમેજ ચલાવો."

આલાપ લગાવી દિલજીતસિંહે શરૂ કર્યું.

પ્રભુ તેરી લીલા અપરમ્પાર–અગમ અપાર.
ખંડ બ્રહ્માંડ રચે સબ તેરે, કોઉ ન પાવત પાર;
સુરનર મુનિજન ખોજત હારે, પઢ પઢ ભેદ વિચાર.
આ આ આ આ આ......આ આ...આ;
પ્રભુ તેરી લીલા અપરમ્પાર–અગમ અપાર.

"ભૈરવી કે ?" તાનમાં આવી જઇ વિશુદ્ધાએ જ્ઞાતભાવથી પૂછ્યું.

"હા, ત્હમને રાગની કદર છે એમ જાણી મ્હને ઉત્સાહ આવે છે" દિલજીતસિંહે વગાડવાનું બંધ કરતાં કહ્યું.

"આગળ ચલાવો." પ્રભુ તેરી લીલા અપરમ્પાર.

અગમ નિગમ સબ તોહિં પુકારે, હે પ્રભુ સિરજનહાર;
ચન્દ સૂરજ દોઉ દીપક કીને, અગમ જ્યોતિ નિરંકાર,
અગમ અપાર–પ્રભુ તેરી લીલા અપરમ્પાર.

પલટા ઉપર પલટા મારી–કંઠની મધુરતા, અને વાદ્યકુશળતાથી દિલજીતસિંહે વિશુદ્ધાને ગાનમાં લીન બનાવી લીધી. ગાયન પૂરૂં થતાંજ વિશુદ્ધાએ કહ્યું.

"વાહ ! ત્હમે તો સંગીતમાં ઘણાજ કુશળ છો."

"આવું ગાઇ શકીએ છીએ. હવે ત્હમે ચલાવો."

"મ્હને કાંઇ આલાપથી કે પલટાથી તેમજ તાલથી કે સુરથી ગાતાં આવડતું નથી, માટે ત્હમેજ બીજું ચલાવો."

"બહુ સારૂં. પણ ત્હમારે એક ગાયન તો ગાવુંજ પડશે."

"હું પછી ગાઇશ."

દિલજીતસિંહે ચલાવ્યું.

(સૈંધવી.)

શ્યામ સિધારે કૌન દેશ.
તિનકે કઠિન કલેજે સખીરી, જીનકે પિય પરદેશ—શ્યામ.
ઉન ઉધૌ કછૂ ભલી ન કીની, કૌન જગત કો વેશ—શ્યામ.
ક્ષણુ ભરિ પ્રાણુ રહત ન શ્યામ બિન, નિશદિન અધિક અંદેશ—શ્યામ.
અતિહિ નિઠુર પાતી નહિ પઠઇ, કાહૂ હાથ સંદેશ.
સૂરદાસ પ્રભુ યહ ઉપજત હૈ, ધરીયે યોગિન વેશ.
શ્યામ સિધારે કૌન દેશ.

ગાનને અધિક દીપાવવા દિલજીતસિંહે વધારે હલકથી છેલ્લી ટેક ઉપર પલટા લગાવવા માંડયા, અને આલાપ લઇને એકએક લીંટી ટેક સાથે પલટાવવા લાગ્યો; ત્હેનો મધુર કંઠ ફીડલના સુર સાથે એકતાર થઇ જતો હતો અને પોતે ગાન અને વાદ્યમાં એટલો તલ્લીન થઇ ગયો હતો કે પાસે વિશુદ્ધા બેઠી છે તેનું ત્હેને ભાન પણુ રહ્યું ન્હોતું.

એકાએક 'ધબ્બ' સરખો અવાજ થયો. દિલજીતસિંહ ચમકયો. જોયું તો વિશુદ્ધા આરામાસન પર ન દેખાઇ. તે નીચે ઢળી પડી હતી–મૂર્છિત બની હતી.

## રંગસાગર નેમિફાગ.

### કર્ત્તા-શ્રી સોમસુંદર સૂરિ.

દેવસુંદરસૂરિના શિષ્ય સોમસુંદર સૂરિ હતા. તેઓ વિ. સં. પંદરમા શતકમાં થયા. તેમનો જન્મ ૧૪૩૦ માઘ વદિ ૧૪ શુક્ર. દીક્ષા ૧૪૩૭, વાચકપદ ૧૪૫૦, સૂરિ પદ ૧૪૫૭, સ્વર્ગવાસ. ૧૪૯૯. તેમણે સ્તોત્રાદિ અનેક ગ્રંથ લખ્યા છે અને કેટલાક પર બાલાવબોધ કર્યા છે. તેમનો સર્વ ઇતિહાસ 'સોમ સૌભાગ્ય' કાવ્ય કે જે ભાષાંતર સહિત પ્રસિદ્ધ થયેલ છે તેમાંથી મળી આવે છે, આ સૂરિ કૃત આ કૃતિ પંદરમા સૈકાની ભાષાનો સુંદર નમુનો પૂરો પાડે છે. આ કૃતિની એક પ્રતિ મોરબીના ભંડારમાંથી ત્યાંના સંઘવી કાનજીભાઇ પાસેથી મળી આવી છે. તેમાટે તેમનો ઉપકાર માનવામાં આવે છે અને તે જેમ છે તેમ અત્ર મૂકવામાંઆવી છે. બીજી પ્રતિઓના અભાવે આમાં જે અશુદ્ધતા રહી હોય તેનું સંશોધન થઇ શકયું નથી; પરંતુ કોઇ સ્થલે બીજી પ્રતો મળી આવશે તો શુદ્ધ સંસ્કરણુ થઇ શકશે. અત્યારે તો આટલાથી સંતોષ માનવાનો છે. કર્ત્તાએ કયાંક કયાંક સંસ્કૃત પ્રાકૃત પદ્ય મૂકેલ છે. ભાષા શાસ્ત્રીને આ રચના અતિ ઉપયોગી નિવડશે. પ્રતિનો લેખનકાળ રા. મનસુખલાલ કિરતચંદ મહેતા વિ. સં. ૧૬ મા શતકની આસપાસ હોવાનું માને છે. પ્રતનાં પત્ર ચાર છે. તેની જુની લીપિ વગેરે જોતાં પ્રાચીન પ્રત લાગે છે.

તંત્રી.

## પ્રથમ ખંડ.

ॐकारप्रणिधेयाय प्राणिनां त्राणकारिणे
तमालश्यामलांगाय श्री नेमि स्वामिने नमः ॥१॥

### काव्यं

स्मृत्वा तां कविमातरं धरति या श्री पुस्तकं बल्लकी
दंडं पांडु कमंडलूज्ज्वलदलं भोजं चतुर्भिः करैः
श्री नेमेः परमेश्वरस्य यमकालंकारसारं मनः
स्मेरीकारकरंग सागर महाफागं करिष्ये नवं ॥२॥

### रासक.

સમર વિસારદ સકલ વિસારદ સાર દયાપર દેવી રે
ગાઇસુ નેમિ જિણિંદ નિરંજન રંજન જગહ નમેવી રે ૩
રવિ તલિ વરતઈ સોરીઅ પુરવર અવરનયરસિંગારે રે,
સમુદ્રવિજય તિહાં રાજ કરતિ પતિ રતિપતિનઉ અવતાર રે. ૪

### આંદોલ.

રતિપતિનઉ અવતાર, અવિહડ ભડ ભંડાર
પ્રતપઇ જિતરિપુ એ, સમુદ્રવિજય નૃપૂએ.
પટરાણી પુણિ તાસ, ગરૂઆ ગુણ આવાસ,
રૂપિં રતિં નવી એ, સોહઇ સિવા દેવી એ. ૫
અપરાજિત અભિધાન, પરિહરીય વર વિમાન,
કાતી વદિ બારસિંએ, રવિ ઊગમ દિસિંએ,
સિવા દેવી ઊઅરિ ઊપન્ન, ચિહુ નાણે સંપન્ન,
બાવીસમઉ જિણવરૂએ, ચઉદ સુપનધરૂ એ. ૬

### ફાગ.

સપન લહઇ હીડોલા ટઈ, ખાટઈં પઉઢીય દેવિ,
ગોરી પીન પયોહરી ઉહરીમાહિં સવેવિ. ૭
પહિલઉં પેખઇં એ ગયમર અમર ગઇંદ ઉદાર,
વૃષભ કપૂર રસામલ સામલ સિંગ સિંગાર.
ચંદ્ર ધવલ પંચાનન કાનન નાયક એક
દિસિ ગજ વિહિ અસુધાર રસિ સાર સિરિ અભિષેક. ૮
દીહર દોદર નવસર નવસર મધુકર વૃંદ,
સુંદર અમીય રસાગર સાગરનંદન ચંદ. ૧૦
દિણયર તેજિં દીપતઉ જીપત તિમિર અભંગ,
સોવન દંડિ ધરી ધજ કીધઉ મલિ જસુ ગંગ. ૧૧

મંગલ કલસં અમી ભરિઉ કંઠિ પરીઠીઅ માલ,
પદમ સરોવર નિમાલં જસુ જલિ રમઇં મરાલ. ૧૨
મોતીઅ મણિ રયણાયર સાયર ખીર નિહાણુ,
ઝગમગતું મણિ રયણનું નયણનું ઠામ વિહાણુ. ૧૩
ભાસુર ગયણિ ગરૂઅડઉ રૂડઅઉ રયણનઉ રેડ,
પાવક ધૂનવિ ધરતે તુ કરતઉ મની મેહુ. ૧૪

**काव्यं.**

**एवं वर्णित वारणादि विविध स्वप्नावली सूचित**
**स्वर्लोकावत रास्यदीकृत शिवादेवी पवित्रोदरः ।**
**देवः श्रावणपंचमी निशि निशारत्नांशु नश्यत्तमः**
**स्तोमार्यजनु रास साद जगतामानंदसंपादकं** ૧૫

**રાસક.**

શ્રાવણ શુદિ પંચદિનજ નમીઉ નમીઉ સુરાસુર ટોલઇંરે,
વાજઇં વાજિત્ર હુઇં અમર માનવ રંગ નવરંગ નારી ગાઇ ધઉલેરે. ૧૬
સુરતરૂ કુસુમ સમૂહઇં વરિષઇં અમર અનેકઇંરે,
ખીરસાગરિ જલિ કનકકલસ ભરિ જિન અભિષેકઇંરે. ૧૭

**આંદોલ.**

જિન અભિષેકઇં રંગિ, સોવનગિર શૃંગિ
સકલ સુરાસુરૂએ, ભાવિઇં ભાસુર એ.
સમુદ્રવિજય આવાસ, મૂંકઇં જનની પાસિ,
જાઇં સવે સુરવરૂએ, અંબરિ તરૂવર એ. ૧૮
માણિક હીરઇ જડિઉં, સાર સોવન ઘડિઉં,
પઉઢણિ પાલણુઉંએ, તસુ રલીઆમણઉ એ.
માણિક રામેકડાં, ઊપરિ કનકકડાં,
હાંસરૂ આલીઇએ, તલઇ તલાઇએ. ૧૯

**ફાગ:**

નવલ તલાઇ પઉઢણિ જાદરવીર
અંગિ સુંઆલિમ આગલું આંગલું નવરંગ હીર. ૨૦
ડાવઇં અંગિ ચડાવઇ રંગિ લડાવઇં દેવિ,
વારઇં નેમિ-હવાર દોષ નિવારઇં કેવિ. ૨૧

**काव्यं.**

**प्राप्ते द्वादशमे दिने यदुपतीना कार्यचर्योत्सवैः**
**सत्कृत्यासनदान पान विधिना तेषां समक्ष नृपः ।**
**राज्या सार्ध्वमरिष्टनेमि रितन्नामाभिरामं ददे**
**नेमिर्लालितपालितः सुक्रियतः कालाद्ययौ यौवनं** ૨૨

આયવર્ણન—રાસક:

નેમિ કુંઅર અંગિ અવતરિઉં યૌવન સોવન વિણુ સિણુગારરે,
તવ મનિ મોહઇ સુરનર રમણી રમણી રમણીયરૂપ ભંડાર. ૨૩
અહ્યારઇં કરતાં નવઉં એ સામલવન મછવનનુ હું અનંગરે,
નીલ કમલદલ તોલિસૂં આલિમ કાલિમ ગુણુધર અંગરે— ૨૪

આદોલ.

કાલિમ ગુણુધર અંગ, પગતલિ અલતા રંગ
કેલીથંભ ફૂઅલીએ, સાથલ જૂં અલીએ
કટિ જિસિઉં કેસરિ લંક, નાભી ગંભીનિકલંક
ઉરવરિ ઉન્નતૂએ શ્રી વચ્છ લંછિતૂ એ— ૨૫
કુસુમ કલી જિમ અતિ, આંગુલડી દીસંતિ,
કણુયર કાંબડીએ, ત્વાંબી બેહુ બાંહડીએ,
સંખ સરીષઉ કંઠ, પ્રગટિઉ ગુહિરઉ કંઠ
ખંધ ધુરંધરૂ એ, અધર બે રંગધરૂ એ— ૨૬

ફાગ.

અધર કુંઅરકેરા તુડિં રાતુડિં ચડઇં પ્રવાલ
કંપઇ ડાલિંબ જીભદ્રં, જીભઇં વિજિત પ્રવાલ. ૨૭
સકલ કરી નિજ દાસિકા નાસિકાઇં શુકચંચ,
વદનચરણુ કર જુઅલાં ફૂઅલાં પદમ એ પંચ ૨૮
નેમિ તણુઉં સુહુ બિમણિમ ચંદ્ર અચ્છઇ નિસિદીસ,
દંતન ડી એહ ઊજલી ઝલહલઇં કલા બત્રીસ. ૨૯
લોચન વિકસિત કમલકિ અમલ કિરણુ અણીઆલ,,
હે હર તુઝ સસિમંડલ ખંડ લહીઉં એહ ભાલ ૩૦
શાર્દૂલ.) બ્યંકા દંતા દાડિમની કુલી અધર બે જાચી પ્રવાલી જિસી
કીજઇ ખંડન પંખિ અખિ સરિષા ધારા જિસી નાસિકા
સારી સીંગિણિ સામલી ભમહિ બે વાંકી વલી વીણુડી,
કાલી કિંબહુના કુમાર કિર એ પીજાઇ લગલગ લહી ૩૧

યૌવન વર્ણન રાસક.

અવતરિઆ ઇણિ અવરિ મથુરાં, પુરિ સરયણુ નવનેહ રે
સુખ લાલિત લીલાં પરિતિ અતિબલ બલદેવ વાસુદેવેહ રે— ૩૩
વસુદેવ રોહિણી દેવકીનંદન, ચંદન અંજન વાન રે,
વૃંદાવનિ વનિ યમુના જલિ નિઃરમલિ રમલિ કઇં ગાઇં ગાનરે— ૩૪

આંદોલ.

રમતિ કરંતા રંગિ, ચડઇ ગોવર્દ્ધન શૃંગિ
ગૂજરિ ગોવાલણીએ, ગાઇં ગોપીસિઉં મિલીએ.
કાલી નાગ જલ અંતરાલિ, કોમલ કમલિંની નાલિ
નાખિઉ નારાયણિએ, રમલિ પરાયણીએ. ૩૫

કંસ માલા ખાડઇ વીર, પહુતા સાહસધીર,
બહૂ વાઇ બાકરીએ, બલવંતા બાહિં કરીએ,
બલભદ્ર બલિઆ સાર, મારિઉ મૌષ્ટિક માલ,
કૃષ્ણિં બલ પૂરિઉએ, ચાણૂર ચારિંઉ એ. ૩૬

ફાગ.

મૌષ્ટિક ચાણૂર ચ્ચરિય, દેખીય ઊઠિઉ કંસ,
નવ બલવંત નારાયણિં, તાસ કીધઉ વિધ્વંસ. ૩૭

काव्यं.

कंसध्वंस समेत्य दुर्द्धरजरासंघात्रिखंडाधिपे
सद्यः क्रोधमुपागते यदुमहीपालाः समुद्रादय ।
आदाय स्वतुरंगवारणि परीवारादि वारांपते
राशांयां क्षितिमंडनं सजलधि सौराष्ट्रदेशं गतां ॥ ३८ ॥

—इति रंगसागर नाम्नि श्री नेमिफागे जन्मोत्सव वर्णनं प्रथम खंडं.

# "WHO IS MY NEIGHBOUR?"*

[ Introduction-"Thou shalt love thy neighbour as thyself." "And who is my neighbour?"—"To show mercy to one in trouble is to act a neighbour's part."—Thus only can we inherit eternal life )

1 Thy neighbour? It is whom thou
Hast power to aid and bless,
Whose aching heart or burning brow
Thy soothing hard may press

2 Thy neighbour? 'Tis the fainting poor,
Whose eye with want is dim,
Whom hunger sends from door to door,—
Go thou and succour him.

3 Thy neighbour? 'Tis that weary man,
Whose years are at their brim,
Bent low with sickness, cares and pain,—

*New Royal Reader No, V.

Go thou and comfort him.
4 Thy neighbour ? 'Tis the heart bereft
Of every earthly gem;
Widtow and orphan, helpless left,—
Go thou and shelter them.
5 Whene'er thou meet'st a human form
Less favoured than thine own,
Remember 'tis thy neighbour man,
Thy brother or thy son.
6 Oh, pass not, pass not heedless by;
Perhaps thou canst redeem
The breaking heart from misery,—
Go, share thy lot with him.

# " મોટા પુરૂષ તે કોણ ? "

( સ્વ૦ શ્રી ગોવિન્દજી મુલજી મહેપાણી. બી. એ, એલ એલ બી. )

**કુંવરજી**—અહો ! ધનજી શેઠ ! કેમ, છોતો ખુશીમાં ? વાહ ! આજ ખુબ ઠાઠમાઠ કરી નીકળ્યા છો ?

**ધનજી**—અમારે કાંઇ તમારી માફક ચીંથરે હાલ ફરવું પાલવે ? એતો કોઇ કમ અક્કલ કે લોભી માણસ હોય કે જે પોતાના મોભા પ્રમાણે નહિ વાવરે. મોટાને મોટાની રીત પ્રમાણે ચાલવું જ જોઇએ. જુઓ, અંગ્રેજો પણ કેવું સારૂં "એટીકેટ" જાળવે છે ! દરેકે પોતાના કુળની મોટાઇ, બાપદાદાની આબરૂ તથા લોક લાજ પ્રમાણે વર્તવું જોઇએ.

**કુંવરજી**—મોટાએ મોટાની રીત પ્રમાણે વર્તવું જોઇએ એતો ઠીક: પણ ખરી મહત્તા શામાં છે ? "મોટા પુરૂષ" તે કોણ ? તે પ્રથમ મને કહેશો ?

**ધનજી**—લ્યો, વધારે અંગ્રેજી શીખ્યા,-બી. એ. થયા, કે પોતનું ડહાપણ ચલાવ્યા વિના નહિં રહે. અમારી માફક કામ પુરતું શીખ્યા હોત તો આવા દોઢ ચતુર તો નહિં થાત ! મોટા તે કોણ ? વળી મને પુછે છે ! એમાં તે શું પુછવાનું હતું ? એતો સર્વ કોઇ જાણે છે કે—

" લક્ષ્મી, વિદ્યા ને વળી, જ્ઞાતિની પટેલાઇ,
અધિકાર ને ઉંચ કુળ, તેજ ખરી મોટાઇ. "

**કુંવરજી**—એ તમારા પોતાના ઘરનો ન્યાય હોય તો ભલે ! શું ? જેટલા શેઠીયા તેટલા જ મોટા, અને બાકી બધા ખોટા ! પૈસાવાળાજ બધા ખુબસુરત, અને પૈસા વિનાના સૌએ મૂર્ખ ! વાહજી ! વાહ !

**ધનજી**—કેમ નહિં? તમારા જેવા મોટા મોટા બી. એ. પણ નોકરી અર્થે દરરોજ શેઠીયાઓને સાતવાર સલામ કરવા આવે છે. નાણાંથી શું નથી થતું?-" જર ચાહે સો કર "-લક્ષ્મીથીજ ગાડી ઘોડા, ને વાડી બંગલાની મોજ મારી શકાય છે. લક્ષ્મીથીજ ખાનપાન, ગાનતાન, અને એશઆરામમાં, ઉદયાસ્તની ખબર વિના નિશ્ચિંતપણે, દિવસો નિર્ગમન કરી શકાય છે. લક્ષ્મીથીજ પ્રસંગ આવે બાલબચ્ચાંનાં વિવાહ કરી, ભભકાદાર વરઘોડા કાઢી અને ન્યાતો જમાડી, સંસારના સર્વ લ્હાવા લઇ શકાય છે. લક્ષ્મીથીજ જીંદગીનું ખરેખરી રીતે સાર્થક કરી શકાય છે. દ્રવ્ય વિના તે કદી મોટાઇ હોઇ શકે?

**કુંવરજી.**—તમારો ન્યાય તમારા મોઢેજ થઇ જાય છે. તમારા શબ્દો પોતેજ કહી આપે છે કે લક્ષ્મીથી અભિમાન, બેભાનતા તથા મૂઢતા આવે છે. તો પછી તેથી શું મહત્તા છે? હમણાં તો કદાચ તમને મારૂં આ કહેવાથી માઠું લાગતું હશે પણ એકાંતે આત્મસાક્ષિએ વિચાર કરવાથી તે અક્ષરશઃ સત્ય જણાશે. મોજમજા, એશઆરામ વગેરે સ્વાર્થ-સાધનાથી શું કોઇનું કલ્યાણ થવાનું હતું? તમે ખરા મોટા ક્યારે કે જ્યારે તદ્દન ગર્વરહિતપણે દયા, પરોપકાર, કે દેશ હિતાર્થે તમારૂં દ્રવ્ય ખર્ચી તેનું સાર્થક કરો. એ પ્રમાણે લક્ષ્મીનો જે સદુપયોગ કરે છે તેજ ખરો શ્રીમંત કહેવાય છે. સાંભળ-

**( સવૈયા એકત્રિશા. )***

પરમારથમાં વાવરનારો, પૈસો પોતાનો ગુણવાન,
સત્કામો કરવામાં નિત્યે, દીસે જેની બહુ બહુ હામ;
દેશ-હિતારથ કામ કરીને, રે'નારો ખુશી જેહ અપાર,
પૈસો સારાં કામે ખર્ચે, ધનાઢ્ય સારો એને ધાર. (૧)
પૈસો ભેળો ઝાઝો થાતાં, કોઇ કરે છે ખોટા ઠાઠ,
દા'ડા વિવા નામે ખર્ચે, પૈસો રળિયો એને માટ!
પુણ્ય નથી એથી થાવાનું, શો સમજે છે એમાં સાર?
પૈસો સારાં કામે ખર્ચે, ધનાઢ્ય સારો એને ધાર. (૨)
ઔષધશાળા સ્થાપી પોતે, રાખે છે જે નિત્યે નામ,
આશિષ દર્દી લોક દીયે છે, એ જાણું પરમારથ કામ;
પરમેશ્વર રીઝે છે એથી, સજ્જન કે' છે ધન્ય અપાર,
પૈસો સારાં કામે ખર્ચે, ધનાઢ્ય સારો એને ધાર. (૩)
ધર્માલય કરવાને ખર્ચે, બંધાવે વિશાળ નિશાળ,
બાળ અને બાળાઓ ભણશે, શીખી લેશે સારા ચાલ;
ફળ એનું મોટું છે ભાઇ, શાણા પણ એમજ ગણનાર,
પૈસા સારાં કામે ખર્ચે, ધનાઢ્ય સારો એને ધાર. (૪)
દેશ હિત્તમાં ચિત્ત પરોવી, આપે સારૂં ઉત્તેજન,
ગર્વ વિનાનું મન છે જેનું, ધન્ય ધન્ય તેને ધન્ય ધન્ય;
હુન્નરને માટે પણ કરશે,-ઉપાય એ ધનનો સરદાર,
પૈસો સારાં કામે ખર્ચે, ધનાઢ્ય સારો એને ધાર. (૫)

* શ્રી રાયચંદ્રજી કૃત. બુદ્ધિપ્રકાશ પુ. ૩૧ મું. પા. ૨૬૫.

પુસ્તકશાળા સ્થાપી પોતે, કરશે કીર્તિ કેરો કોટ.
જ્ઞાન મળે જેથી બહુ સારૂં, કરશે સુધારા ચડીચોટ;
નીતિ વિદ્યા ફેલાવામાં, નાખે નાણું ધરિને પ્યાર,
પૈસો સારાં કામે ખર્ચે, ધનાઢ્ય સારો એને ધાર. (૬)
પુણ્ય સાથ આવ્યાનું સમજી, દામની નહિં રાખે દરકાર,
નાણું ચંચળ મનમાં સમજે, ધન્ય દિસે તેનો અવતાર;
ખોટા ડોળો ઘાલીને જ્યમ, ફરે ધનાઢ્યો શઠ અપાર,
પૈસો સારાં કામે ખર્ચે, ધનાઢ્ય સારો એને ધાર. (૭)
રે'વાનું નહિં કદી હમેશાં, દ્રવ્ય સુખ ને બીજા ડોળ,
પરમારથથી સારૂં થાશે, જોય વિચારી કરિને ખોળ;
" **રાયચંદ** " ની વિનતિ એવી, એનાં રે'શે અમ્મર કાર્ય,
પૈસો સારાં કામે ખર્ચે, ધનાઢ્ય સારો એને ધાર. (૮)

**દોહરો.**

દ્રવ્ય ગણો એતું ખરૂં, એજ ખરો ધનવાન;
દેશ—હિતને આદરે, નહિ કો એહ સમાન. (૯)

**ધનજી**—વારૂ, વિદ્યા અધિકાર વગેરેમાં તો મોટાઇ ખરી કે નહિ ? જુઓ, **વિદ્યાથી** આપણે મોટાં મોટાં ભાષણો આપી સભા ગજાવીએ, માણસો આપણને વાહ વાહ કરે, અને જગમાં આપણી નામના થાય. **અધિકારથી** લોક આપણો ભય રાખે, ને સર્વત્ર આપણે ખમા ખમાથી વધાવાઇએ; તેમજ એવી **સત્તા** વડે આપણે સગાં સંબંધીપર રહેમ કરી તેમનું દળદર ચૂર્ણ કરી શકીએ. વળી **ઊંચ કુળમાં** જનમ્યા હોઇએ, તો જ્ઞાતિની પટેલાઇ કરી શકીએ, પંચમાં પૂછાઇએ, જ્ઞાતિ—જનો પર સારો દાબ રાખી શકીએ બાપ દાદાની નીતિથી વિરૂદ્ધ ચાલતાં તેમને અટકાવી શકીએ, તથા ચાલુ રીત રીવાજો જાળવી રાખીએ. એથી આપણે કેટલો મહત્ ઉપકાર કરીએ છીએ ?

**કુંવરજી**—ભાઇ, દેશ હિતચિંતક કે સુધારકના ગુણ પ્રથમ સંપાદન કર્યા વિના, ખોટા ડોળ ઘાલી, માત્ર માનાર્થે મોટા મોટા ભાષણો કરવાથી, કે છાપામાં પોતાનું નામ વાંચી પોતાને કૃતકૃત્ય માનવાથી, લોકનું ખરેખરૂં કલ્યાણ શું થવાનું હતું ? પોથી માંહેલા રીંગણાવત્ કહેણીરહેણી એકસરખી હોવા વિના,-પોતાના ઘરથી દાખલો બેસાડયા વિના,-એ સર્વ નિષ્ફળ છે.-નિરર્થક છે. આવાં ઘણાં ઘણાં ભાષણો સાંભળી માણસોને અજીર્ણ થઇ આવ્યું છે, અને વિશેષ હજી જો કરવામાં આવશે તો તદ્દન અરૂચી થશે.

**ધનજી**—તમારૂં કહેવું કાંઇક વ્યાજબી લાગે છે. મારી વાતો એક પછી એક તમે ઠીક તોડતા આવો છો તો હવે અધિકારમાં શું લઘુતા છે તે બતાવો ?

**કુંવરજી**—પરતંત્રતા, જુલમ, અનીતિ, લાંચ તેમજ અન્યાય એ સર્વ એથી કરવાં પડે છે, કે થાય છે.

**ધનજી**—વારૂ, ઊંચ કુળમાં નહિ જન્મેલા ગરિબ અવસ્થાનાં જ્ઞાતિજનોને જ્ઞાતની પટેલાઇ કરવા બેસાડવા એ શું યોગ્ય છે ? મોભા વિનાના માણસોને કોણ માન આપવાનું

હતું ? દોઢ દોકડાના માણસો સુધારો કરો સુધારો કરો એવા જે પોકાર કરી રહ્યા છે, તે શું આપણા બાપદાદા મૂર્ખ હતા, કે બધું ખોટું ચોકઠું બેસાડી ગયા હતા, કે જે જ્યારે આપણે સરખું કરીશું ત્યારેજ સુખ પામીશું અને નહિતો નર્કમાં જઇ સડયાં કરીશું ?

**કુંવરજી**—ભાઇ, કેવળ અંધ પરંપરાને પકડી બેસવાથી કાંઇ કલ્યાણ થાય તેમ નથી. બાપે ખોદેલા કુવામાં દીકરાથી ડૂબી મરાય નહિ. દેશ કાળ અનુસાર આપણા રીત રીવાજો નહિં ફેરવવાથીજ આપણે જમાનાની પાછળ રહી ગયા છીએ, અને તેથીજ હમણા બહુ બહુ પ્રકારે નુકશાન ખમીએ છીએ.

**ધનજી**—ના, ભાઇ, ના. એ વાતતો મારા મનમાં કોઇ રીતે ઉતરે તેમ નથી. આજે તમે અમુક રીત રીવાજો ફેરવવા માગો છો તે તો ઠીક, પણ કાલે તમે તમારા બાપદાદાનો ધર્મ ઉથાપવા માગો તેનું શું ?

**કુંવરજી**—બંધુ, ધર્મ તે આત્માના પરમાર્થનો માર્ગ છે; અને પરમાર્થ તે ત્રણ કાલ માટે એકજ હોય છે. પણ આપણો લોક-વ્યવહાર તો પાપજન્ય છે; પરમાર્થ દ્રષ્ટિ વિના તે કરવામાં આવે છે; અને તેથીજ આપણને તેમાં સુધારો વધારો કરવાની જરૂર રહે છે. જો આપણો વ્યવહાર તમામ પરમાર્થ દ્રષ્ટિપર બંધાયલો હોય, એટલે આપણે ધર્મ-વ્યવહાર—લોકોત્તર-વ્યવહાર-પાળતા હોઇએ, તો ઉત્તમ ધર્મની માફક તેમાં પણ કાંઇ ફેરફાર કરવાની જરૂર ન રહે. ખરેખરા જ્ઞાનીઓને તો એવો શુદ્ધ વ્યવહારજ માન્ય છે. કહ્યું છે કે—

"એક હોય ત્રણ કાલમાં, પરમાર્થનો પંથ;
પ્રેરે તે પરમાર્થને તે વ્યવહાર સંમત."

પણ હમણા આપણે એવો લોકોત્તર-વ્યવહાર પાલતા નથી, પણ મિથ્યાચાર કે લોક-વ્યવહારમાં ડુબેલા છીએ; અને તેટલા માટેજ આપણા રીત રીવાજોની વખતો વખત ચિકીત્સા કરવી આવશ્યક છે. આપણી ચાલુ રૂઢીઓ શાસ્ત્રસંમત છે કે નહિ, પરમાર્થને રસ્તે ચઢવામાં સહાયકારી કે વિઘ્નકારી છે, વગેરે બાબતોનું બારીકીથી નિરીક્ષણ કરી, યોગ્ય સુધારો વધારો કરવાની જરૂર છે. દેશકાળ અનુસાર વર્ત્તવું એ ભગવાન્‌નું વચન છે. પણ ઘણાક ધારે છે તેમ તેનો અવળો અર્થ લેવાનો નથી; જેમ કે, આ દેશ કાળમાં બધા અન્યાયે દ્રવ્યોપાર્જન કરે છે, માટે આપણે પણ તેમ કરવું;—એમ માનવું સદંતર ખોટું છે. દેશ કાળ અનુસાર વર્ત્તવું એ વચનનો ખરો પરમાર્થ તો "આ દેશ કાળમાં આત્માના શ્રેયને અર્થે કયો રસ્તો અનુકુળ તથા ટુંકો છે, તેનો વિવેકપૂર્વક વિચાર કરી, ઝટ તે રસ્તે ચઢી જવું"—એ છે. જેઓ દેશકાળ અનુસાર યોગ્ય સુધારો વધારો કરતા નથી, તેઓ સમાજના સુખમાં વિઘ્ન કરનારા છે; ને તેમને, ખરૂં પૂછો તો, આ દુનિયામાં રહેવાનો હક્ક પણ નથી. તેમણે પોતાને અનુકુળ બીજી દુનિયા શોધી લેવી જોઇએ, અથવા અત્રે રહીને દેશકાળ અનુસાર વર્તવું જોઇએ. ખરી પટેલાઇ—ખરી મોટાઇ—એમ કરવામાંજ રહેલી છે.

**ધનજી**—મિત્ર, આટલી વાતચિત પરથી હવે હું સમજી શક્યોછું કે લક્ષ્મી, વિદ્યા, અધિકાર, પટેલાઇ, વગેરે સર્વ બાબતોનું સાર્થક પરમાર્થે દ્રવ્યના વ્યય કરવાથી છે.

**કુંવરજી**—હા. પણ મોતની પળ અનિશ્ચિત છે; માટે પરોપકાર કરી પોતાના હાથે જીવનનું સાર્થક કરી લેવું અવશ્યનું છે.

**ધનજી**—એ તો સત્ય, પણ વારૂ, એટલું તો તમે કબુલ કરશો કે લક્ષ્મી આદિ ગુણો વિના કોઇનું કાંઇપણ સંગીન ભલું થઇ શકે તેમ નથી; માટે ગમેતેમ કરીને પણ આપણે લક્ષ્મી અધિકાર વગેરે પ્રાપ્ત કરવાની જરૂર છે, કે જેથી લોકનું કલ્યાણ થઇ શકે તથા જગમાં આપણું નામ રહે.

**કુંવરજી**—ભાઇ, લક્ષ્મી વગેરેથી આપણે પરોપકાર કરી શકીએ તે તો ખરૂં; પણ તેટલા માટે ગમે તેમ કરીને તે ઉપાર્જન કરવા મથવું એ મોટી ભૂલ છે. ધન એજ સુખનું સાધન છે એ ભૂલમાં કેટલા બધા પ્રવીણ પુરૂષોને પણ આજે આપણે ગોથાં ખાતાં દેખીએ છીએ? સુખની આશાએ પોતાના ખરા સુખનો કેટલો બધો ભોગ આપતાં માણસોને આપણે રાત દહાડો જોઇએ છીએ? લગભગ આખું જગત એ માયા જાળમાં ફસાઇ ગયેલું જણાય છે. "હમણા ન્યાય અન્યાયનો વિચાર કર્યા વિના જેમ ફાવે તેમ દ્રવ્યોપાર્જન કરતા જવું અને પછીથી અનુકુળતાએ કાંઇક દ્રવ્ય સારે રસ્તે ખર્ચી તે પાપમાંથી મુક્ત થવું"—એ ધોરણે ઘણા લોકો વર્તેછે; પણ એ શું ઓછું અનર્થકારક છે? એકવાર જે પાપ કર્મનો બંધ પડયો, તે પાછળથી, આમ એક પ્રકારની લાંચ આપવાથી, શું ટળી જવાનો હતો? કાંદો વાવી કસ્તુરીની આશા રાખવાથી, કાંદો શું કસ્તુરી થઇ જવાનો હતો? કદી નહિં. કરવું તેવું ભરવું એતો નિશ્ચય છે. તો આમ નિર્ભયપણે, આત્માનું ખરેખરૂં કલ્યાણ શામાં છે તેનો વિચાર કર્યા વિના, છતી આંખે આંધળા બની, પોતાના હાથે પોતાના પગમાં કુહાડો મારી, ક્ષણિક સુખની લાલસાએ, અનંત સંસારની અભિવૃદ્ધિ કરવી,—એ વ્યાપાર કોઇપણ સમજુ વાણિયો તો કદી કરે નહિં.

વળી, લક્ષ્મી આદિ ગુણોને શાસ્ત્રમાં "મદ" કહ્યા છે. કાંઇક અંશે પણ તેઓ આપણામાં અભિમાન ઉત્પન્ન કરે છે. અને પ્રાયઃ નીચ ગતિના કારણ છે, માટે વાસ્તવિક રીતે જોતાં, લક્ષ્મી ઇત્યાદિ સર્વ કર્મ–મહત્તા છે. આત્માની મહત્તા એ કશામાં નથી. આત્માની મહત્તાતો સમ્યગ્ જ્ઞાન અને સત્ શીલમાં છે. ખરી મહત્તાનો પાયો હમેશાં સદ્‌ગુણપરજ રચાયલો હોય છે. એવા સદ્‌ગુણસંપન્ન મહાત્માઓજ ખરેખરા દેશ ઉધ્ધારક છે. એવા સત્પુરૂષોના ઉત્તમ બોધથી જે કલ્યાણ તથા સુખ થાય છે તે દ્રવ્યના ઢગલા અ[illegible] કદી થઇ શકતું નથી. પોતાના સુખની પરવા નહિં કરતાં, સદાકાળ પરોપકાર તથા સત્ય તરફ લક્ષ રાખનાર એવા સત્ પુરૂષોજ, ભરતખંડની કીર્તિ, નીતિ અને વૈભવના મૂળ હતા. એવા નર રત્નોનો અભાવ એજ આપણી પડતીનું કારણ છે. માટે સારાસારનો વિચાર કરી, આત્માનું હિત થાય તેમ વર્તવું ઉચિત છે.

**ધનજી**—ભાઇશ્રી, આજે આપે એક ખરેખરા મિત્રની ફરજ બજાવી છે. પ્રસંગ મળતાં, મારા સાંકડા તથા ભૂલ ભરેલા વિચારો ટાળી, મને ઉત્તમ બોધ આપી, તમે મારા ઉપર અનહદ ઉપકાર કર્યો છે. મોટા પુરૂષ તે કોણ? તે હવે હું યથાર્થ સમજ્યોછું. ખરેખર, ભલે કરોડો રૂપિઆની પાસે સત્તા હોય, અધિકારનું મોટું સામર્થ્ય હોય, અથવા ઘણા ગ્રંથ કે શાસ્ત્રોનું અધ્યયન કર્યું હોય પણ તેઓ મોટાઇના માનને કદી

પાત્ર થતા નથી. જેઓ તત્વજ્ઞાની અને સદાચરણી છે એવા ધર્મવીરો શુધ્ધ પરોપકાર બુધ્ધિથી જે ઉત્તમ બોધ કરે છે તે, અને ધનવાન પુરૂષો જેઓ માત્ર કીર્તિને સારૂ નહિં, પણ પોતાના બંધુજનોની ખરા પ્રેમથી દયા જાણીને, સમયને યોગ્ય એવા વિદ્યાવૃદ્ધિના, આરોગ્યરક્ષણના, ઉદ્યોગ હુન્નર વધારવાના, અને એવા બીજા સ્વદેશ સુધારાના કામમાં પોતાનાં નાણાં ખર્ચે છે, તેજ મોટા પુરૂષો છે. બાકી દાંભિક, એકલપેટા અને સંસારસુખમાંજ આસક્ત, એવા પુરૂષો-શેઠીયાઓ, જેઓ ગાડી, વાડી અને લાડીના છંદમાં પડેલા છે, તેમને મોટા કહેવા યોગ્ય નથી. તેમનાથી પોતાના ગરીબ ભાઇઓનું શું ભલું થવાનું હતું ? કાંઇજ નહિં.

**ગાયન.**[1]

કરે અભિમાન જે હેવાન ધરી ગુમાન
સહી અપમાન તે નાદાન ખમે નુકશાન.–
મળ્યું બહુ ધન રૂપાળું બદન કે વિદ્યા પ્રસન્ન
કર્યો પરમાર્થ તો તો જાણ મળ્યું એ પ્રમાણ.–
મધુ સંચય કરી મરી રહ્યો, મદમાં ભ્રમર અજાણ;
ના દીધું ના ભોગવ્યું, નાહક ખોયો પ્રાણ.–
દીધું હાથે રહે સાથે સાચું સમજ
મળ્યો જમરાય તો તો હાય પત્યું અભિમાન,–
ગાજ્યું વાદળ જળ ભર્યું, વરસ્યું ન ચાતક સુખ,
પવન ઝપાટે ઉડીયું, ભાંગી ન કોઇની ભૂખ.–

# બાળકને નહિં મારવા વિષે.[2]

**ગરબી.**

(સારૂં સારૂં રે સૂરત શહેર, મુંબઇ અલબેલી—એ રાગ.)

ઓ અણસમજુ માબાપ, શિશુને[3] શિદ મારો ? } ટેક.
માર્યે ભુલકાં[4] અશરાફ, નહિં સુધરે યારો.— }
શાંત સરલ હેતાળ સ્વભાવે, જેવું મન જીતાયરે,
તેવું નિર્દય કડક સ્વભાવે, બાળ કદી ન વશ થાય.— શિશુ૦ ૧
હસતું વદન મીઠાશ વચનમાં, રે'મ રૌફ એ જોડેરે,
ચુકમાં ગંભીર ચ્હેરે ચાનક—દેતાં હુકમ ન તોડે.— શિશુ૦ ૨
નરમ વચનનો ઠપકો ન્યારો, ગરમ વચનથી ચડતોરે.
શરમ વડે શરમાવ્યા જેવો, અન્ય ઉપાય ન જડતો.— શિશુ૦ ૩
ગંભીરતાનો ગૂણ કદી પણ, આવી શકે ન બરાડેરે,

૧ અશ્રુમતિ ( શ્રી દેશી નાટક સમાજ. ) ૨ બુદ્ધિ પ્રકાશ-પુ. ૩૨ મું, અંક ૫ મો. ૩, ૪. નાનાં બાળક.

ભાર બોજ રે'શે ન જરા જે,-પ્રતિદિન રાડો પાડે. શિશુ૦ ૪
બીકે બાળક બગડી જાશે, ભયથી ભુંડાં થાશેરે,
પછિ શરમાવ્યાં નહિ શરમાશે, ચિતમાં કદી ન ચ્હાશે.— શિશુ૦ ૫
માતપિતાને નિરખી નાસે, ત્રાસ પડેછે પેટેરે,
વાઘ વ્યાલથી૧ દૂર રહે ત્યમ, ભાવે આવિ ન ભેટે.— શિશુ૦ ૬
મારફાડ ને ગાળ ધાકથી, શરીર સ્વભાવ બગડશેરે,
કાયર કજિયાખોર અનમ્રજ, બિકણ બાયલાં બનશે.— શિશુ૦ ૭
અટકચાળું આડાઇ કુટેવો, જોઇ મિજાજ ન ખોઇએરે,
નિજ પિતાને પણ કેળવિને, કબજ રાખવો જોઇએ.— શિશુ૦ ૮

**સા. વ. પે.**

[ આ ઉપરના નામે Who is my neighbour એ અંગ્રેજી કવિતા, મોટા પુરૂષ તે કોણ ? એ સંવાદ અને આ ગૂજરાતી કવિતા એ ત્રણે આપણી શાળાઓના વિદ્યાર્થીઓ માટે 'રેસીટેશન' એટલે મુખપાઠને માટે ખાસ યોગ્ય હોઇ અત્ર દાખલ કરેલ છે.

**તંત્રી.**

# ચર્ચાપત્ર.

## સાધુશાળાના બંધારણ માટે અભિપ્રાય.

[ લેખકઃ-**સદ્ગુણાનુરાગી કર્પૂરવિજય.** ]

**શ્રી શ્વેતાંબર કૉન્ફરન્સ હેરલ્ડના ઓનરરી જોગ—ધર્મલાભપૂર્વક નિવેદન.**

૧ કેવળ નિઃસ્વાર્થવૃત્તિથી શાસન સેવા કરવા ઇચ્છનારા સાધુ જનની સીધી દેખરેખ નીચે કેળવણી લેવા ઇચ્છતા સાધુઓ કે સાધુ-શિષ્યોને ચાલુ જમાનાને બંધબેસતી સર્વાંગી કેળવણી આપવાનો સાધુશાળાનો મુખ્ય ઉદ્દેશ હોવો જોઇએ.

૨ સાધુઓને કે સાધુ શિષ્યોને કેળવવા ભાડુતી શિક્ષકો રાખવા કરતાં જે નિઃસ્વાર્થપણે શુદ્ધ પ્રેમથી તેમને જોઇતી કેળવણી આપી શકે એવા પંડિત સાધુઓની કે ગૃહસ્થોની ઐચ્છિક નિમનોક તેમની યોગ્ય સગવડ સચવાય તેમ થવી જોઇએ. ગુરૂઓએ સ્વશિષ્ય વર્ગની કેળવણી માટે બરાબર કાળજી રાખવી જોઇએ.

૩ કેળવણી લેવા ઇચ્છનારની મેધા-બુદ્ધિના પ્રમાણમાં તેને જે અમુક જરૂરી વિષયમાં અધિક રૂચિ-પ્રીતિ હોય તેમાં આગળ વધવા પ્રોત્સાહન આપવું. અને તે માટે યોગ્ય સાધન મેળવી આપી તેને આગળ વધારવા જોઈએ.

૪ એ રીતે તૈયાર થતા તેમજ પ્રથમ તૈયાર થયેલા સાધુજનોને આગમશાસ્ત્રોનો યથાર્થ (અસ્ખલિત) બોધ થાય તેવો ઉત્તમ પ્રબંધ રચવો જોઇએ. તે માટે પ્રથમ શાસનરસિક વિદ્વાન સાધુજનોનો અભિપ્રાય લેવો જોઇએ.

૫ આગમ શાસ્ત્ર સંબંધી જેમનો બોધ ઉમદા હોય તેઓ આવાં ઉત્તમ કામમાં કોઇ પણ પ્રકારે મદદગાર થાય તેની તેમને અરજ કરવી અને જો તે માન્ય કરે તો

તેમનો લાભ લેવા ઇચ્છનાર માટે યોગ્ય અભ્યાસક્રમ ગોઠવવો અને તે મુજબ અભ્યાસ કરવા-કરાવવા અને તેમાં પસાર થયા બાદ આગળ વધવા ખાસ નિયમ બંધાવો જોઇએ. પદવીઓ પણ પાત્રતાના પ્રમાણમાંજ અપાવી જોઇએ.

૬ અત્યારે ચાલતી આગમ વાચન (સમિતિ) ના અંગે જે કંઇ ઉપલક આગમ બોધ થતો જણાય છે તે દ્રઢ અને વાસ્તવિક થાય તેવા હેતુથી આગમ અભ્યાસ કરવો કરાવવો અને તેની પરીક્ષાઓ પણ મુકરર કરી તે પસાર કરવા પ્રેરણા થવી જોઇએ.

૭ સાધુશાળામાં લાભ લેનાર સાધુજનોને અને અન્ય સ્થળના સાધુજનોને અને આખી આલમને ઉપયોગી થાય એવી ઢપથી ઉક્ત આગમશાસ્ત્રોનું રહસ્ય સારી રીતે છણીને પ્રસિદ્ધીમાં મૂકવા સાધુશાળાના નિયામકોએ પ્રયાસ શરૂ કરવો જોઇએ.

૮ પ્રસિદ્ધીમાં મૂકવા યોગ્ય જે આગમ-શાસ્ત્રનું રહસ્ય તૈયાર થયું કે કર્યું હોય તે શાસન પ્રેમી અન્ય વિદ્વાન સાધુઓ પાસે સંશોધન કરાવવા અને તેઓ જે કંઇ સુધારા વધારા સૂચવે તે ઉપર પૂરતું ધ્યાન આપી તેનો અમલ કરવા અને તે કામને બને તેટલું સંગીન બનાવવા ખાસ લક્ષ રહેવું જોઇએ.

૯ એ રીતે તૈયાર થએલ આગમ-રહસ્યને પ્રસિદ્ધ કરવા જે જૈન સંસ્થા કે સંસ્થાઓ નિઃસ્વાર્થ ભાવે ઇચ્છા બતાવે અને તે પ્રસિદ્ધ કરવાનું કામ સારામાં સારૂં ખંતથી કરે તેવા ખાત્રીવાળાનેજ તે કામ સોંપવા સાધુશાળાના અધિકારીઓએ ખાસ લક્ષ રાખવું જોઇએ.

૧૦ અમુક સંસ્થાને સોંપાયેલું કામ સંતોષકારક થતું કે થએલું ન જણાય તો તે કામ તેમની પાસેથી પાછું ખેંચી લઇ તેની યોગ્ય વ્યવસ્થા કરવા અન્યત્ર સોંપવા પણ પ્રબંધ તેના અધિકારીએ કરવા લક્ષ રાખવું જોઇએ.

૧૧ આગમ રહસ્ય પ્રસિદ્ધ કરવા મેટર તૈયાર થયાં પહેલાં તે આખી આલમને ઉપયોગી થઇ શકે તેવી શૈલીમાં તેને ગોઠવવા અને તેમાં કોઇ પ્રકારની ખામી રહેવા ન પામે તેટલા માટે તેને જેમ બને તેમ વધારે પ્રમાણમાં પ્રસિદ્ધ વિદ્વાન સાધુઓ કે જે એક કે બીજી રીતે પવિત્ર શાસન સેવા કરવા પ્રવૃત્ત હોય તેમની પાસે સંશોધન કરાવી તે પ્રસિદ્ધીમાં મૂકવા અપાય ત્યારે પણ તેનાં પ્રુફો બરાબર સંભાળથી તપાસવા કે તપાસાવવા પૂરતી કાળજી રખાવી જોઇએ વળી તે માટે સારા કાગળ અને ઉંચી છપામણીથી કામ લેવા પણ યોગ્ય લક્ષ રહેવું જોઇએ.

૧૨ આવા શુભ પારમાર્થિક કામમાં દ્રવ્ય સહાય કરવાં યોગ્ય જૈન ગૃહસ્થોનું કે જૈન સંસ્થાઓનું ધ્યાન ખેંચવું જોઇએ. અને જેઓ તેવી સહાય તેમની ઇચ્છાનુસારે આપવા અરજ કરે તે નિઃસ્વાર્થપણે સ્વીકારી તેને સંતોષ ઉપજે એવી તેની વ્યવસ્થા યરવા એક વગવાળી કમીટી નીમવી જોઇએ.

૧૩ જે કમીટીના સઘળા સભ્યોએ સંપીને નિઃસ્વાર્થપણે સાધુશાળાની તેમજ તેના અંગે જે જે જરૂરી કામ હાથ ધરવામાં આવે તેમાં ઘટતી દ્રવ્ય સહાય કરવા-કરાવવા અને તેની યોગ્ય વ્યવસ્થા કરી દેખાડવા પૂરતું લક્ષ રાખવું જોઇએ.

એ રીતે ભાવી સાધુશાળા માટે કંઇક રૂપરેખા મ્હારા અભિપ્રાય મુજબ આ લખી જણાવેલ છે. યોગ્ય નિયમો સાથે આવી સાધુશાળા માટેનો પ્રયાસ સ્તુત્ય લેખાય.

નવસારી તા. ૧૧-૭-૧૭.

# ચોહાણ રાજાની વંશાવલી.

## સપાદલક્ષીય ચાહમાન નૃપ વંશો લિખ્યતે.

સં. ૬૦૮ રાજા વાસુદેવઃ ૧, સામંતરાજઃ ૨, નરદેવઃ ૩, અજરાજઃ, અજયમેરૂ-દુર્ગકારાપકઃ ૪, વિગ્રહરાજ ૫, વિજયરાજ ૬, ચંદ્રરાજ ૭, ગોવિંદરાજ સુરત્રાણુ ચાવે. ગવરિસ નામ્નો જેતા ૮, દુર્લભરાજઃ ૯, વત્સરાજ ૧૦, સિંહરાજઃ સુરત્રાણુસ્ય હેઝરદીન નામ્નો જેહાણાકજેતા ૧૧, દુર્યોજનો નિરદીન સુરત્રાણજેતા ૧૨, વિજયરાજ ૧૩, બપ્પઇરાજ ૧૪, શાકંભર્યાં રેવતાપ્રસાદાદ્ દેવમાદિ ખાનિ સંપત્તઃ ૧૪, દુર્લભરાજઃ ૧૫, ગંડૂ મહમદ સુર ત્રાણુ જેતા ૧૬, બાપલદેવઃ ૧૭, વિજયરાજઃ ૧૮, ચામુંડરાજ સુરત્રાણુંક્તા ૧૯, દુસલદેવઃ ૨૦ તેન ગૂર્જરા ધરિત્રી પતિ બધ્ધાનીતઃ । અજયમેરૂ મધ્યે તક્રવિક્રયં કારાપિતઃ । વીસલદેવઃ ૨૧, સચ સ્ત્રીલંપટઃ મહાસત્યાં બ્રાહ્મણ્યાં વિલગ્નો બલાત્ તચ્છાપા દુષ્ટ વ્રણસંક્રમે મૃતઃ । બૃહત્ પૃથ્વીરાજઃ ૨૨ વગુલી સાહસુરત્રાણુ ભુજમર્દી. આલ્હણદેવઃ ૨૩ સાહાબદીન સુરત્રાણુ જિતઃ, અનલદેવઃ ૨૪, જગદ્દેવઃ ૨૫, વીસલદેવઃ તુરુષ્કજિતઃ ૨૬, અમરગાંગેયઃ ૨૭, પાંથડદેવઃ ૨૮, સોમેશ્વર દેવઃ ૨૯, પૃથ્વીરાજઃ ૩૦ સંવત્ ૧૨૩૬ રાજ્યં વીરતઃ (?) ૧૨૪૮ મૃતઃ, હરિરાજદેવઃ ૩૧, રાજદેવઃ ૩૨, બાલણદેવઃ ૩૩ બાબરીઆ લખિરદંતસ્ય વીરનારાયણઃ ૩૪ સમસદીન યુદ્ધે મૃતઃ, બાહડદેવો માલવજેતા. ૩૫, જૈત્રસિંહદેવઃ ૩૬, શ્રી હમ્મીરદેવઃ ૩૭ સં. ૧૩૪૨ વર્ષે રાજ્યં સં. ૧૩૫૮ યુધ્ધે મૃતઃ હસ્તી ૪ હસ્તિની ૪ અશ્વસહસ્ર ૩૦, દુર્ગ ૧૦ એવં પ્રભુઃ સત્ત્વવાન્—ઇતિશ્રી હમ્મીરદેવવંશે. નૃપાઃ પૂર્વજાઃ—

[ આ પ્રમાણે રત્નશેખર સૂરિના પ્રબંધ કોષમાંના એક અને છેલ્લા પ્રબંધ ' વસ્તુપાલ તેજપાલ પ્રબંધ 'ની પ્રતિ મોરબીના ભંડારમાંથી સંઘવી કાનજીભાઇ પાસેથી પ્રાપ્ત થઇ હતી તેની અંતે લખેલ છે તે અત્ર ઉતારી લેવામાં આવે છે. તંત્રી. ]

---

# શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ તરફથી ધાર્મિક હરીફાઇની પરીક્ષાનો થયેલો ઇનામી મેળાવડો.

## પ્રમુખ રા. રા. મકનજી જુઠાભાઇ મહેતા બૅરીસ્ટર-એટ-લૉનું ભાષણ.

જૈન એજ્યુકેશન બોર્ડ તરફથી લેવાયલી ગઇ ધાર્મિક હરીફાઇની પરીક્ષામાં મુંબઇમાં ફતેહમંદ નીવડેલા ઉમેદવારોને રોકડ ઇનામ, પ્રમાણ પત્ર તથા મૌક્તિકનાં પુસ્તકો ઇનામ આપવા માટેનો જાહેર મેલાવડો શ્રી મુંબઇ માંગરોલ જૈન સભાના હોલમાં ગયા શનીવારે રાત્રે ળા ( મું૦ ટા૦ ) વાગે બોર્ડના પ્રમુખ મી૦ મકનજી જુઠાભાઇ મહેતા બારીસ્ટરનાં પ્રમુખપણા નીચે કરવામાં આવ્યો હતો.

શરૂઆતમાં બોર્ડના સેક્રેટરી રા. રા. મોહનલાલ દલીચંદ દેસાઇએ આમંત્રણ પત્રિકા વાંચી સંભળાવી હતી; ત્યાર બાદ પ્રમુખ મી૦ મકનજી જુઠાભાઇ મહેતાએ ભાષણ કરતાં જણાવ્યું કે બોર્ડના પ્રમુખ તરીકે મારે માથે ઓછી તસ્દી અને સેક્રેટરીઓ આપે છે અને તે જે કાંઇ કાર્ય કરે છે તે બહુ સારી રીતે કરે છે, બોર્ડની સ્થાપના પુના કૉન્ફ-

રન્સમાં થઇ છે, બોર્ડે ઘણાં કામો ઉપાડેલાં છે અને તે સારી રીતે થાય છે. ધાર્મિક પરીક્ષા લેવામાં આવે છે તેમાં ફતેહમંદ થયેલા વિદ્યાર્થીઓને ઇનામ આપવા માટે મેળાવડો થયેલ છે. આવી પરીક્ષાની શરૂઆત કરનાર પ્રથમ મરહુમ શેઠ અમરચંદ તલકચંદ છે. તેઓ વાર્ષિક રૂ. ૫૦૦ પાંચ વરસ સુધી આપવા બાહેર પડયા હતા અને પાંચ વરસ સુધી આપ્યા હતા. આ કાર્ય કૉનફરન્સે હાથ ધર્યું હતું અને બોર્ડને સોંપવામાં આવ્યું હતું. આવી પરીક્ષાઓનો લાભ જુદાં જુદાં સેન્ટરમાં ઘણા વિદ્યાર્થીઓએ લીધો છે. જુદાં જુદાં સ્થળોએ એજંટો નીમવામાં આવ્યા છે. બીજા ગૃહસ્થો તરફથી પરીક્ષા લેવા માટે હવે રકમ મળતી નથી. હવે બોર્ડ તરફથી કેળવણી ખાતાંના ફંડમાંથી પરીક્ષા લઇ ઇનામો આપવામાં આવે છે. છોકરીઓની પરીક્ષા માટે શેઠ ઉતમચંદ કેશરીચંદ તરફથી ચાર વરસ સુધી રૂ. ૨૦૦૦ આપી પરીક્ષા ચાર વરસ સુધી લેવામાં આવી હતી. હવ તે પરીક્ષા પણ કેળવણી ફંડમાંથી લેવામાં આવે છે. આવા મેળાવડામાં શ્રીમંતોની હાજરી જોઇએ પણ તેઓ હાજર નથી. કોઇ શ્રીમંત તરફથી આવી પરીક્ષા માટે રકમ અપાય તો સારૂં. બોર્ડ ઘણાં સારાં કામ કરે છે તેનું ખરૂં માન તેના સેક્રેટરીઓને ઘટે છે, પણ ફંડ નબળું છે તેમજ કૉન્ફરન્સ ભરવાનું અચોક્કસ ને અનિયમિત થાય છે. સુકૃત ભંડાર ફંડ મુંબઇ, અમદાવાદ, ભાવનગર, સુરતમાંથી થયું નથી એ દિલગીરી છે. આપણા આસીસ્ટંટ જનરલ સેક્રેટરી ત્યાં મોજુદ છે તેમણે સુકૃત ભંડાર ફંડ માટે પ્રયત્ન કરવો જોઇએ. ફંડનો નિયમ એ છે કે અરધો કેળવણી અને અરધો ભાગ કૉન્ફરન્સ નીભાવ ફંડમાં આપવામાં આવે છે. આવો મેળાવડો પ્રવર્ત્તક મહારાજશ્રી કાંતિવીજયજી તથા મુનીમહારાજ શ્રી વલ્લભવીજયજીના વ્યાખ્યાન વખતે થાત તો સારૂં. સહાયક મેમ્બરો વધારવાની માત્ર આવશ્યકતા છે. ભવિષ્યમાં મહારાજ સાહેબનાં પ્રમુખપણાં નીચે મેળાવડા કરવા સેક્રેટરીઓ ધ્યાનમાં લેશે કે જેથી વિશેષ લાભ થશે.

## મી૦ મોહનલાલ દલીચંદ દેસાઇનું ભાષણ.

ત્યારબાદ મી૦ મોહનલાલ દલીચંદ દેસાઇએ બોરડે કરેલાં કાર્યનું અવલોકન કરતાં જણાવ્યું કે,

આપને માલુમ છે કે આ બોર્ડ જૈન સમાજમાં કેળવણીના પ્રસાર અર્થે જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ નીચે સ્થપાયેલું છે. તેનો ઉદ્દેશ સાતમી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સના ઠરાવ પ્રમાણે કેળવણી સંબંધી યોજનાઓ તથા તમામ પ્રકારનાં કાર્યો કરવાં એ છે અને ગત મુંબઇની દશમી કૉન્ફરન્સની બેઠકમાં તે માટે નીચે પ્રમાણે ઠરાવ કરવામાં આવ્યો છે.

બોર્ડને આ ઠરાવમાં જણાવેલાં કાર્યો કરવા આ કૉન્ફરન્સ સત્તા આપે છેઃ—

કાર્યો-( ૧ ) જૈનોમાં હસ્તી ધરાવતી ધાર્મિક તેમજ વ્યવહારીક કેળવણીની સંસ્થાઓ સંબંધે વીગતવાર હકીકત મેળવવી અને તે સારા પાયા પર મુકાય તેવા પ્રયાસો કરવા.

( ૨ ) દરેક ધાર્મીક પાઠશાળામાં એક જ જાતનો અભ્યાસક્રમ ચલાવવામાં આવે તેવી ગોઠવણ કરવી.

(૩) જૈન વાંચનમાળા તૈયાર કરવી.

(૪) જીવ વીચાર, નવતત્વ, દંડક ક્ષેત્રસમાસ, સંગ્રહીણી, કરમગ્રંથ તેમજ પ્રતીક્રમણાદી પુસ્તકો સરલ અર્થ સહીત હાલની શીક્ષણ પદ્ધતીપર તૈયાર કરવાં યા કરાવવાં.

(૫) ઉપર જણાવવા પ્રમાણે એકજ જાતનો અભ્યાસક્રમ જે જે શાળામાં ચાલે તેની વાર્ષિક પરીક્ષા એકી વખતે લેવી.

(૬) તેવી વાર્ષિક પરીક્ષામાં પાસ થનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર (સરટીફીકેટ) ઇનામો વીગેરે આપવાં.

(૭) ગરીબ તથા સામાન્ય સ્થિતિના વિદ્યાર્થીઓને વ્યાવહારીક શીક્ષણ લેવા માટે સ્કૉલરશીપો તથા પુસ્તકો ફી વગેરેની મદદ આપવી.

(૮) આવા વીદ્યાર્થીઓને જે જે સ્થળે જૈન બોર્ડીંગ હોય તેમાં દાખલ કરાવવા પ્રયત્ન કરવો.

(૯) જૈન તીર્થસ્થળો વગેરેમાંથી જૈનોને આપવાની પહોંચની બુકમાં જૈન કેળવણી માટેનું એક જુદું કોલમ રાખવા માટેનું એક જુદું કોલમ રાખવા માટે પ્રયત્ન કરવો તેમજ બીજી અનેક રીતે કેળવણીનું ફંડ એકઠું કરવા પ્રયાસ કરવા.

આ સર્વને પહોંચી વળવાને માટે એક યોજના તેજ કૉન્ફરન્સની બેઠકમાં એવી રીતે કરવામાં આવી છે કે દર વરસે પાંચ રૂપીઆ આપનારને ' સહાયક ' તરીકે લેવા. તેવા સહાયકો દરેક શેહેરમાંથી અને ગામમાંથી અસંખ્ય મળી શકે તેમ છે કારણ કે દર વરસે કેળવણી જેવાં ઉત્તમ કરવામાં પાંચ રૂપીઆ જેવડી જુજ રકમ આપવામાં ભાગ્યેજ કોઇ આનાકાની કરે. આવી સરળ યોજનાથી સેંકડો નહી બલ્કે હજારો સજ્જનોની સંખ્યા મળી આવશે એવી અમારી ખાતરી છે, અને તેથી સહાયક મેમ્બરો વધારવા માટે વીનંતીરૂપે પત્રો લખવામાં આવેલા છે અને સાથે ફોરમ મોકલવામાં આવેલ છે.

બોર્ડે પોતાનાં કામકાજના રીપોર્ટો છપાવેલા છે અને વીશેષમાં તે સંબંધીની હકીકત જૈન કૉન્ફ્રન્સ હેરેલ્ડમાં તેમજઅન્ય જૈન અને જૈનેતર જાહેર પત્રોમાં બહાર પડે છે તેથી આપને તે સંબંધી માહીતી હશેજ, છતાં ટુંકમાં અત્રે જણાવીએ છીએ કેઃ—

(૧) દર વરસે પુરૂષ અને સ્ત્રીધાર્મીક હરીફાઇ અને ઇનામી પરીક્ષાઓ લેવાય છે.

(૨) ફંડ તરફ નજર રાખી જૈન વીદ્યાર્થીઓને માસીક સ્કૉલરશીપો આપવામાં આવે છે.

(૩) જૈન પાઠશાળાઓને માસીક મદદ આપવામાં આવે છે.

આટલું કરવામાં આવે છે તે પુરતું નથી એટલુંજ નહી પણ ઘણુંજ ઓછું છે, અને ગત કૉન્ફરન્સમાં આ બોર્ડે જે કરવું જોઇએ તે સંબંધી ઉપર જણાવેલો જે ઠરાવ કર્યો છે તે પ્રમાણે દરેક કાર્ય કરવા માટે બોર્ડની ઉમેદભરી ધારણા છે.

ત્યારબાદ **મી. મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ સોલીસીટરે** વિવેચન કરતાં જણાવ્યું કે પ્રથમ બાઇ રતન શેઠ ઉત્તમચંદ કેશરીચંદ-સ્ત્રી જેમ ધાર્મિક હરીફાઇની પરીક્ષા માટે રૂ. ૨૦૦૦ ની રકમ આવી હતી. અભ્યાસક્રમમાં પાંચ ધોરણ ગોઠવવામાં આવ્યા હતા. ૧ લા ધોરણમાં પ્રતિક્રમણ, ૨-૩-૪ થામાં નવતત્ત્વ વિગેરે પ્રકરણનું જ્ઞાન, નીચેની સ્થિતિથી તે મોક્ષ સુધી જૈનધર્મ શું કહે તેનું જ્ઞાન, પાંચમાં ધોરણમાં પાંચ ભાગ-ન્યાય, કર્મગ્રંથ, અધ્યાત્મ, ઉપદેશ પ્રાસાદ પાંચ ભાગ, ઐતિહાસિક વિષયમાં ત્રિશષ્ટિ સલાકા પુરૂષ ચરિત્ર દશ પર્વ રાખવામાં આવ્યા હતા. સ્ત્રીઓનો અભ્યાસક્રમ પણ તેજ પ્રમાણે સરલ

કર્યો હતો. અનુભવપરથી જોવાય છે કે વિદ્યાર્થીઓની સંખ્યા વધે છે. અને તેથી આવી પરીક્ષાઓ ફતેહમંદ થયેલ છે. શેઠ દેવચંદ લાલભાઇ પુસ્તકોદ્ધાર ફંડ તરફથી લગભગ ૬૫૦ માસિકના પુસ્તકો ભેટ મળ્યા તે માટે તેમનો ઉપકાર માનીએ છીએ.

બાદ **શેઠ મોહનલાલ મગનભાઈ ઝવેરીએ** ભાષણ કરતાં જણાવ્યું કે કેલવણીની કદર થતી જાય છે. અમદાવાદમાં ઓસવાલ એજ્યુકેશન ફંડની સ્થાપના રૂ. ૧૨૦૦ થી થઇ હતી. મુનિમહારાજ પણ કેલવણી માટે ઉપદેશ કરે છે. સુકૃત ભંડાર માટે અમદાવાદે કર્યું નથી. જે જે કારણો બાધક હતાં તે હવે વિલય થયાં છે. અમદાવાદ નગરશેઠપર એકાદ ડેપ્યુટેશન મોકલવામાં આવે તો તેના મનમાં ઉતરે. તેમજ અંબાલાલભાઇ પણ મદદ કરે, તેમાં માણેકલાલભાઇ મનસુખભાઇ શેઠના ભાગ લે અને બીજા લેશે તો અમદાવાદમાં ચાલવું મુશ્કેલ નથી. વિચાર કરતાં વાંઝણી વીયાય એ કહેવત પ્રમાણે જો વિચાર વિચારમાં રહેવાય તો કંઇ થાય નહિ વરઘોડા વાજા ગાજામાં ખર્ચ ન કરતાં કેળવણી પરજ હવે લક્ષ ગયું છે તે પ્રમાણે રહેશે તોજ ઇષ્ટ છે.

બાદ **રા. રા. સારાભાઇ મગનભાઇ મોદીએ** વિવેચન કરતાં જણાવ્યું કે આવો મેળાવડો મુંબઇમાં પ્રથમ છે તેથી ચળવળ જોઇએ તેવી થઇ નથી. બીજે સ્થળે મેળાવડા થાય છે તેથી આની ઉપયોગીતા જણાય છે. લગભગ ૪૦૦ ઉમેદવારો આ વર્ષે પરીક્ષામાં બેઠા હતા તે ઘણું આવકારદાયક છે. મહેનત સફળ થઇ છે. શાંતિનાથજી જેમ વિદ્યાશાળાને મદદ આપવાનું બોર્ડ જારી રાખ્યું હતું તેથી તે તેની નબળી સ્થિતિમાં મરી જવાને બદલે ચાલુ રહી હતી. વ્યવહારિક શિક્ષણ સાથે ધાર્મિક શિક્ષણ આપવાની જરૂર છે. આપણું સારૂં કાર્ય ચાલે છે તે હમેશાં સંભાળતા રહીશું તો મને ખાત્રી છે કે શ્રીમંતો જરૂર આ તરફ નજર ફેંકશે.

ત્યારબાદ **મી. માવજી દામજી શાહે**-વિવેચન કરતાં જણાવ્યું કે ૩૦ સેન્ટર છે તેમ જ્યાં જ્યાં વધુ વિદ્યાર્થી થાય ત્યાં ત્યાં સેંટર ઉઘાડવા પણ બોર્ડે જણાવ્યું છે તે ખુશીની વાત છે. શેઠ અમરચંદ જેવા મદદ આપનાર મળ્યા. તેના કાર્યવાહક વિદ્વાન મળ્યા તેથી કાર્ય સારૂં થયું. ખ્રીસ્તી પોતાના ધર્મ પ્રચાર માટે ઘણું કરે છે. પ્રકરણાદિ પુસ્તકોની યોજના ગુજરાત વર્નાક્યુલર સોસાયટી જેવી કરી છે તે ઘણી પ્રશંસનીય છે. આ પુસ્તકો તૈયાર થયાં પછી ૪-૫ વર્ષ કાયમ પરીક્ષા આપે અને ફતેહમંદ થાય તેને ડીગ્રી આપવામાં આવે તે બાબત સેક્રેટરીઓનું ધ્યાન ખેંચું છું.

બાદ **મી. લહેરૂભાઈ ચુનાલાલે** વિવેચન કરતાં જણાવ્યું કે અભ્યાસક્રમ સરળ થાય તો ૪૦૦ સેંટર કેમ ન થાય. શિક્ષકો ના શિક્ષિકાઓ સારા મળતા નથી. મહેસાણા વગેરે સ્થળે ટ્રેનિંગ કૉલેજની તે માટે જરૂર છે. પર્યુષણ સમયે પેટી ફેરવી ફંડ મેળવી શકાય તેમ છે.

બાદ પ્રમુખ સાહેબે ફતેહમંદ નીવડેલા વીદ્યાર્થીઓને રોકડ ઇનામ પ્રમાણ પત્રો તથા મહૂકતીકનાં પુસ્તકો વહેંચી આપ્યાં હતાં, અને પુસ્તકો ૬૫૦ ને આશરે શેઠ દેવચંદ લાલભાઇ પુસ્તકોદ્ધાર ફંડ તરફથી ભેટ મળ્યાં હતાં. તે માટે તેમનો ઉપકાર માનવામાં આવ્યો હતો. બાદ પ્રમુખનો ઉપકાર માની સભા વિસર્જન થઇ હતી.

# कॉन्फरन्स मिशन.

## १ श्री सुकृत भंडार फंड.

(તા. ૪-૬-૧૭થી તા. ૭-૭-૧૭, સંવત ૧૯૭૩ના જેઠ સુદ ૧૪થી અશાડ વદ ૩ સુધી)

વસુલ આવ્યા રૂ. ૧૮૬-૧૨-૦

ગયા માસ આખરની બાકી રૂ. ૧૫૫૭-૧૨-૬

૧ **ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદ**—ઉત્તર ગુજરાત—
ઉનાવા ૧૨, દાઉમોટી ૬, આમોસણા ૯, વાલમ ૯ા, પલુંદર ાા, સવાળા ૧૦. કુલ રૂ. ૪૭-૦-૦

૨ **ઉપદેશક મી. અમૃતલાલ વાડીલાલ**—ખાન્દેશ.
નંદુરબાર ૨૪ાા. કુલ રૂ. ૨૪-૮-૦

૩ **ઉપદેશક મી. પુંજાલાલ ખેમચંદ**—કાઠીઆવાડ (ગોહેલવાડ)—
તણસા ૮ાા, રાજપરા ૬ાા, પાંચ પીંપળા ાા, ત્રાપજ ૧૪ા, મણાર ાા, અલંગ ાા, લાકડીઆ ાા, દીહોર પાા, ભારોલી ૧ા, ભદ્રાવળ ૫, ટીમાણા ૪ાા, ઠાડચ ૨ાા, કુંઢણા ૧, દેવળીઆ ાા, ઠળીઆ ૭ાા, છાપરી ૨, સીંગાણા ૧ાા. કામળોલ ૬ાા, સાખડાસર ા, તળાજા ૧૭ા, પાવડી ૧ા, સેલાવદર ૨, ફુલસર ાા, ખંઢેરા ૨ા, ઉંચડી ૨ાા, પીથલપર ૨ાા, ઝાંઝમેર ૪, પ્રતાપપરા ૧ા, મેથલા ૨, વાલર ૭ા, તલી ૨ાા. કુલ રૂ. ૧૧૨-૧૨-૦

૪ **આગેવાનોએ** પોતાની મેળે મોકલાવ્યા:—બી. એફ. સાલમચંદ ગુલચ્છા-**બેંગલોર** ૨ાા. કુલ રૂ. ૨-૮-૦

એકંદર કુલ રૂ. ૧૭૪૪-૮-૬

## ૨ જૈન એજ્યુકેશન બોર્ડની મીટીંગનું કામકાજ.

જૈન એજ્યુકેશન બોર્ડની એક મીટીંગ તા૦ ૨૩-૬-૧૭ ની રાત્રે ૭ાા વાગે (મું. ટા.) શેઠ ચુનીલાલ વીરચંદના પ્રમુખપણા નીચે શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ ઑફીસમાં મળી હતી.

શરૂઆતમાં આગલી મીનીટ વાંચી મંજુર કરવામાં આવી હતી બાદ નીચે મુજબ કામ કાજ સર્વાનુમતે પસાર થયું હતું.

૧ જૂદા જૂદા વિદ્વાનો પાસે નીચેનાં પુસ્તકો તેની સામે મૂકેલા રૂપીઆનું ઑનરીયમ આપી હાલની શિક્ષણ પદ્ધતિએ તૈયાર કરાવવાં.

જીવ વિચાર રૂ. ૧૦૦, નવ તત્વ રૂ. ૨૦૦, કર્મ ગ્રંથ રૂ. ૩૦૦, દંડક રૂ. ૭૫, બૃહત્ સંગ્રહિણી રૂ. ૧૫૦, ક્ષેત્ર સમાસ રૂ. ૨૦૦

આ માટે નીચેના નિયમો ઘડવામાં આવ્યા છે:—

(૧) જે જે હરીફાઇમાં ઉતરવા માગતા હોય તેમણે ઉપરના કોઇપણ ગ્રંથ પૈકી એક યા વધારે ગ્રંથો પોતે ચુંટી તે માટે આઠ ફુલેસકેપ કાગળ જેટલું મેટર નમુના રૂપે લખી

તા૦ ૧૫ મી નવેંબર ૧૯૧૭ સુધીમાં સેક્રેટરીપર મોકલાવી આપવું આવશ્યક છે. તેની સાથે પોતે કેવી રીતે કાર્ય કરવા માંગે છે તેનું માર્ગસૂચન સ્પષ્ટાકારે કરવું.

(૨) તે મેટર દરેકનું આવ્યે બૉર્ડ સમક્ષ યા બૉર્ડ જે કમીટી નીમે તે સમક્ષ મૂકી તેમાંથી જે જે યોગ્ય જણાશે તેને આખા ગ્રંથનું કાર્ય સોંપવામાં આવશે.

(૩) તે પ્રમાણે જે ગ્રંથ તૈયાર થશે તે બોર્ડ પોતાના દ્વારા યા બીજી સંસ્થા યા વ્યક્તિદ્વારા છપાવશે. તેની લગભગ પડતર કીંમત રાખવામાં આવશે. તેનો કોપીરાઇટ બૉર્ડને સ્વાધીન છે એમ સમજવાનું છે.

(૪) નમુનાનું મેટર મોકલનારે પોતાનું નામ પોતાના મુદ્રાલેખ સહિત જૂદા કાગળમાં જણાવવું જ્યારે તેમનો માત્ર મુદ્રા લેખ મેટરના લેખપર મૂકવો.

૨ વાંકાનેરના મી૦ હેમચંદ મુળજીની અરજી વાંચવામાં આવી હતી. તેમને જો ભાવનગર બોર્ડીંગમાંથી માસીક રૂ. ૧૦) ની સ્કૉલરશીપ મળતી હોય તો રૂ. ૭ની સ્કૉલરશીપ આપવી. અને જો ભાવનગરથી સ્કૉલરશીપ ન મળતી હોય તો માસીક રૂ. ૧૦) દસની સ્કૉલરશીપ આપવી. આ બાબત તેમને પત્ર લખી પૂછાવવું.

૩ મુંબઇમાં એજ્યુકેશન કૉન્ફરન્સ ભરવાની છે તેમાં ડેલીગેટ તરીકે મોકલવા નીચેના મેમ્બરોની ચુંટણી કરવામાં આવીઃ—

રા. રા. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ, રા. રા. મકનજી જુઠાભાઇ મહેતા રા. રા. મોહનલાલ દલીચંદ દેશાઇ, રા. સૌભાગ્યચંદ પી. દેશાઇ, ડૉ. નાનચંદ કસ્તુરચંદ મોદી. રા. ઉમેદચંદ દોલતચંદ બરોડીયા,

૪ રાજા સત્યાનંદ પ્રસાદસીંહ તથા શેઠ મણીભાઇ ગોકળભાઇના પત્રો રજુ કરવામાં આવ્યા. શેઠ મણીભાઈના લખવા મુજબ રાજા સત્યાનંદ પ્રસાદસિંહ સાથે પોતે બારોબાર પત્ર વ્યવહાર કરવા સહાનુભૂતિ દર્શાવી. આ બાબતમાં કોઇ વખતે બૉર્ડનો અભિપ્રાય માગશે તો ઘણી ખુશીથી સલાહ આપશે.

૫ ભાવનગરના શેઠ અમરચંદ જસરાજને બૉર્ડના મેંબર નીમવામાં આવ્યા.

૬ લાઇફ મેંબર વધારવા માટે યોગ્ય ગૃહસ્થો સાથે પત્ર વ્યવહાર કરવો.

૭ નીચેના ગૃહસ્થોને સહાયક મેમ્બર તરીકે નીમવામાં આવ્યા.

વકીલ નગીનદાસ સાંકળચંદ—અમદાવાદ, રા. કેશવલાલ મલુકચંદ પારેખ-કપડવંજ. રા. રા. મણીલાલ બાલાભાઇ નાણાવટી—વડોદરા, રા. ડાહ્યાભાઇ બાલાભાઇ કોરાગોંડળ, રા. રા. બાલાભાઇ ગુલાબચંદ—ગોંડળ, રા. રા. પ્રેમચંદ મોતીચંદ—કરડુવાડી શેઠ વાલચંદ શીરચંદ —ચાસ, શેઠ મોતીજી હેમરાજ—કરનુલ, શેઠ ફતેચંદ મૈશ્રીલાલ—ઉમરાવતી, શેઠ કેશવલાલ ઉમેદરામ—તાસગાંવ, શેઠ હીરાચંદ શેષકરણ—કલકત્તા, શેઠ ઇંદ્રજી લાલજી દોશી—કલકત્તા, રા. અમરચંદજી વૈદ્ય આગ્રા; શેઠ બુદ્ધમલજી ચાંદમલજી—છીંદવારા, કામદાર રતનજી નાગજી—નાનું ઝીંઝાવદર, મ્હેતા ચાંદમલજી જોધપુર. રા. હરીસીહજી કોઠારી નરસીંહ ગઢ, રા. પ્રેમચંદ કરમચંદ શાહ ગોંડળ, રા. મોતીલાલ લક્ષ્મીચંદ શાહ કપડવંજ તથા મુંબઇના શેઠ ઝવેરચંદ અંદરજી, ડૉ. ત્રીભોવન લહેરચંદ શાહ, રા. વાડીલાલ રાઘવજી શાહ, શેઠ દેવજી ભીમા તથા મી. માવજી દામજી શાહ.

બાદ પ્રમુખ સાહેબનો આભાર માની સભા વિસર્જન થઇ હતી.